ગુજરાતી પંચની

[illegible]

ભોળો ભીમદેવ.

અથવા

ગુજરાતના પડતીનો પ્રારંભ.

પ્રકાશક,

[illegible] શાહ.

અધિપતિ "ગુજરાતી પંચ."

અમદાવાદ.

શ્રી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું,

ઠે. પાંચકુવા—અમદાવાદ.

[illegible]

દાન ક્યાં આપશો ??

નડીઆદના હિંદુ અનાથાશ્રમમાં !!!

કેમ કે

તેમાં તમામ હિંદુ જાતીનાં અનાથ બાળક, બાલિકાઓ, વૃદ્ધ, અશક્તો, અપંગો, લાચાર વિધવાઓ અને માંદા સન્યાસીઓ (આખા હિંદના)ને પાળે છે.

અને

તેની કરકસરીઆ વ્યવસ્થા અને ચોખ્ખા હીસાબ માટે રા૦ બા૦ ગોવીંદભાઈ દેસાઇ, મે. કમીશનર સાહેબ:મી. પ્રાટ, શ્રીયુત મોહનદાસ ગાંધી, વિગેરે મહાનુભાવોએ આશ્રમની વ્યવસ્થા જાતે જોઈ સંતોષ પ્રદર્શીત કર્યો છે.

રૂ. ૨૦૦)માં દર વર્ષે એક દીવસ દાતાના નામથી ભોજન અપાય છે તથા આરસની તખ્તીમાં નામનું સ્મારક રખાય છે

રૂ. ૨૫)માં ગૌદાન અપાય છે—બોર્ડ પર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારનાં નામ વારસીક, રીપોર્ટમાં પ્રગટ થાય છે. દાન મોકલી રીપોર્ટ મંગાવો— દરેક જાતના દાનની જરૂર છે.

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

સંગ્રહણી (ઝાડાનો રોગ) તથા સુવારોગ.

(Sprue) **સંગ્રહણી–ઝાડા–દસ્તની બિમારી,** (Diarrhœa), અતિસારના ઝાડા (Dysentery) લોહી પરૂના મરડા, (Acidity of the Stomach) અમ્લપિત્ત–ખાધા પછી ઉલટી, (Jaundice) કમળો આંખો પીળી, (Puerperal Fever) સ્ત્રીઓને સુવારોગ જીર્ણ જ્વર (Abortion) કસુવાવડ–લોહીવા પેડુમાં ગાંઠ–છોડ,–(Dropsy) સોજા હાથે, પગે પેટે, (Cirrhosis of Liver)–કલેજાનું દરદ–કાળજામાં દુખાવો, (Urticaria) શીળસ–શરીરે ચાંમઠાં, (Thympanitis)–પેટનો આફરો, (Liver) જમણી બાજુમાં ગાંઠ–યકૃત, (Spleen)–ડાબી બાજુમાં બરલની ગાંઠ, (Dropsy Ascites)–જળોદર–ગુલ્મવાયુ, (Indigestion) અપચો–અજીરણુ ખાટા ઓડકાર, (Constipation) કબજીઆત–બંધકોશ (Dyspepsia) મંદાગ્નિ–ભૂખ ન લાગવી, (Hysteria) હીસ્ટીરીઆ, (Leucorrhœa) સ્ત્રીઓને ધાતુપ્રદર, તેમજ **ઉદરવ્યાધિ (પેટના ભયંકર રોગો) વગેરે જે વિલાયતમાં પાસ થયેલા ડૉકટરોની સારવારથી પેટમાં આંતરડાના ઓપરેશન કરાવ્યા છતાં પણ સુધરી શકેલા નહિ** તેવા કેસો હેરત ભરેલી રીતે સુધારવાથી મુંબઇના તથા અમદાવાદના હિંદુ, મુસલમાન, પારસી, ગૃહસ્થોનાં મહાન્ વ્યાધિવાળાં દરદો મટાડી સેંકડો સર્ટિફીકેટો મેળવી સુપ્રસિદ્ધ થયેલા–

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

ખાસ મુંબઇના દરદીઓની સારવાર માટે દર રવિવારે સવારમાં મુંબઈ આવે છે, અને સોમવારની સાંજ સુધી મળે છે. તમારા ભરોંસા પાત્ર દેશી અને વિદેશી વૈદ્ય ડાકટરો પાસે બધી દવાઓ કરી થાકયા હો, ચોતરફથી તમારા હાથ હેઠા પડયા હોય અને તમારી શ્રીમંતાઇનાં સઘળાં સાધનો પણ તમને બચાવવા અશક્ત છે એવી ખાત્રી થઇ ચુકી હોય, તે પછીજ અમારી પાસે આવીને અમારાં સર્ટિફિકેટો વાંચશો અને ઘણાં ભયંકર કેસો સુધારવાથી લોકોએ અમોને જે ખુશી થઇને મોટાં ઇનામો આપેલાં છે તે જાણશો ત્યારે તમો પણ હર્ષભેર અમારીજ દવા કરાવવા લાગશો એવી અમોને ખાત્રી છે. સાધારણ વર્ગ માટે માસિક દવાની ફી પ્રથમ રૂ. પાંચ. શ્રીમંત ગ્રહસ્થો માટે માસક દવાની ફી પ્રથમ રૂ. ૧૫) શ્રીયુત લક્ષાધિપતિ મહાશયોની માસિક દવાની ફી પ્રથમ રૂ. ૫૦) ગરીબ, નિરાધાર અને કંગાલોને કોઈ સખી ગ્રહસ્થ તરફથી ખોરાકીનો બંદોબસ્ત કરી આપે તો દવા મફત આપવામાં આવે છે.

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

સંગ્રહણી (ઝાડાનો રોગ) સુવારોગ અને ધાતુક્ષયના ખાસ વૈદ્ય.

મુંબઈ–માધવબાગ સામે ચંદાવાડીમાં દર રવિવાર તથા સોમવારની સાંજ સુધી –સવારે ૯ થી ૧૨ અને સાંજના ૪ થી ૮ સુધી મેળાપ થશે.

પત્રવ્યવહાર માટે કાયમનું શિરનામું–**અમદાવાદ** દોસીવાડાની પોળ–મંગળવારથી શનિવાર સુધી મેળાપ થશે.

રવીકાન્ત ભાગ ૧ લો.

સન્માર્ગદર્શક—સુબોધમય, રસમય, ધાર્મિક, નીતિમય ગ્રંથ. સદરહુ પુસ્તક સરકારી કેળવણી ખાતા તરફથી લાયબ્રેરીને માટે મંજુર થયેલ છે. તેમજ સાક્ષરોના તથા વિદ્વાન સજ્જનોના તથા પેપરો તેમજ માસિકોના એડિટરોના ઉત્તમ અભિપ્રાય મળેલ છે. પુસ્તકનું સાઇઝ સારા સફેદ ગ્લેઝ શીતેર રતલી કાગળ, સુપરરોયલ બાર પેજી ફરમો, પૃષ્ઠ ચાલુ પૈકા ટાઇપના ૪૨૦, સોનેરી નામોવાળું પાકું પૂઠું. કીં. રૂ. ૨) પો. સાથે. હિન્દુસ્થાન બહાર વાળાને કીં. રૂ. ૨—૪—૦ પોસ્ટેજ સાથે. તેમને પૈસા અગાઉથી મોકલી આપવા. ગુ૦ ટ્રે૦ કૉલેજના લેઇટ પ્રિ૦ મે૦ ક૦ પ્રા૦ ત્રિવેદી—પુસ્તક ઉત્તમ પ્રકારના સદ્બોધને આપવાવાળું છે. ગ્રંથકારે ચંદ્રકાન્તના લેખકની શૈલી આદરી છે. દાન,ભક્તિ,પરોપકાર,કર્મ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ,મત્સર ઇત્યાદિ વિષયોનું વિવેચન ઘણુંજ રસિક અને અસરકારક રીતે કર્યું છે. જીવન યાત્રા સફળ કરવાનો ઉત્તમ માર્ગ કયો છે તેનું આમાં બહુ સારી રીતે પ્રતિપાદન કર્યું છે. કર્મ, જ્ઞાન તથા ભક્તિ અન્યોઅન્ય કેવો સંબંધ ધરાવે છે તે આ ગ્રંથમાં સ્પષ્ટ કર્યું છે. દરેક પાનામાં જીવનને સદ્લક્ષણી અને સુખમય કરવાનો માર્ગ જોવામાં આવશે. અમદાવાદના આ૦ જડજ મે૦ મા૦ ઝ૦ યાજ્ઞિક—આ પુસ્તક યુવાન કિંવા વૃદ્ધપુરૂષ કિંવા સ્ત્રી હરેકોઇને અતિ ઉપયોગી થઇ પડે એમ છે. તેની શૈલી સરલ ને રસમય છે. જે કારણને લઇને મનુષ્ય સદ્ પુરૂષાર્થને પંથે વળી પોતાની ઉન્નતિને સાધી શકે તેનું આમાં બહુ સારી રીતે વિવરણ થયેલ તેના દરેક વિષય દાખલા દ્રષ્ટાન્તથી યથાર્થપણે સમજાવ્યા છે. આ પુસ્તક સર્વાંશે બોધક હોઇ વાંચનારને તેનું કલ્યાણ થાય તેવા માર્ગે પ્રેરે તેમ તથા પ્રભુ પ્રત્યે શ્રદ્ધા ને ભક્તિભાવ ઉત્પન્ન કરે એમ છે. મે. સાક્ષર શ્રી ન૦ પુ૦ સંઘવીજી—આ પુસ્તકમાં નીતિ વૈરાગ્ય અને ભક્તિના વિષયો ઘણા વિસ્તારમાં લીધેલા છે ઘણાં પુસ્તકો વાંચીને તથા પોતાની પણ મતિ વાપરીને કર્તાએ આ પુસ્તક રચ્યું છે. આવાં પુસ્તકો અભ્યાસ માટે—ઉન્નતિ માટે ઘણાં લાભકારક છે. ૯૦ ડે૦ કલેકટર મે૦ મ૦ અ૦ ઠાકોર—આ ગ્રંથ ઉત્તમ પ્રકારના સદ્બોધથી યુક્ત છે. તેમજ રસમય તથા અસરકારક છે, તેના વાંચનથી આનંદ સાથે જ્ઞાન મળે છે જેથી સદ્વર્તનશીળ સદ્પુરૂષાર્થી બની સુખી થવાય તેવા સાધનોનું આમાં બહુ સારી રીતે વ્વરણ થયેલ છે. સાહિત્ય માસિક—સદરહુ પુસ્તકમાંથી દરેક વ્યક્તિને ઈશ્વર સંબંધી ...નીતિ સંબંધી વ્યવહાર સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય એમ છે. જૈનએડવોકેટ—સદરહુ પુસ્તકના વિષયોનું એવું તો ઉત્તમ પ્રકારે વિવેચન થયેલ છે કે, વાચકના મનમાં તેની ઉંડી છાપ પડતાં તે વિષેનો શાન્ત, ગંભીર અને મીઠો બોધ મુમુક્ષને મળી શકે એમ કહેવું ઉચિતજ છે. તેમજ મુમુક્ષ જીજ્ઞાસુને પોતાની જીજ્ઞાસા પુરાય એવી મહત્વની બાબતોનું દર્શન કરાવનાર આ પુસ્તક છે. જામે જમશેદ—આ પુસ્તક હરેકોઈ ધર્મના મનુષ્યને અતિ ઉપયોગી થઇ પડે એમ છે તેનું જો લક્ષ પુર્વક મનન કરવામાં આવે તો મોહની મોહ જાળમાં લીન થયેલ વિષયી પુરૂષોની ઉન્નતિ થઇ તેઓ સુખ શાન્તિના ભોકતા અવશ્ય બની શકે પ્રજાબંધુ—સદરહુ ગ્રંથમાં નીતિ, તત્વ, ધર્મ વિગેરેનો બોધ ગુંથવામાં આવ્યો છે. તેમાં અપાયેલો બોધ શુષ્ક નહિ હોતાં સુદષ્ટાન્ત અને રસિક તથા યથાર્થ ખુલાસાયુક્ત સચોટ છે. આ સિવાય વિદ્વાન સજ્જનોના પણ આ પુસ્તક વિષે સારા અભિપ્રાય મળેલ છે. પરંતુ સ્થળ સંકોચને લીધે ફક્ત થોડાક જનોનાજ અભિપ્રાયનું ટુંક ટાંચણ અત્રે દર્શાવેલ છે. **સદરહુ પુસ્તક અમારે ત્યાંથી અગર બુકસેલરો**-ને ત્યાંથી મળશે. **ચુનીલાલ નરોત્તમરામ દેસાઇ. ઘાસીરામની પોળ—અમદાવાદ.**

ભોળો ભીમદેવ

અથવા

ગુજરાતની પડતીનો પ્રારંભ.

પ્રયોજક: ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.
(ચુનેલ.)

गुणवदगुणवद्वा कुर्वता कार्यमादौ
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-
र्भवति हृदयदाहीशल्यतुल्यो विपाकः ॥

भर्तृहरि.

પ્રકાશક: સોમાલાલ મંગળદાસ શાહ.
અધિપતિ, "ગુજરાતી પંચ."
અમદાવાદ.

શ્રી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.

સંવત ૧૯૭૩. પ્રથમ આવૃત્તિ.
સને ૧૯૧૭. પ્રત ૫૫૦૦.

કિંમત રૂ. ૧—૮—૦.

कान्ताकटाक्षविशिखा न खनन्ति यस्य
चित्तं न निर्दहति कोपकृशा- तापः ॥
कर्षन्ति भूरिविषयाश्च न लोभ पाशै
र्लोकत्रयं जयति कृत्स्नमिदं स धीरः ॥

भर्तृहरि.

અર્પણ પત્રિકા.

સદ્‌ગુણવિભૂષિત ઉદારચિત્ત મહાશય,

રા. જેઠાભાઈ રાયજીભાઈ પટેલ.

મુ. મહેળાવ.

આપશ્રી પાટીદાર જ્ઞાતિના એક ખરા હિતચિંતક અને ભુષણરૂપ હોઇ ગર્ભશ્રીમંત છો. આપની વ્યવહારવિષયક સત્પ્રવૃત્તિ સર્વથા સન્માનને પાત્ર છે. આપ લક્ષ્મી અને સરસ્વતીનો,–કહો કે સોના અને સુગંધનો વિરલ યોગ પ્રાપ્ત કરવા ભાગ્યવંત નીવડયા છો, એ ખરેખર દિવ્ય પ્રભુપ્રસાદીજ છે; અને એ પ્રસાદીના પ્રતિફળ રૂપે આપ સદા લક્ષ્મીનો સદુપયોગ કરીને તથા વિદ્વાનોને પોષીને ઉપર્યુક્ત વિરલ યોગને સંપૂર્ણ શોભાવો છો. આપની સ્વધર્મને વિષે આસક્તિ, કર્તવ્યનિષ્ઠા, સમાજસેવાની ઉદાર ભાવના, સાહિત્ય પ્રેમ–આદિ ઉમદા સદ્‌ગુણોથી આકર્ષાઇને મારા અલ્પ–બાલ પ્રયત્નના ફળરૂપ આ “**ભોળો ભીમદેવ અથવા ગુજરાતની પડતીનો પ્રારંભ**” નામક ઐતિહાસિક નવલકથાને આપના મુબારક નામ સાથે જોડી આપશ્રીના અનુજ ચિ૦ **છોટાભાઇના** શુભ લગ્નના સ્મારક તરીકે આપને પ્રેમપૂર્વક સમર્પણ કરૂં છું.

લી૦

ભવદીય કૃપાભિલાષી,

ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

ઉપોદ્‌ઘાત.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ બહુધા તિમિરાવૃત હોવાથી તે અજ્ઞાત સમયનાં ઐતિહાસિક ચિત્રો ફક્ત ગણ્યાં ગાંઠયાં જ આલેખાયલાં છે. અન્ય દેશના ઇતિહાસનાં અતિ પ્રાચીન કાળનાં ચિત્રો પણ પ્રાપ્ત થાય છે, ત્યારે આપણા દેશના ઇતિહાસનાં થોડા સમય પૂર્વેનાં ચિત્રો પણ દુષ્પ્રાપ્ય છે! કિન્તુ, જો સમર્થ લેખિનીઓ તે માટે સતત્ ઉદ્યુક્ત બને તો અલ્પાંશે પણ તે અંધકાર દૂર થઇ શકે. અસ્તુ.

પ્રસ્તુત નવલકથામાં જે સમયનું ચિત્ર આલેખ્યું છે, તે ચિત્ર ગુજરાતની પડતીના આરંભ કાળનું છે. ગુજરાતના પ્રભાતનાં વા મધ્યાહ્ન—પૂર્ણ જાહોજલાલીના સમયનાં ચિત્રો જોવાને—જાણવાને ગુર્જર પ્રજા હજી ઉત્કંઠિત છે. જો કે આ કથામાં આલેખાયલા સમય પછી ગુજરાતની સહજ ઉન્નતિ થએલી પણ તે તેના સૌન્દર્યમાં વૃદ્ધિ થવા જેટલીજ. ખરી રીતે જોતાં તો મહાન વનરાજે સ્થાપિત કરેલા અને પ્રથમ ભીમદેવ ને સિદ્ધરાજ જેવા પરાક્રમી નરાધિપોએ ગૌરવાન્વિત કરેલા, ગુજરાતના યશસ્વી સિંહાસનપર બેસી ગુજરાતના અસ્ત થતા ગૌરવને ટકાવી રાખી, એક વખત પુનઃ દિગન્ત સુધી તેનાં પ્રતાપી—પ્રભાવશાળી—પ્રખર—કિરણો પ્રસારનાર છેલ્લો પ્રતાપી ભૂપાલ ભીમદેવજ હતો. તેના પદચ્યુત થયા પછી ગુજરાતનો એવો તો અધઃપાત થયો, કે એ પછીનો એકે ગુર્જર સમ્રાટ્ પોતાના દેશને પુનઃ પૂર્વની સ્થિતિ પર સ્થિત કરી શક્યો નહિ. ગુજરાતની પૂર્વની જાહોજલાલી—આબાદી—ગૌરવ —એ સર્વનો તે પ્રતાપી ભૂપાલના અવસાન સાથેજ અંત આવી ગયો!

જેવી રીતે ગૃહકલહ, ઇર્ષ્યા ને ભોગવિલાસ—પ્રિયતાના યોગે અનેક રાષ્ટ્રોનો ધ્વંસ થઇ ગયો હતો, તેવીજ રીતે ગુજરાતનું અધઃપતન થવામાં પણ તેજ કારણો પ્રાધાન્ય ભોગવતાં હતાં. જ્યારે એક બાજુ ઐશ્વર્યપરાક્રમની ક્રમશઃ વૃદ્ધિ થતી જાય છે, ત્યારે બીજી બાજુ ભૂપાલો ભોગવિલાસમાં નિમગ્ન બની જઇ, કર્તવ્યભ્રષ્ટ થતા જાય છે; અને તેથી તેમના વિનાશકાળનાં બી વવાય છે. આ એક અબાધિત સનાતન ઐતિહાસિક સિદ્ધાંતનું સત્ય પ્રસ્તુત નવલકથામાં વાચકને સ્પષ્ટ દેખાશે. પ્રત્યેક રાષ્ટ્રના ને પ્રજાના લખાએલા ઇતિહાસોનું તારતમ્ય કરતાં ફલિત એજ થાય છે, કે સત્સંગ ને કર્તવ્યપ્રિયતા સાથે ઉન્નતિનો; ને આલસ્ય તથા વિષયલોલુપતા સાથે અવનતિનો ગાઢ સંબંધ છે. ભૂતકાળની પ્રજાએ કુદરતના એ અબાધિત સિદ્ધાંતનું યથાર્થ દર્શન કીધું છે, પણ વર્તમાન ને ભવિષ્યની પ્રજા કર્તવ્યમગ્ન બના એ સિદ્ધાંતનું સુ-દર્શન કરે એજ લેખકની અભ્યર્થના છે.

નવલકથાના ધર્મને અનુસરીને પ્રસ્તુત નવલકથામાં કેટલાક કાલ્પનિક પ્રસંગો વાચકને દૃષ્ટિગોચર થશે, કિન્તુ સત્ય ઐતિહાસિક ચિત્રમાં કોઇ પણ પ્રકારનો વિપર્યાસ કરવામાં આવ્યો નથી, એ અત્ર અમારે સ્પષ્ટ શબ્દોમાં જણાવવું ઉચિત છે.

બાલ લેખિનીથી લખાએલી આ નવલકથા જો "ગુજરાતી પંચ"ના વાંચકોના આદર સત્કારને પાત્ર થશે, તો લેખક પોતાનો પરિશ્રમ સફળ થએલો માનશે.

અંતમાં હવે વક્તવ્ય માત્ર એટલું જ છે, કે પ્રસ્તુત નવલકથા લખવામાં **રાસમાળાદિ** એકાધિક ગ્રંથોનો જે આધાર-પ્રસંગવશાત્ ઉતારો-લેવામાં આવ્યો છે તે સર્વ ગ્રંથોના લેખકોનો; નવલકથા લખવાને પ્રેરનારને જોઇતાં સાહિત્યો પ્રાપ્ત કરવામાં પુષ્કળ પરિશ્રમ લેનાર મારા પરમ સ્નેહી મિત્ર રા. **નારણભાઇ વી. પટેલનો** અને તેને મુદ્રાંકિત કરી વાચકોના કરકમળમાં મૂકવાનો સુયોગ પ્રાપ્ત કરવનાર, મારા સુહૃદ ને 'ગુજરાતી પંચ'ના અધિપતિ રા. **સોમાલાલ મંગળદાસ શાહનો** મુક્ત કંઠે આભાર માનવાની આ ઉમદા તક મારે ગુમાવવી જોઇએ નહિ.

ચુણેલ. માઘ કૃષ્ણ એકાદશી, વિક્રમાર્ક ૧૯૭૩.	ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

અનુક્રમણિકા.

ભોળા ભીમદેવની કારકીર્દિ.

અથવા

ગુજરાતની પડતીનો પ્રારંભ.

પ્રથમ ખંડ.

પ્રથમ પરિચ્છેદ.

ખાસ દરબાર.

આજે ચૈત્ર સુદિ ૧૪ નું માંગલિક પ્રભાત હતું. પૂર્વ દિશામાં અરુણોદય થઇ ગયે હતો. આકાશ કેવળ સ્વચ્છ—નિરભ્ર હતું. કંઇક અસ્ત થતા તારાઓ સ્થિત્યાંતરનો બોધ આપતા હતા. નિશાનાથ—ચંદ્રમા પણ પ્રભાકરનું આગમન જાણી ઉતાવળે સંતાઇ જવાની તૈયારી કરતો હતો. પૃથ્વીપર વસંતઋતુના રમણીય પ્રભાતનું સૌન્દર્ય સર્વત્ર વ્યાપી રહ્યું હતું. વૃક્ષ શાખામાં પક્ષીઓ હૃદયોલ્લાસથી સુન્દર ગાન કરી રહ્યાં હતાં. શીતળ સમીર મંદ ગતિએ બાહુ વિસ્તારી તરુ લતાને આલિંગન આપતો હતો. તેના પ્રેમયુક્ત મધુમય ચુંબનથી અવિકસિત કુસુમકલિકાઓ ચકિત થઇ, નેત્રો ઉઘાડી, મધુર હાસ્ય કરી રહી હતી. ચક્રવાકીઓ પોતાના પ્રિયતમને ભેટવા ઉત્સુક બની રહી હતી. નિશાચર પ્રાણીઓ ઉતાવળાં ઉતાવળાં પોતાના નિવાસસ્થાન પ્રતિ ગમન કરતાં હતાં. આ વખતે અણહીલપુર પાટણના રાજમહેલમાં ચોઘડીઆંના સુમધુર સ્વર સંભળાતા હતા. ચોઘડીઆંના સ્વર સાથે સંમિશ્રિત ગાયકોનો ધ્વનિ વિશેષ પ્રિય લાગતો હતો. જૂદી જૂદી રાગરાગણીમાં સમયોચિત ગાયનથી આખો રાજહર્મ્ય ગાજી રહ્યો હતો. સાથે રાજાના સ્તુતિપાઠ પણ ગવાતા હતા. મહારાજા ભીમદેવ પ્રભાતસૂચક ધ્વનિથી જાગૃત થયો. શય્યામુક્ત થઇ ને દંતધાવનાદિ નિત્યકર્મમાં પ્રવૃત થયો.

નગરના મધ્ય ભાગમાં કુશળ કારીગરોનાં દિવ્ય મગજની પ્રતિકૃતિરૂપ ભવ્ય રાજમહેલ આવેલો હતો. તેના એક ભાગમાં આજનો ખાસ દરબાર ભરાવાનો હતો. તેની દિવાલો પર—અંદર ને બહાર—વિવિધ પ્રકારનાં લતાપુષ્પાદિનાં, તથા રામાયણ અને મહાભારતમાં વર્ણવેલા કેટલાક બનાવનાં ચિત્રો પણ આલેખાયલાં જણાતાં હતાં.

મધ્ય ભાગમાં ઉચ્ચ એક વિશાળ ને સુન્દર સિંહાસન ગોઠવેલું હતું. તેના ઉપરનું સોનેરી નકશી કામ ચિત્તાકર્ષક જણાતું હતું. ચારે તરફ મોતીની ઝાલર લટકતી હતી. તે ઉપર સૂર્યપ્રકાશ પડવાથી અત્યારે આખું ભૂવન ઝળહળી રહ્યું હતું. સિંહાસન પર એક રેશમી બુટ્ટાદાર શેતરંજી પાથરેલી હતી અને તે પર ગાદીતકીઆ ગોઠવેલા હતા. આસપાસ મંત્રી આદિ અધિકારીઓને બેસવા માટે કેટલાંક આસન પણ ગોઠવેલાં હતાં.

નગરમાં આજે મોટી ધામધૂમ હતી; કારણ કે આજનો દિવસ તે ભૂપતિ ભીમદેવના રાજ્યારુઢ થયાનો દિવસ હતો. ભીમદેવનું આધિપત્ય આજે નૂતન વર્ષમાં પ્રવેશ કરતું હતું. શહેમાં સર્વત્ર વાજીંત્રો વાગી રહ્યાં હતાં. ઘેર ઘેર આજનો મહોત્સવ પ્રદર્શિત થતો હતો. પ્રજાજનોનાં હૃદય આનંદથી પ્રફુલ્લિત દેખાતાં હતાં. રાજભક્ત પ્રજા આજે મુક્ત કંઠે રાજાનાં યશોગાન ગાતી હતી. નિર્ણીત સમયે દરબાર ભરાયો. અનેક સામંતો, મંડળેશ્વરો, દુર્ગપતિઓ તથા આત્માય જનો દરબારમાં ભરાઇ ગયા હતા. સભાસદો આજે સુશોભિત પોષાકમાં દેખાતા હતા. વિજયને આજનો પ્રસંગ આનંદનો હતો, કારણ કે આજે તેને એકનવીન પદ પ્રાપ્ત થવાનું હતું. નવીન પદને શોભે તેવો પોષાક પહેરવા તે પોતાના ખાસ ઓરડામાં પ્રવૃત્ત થયો હતો. સામેની દિવાલ પર એક મોટો અરીસો ગોઠવેલો હતો. તેમાં ઘડી ઘડી જોતો, તે મનપ્રિય પોષાક પહેરતો હતો. તેણે એક બારીક મલમલનો ઘેરદાર પાયજામાં પહેર્યો, અને અંગ પર કસબી બુટ્ટાદાર અંગરખું ધારણ કર્યું. કમરે એક રેશમી શેલુ બાંધી તેનાપર એક કસબી પટો બાંધ્યો. કમરમાં જમૈયો ને કટાર ખોસ્યાં. બાજુપર એક પાણીદાર તરવાર લટકાવી દીધી. માથે જરીનો ફેંટો બાંધ્યો ને પગમાં જરી ભરતના સુશોભિત ચાંચવાળા જોડા પહેરી લીધા. નવીન પોષાકથી વિભૂષિત થઇ તેણે અરીસામાં દૃષ્ટિ ફેંકી. તેનું મુખમંડળ પ્રફુલ્લ થયું. આ વખતે તેના મનમાં વિવિધ વિચારો ચાલતા હતા. ચક્ષુઓ અરીસામાંજ ઠરી ગયાં હતાં. ઘણો વખત વીતી જવાથી બહાર ઉભેલો નોકર અંદર આવ્યો ને તેણે દરબારમાં જવાની સૂચના કરી. પ્રયાણસૂચક ધ્વનિથી વિજય એકદમ ચોંકી ઉઠયો, ને વિચારનિવૃત્ત થઈ તે દરબાર તરફ ચાલ્યો. ત્વરીત ગતિએ તે થોડીવારમાં દરબારમાં આવી, સર્વ સભાસદોના આનંદોત્સવમાં સહભાગી થયો.

ત્યાર પછી થોડી વારે ભૂપતિ ભીમદેવનું આગમન થયું. છડીધરના પોકારથી સર્વ સભાસદો સ્વસ્થ થઇ ગયા. રાજાએ સભામાં પ્રવેશ કર્યો એટલે સર્વેએ ઉભા થઇ નમન કર્યું. રાજાએ અવનત શિરે તેમનો યથાઘટિત સત્કાર કર્યો, ને તે મધ્યસ્થ આસને આવી બિરાજ્યો. આ વખતે તારાગણમાં ચન્દ્રમાવત્ તે શોભતો હતો. વિશાળ ભાલપ્રદેશ, દીર્ઘ જાનુ, શ્યામ ભ્રૂ-લતા અને તેની નીચે આવેલાં ચંચળ નયનદ્વય જોતાં, તે એક સરલ અને ચંચળ વ્યક્તિ છે એમ જણાતું હતું. મુખ-મંડળ પર વિશુદ્ધ ક્ષાત્રપ્રભા ઝળહળી રહી હતી. પરન્તુ બારીક નિરીક્ષા કરવાથી તેનો ભોળો અને હઠીલો સ્વભાવ પણ વ્યકત થતો હતો. તેની સન્મુખ સામંતો, મંડળેશ્વરો અને આત્મીય જનો બેસી ગયા હતા. પાછળ સોનેરી છત્ર ધરનાર તથા ચમર ઢોળનાર, અને આસપાસ અંગરક્ષકો ગોઠવાયા હતા. ચોપદાર, છડીદાર વગેરે પણ પોતાની જગાપર રૂઆબબંધ ઉભા હતા. અત્યારે આખા દરબાર-ભૂવમાં સુગંધિ પ્રસરી ગઇ હતી.

થોડીવાર દરબારમાં શાન્તિ રહી. ત્યાર પછી રાજ જ્યોતિષીએ ઉભા થઇ મહારાજાને આશીર્વચન કહ્યાં. પછી સામંતો, મંડળેશ્વરો અને શ્રીમંત પ્રજાજનો તરફથી રાજાને નજરાણું થયાં. નજરાણામાં હાથી, ઘોડા જવાહિર અને અમૂલ્ય પોષાક અર્પણ થયા હતા. આવા માંગલિક પ્રસંગના સ્મારક તરીકે રાજા તરફથી પ્રજાને કોઇ ખાસ હક, ને યોગ્ય અધિકારીઓને નવીન પદવી બક્ષીસ થતી હતી. રાજા ભીમદેવ જે તરવારથી શત્રુનું સન્માન કરતો, તે પ્રસંગવશાત્ લાયક માણસોની કદર કરવા પણ ચૂકતો નહિ. બાજુપર બેઠેલા વિજય પ્રતિ તેણે પ્રેમભરી નજર કરી, ને તેને ઉદ્દેશી બોલ્યો: "વિજય! આજ સુધીની તમારી શુદ્ધ રાજનિષ્ઠાથી હું સંતુષ્ટ થયો છું. તમારૂં શૌર્ય અને કર્તવ્યપરાયણવૃત્તિ ખરેખર પ્રસંશનીય છે. તમે આ રાજ્યની જે અદ્વિતીય સેવા બજાવી છે, તેના બદલામાં આજે હું તમને 'છત્રપતિની' પદવી આપું છું."

રાજાના મુખમાંથી પોતાની પ્રસંશાનાં વચન સાંભળી, આનંદથી ઉછળતે હૃદયે વિજય બોલ્યો:—"મહારાજા! સ્વામી પ્રત્યે સેવકે જે ફરજો બજાવવાની છે, તે મેં યથાશક્તિ બજાવી છે, વિશેષ કંઇજ કર્યું નથી. આપે જે મારી પ્રસંશા કરી તે ફક્ત આપના ઉદાર હૃદયની નિશાની છે."

"વિજય! જેમ દરજ્જો ઉંચો તેમ જોખમ પણ વિશેષ હોય છે. આપણો દરજ્જો આપણાં કૃત્યથીજ જણાય છે; માટે દરજ્જાને યોગ્ય કાર્ય કરવું, એ આપણી અતિ અગત્યની ફરજ છે. યોગ્ય કર્તવ્યથીજ દરજ્જો શોભે છે, એ ખાસ લક્ષમાં રાખજો. તમારા જેવા કર્તવ્યનિષ્ઠ માણસને વિશેષ કહેવાની જરૂર નથી." રાજાએ વિજયને ઉદ્દેશીને કહ્યું.

"રાજેન્દ્ર! આપનું કહેવું સર્વાશે સત્ય છે. આપનાં બોધપ્રદ અમૂલ્ય વચનો અત્યારથીજ મારા હૃદયપર કોતરાઇ ગયાં છે. હું પ્રત્યેક કાર્યમાં તેનું સંઘટ્ટન કરવા યત્ન કરીશ."

વિજયનાં નમ્ર વચન સાંભળી રાજા પ્રસન્ન થયો. મનમાં તે તેની અધિક પ્રસંશા કરવા લાગ્યો. સર્વ સરદારો રાજાની ઉદાર વૃત્તિનાં વખાણ કરવા લાગ્યા. ત્યાર પછી કેટલાકને ઉંચી પંક્તિએ ચઢાવ્યા ને કેટલાકને નવા અધિકાર મળ્યા, તેથી આખા દરબારમાં આનંદ પ્રસરી ગયો. આજના દરબારમાં રાજ્યકાર્ય થવાનું નહતું. તેથી આજનું કામ પરિસમાપ્ત થએલું જોઇ રાજભાટોએ ઉભા થઇ, ભભકભરી બાનીમાં રાજાનું યશોગાન ગાવા માંડયું:—

દિગન્તમાં પ્રસરેલી સૂર્ય સમી તારી પ્રભા,
નીરખીને મોટા મોટા નરપતિઓ નમે;
ભૂપ! તુજ સમો શુરો અને વળી પરાક્રમી,
રાય બીજો અવનીમાં ખોળતાં કો ના જડે;
મ્લેચ્છ અને માલવપતિને અતિ ત્રાસ આપી,
અખંડિત કીર્તિ રાખી નિજ બળથી ખરે;

નૃપ ! આવાં પરાક્રમ સુણીને જગત સહુ,
વિસ્મીત બનીને ધન્ય ધન્ય એમ ઉચરે.

ત્યાર પછી વારાંગનાએ સભામાં પ્રવેશ કર્યો, એટલે બધા સભાસદોનાં ચિત્ત તે તરફ આકર્ષાયાં. સર્વ તેનું અલૌકિક—અસામાન્ય રૂપ જોઇ ઉર્વશી, રંભા કે અન્ય અપ્સરાની કલ્પના કરવા લાગ્યા. તેનું સૌન્દર્ય અને ચાંચલ્ય જોઇ પ્રેક્ષકવર્ગ સ્તંભિત બની ગયો. ભૂપતિ પણ તેના આગળ નિસ્તેજ દેખાવા લાગ્યો. ધીમે ધીમે તે સિંહાસન નજીક આવી, અવનત શિરે રાજાને પ્રણામ કરી, જળમાં મત્સ સરે તેમ દૂર સરી ગઇ. પછી નૃત્યનો આરંભ થયો. નૃત્યથી સઘળા સભાસદો ચકિત નેત્રે સ્તબ્ધ બની ગયા. ધીમે ધીમે સારંગીના સ્વર સાથે કોકીલકંઠનો મધુર સૂર જોડાયો. સમયોચિત ગાનથી સભામાં સર્વત્ર આનંદ છવાઇ ગયો. તે પૂર્ણ થતાં સઘળા સભાસદો પ્રસન્ન થઇ તેનાં વખાણ કરવા લાગ્યા. મહારાજાએ પણ તેને ધન્યવાદ આપ્યો. એટલામાં બહાર ઉભેલા ચોપદારે આવી જણાવ્યું: “પૃથ્વી પતિ ! બહાર કોઇ ચિત્રકાર આવી ઉભો છે, તે આપની સેવામાં હાજર થવાની અનુજ્ઞા યાચે છે. જો રજા હોય તો તેને અંદર લાવું.”

“ભલે આવવા દે.” રાજાએ ઉત્તર આપ્યો.

તત્પશ્ચાત્ ચિત્રકારે આવી રાજાને હસ્તદ્વય જોડી નમન કર્યું, અને કેટલાંક ચિત્ર ભેટ કર્યાં. ચિત્ર દર્શનથી રાજા આનંદ પામ્યો ને મનમાં ચિત્રકારની પ્રસંશા કરવા લાગ્યો. એટલામાં બાજુ પરના એક ચિત્ર પર તેની દૃષ્ટિ પડી. તે જોતાં રાજાના મુખ પર હર્ષ અને આશ્ચર્યમિશ્રિત લાગણી છવાઇ ગઇ. ઇષ્ટ વસ્તુને જોતાં મનુષ્યને જેટલો આનંદ થાય, તેથી વિશેષ હર્ષ રાજાને થયો. ચિત્ર હાથમાં લઇ તે ધારી ધારીને જોવા લાગ્યો. તે એવું ચિત્તાકર્ષક હતું કે રાજા તેના દર્શનથી વિમુગ્ધ બની ગયો. પ્રતિ ક્ષણે તેને તેમાં કંઇને કંઇ નવીનતા ભાસવા લાગી. દીર્ઘકાળ સુધી અનિમિષ દૃષ્ટિએ નિરીક્ષણ કર્યા છતાં પણ તેનાં ચક્ષુ તૃપ્ત ન થયાં. જે વ્યક્તિની સૌન્દર્ય—કીર્તિ તેણે અનેક માણસોને મોંઢે સાંભળેલી હતી, તેજ વ્યક્તિનું ચિત્ર જોઇ તેના અસાધારણ સૌન્દર્યની તેને પ્રતીતિ થઇ. મનમાં તે વિવિધ પ્રકારના વિચાર કરવા લાગ્યો. આખરે પોતાની અંતરેચ્છા પ્રકટ થઇ જવાના ભયથી, ચિત્રકારને બીજે દિવસે પોતાના આવાસમાં આવવાની આજ્ઞા કરી તેણે દરબાર બરખાસ્ત કર્યો.

દ્વિતીય પરિચ્છેદ.

સંગીત લુબ્ધ વિજય.

વિજય સાધારણ સ્થિતિનો રાજપૂત હતો. તેના પિતા રાજ્યમાં ઉંચી પદવી ધરાવતા હતા, વિજયની બાલ્યાવસ્થામાં તે મૃત્યુ પામ્યાથી તેની માતાએ તેને ઉછેરી મોટો કર્યો હતો. બચપણથીજ તેનું ચાંચલ્ય જોઈ તેની વિધવા માતા થોડો વખત

પતિ વિયોગનું અસહનીય દુઃખ વિસારતી હતી; અને પુત્રનું મૃદુહાસ્ય, નિર્દોષ બાળચેષ્ટા અને મધુર વાણીથી કવચિત્ આનંદ પામતી હતી. વય વધતાં વિજય એક અસાધારણ મનુષ્ય નીવડશે, એમ જણાવા લાગ્યું. તેને તે વખતે જરૂરની શસ્ત્રાસ્ત્રની કેળવણી મળી હતી. ૧૮–૨૦ વર્ષની વયે તે સૈનિક મંડળમાં જોડાયો, ને પછી ધીમે ધીમે બાહુબળથી સારી કીર્તિ સંપાદન કરી. પ્રસંગવશાત્ એ વાત ભૂપતિના જાણવામાં આવી. વિજયની પરીક્ષા કરવા તે ઘણી વખત તેને પોતાની સાથે શિકારે લઈ જતો. થોડાજ વખતમાં વિજય રાજાનું પ્રેમ ભાજન થઇ પડયો. ત્યાર પછી યવનો સાથેના વિગ્રહમાં વિજયની ખ્યાતિ વધી. આ વખતે તેની યોગ્ય કદર કરી, તેને પ્રોત્સાહિત કરવા રાજાએ નિશ્ચય કર્યો, અને ગત પરિચ્છેદમાં વર્ણવ્યા પ્રમાણે તેનો અમલ થયો.

પુત્રને રાજા તરફથી સન્માન મળેલું જાણી તેની વિધવા માતાનું અંતઃકરણ પ્રફુલ્લિત થયું. આ વખતે વિજયને પણ અસાધારણ આનંદ થયો. પ્રતિષ્ઠા વધવાથી કોને આનંદ થતો નથી? નવીન ઉપાધી લઇ તે ઘેર આવ્યો કે તરતજ તેનાં સગાં-વહાલાં, મિત્રો અને હિતેચ્છુ માણસો ભરાઇ ગયાં. તે સર્વ વિજયનાં વખાણ કરવા લાગ્યાં. વિજયની માતા નવીન આવનાર માણસોનો સત્કાર કરવાના કાર્યમાં ગુંથાયાં હતાં. તે પુત્રનાં વખાણ સાંભળી અવર્ણ્ય આનંદ પામ્યાં. લગભગ બે ત્રણ કલાક સુધી ઘરમાં ધમાલ રહી, ને પછી સર્વ ધીમે ધીમે વિખરાઈ ગયાં. મધ્યાહ્‌ન પછી વિજય એકલો પડયો. એકાન્તમાં બેઠો બેઠો તે પોતાની વર્તમાનસ્થિતિ જોઇ આનંદ-મગ્ન બની ગયો. ને મનમાં વિધિનાં વખાણ કરવા લાગ્યો.

આ વખતે પ્રભાકરનાં પ્રખર કિરણોમાં શાન્તિનો આવિર્ભાવ થઇ ગયો હતો. વસંત ઋતુનું સૃષ્ટિ–સૌન્દર્ય જોવા પુર વાસીઓનાં ટોળે ટોળાં નગર બહાર જતાં હતાં. વિજય પણ આ સૌન્દર્ય–સુખ અનુભવવા બહાર નીકળ્યો, ને સહસ્રલિંગ તળાવ પર આવ્યો, ચાલુક્ય કુલભૂષણ મહારાજા સિદ્ધરાજે બંધાવેલું આ સરોવર બહુકોણાકાર હતું. સર્વત્ર પત્થર પરનું કોતરકામ ચિત્તાકર્ષક જણાતું હતું. તેની ચારે બાજુ ઘણાં શિવાલય હતાં. ઠામ ઠામ આરામ લેવા માટે ઘણાં વિશ્રામસ્થાન બાંધેલાં હતાં. મૃદુ પવન સલિલની સબળતા ચોરી પ્રાણીઓને શાન્તિદાન આપતો હતો. પાણીમાંની પ્રતિબિમ્બીત તરૂચ્છાયા આકાશની નીલછાયા સાથે સંમિશ્રણ થએલી હોવાથી તે મનોહર લાગતી હતી. આ દસ્ય જોઇ નિશાનાથ ચંદ્રમા પણ મુગ્ધ થઇ સલિલમાં સ્નાન કરતો હતો. વૃક્ષકુંજમાંથી નીકળતા પક્ષીઓના કલરવથી કુદરતનું મધુરું ગાન સર્વત્ર વ્યાપી રહ્યું હતું. ધીમે ધીમે રાત્રિનો અમલ શરૂ થયો. અવનીએ ધવલ સાડી ધારણ કરી. એટલે વૃક્ષ શાખામાં કલ્લોલ કરતાં પક્ષીઓ પણ શાન્ત થવા લાગ્યાં. થોડા વખત પર જ્યાં માણસોની મેદની દેખાતી હતી, ત્યાં હવે કોઇ રડયું ખડયું માણસ દૃષ્ટિગોચર થવા લાગ્યું. વિજય ત્યાંથી નીકળી આગળ ચાલ્યો. તેના પથમાં ઘણા આશ્રમો હતા. તેમાં સાધુ સંતો રહેતા હતા. વિજય સાંજના વખતે કવચિત્ આ તરફ આવતો ને ભજનકીર્તન સાંભળી આનંદ પામતો.

દુરથી તેણે એક આશ્રમ જોયો. તે આશ્રમના મધ્ય ભાગમાં એક લતા–મંડપ હતો, ને તેની પાસે એક પર્ણકુટી હતી. અનેક વૃક્ષોથી વેષ્ટિત તે સ્થાન અત્યારે રમ્ય જણાતું હતું. વિજય અહીં આવ્યો ત્યારે સર્વત્ર શાંતિ દેખાતી હતી. ક્વચિત્ વૃક્ષ-પલ્લવમાંથી પક્ષીઓના અસ્ફુટ સ્વર સંભળાતા હતા. વિજયને આ સ્થાન પ્રિય લાગ્યું. તેના મનમાં ભાવિ ઉન્નતિના વિચાર રમણ કરતા હતા, ને તેથીજ તેને પોતાનું જીવન આનંદમય ભાસતું હતું. થોડીવાર પછી તેને દરબારની હકીકત સાંભરી આવી. ત્યાં ચિત્રકારનું આવવું, ચિત્રપટ જોવામાં રાજાનું તલ્લીન થવું, ને ચિત્રકારને ઘેર આવવાની આજ્ઞા આપવી; એ બાબતના વિચાર તેના મનમાં ઘોળાવા લાગ્યા. તત્સંબંધી તેણે અનેક તર્ક વિતર્ક કર્યા, છતાં કંઇ નિર્ણય થઇ શકયો નહિ. તથાપિ એટલી તો તેને પ્રતીતિ થઇ, કે રાજા ચિત્રમાં લુબ્ધ થઇ ગયો છે. હવે ઘણો વખત વીતી ગએલો જાણી, ને ઘર તરફ પાછો ફરવા તૈયાર થયો. એટલામાં સુ-મધુર સ્વર તેના સાંભળવામાં આવ્યો. આ અપૂર્વ દિવ્ય સ્વરથી તરત તે જાણી શકયો, કે આ માધુર્યપરિપૂર્ણ સ્વર કોઇ રમણીનો છે. પાસેના આશ્રમમાંથી સંભળાતા સંગીત શ્રવણ સુખમાં તે નિમગ્ન બન્યો. ધીમે ધીમે તેને ગીત વધારે સ્પષ્ટ સંભ-ળાવા લાગ્યું. ગીત સાથે વીણાનો તીવ્ર સુર પણ સંભળાયો. દિવ્ય સંગીત સાંભળી વૃક્ષ શાખામાં કિલકિલાટ કરતાં પક્ષીઓ સ્તબ્ધ બની ગયાં. કોકીલા માન મૂકી સં-ગીત લુબ્ધ બની ગઇ. પતિ વિયોગથી પીડાતી ચક્રવાકી પણ આ વખતે આનંદ કરવા લાગી. આસપાસ સંગીતની લહરીઓ પ્રસરી ગઇ. શીતરશ્મિનાં કોમળ કિરણ મધુર સંગીત સંપર્કથી મધુમય બની ગયાં. વાતાવરણ ભેદીને તે દીવ્ય સ્વર આકા-શમાં વિચરવા લાગ્યો. અત્યારે વૃક્ષપલ્લવ પણ નિસ્પન્દ દેખાતાં હતાં વિમુગ્ધ ચિત્તે વિજય તે ગીત સાંભળતો હતો, પણ થોડી વારમાંજ તે મધુર ગીત બંધ થઇ ગયું; તથાપિ વિજયના મગજમાં હજી તે પ્રતિધ્વનિત રૂપે અસ્ખલિત વહન કરતું હતું. થોડીવાર તેણે આવી સ્થિતિ અનુભવી. જાગૃત થતાં મધુર ગીત લુપ્ત થયેલું જોઇ તે દીલગીર થયો. તે બોલવા લાગ્યો, કે અહા ? કેવું મધુર ગીત ! કોકીલા સમાન કેવો કંઠધ્વનિ ! કુદરતની કેવી અનન્ય ઉદાર બક્ષિસ ! આવા સ્થળમાં અત્યારે તે ગાયિકા કોણ હશે ? શા માટે અહીં રહેતી હશે ? તે ગાયિકા સાધારણ સ્ત્રી તો નહિજ હોય ? મર્ત્ય મ-નુષ્યના કંઠમાં આવું માધુર્ય ક્યાંથી હોય ? આમ વિચારતો તે થોડી વાર ત્યાંજ બેસી રહ્યો, ફરીથી તે ગીત તેના સાંભળવામાં આવ્યું નહિ. આટલાથી વિજયની સં-ગીતશ્રવણ સુખલાલસા તૃપ્ત ન થઇ. આશાનું અવલંબન ધરી તે આશ્રમ તરફ ચા-લ્યો. ઘર તરફ જવાના વિચારને બાજૂપર મૂકી તે કેવળ સંગીત સાંભળવાની લાલસાને આધીન થઇ ગયો, આશાએ તેને આગળ દોર્યો. આશ્રમમાં આવી જુએ છે, તો પર્ણકુટી પાસેના લતા–મંડપમાં એક શ્વેતવસ્ત્રધારિણી, સૌન્દર્યવિભૂષિત, લલિત-બાળા તેની દૃષ્ટિએ પડી. તેની પાસે વીણા પડી હતી, તેથી વિજય સમજી શકયો કે તે ગાયિકા તે આજ રમણી. હવે તે આગળ ચાલી શકયો નહિ. ચક્ષુરેન્દ્રિયે આગળ ચાલવાની ઇચ્છાનો પરાજય કીધો. જડવત્ તે ત્યાંજ ઉભો રહ્યો. વિજયના પાદા-ઘાતથી લતા–મંડપમાં બેઠેલી બાળા ઉભી થઇ. તેણે બહાર આવી જોયું તો વિજય

તેના દીઠામાં આવ્યો. આશ્રમમાં અત્યારે અપરિચિત મનુષ્યનું આગમન થએલું જોઇ તે વિચારમાં પડી ગઇ. છેવટે કોઇ અતિથિ હશે એવો નિશ્ચય કરી તે આગળ વધી, ને વિજયની છેક પાસે આવી બોલી:—

આપ કોણ છો ? અત્યારે અહીં શા માટે આવવું પડયું ? ”

બાળાના મૃદુ શબ્દો સાંભળી વિજય ચોંકી ઉઠયો. તેના મુખપર સ્વાભાવિક ફરકતું મંદ સ્મિત જોઇ તે પ્રસન્ન થયો. ને ચકિતનેત્રે તેના અનુપમેય સૌન્દર્યનું પાન કરવા લાગ્યો. તે મનમાં વિચારવા લાગ્યો, કે આ કોઈ દિવ્યાંગના વા અપ્સરા હશે ! માનવ જાતનું આવું સૌન્દર્ય પૂર્વે કદી તેણે નહિ દીઠેલું હોવાથી તે આવા વિચાર કરતો હતો. તેણે જવાબ આપ્યો:“ હું નગરવાસી રાજપૂત છું. પાસેના ઘાટપર ફરતો હતો. એટલામાં આપના કોકીલ કંઠમાંથી નીકળતું મધુર ગીત મારા સાંભળવામાં આવ્યું. પણ થોડીવારમાં તે બંધ થઇ ગયું, તેથી પુનઃશ્રવણ કરવાની ઇચ્છાથીજ હું, અત્ર આવ્યો છું. તે ગીત ગાનાર આપ છો કે કોઇ અન્ય ? ” વિજયે વિશેષ પ્રતીતિ કરવા પ્રશ્ન કર્યો.

“ હા અત્યારે તે ગીત હુંજ ગાતી હતી, જો આપની ઇચ્છા હશે તો પુનઃ ગાઇ સંભળાવીશ. ચાલો થોડીવાર અહીં વિશ્રાન્તિ લો. નગરમાં ગએલાં મારાં માજી પણ હવે આવતાં હશે. ” આ બાળાએ વિજયના પ્રશ્નનો ઉત્તર આપતાં પોતાની ઇચ્છા જણાવી.

વિજય તે બાળાની ઇચ્છાનો અનાદર કરી શકયો નહિ, તેથી તેણે તેની પાછળ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તે વિવિધ વિચાર કરવા લાગ્યો. લતા–મંડપ પાસે બાળાએ તેને બેસવાનું આસન આપ્યું, ને તેનો યથોચિત સત્કાર કર્યો. બાળાની મૃદુ ને વિનયભરી વાણી તથા ઉચ્ચ વિવેક જોઇ વિજય સમજ્યો, કે આ કોઈ ઉચ્ચ કુટુંબની કન્યા છે. પણ વર્તમાન સ્થિતિ જોતાં તેને વિરોધાભાસ થયો. થોડી વાર પછી તે બાળાએ પૂછયું:—

“ આપ કોઇ અધિકારી હો એમ આપના પ્રતિભાશાલી ચહેરાથી જણાય છે. શું આ મારી ધારણા સત્ય છે કે ! ”

“ જો કે આપની ધારણા પરિપૂર્ણ સત્ય નથી, છતાં તે અલ્પાંશે સત્ય છે. ” વિજયે નિખાલસ હૃદયથી ઉત્તર આપ્યો.

“ એમ કેમ ? ” બાળાએ જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

“ આજ સુધી હું સૈન્યમાં સાધારણ અધિકારપર હતો, પણ આજથી મહારાજાની ઉદારવૃત્તિથી ઉચ્ચ પદવીને પ્રાપ્ત થયો છું. ” વિજયે સત્ય હકીકત દર્શાવી બાળાની શંકાનું સમાધાન કર્યું.

“ ઠીક, આપના પર મહારાજાની ઘણી પ્રીતિ હશે, કેમ ખરૂં કે ? ”

ઉપર્યુક્ત વચન સાંભળી વિજય આશ્ચર્ય પામ્યો. શા માટે તેણે આવો પ્રશ્ન કર્યો હશે ? શું તે મને ઓળખતી હશે ? ના, ના, તે મારા પરિચયમાં આવી હોય તેમ મને સાંભળતું નથી. ત્યારે તે આવો પ્રશ્ન શા માટે કરે ? આમ પક્ષ પરંપરા

તેના મગજમાં ઉદ્‌ભવી, પણ તેનો ખુલાસો થયો નહિ. વિચારશક્તિને ભૂતકાળનુ સ્મરણુ કરવા દોડાવી તેથી કંઇક આભાસ થયો, પણ નિશ્ચય તો નજ થયો. નિશ્ચય કરવાનું તેને કંઇ કારણુ પણ ન હતું, એટલે તે બાબતનો પ્રયત્ન કરવો પણ મૂકી દીધો. કેવળ ગીત સાંભળવાની ઇચ્છાથીજ તે અત્ર આવ્યો હતો, એટલે તે મુખ્ય વાતને આગળ ધરી તેણે પૂછ્યું:—

"આપ સંગીતકળામાં પ્રવીણુ દેખાઓ છો."

"ના, ના. આપ ધારો છો તેટલી હું નિપૂણુ નથી. ફકત એકાન્તમાં આનંદ કરવા ક્વચિત્ ગાવાનો મને શોખ છે." બાળાએ ધીમેથી જવાબ આપ્યો.

"ઠીક, પણુ આપે આ વિષયનો પ્રથમથીજ અભ્યાસ કરેલો હશે નહિ વારૂ?"

"હા, પણુ ઘણો થોડો."

"ત્યારે આપ કંઇ વાદ્ય પણુ વગાડી જાણુતાં હશો?"

"હા, ફકત વીણા ને સારંગી છેડતાં આવડે છે."

"ત્યારે મને એકાદ ગીત ગાઇ સંભળાવશો કે?"

"ભલે, આપની ઇચ્છા."

તે બાળાએ હાથમાં સારંગી લઇ ધીમે ધીમે વગાડવા માંડી. સારંગીના સ્વર સાથે તેનો કોમળ ધ્વનિ સંયોજાયો, એટલે ગીતની શરૂઆત થઇ.

પ્રભુ આનંદમય અવિનાશી (૨)
કૃતિ ભારી, પ્રભુ તારી, બલિહારી, જાઉં વારી—પ્રભુ૦

માયાવી તુજ માયા માંહી, સહુ લેપાયા પ્રાણી,
તુજ કૃપા વીણુ તરે નહિ, ભવસાગર આ ભારી;
પ્રભુ પ્યારા, છો દયાળા, છોગાળા, લો તારી—પ્રભુ૦

તુજ કૃતિ અદ્‌ભુત દીસે પ્રભુ, જ્યાં ત્યાં જોઉં વિચારી,
મોટા મોટા યોગેશ્વર થાક્યા, કોણુ મતિ ત્યાં મારી,
જગભર્તા, સુખકર્તા, દુઃખહર્તા, લો ઉગારી—પ્રભુ૦

ધીમે ધીમે સંગીત સાતમા સ્વરે પહોંચી ગયું. વિજય તે સાંભળવામાં મગ્ન થઇ ગયો. આટલી વયમાં અને આવી સ્થિતિમાં, તેણે સંગીતનું આવું પરિપૂર્ણ જ્ઞાન શી રીતે પ્રાપ્ત કર્યું હશે, તે બાબતનો તે વિચાર કરવા લાગ્યો. વિચારમાંજ તે મુગ્ધ બની ગયો. તેને કંઇ ભાન રહ્યું નહિ. ગીત બંધ થઇ ગયું છતાં વિજય તે જાણી શક્યો નહિ. તેને આવી સ્થિતિ જોઇ બાળાએ પૂછ્યું:—"કેમ આપે મૌન ધાર્યું છે?"

વિજય ચમકી ઉઠ્યો તે ધીમેથી બોલ્યો: "કંઇજ નહિ આપની આ વિષયામાં આટલી બધી નિપૂણુતા જોઇ હું આશ્ચર્ય પામું છું."

"વિસ્મય પામવાનું કંઇ કારણુ નથી. આપ આજે પ્રથમજ ગીત સાંભળતા

હશે એટલે આપને નવાઇ લાગે છે." બાળાએ કટાક્ષ કરતાં કહ્યું.

"ના, તેમ નથી. દરબારમાં ઘણી વખત વારાંગનાના મોઢેથી મેં અનેક ગીત સાંભળ્યાં છે, પણ આપનું મધુર ગીત તો કંઇક ઓરજ દેખાય છે."

પોતાનાં વખાણ સાંભળી બાળા શરમાઇ ગઇ. નીચી દૃષ્ટિ રાખી તે ચૂપ રહી. થોડીવાર પછી તેણે પુનઃ પ્રશ્ન કર્યો: "શું આપનું નામ વિજય છે?"

"વિજય" શબ્દ શ્રવણથી વિજય ચમકી ઉઠયો. આશ્ચર્ય પામી તે તેના સામું જોઇ રહ્યો. બાળાએ પોતાને શી રીતે ઓળખ્યો તે તેનાથી સમજાયું નહિ.

તેનાં મૃદુ અને ભાવવ્યંજક વાકયો સાંભળી, વિજય વિચારમાં પડી ગયો. તે કંઇજ સમજી શકયો નહિ. તેનું મન ડંકુંગાર થઇ ગયું. કોણ જાણે તેના મ ર શી અસર થઇ તે અમે જાણતા નથી. વિજયની આવી મુગ્ધાવસ્થા જોઇ તે બાળાએ કહ્યું. "જુઓ આ મારાં માજી આવ્યાં."

વૃદ્ધાના આગમનસૂચક શબ્દો સાંભળી વિજય સ્વસ્થ થયો. લીલાએ વિજયનું આગમન તેની માતાને કહી સંભળાવ્યું. તેથી તે ખુશી થઇ. તેણે પણ વિજયનો સારો આતિથ્ય સત્કાર કીધો. પછી કેટલીક વાતચિત કરી. વાતમાં લીલાનું વૃત્તાંત પૂછવાની વિજયને ઇચ્છા થઇ. પણ અત્યારે તેણે તે વિચારને દાબી દીધો. થોડીવાર પછી ડોસીની આજ્ઞા લઇ તે નગર તરફ ચાલ્યો ગયો.

વાંચનાર! ચાલો હવે આપણે ભૂપતિ ભીમદેવના મહેલ તરફ પ્રયાણ કરીએ.

તૃતીય પરિચ્છેદ.

ચિત્ર પરિચય.

પ્રાતઃકાળ થઇ ગયો હતો. મહારાજા ભીમદેવ પ્રાતઃકર્મથી નિવૃત્ત થઇ ખુશ મિજાજથી એકાંતમાં બેઠો હતો. તેની પાસે ચિત્રપટ પડયો હતો. તે તેનું નિરીક્ષણ કર્યા કરતો હતો. થોડીવાર પછી બહાર ઉભેલા પ્રહરીએ આવી કહ્યું.

"કાલે આવેલો ચિત્રકાર આપની સેવામાં હાજર થવાની અનુજ્ઞા માગે છે."

"ઠીક. તેને મારી પાસે આવવા દે." રાજાએ અનુજ્ઞા આપી. તે પછી ચિત્રકારે મહેલમાં પ્રવેશ કર્યો, ને રાજા પાસે આવી નમન કર્યું. થોડી વાર પછી રાજાએ તેને પૂછ્યું:—"ચિત્રકાર આ કોની કૃતિ છે?"

"મહારાજા! આ સેવકનીજ તે હસ્તકૃતિ છે. ચિત્રો આલેખી આપના જેવા ભૂપતિઓને ભેટ કરી હું મારૂં ગુજરાન ચલાવું છું."

"વારૂ, આ ચિત્ર કોનું?" રાજાએ જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

"મહારાજા! શાસ્ત્રકારોએ સ્ત્રીની ચાર જાતિ કહી છે. પદ્મિની, ચિત્રણી, હ-

સ્તિની ને શંખિની, આ ચારેમાં પદ્મિની શ્રેષ્ઠ છે." આમ બોલી તેણે બીજાં ત્રણ ચિત્ર રાજા પાસે રજુ કીધાં ને બોલ્યો:—

'કમળ સરખી જેની આંખો હોય, નાકનાં છિદ્ર નાનાં હોય, કુચદ્વય કાઠિન્યુક્ત હોય, કૃષ્ણવર્ણું દીર્ઘ કેશકલાપ હોય, શરીર કૃશ હોય, મૃદુ વચન હોય, સુશીલ હોય, નૃત્ય ગાયનમાં પ્રીતિ રાખવાવાળી હોય, કમલગંધ સમાન વાસયુક્ત જેનું શરીર હોય: આવા પ્રકારે જે સુન્દર સ્ત્રી હોય તે પદ્મિની કહેવાય છે. પૃથ્વીપતિ! આ ચિત્ર તેવી જાતની સ્ત્રીનું છે,"

ચિત્રકારનાં વચન સાંભળી રાજાએ અધીરાઈથી પ્રશ્ન કર્યો:—

"આ સ્ત્રીનું વૃત્તાંત તારા જાણવામાં છે કે?"

"હા મહારાજા! આબુપતિ જેતસિંહ પરમારની પુત્રીનું આ ચિત્ર છે. તે પોતાના રૂપ—સૌન્દર્ય માટે આખા દેશમાં પ્રસિદ્ધિ પામી છે- હું ઘણા ખરા દેશોમાં ફર્યો છું પણ કોઈ સ્થળે આવી સુન્દરી મારા જોવામાં આવી નથી. પરિપૂર્ણ અવકાશને વખતે પ્રભુએ અતિ ચાતુર્ય વાપરી ઘડેલી એ સુન્દરી પૃથ્વી પર કુદરતી કારીગરીનો અદ્વિતીય નમુનો છે. તેના રૂપરંગમાંજ પ્રભુએ હદ વાળી છે, તેથી કરીને દેશોદેશમાં તેની ખ્યાતિ પ્રસરી છે."

"હેં! શું તું આ સત્ય બોલે છે કે?" રાજાએ આશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો.

ચિત્રકારે નમ્રતા પૂર્વક જવાબ આપ્યો "હા અન્નદાતા! આપની પાસે અસત્ય બોલવાનું કારણ શું હોય? અથવા જો કારણ હોય તથાપિ અસત્ય શી રીતે બોલાય? પ્રદીપ્ત અગ્નિ પાસે શીતળતા કેટલો વખત ટકી રહે?"

"ઠીક, ઠીક." એમ બોલી રાજાએ તેના હાથમાં કેટલીક મહોરો મૂકી. તે લઈ રાજી થઈ રાજાનું ગુણગાન ગાતો ચિત્રકાર ચાલતો થયો. તેનો આ આનંદ અન્યને કેટલો દુઃખદ થઈ પડશે, તેની તે બિચારાને ક્યાં ખબર હતી?

× × × × ×

ચિત્રકારના ગયા પછી રાજા વિચારમુગ્ધ બની ગયો. આખો દિવસ તેને કંઈ ચેન પડ્યું નહિ. સાયંકાળ થયા પછી લગભગ બે પ્રહર રાત્રિ વ્યતીત થઈ ગઈ. પ્રાણિમાત્રને નિદ્રા દેવીએ પોતાના સુખદ અંકમાં લીધાં, છતાં ભીમદેવ પર દેવીએ અનુગ્રહ કીધો નહિ. ચિત્રકારને મુખેથી સાંભળેલી હકીકતથી તેની મન—નૌકા વિચાર વમળમાં ગોથાં ખાતી હતી. ચિત્તશાન્તિ માટેના તેના સઘળા પ્રયત્ન નિષ્ફળ નીવડયા. ભર યૌવન, મહત્પદપ્રાપ્તિ, વિપુલ દ્રવ્ય સંપતિ, અને મનગમતો વૈભવ ભોગવવાનાં સાધન આ સર્વ વિષયોત્પાદકમાંનું એકેક પણ મનુષ્યને અનીતિપથે પ્રવર્તાવે છે, તો પછી તે સર્વ સાથે મળે તો બાકી શું રહે? શરીર પરનો ચન્દનલેપ તેના અંતરસ્થ તનુને પ્રદીપ્ત કરવા લાગ્યો. જ્યાં ત્યાં—પ્રત્યેક પદાર્થમાં—તે પોતાની પ્રિય વસ્તુનુંજ દર્શન કરવા લાગ્યો. તેને ભૂલવાને માટે તેણે અનેક પ્રયત્ન કીધા, નિદ્રા દેવીની ઉપાસના કીધી—એક ચિતે તેનું ધ્યાન ધર્યું પણ તેમાં વિક્ષેપ પડયો. કામાતુર રાજા મહેલમાંથી બહાર આવ્યો. બહાર શું હતું? રમણીય ઉદ્યાન અને તેમાં

સુગંધીમય સુમનના પરાગ સ્પર્શથી તદ્વત્ બનેલી મરૂતની શીતળ, મધુર ને સુવાસિત લહરીઓ, પવનમાં પણ તેને પોતાની મનપ્રિય આકૃતિ દેખાવા લાગી. શીતરશ્મિનાં શાન્તિપ્રદ કોમળ કિરણ તેને તીવ્ર બાણ સમ ભોંકાવા લાગ્યાં. મદને તેને અધિક મત્ત બનાવ્યો. તેનો અંતરાત્મા ઉન્મત્ત બની ગયો. કામાગ્નિથી આખું શરીર તપ્ત થયું. ખરેખર સ્વયંભૂ ભગવન્ મનમથ! તારો અવતાર જગતને દગ્ધ કરવા સર્વથા સમર્થ છે.

हारो जलार्द्रवसनं नलिनीदलानि
प्रालेयशीकरमुचस्तु हिनां शुभासः!
यस्यन् धनानि सरसाणि च चन्दनानि
निर्वाण मेष्याति कथं स मनोभवाग्निः ॥ (બાણ).

અર્થાત્ હાર, જળથી ભીનાં વસ્ત્ર, કમળપત્ર, ઝાકળના છાંટા વરસાવનાર ચન્દ્રકિરણ અને સરસ ચન્દન એ જેનાં કાષ્ટ છે તે મદનરૂપ અગ્નિ કેવી રીતે હોલાવાનો હતો?

ઉદ્યાનમાંથી રાજા મહેલમાં આવ્યો. સુખશય્યા પર આળોટવા લાગ્યો, છતાં તેને નિદ્રા ન આવી. સ્વાભાવિક નિયમ છે, કે આપણે જે વસ્તુની આશા રાખીએ તે વસ્તુ આપણાથી દૂર નાસે. હાથમાં ચિત્ર લઇ રાજા તેને અવલોકવા લાગ્યો. થોડીવાર પછી તે બોલવા મંડયો:—

"શું ચિત્રકારે કહેલી હકીકત યથાર્થ હશે? અરે! પણ જો હું તેની કહેલી વાત પર વિશ્વાસ ન રાખું તોપણ શું? આજ સુધી અનેક માણસોને મુખે મેં તેની સૌન્દર્ય—કીર્તિ કયાં નથી સાંભળી? મારો અંતરાત્મા તેની કયાં પ્રતિતી નથી કરતો? વિભો! શું તેં આ લલિત લલના મારે માટેજ નિર્માણ કરેલી છે? હા, તેમાં શંકા શી? ત્યારે તેની પ્રાપ્તિઅર્થે મારે શા માટે પ્રયત્ન ન કરવો? શા માટે મારા વૈભવનુ તેને દાન ના આપવું? શું રાંકને હાથ તે રત્ન જવા દેવું? અરે કદિ નહી. ગમે તેમ થશે તોપણ હું તેને મારી પટરાણી બનાવીશ. તેને માટે હું સર્વસ્વનો ભોગ આપીશ. ખરેખર! આ સુન્દર સુમનને ગુર્જર મહારાણીનું ગૌરવયુકત પદજ યોગ્ય છે." લાંબી રાતે 'હવે એજ નિશ્ચય' એવો ઉદ્ગાર રાજાના મુખમાંથી નીકળ્યો. તે વખતે કોઇ એક વ્યકિત તેની સમીપમાં આવી ચાલી ગઇ, પણ તેની તેને ખબર પડી નહિ.

વાંચનાર! માણસનું મન કેવું ચંચળ છે! જ્યારે તેને કાંઇ વસ્તુ પર મોહ ઉપજે છે, ત્યારે તેની પ્રાપ્તિ માટે તે તન મન ધનથી પ્રયત્ન કરે છે. સારા નરસા પરિણામનો પણ તે વિચાર કરતો નથી, સુખ ખોઇ સંકટો સહન કરે છે, સંપ તજી વૈર વહોરે છે, ધર્મ તજી અધર્મનો આશ્રય લે છે, અને યેન કેન પ્રકારે તે વસ્તુ પ્રાપ્ત કરવા મથન કરે છે. આવીજ સ્થિતિ અત્યારે રાજાની હતી. તેના શરી-

-રમાં શરીર વિનાનો શત્રુ ભરાઇ બેઠો હતો. તે તેના આત્માને સંતપ્ત કરતો હતો, હૃદયને દગ્ધ કરતો હતો, ચિત્તને ચલિત કરતો હતો. અહો ! અનંગ ! તારી શી અગમ્ય લીલા ! મનુષ્યનું તેં શું અનિષ્ટ નથી કર્યું ? તેમનાં સુખ, સત્તા, વૈભવ, ઐશ્વર્ય: એ સર્વને તેં ક્યારે સ્થિર રહેવા દીધાં છે. તેમને તેં ક્યારે પુણ્યપથે પ્રવર્તવવા દીધાં છે ! શિવ સિવાય તને જીતવા કોણ સમર્થ છે ? શું તારૂં સામર્થ્ય ! ભગવન્ મન્મથ ! કેવી તારી અકળ ગતિ ! સાક્ષાત્ બ્રહ્માને પણ તેં ભ્રષ્ટ કર્યા ! સુરદાસનાં નયન ફોડાવ્યાં ! વિશ્વામિત્ર્યાદિ મહર્ષિઓને પતિત કર્યાં ! રાવણના ઐશ્વર્યનો નાશ કર્યો ! અહો પુષ્પાયુધ ! કેવી તારી અદ્‌ભુત શક્તિ ! સર્વથા તારી સત્તાનો જે અનાદર કરે છે તેજ વિરલ છે, તેજ શ્રેષ્ઠ છે, તેજ મહત્પદને યોગ્ય છે. તેજ વંદ્ય છે. તેજ પુજનીય છે અને તેજ દર્શનીય છે.

ચતુર્થ પરિચ્છેદ.

ઇતિહાસ પરિચય.

પ્રિય વાંચક ! ભીમદેવને તેની ઉપર્યુક્ત સ્થિતિમાં રહેવા દઇ આપણે હવે આ દેશનો ઇતિહાસ તપાસી આગળ ચાલીશું તો તે અનુચિત નહિ ગણાય.

આ દેશનો કંઇક વિશ્વસનીય ઇતિહાસ ચાવડા વંશથી મળી આવે છે. મહારાજા વનરાજે વિ. સં. ૮૦૨ માં અણહિલપુર પાટણ વસાવી તેને ગુજરાતનું પાટનગર ઠરાવ્યું તેજ વખતે જ્યોતિષશાસ્ત્રીએ તેનો અવસાન સમય (ઇ. સ. ૧૨૯૭) નક્કી કર્યો હતો. ચાવડા વંશમાં વિ. સં ૯૯૮ સુધી ગુજરાતનું રાજ્ય રહ્યું. એ વંશના ઘણા ખરા રાજાઓ ન્યાયી અને પરાક્રમી હતા. તેમણે રાજ્યનો મજબુત પાયો નાંખ્યો. આ રાજાઓએ દૂરના મુલકમાં ચડાઇઓ કરી વિજય મેળવવાનો લોભ નહિ રાખતાં, પોતાનું રાજ્ય સુદૃઢ બનાવવા તરફજ સંપૂર્ણ લક્ષ આપેલું હતું. તેમના પછી પાટણની ગાદી પર ચાલુક્ય (સોલંકી) વંશના રાજાઓનો અમલ બેઠો. એ વંશના રાજાઓએ ૩૨૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. તેમાં મૂળરાજ, ભીમદેવ પહેલો, સિદ્ધરાજ, કુમારપાળ ને બીજો ભીમદેવ એ પ્રસિદ્ધ રાજાઓ થઇ ગયા છે. ચાવડા મહારાજાઓએ સ્થાપેલા રાજ્યને આબાદ કરવાનું કામ મૂળરાજે હાથમાં લીધું. તે વગર હકે ગાદીએ બેઠેલો હોવાથી આરંભનો તેનો ઘણો ખરો વખત લડાઇઓ કરવામાં ગયો. શરૂઆતમાંજ તેણે સારૂં પરાક્રમ બતાવી શત્રુ રાજાઓને મ્લાન કર્યા. તેના અપૂર્વ પરાક્રમથી કચ્છ, સોરઠ, અંગ, દેવગિરિ, કાશ્મીર અને કુરુક્ષેત્ર સુધી તેની વિજય પતાકા પ્રસરી. આબુ, મારવાડ ને દક્ષિણના રાજાઓએ પણ તેની શ્રેષ્ઠતા સ્વીકારી હતી. તેણે રૂદ્રમાળ નામની સુંદર ઇમારત બંધાવવા માંડી, પણ તે તેના વખતમાં પૂરી થઈ શકી નહિ. પોતાના મોસાળ પક્ષનો નાશ

કર્યો, તેનું પ્રાયશ્ચિત કરવા માટે તેણે પાછળથી ઘણાં દાન કર્યાં. તેની દાનવૃત્તિ તો અદ્યપર્યંત ગુજરાતમાં પ્રસંશનીય છે. તેના પછી થોડા કાળે ભીમદેવ, જે બાણાવળીના ઉપનામથી ઇતિહાસમાં પ્રસિદ્ધ છે, તે ગાદીએ બેઠો, તેના વખતમાં પ્રથમ યવનોએ (ઇ. સ. ૧૦૨૪) આ દેશ ઉપર ચડાઈ કરી. ભીમ તેમની સાથે લડયો ને ૩ હજાર યવનોને કાપી નાખ્યા, છતાં પ્રતિકૂળ સંયોગોથી તેને વિજય મળ્યો નહિ. ભીમ પરાજિત થઇ કચ્છમાં નાશી ગયો ને મુસલમાનોએ હિંદુઓનું પ્રાણપ્રિય, પવિત્ર સોમનાથનું દેવળ છિન્નભિન્ન કરી નાખ્યું. તેના અમલનું આ કલંક બાદ કરી, તેની સમગ્ર કારકીર્દિ તપાસતાં જણાય છે, કે તેણે સારી રીતે રાજ્ય ચલાવ્યું હતું. ચોર અને વ્યભિચારી માણસોને તે ભયંકર ભાસતો હતો. તે યુદ્ધ કળામાં પ્રવીણ, રણપ્રિય, શરીરે પુષ્ટ ને બલિષ્ટ હતો. તે ઘણો અભિમાની ને પરાક્રમી હતો. તેના આશ્રય નીચે ઘણા પદભ્રષ્ટ રાજાઓ રહેતા હતા, તેથી તે અધિરાજ ગણાતો હતો. પુંડ્ર અને અંગ્રના રાજાઓએ તેનું આધિપત્ય સ્વીકાર્યું હતું, ને છેક મગધ દેશ સુધી તેની કીર્તિ પ્રસરી હતી. તેણે સિંધ, ચેદિ, ચંદેલ (બુંદેલખંડનું) અને માળવા ઉપર ચડાઇ કરી જીત મેળવી હતી. તેનું પરાક્રમ, તેની રાજ્યનીતિ અને ન્યાય કીર્તિ એટલી બધી પ્રસરી હતી, કે અન્ય દેશોમાં પણ તેના સંબંધી કવિતાઓ લખાઇ હતી. તેના આવા યશ પ્રતાપથી તેલિંગનો રાજા નમી પડયો હતો. જેણે અગાઉ કોઇને ખંડણી નહી આપેલી, એવા અયોધ્યા પતિએ તેનું આધિપત્ય સ્વીકાર્યું હતું. ચેદીના રાજા કરણે હાથી, ઘોડા, અને માલવપતિ ભોજ પાસેથી મેળવેલી સોનાની પાલખી તેને ભેટમાં મોકલી હતી. તેના પછી થોડે કાળે ચાલુક્ય કુળદિપક, રૂદ્રાવતાર, મહારાજા સિદ્ધરાજ થયો. તે શૂરો પરાક્રમી ને વિદ્યાને ઉત્તેજન આપનારો હતો. રાણકદેવીને પ્રાપ્ત કરવા માટે તેણે ઘાતકીપણું બતાવ્યું હતું, છતાં તે સ્વભાવે ઘાતકી ન હતો. તેની સમગ્ર કારકીર્દિ તપાસતાં તેને ચાલુક્ય કુળભૂષણ કહ્યા વિના ચાલે તેમ નથી. ગાદીએ બેસતી વેળા જે દેશ વારસામાં મળેલો હતો તે તેણે સારી રીતે જાળવી રાખ્યો, ને વધારામાં બાર વરસ સુધી લડાઇ કરી માળવા દેશ જીતી લીધો. દેશની અંદર ને સરહદ ઉપર તેણે પુષ્કળ દુર્ભેદ્ય દુર્ગો બંધાવ્યા, તે ઠામ ઠામ કુવા, તળાવ, વાવો ને કુંડ બંધાવ્યા. વળી મહારાજા મૂળરાજે બંધાવવા માંડેલો રૂદ્રમાળ તેણે પુરો કરાવ્યો, ને તેની યાદગીરીમાં શ્રીસ્થળનું નામ સિદ્ધપુર પાડયું. આ રાજાનો ઘણો વખત લડાઇઓ કરવામાં ગએલો હતો, છતાં રાજ્યમાં કોઇ પ્રકારની ગેરવ્યવસ્થા દેખાતી ન હતી. તેની ધવલ કીર્તિથી હિંદુસ્તાનના નાના મોટા પ્રત્યેક રાજ્યના ઇતિહાસમાં તેનું નામ નોંધાયુ હતું. આ મહારાજાને પુત્ર નહિ હોવાથી ગુજરાતનું રાજ્ય કુમારપાળના હાથમાં આવ્યુ.

કુમારપાળ જૈન ધર્મ પાળતો હતો છતાં શૈવ માર્ગ ઉપર તેની અપ્રીતિ ન હતી. તે ઘણી વખત સોમનાથ જતો. સોમનાથ મહાદેવનું જીર્ણ થઇ ગએલું દેવળ તેણે પુનઃ સમરાવ્યું હતું. આ વખતે શંકર સ્વામીને જૈન યતિઓ વચ્ચે લાંબી મુદત વિગ્રહ ચાલ્યો હતો. રાજા તરફથી જૈન ધર્મને પ્રત્યક્ષ આશ્રય મળતો હોવાથી

તે વખતે તેનું પ્રાબલ્ય વિશેષ હતું. પાટણમાં જૈન સાધુઓ ઘણા આવી વસ્યા હતા. રક્તપીતના ભયંકર વ્યાધિથી આ રાજાનું મૃત્યુ થયું. તેની પછી થોડા વખતે ભોળો-ભીમ ગાદીએ બેઠો.

જે વખતે દેશમાં શૈવ અને જૈન માર્ગ વચ્ચે વિગ્રહ ચાલતો હતો; પરમાર્થ કામોમાં રાજકોષ ખાલી થઇ ગયો હતો; ઐક્યને સ્થાને કુસંપ પ્રસર્યો હતો; અને સિદ્ધરાજ તથા કુમારપાળે તાબે કરેલા રાજાઓ સોલંકી રાજાઓની ધુસરી કાઢી નાંખી, સ્વાતંત્ર્ય મેળવવા ઉધુક્ત દેખાતા હતા, તે વખતે ભોળો ભીમદેવ ગાદીએ બેઠો, આવા બારીક સમયમાં તેણે ગુજરાતના અસ્ત પામતા ગૌરવ સૂર્યને થોડો વખત સુધી ટકાવી રાખ્યો એજ એની કાર્કિર્દિની બલિહારી કહેવાય, એજ તેનું પરાક્રમ ગણાય, અને એજ તેની મોટી ફતેહ ગણાય. તેણે ગાદીએ બેસતા પહેલાંજ મુસલમાનોને હરાવી વિજય મેળવ્યો હતો. કીર્તિકામુદીનો કર્તા લખે છે કે " મ્લેચ્છ લોકો સાથેની આ લડાઇમાં યવનોના કપાયલા હાડપિંજરનો ઢગલો જોતાં, અર્બુદ પોતાના પિતાહિમાચળને ભુલી ગયો હતો." ભીમદેવ ગાદીએ બેઠો કે તરત માળવાનો રાજા સોહડદેવ (સુભટવર્મા) ગુજરાત જીતવા ચડી આવ્યો પણ ભીમના એક સદેશાથી ડરીને તે પાછો નાશી ગયો. તે જેવો યુદ્ધાસકત હતો તેવો ભોળો ને દુરાગ્રહી પણ હતો. પ્રાણાન્તે તે પોતાની હઠ છોડતો નહિ, તેના અમલમાં લવણપ્રસાદ ને તેનો પુત્ર વીરધવળ રાજ્યકાર્યભાર ચલાવતા હતા. ચાલુક્ય વંશનો ભાયાત ધવલક જે કુમારપાળની માસી સાથે પરણ્યો હતો, તેને સોલંકી રાજાઓ તરફથી વાઘેલ ગામ ગિરાસમાં મળ્યું હતું, તે ઉપરથી તેના વંશજો વાઘેલ ઉપનામથી ઓળખાયા. ઇ. સ. ૧૧૬૦માં અથવા તે અરસામાં ધવલકે પ્રાચીન વિરાટ નગરને સ્થાને એક નગર વસાવી તેનું નામ ધોળકા પાડયું. ધવલક પછી તેનો પુત્ર અર્ણોરાજ થયો. તે વખતે પાટણની ગાદીપર ભોળોભીમ હતો. તેના વખતમાં કેટલાક સામંતોએ અને ખંડીઆ રાજાઓએ બંડ કર્યું હતું, પણ તે વખતે અર્ણોરાજે ભીમદેવને સારી મદદ કરી હતી. અર્ણોરાજ પછી તેનો પુત્ર લવણપ્રસાદ થયો તે 'રાજચિન્તાકારી'નું પદ ધારણ કરી પાટણમાં ભીમદેવ પાસે રહેતો હતો.

આ વખતે પાટનગર પાટણ એક અદ્વિતીય નગર ગણાતું હતું. રાસમાળાના કર્તા કુમારપાળચરિતનો આશ્રય લઇ લખે છે કે:—

" અણહીલપુર બાર ગાઉ ઘેરાવામાં હતું. તેમાં ઘણાં દેવાલય ને પાઠશાળાઓ હતી, ચોર્યાંશી ચોક હતા. ચોર્યાંશી બજાર હતાં. તે સાથે સોનારૂપાના શિક્કા પાડવાની ટંકશાળો હતી. નાત પ્રમાણે ઘરના ઇલાયદા જથા હતા. તેમ હાથીદાંત, રેશમ, મણી, હીરા, મોતી ઇત્યાદી જુદી જુદી વાપરવાની વસ્તુઓનાં જુદાં જુદાં ચૌટાં હતાં એક નાણાવટીનું ચૌટું હતું; એક લેપ કરવાના સુવાસિત પદાર્થોનું હતું; એક વૈદોનું; એક કારીગર લોકોનું; એક સોનીનું; અને બીજું રૂપાનું કામ કરનારા લોકોનું હતું. નાવિક, ભાટ, અને વહીવંચા એ લોકોનાં રહેઠાણ જુદાં જુદાં હતાં. નગરમાં અઢારે વર્ણ સુખે વસતી હતી. મહેલની આસપાસ આયુધગાર, હાથીખાનું,

અશ્વશાળા, તથા હિસાબી અને બીજા ખાતાંના અધિકારીઓની કચેરીઓ જથાબંધ આવી રહી હતી. દરેક જાતના માલને માટે જુદી જુદી વખારો હતી. નગરમાં આવતા જતા માલ ઉપર, તેમજ વેચાણુ માલ ઉપર જકાત લેવામાં આવતી. નિત્યની જકાત એક લાખ ટકા થતી હતી. તે સર્વ વ્યાપારનું ઠેકાણું હતું. ત્યાં જૈનોનાં ઘણાં દેરાસર હતાં. ચંપા, નાળિએરી, જામફળી ઇત્યાદિ નાના પ્રકારનાં વૃક્ષલતા, અને અમૃત સરખા પાણીના ઝરાવાળી વાડીઓમાં ફરી લોકો આનંદ કરતા હતા. અહીંયાં વેદશાસ્ત્રની ચર્ચા થતી. તેથી શ્રોતૃમંડળને બોધ મળતો. તેમજ જૈન સાધુઓની પણ અછત ન હતી. કહેવા પ્રમાણે વર્તનારા, અને વ્યાપારમાં કુશળ એવા ઘણા વ્યાપારીઓ ત્યાં વસતા હતા. વ્યાકરણ શીખવવાની ત્યાં ઘણી નિશાળો હતી. અણહીલપુર એ મનુષ્યોનો સાગર હતો. ત્યાંની સેના અસંખ્ય હતી, ને ઘંટધારી હાથીઓની અછત ન હતી. ”

ચાવડા રાજાઓએ સ્થાપેલું રાજ્ય સોલંકી મહારાજાઓએ પ્રસાર્યું, ને તેની શોભા વધારી. ગુજરાતની અપૂર્વ કીર્તિ સોલંકી રાજાઓએ પ્રસારી, એમ કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. એ વંશના ઘણા ખરા રાજાઓ શુરા, પરાક્રમી ને વિદ્યાના વ્યાસંગી હતા. દેશમાં જૈન અને શૈવ એ બે સંપ્રદાય ચાલતા હતા. કુમારપાળ સિવાયના બધા રાજાઓ શૈવ માર્ગી હતા, છતાં જૈન વિદ્વાન આચાર્યોને પણ ઘણું માન આપતા. કેટલાક રાજાઓ અભિમાની હોવાથી પર રાજ્યો સાથે સંપ રાખી શકયા ન હતા. મુસલમાનોને હિંદુસ્તાનમાંથી હાંકી મૂકવાના પ્રયત્નમાં પહેલો ભીમ સામેલ થયો ન હતો. તેમજ આપણી વાર્તાના નાયક ભીમદેવે માંહોમાંહે કેવી રીતે કુસંપ કર્યો, તે આગળ ચાલતાં જણાઇ આવશે. ચડતી પછી પડતી એ કુદરતના નિયમને અટકાવવાને કોઇ સમર્થ નથી, તેથી તે અભિમાની રાજાઓને દેશની પડતીનું નિમિત્ત નહિ ઠરાવતાં, કાળની કૃતિનેજ પ્રાધાન્ય આપીશું. ખરેખર કાળ ! તારી કૃતિ અગમ્ય છે. સિદ્ધરાજ જેવા પરાક્રમી રાજાઓએ પોતાનું રાજ્ય ચિરસ્થાયી કરવા અનેક પ્રયત્ન કર્યા; પણ તેને તારી કૃતિની કયાં ખબર હતી ? ભલે, તું તારૂં કાર્ય બજાવે, પણ મનુષ્યો તો તેની સ્પૃહા રાખવાના નથીજ.

આ વખતે પ્રજા સર્વ વાતે સુખી હતી. ખેડુતો ઉપર જુલમ થતો ન હતો, પણ વાજબી જમીન વેરો લેવાતો. દેશમાં વેપાર ધમધોકાર ચાલતો હતો. ખંભાત ને ભરૂચ એ મોટાં વેપારનાં મથક હતાં. ત્યાંથી દેશાવર માલ જતો આવતો. દેશમાં ઘણા ધનાઢ્ય માણસો હતા. હાલમાં આખા હિંદુસ્થાનમાં કરોડપતિ જવલ્લેજ હશે, પણ ચાલુકય અમલમાં તો એકલા ગુજરાતમાંજ કરોડપતિઓની સંખ્યા મોટી હતી, અને લક્ષાધિપતિઓનો તો પારજ ન હતો. કરોડપતિને પોતાના ઘર ઉપર એક બાવટો, અને તેથી ઉતરતા માણસો–જેમની પાસે જેટલા લાખ રૂપીઆ હોય તેટલા દિવા પોતાના ઘર ઉપર મૂકે એવો રિવાજ હતો. હાલના મુકાબલે તે વખતે કેળવણી ઓછી અપાતી હતી, તે વાત ખરી, પણ હાલનાથી તે વખતે પાઠશાળાઓની અને વિદ્વાનોની સંખ્યા ઘણી મોટી હતી. કેળવણી આપવા માટે ઠામ ઠામ શાળાઓ

સ્થાપી હતી. તેમાં ધાર્મિક ને નીતિ વિષયક કેળવણી ઘણી સંગીન અપાતી. સ્ત્રીઓ વ્યાવહારિક કાર્યમાં કુશળ હતી, ને તે ગૃહિણીના ધર્મ યથાર્થ સમજતી. સોમનાથ, અંબાજી, સિદ્ધપુર, પાવાગઢ ને દ્વારિકાં એ મુખ્ય યાત્રાનાં ધામ હતાં. તે સર્વમાં સિદ્ધપુરનું માહાત્મ્ય વિશેષ હતું. શેત્રુંજ અને ગિરનાર એ બે જૈન ધર્મનાં પવિત્ર સ્થળ હતાં. તે વખતે હાલના જેવી મુસાફરીની સગવડ નહિ હોવા છતાં, ઘણા માણસો જાત્રાએ જતા. એકલા ભાલોદ આગળ દર વર્ષે ૭૨ લાખ ટકા જાત્રા વેરો આવતો. આ ઉપરથી લોકોની ધાર્મિક વૃત્તિ કેવી પ્રબળ હશે તે સ્પષ્ટ જણાઇ આવે છે. લોકો શ્રીમંત હોવાથી ધાર્મિક કાર્યમાં બહોળે હાથે ખરચ કરતા, ને રાજાઓ તરફથી પણ દેવસ્થાનોને વખતો વખત ભેટ મળતી. સોમનાથના દેવળમાંથી મહમુદ જે દ્રવ્ય લૂંટી ગયો તે સાંભળતાંજ તે વખતની પ્રજાની આર્થિક તેમજ ધાર્મિક સ્થિતિનો આબેહુબ ખ્યાલ આવી શકે તેમ છે. પણ અફસોસ, કે તેજ દેશ આજે દયાપાત્ર સ્થિતિમાં દર્શન આપે છે! તે વખતના ન્યાય વિષે વકતવ્ય માત્ર એટલુંજ છે, કે જો તમારે ન્યાય જોવો હોય તો જઇને મલાવ (તલાવ) જુઓ. આખો દેશ બલિષ્ઠ દુર્ગોથી રક્ષાયલો હતો. અને તેથી પરદેશી રાજાઓનું આક્રમણ કવચિતજ થતું. અણહીલવાડના રાજાઓએ પોતાની પાડોશના રાજદરબારમાં સંધિવિગ્રહક પણ રાખેલા હતા. આ માણસોનું કામ હાલના 'એલચી' જેવું હતું. સિદ્ધરાજનો એક એલચી કાશીરાજના દરબારમાં હોવાનું મેરૂતુંગ લખે છે.

પંચમ પરિચ્છેદ.

હૃદય ભાવનું સ્ફોટન.

પાટણના દરબારગૃહમાં આજે અનેક શૂરા સામંતો ભરાએલા છે. ભૂપતિ ભીમદેવની આસપાસ આત્મીયજનો અને અંગરક્ષકો વીંટળાઇ બેઠેલા છે. તેના માથાપર કસુંબી રાજછત્ર ધારણ થએલું છે. ગળામાં મુક્તાનો ધવલ કંઠો ચળકી રહ્યો છે. હાથે રત્નજડિત સુવર્ણનો બાજુબંધ અને માથાપર શિરપેચ છે, એક બાજુ વીર લવણપ્રસાદ, અમરસી સેવડો, જીવણરાય અને વિજય વગેરે મંત્રીવર્ગ; અને બીજી બાજુ વિદ્વાન બ્રાહ્મણો, જૈન સાધુઓ અને સમરાંગણમાં કાયરને પણ ક્ષણવાર પણ શૂર ચઢાવે તેવા બારોટો બેઠેલા છે. થોડીવાર સુધી સભામાં શાન્તિ રહી. પછી મંત્રીશ્રેષ્ઠે ઉભા થઇ રાજ્યની સઘળી હકીકત રાજાને નિવેદન કરી. ત્યાર પછી ચાલતા કેસની જુબાનીઓ લેવાઇ, કેટલાકને અંતિમ ન્યાય અપાયા, કેટલાકને શિક્ષા ફરમાવી કેટલાક ચાલતા તુમારોના નિકાલ થયા, કેટલાક દસ્તાવેજો ઉપર રાજાની સહી થઈ ને કેટલીક નવી અરજીઓ લેવાઈ. રાજકાર્ય પૂર્ણ થયા પછી રાજાએ પોતાના આસન પર ઉભા થઇ સર્વ સભાસદોને ઉદ્દેશી કહ્યું:—

શાણા સામંતો, અડગ યોદ્ધાઓ અને રાજહિતેચ્છુ સરદારો !

" ચિરકાળથી મારા મનમાં એક વિચાર ઘોળાયા કરે છે. તે આપ સર્વને આજે નિવેદન કરવા હું ઉચિત ધારૂં છું. કારણ કે **मुण्डे मुण्डे मतिर्भिन्ना** માટે મારા વિચાર સાંભળી, તેનું તારતમ્ય કરી, આપ સર્વ પોતપોતાનો અભિપ્રાય નિડરપણે દર્શાવશો. "

દીર્ઘકાળથી યવનો આપણા ઉપર વિજય મેળવવા તાકી રહ્યા છે. એ ત્રણ વખત તો તેમણે તે માટે પ્રયત્ન પણ કીધો છે, પ્રભુકૃપાથી આપણે અત્યાર સુધી આપણા દેશનું રક્ષણ કીધું છે, ને હજી પણ તેમ કરવા સમર્થ છીએ. તથાપિ ભવિષ્યમાં આપણું રાજ્ય સુરક્ષિત રહે તે માટે આપણે અત્યારથી ઉપાય યોજવા જોઇએ. સવારે શું થશે તેની રામચંદ્રજી જેવા દૈવાંશી પુરૂષને પણ ખબર પડી ન હતી, તો આપણા જેવા પામર પ્રાણીઓને ભવિષ્યની ખબર ક્યાંથી હોય? કાળક્રમે દૈવવશાત્ આપણું બળ ઘટે ને યવનો તે સંધિનો લાભ લે તો નિઃસંશય આપણે તેમનું આધિપત્ય સ્વીકારવું પડે. જો કે પ્રાણાન્તે આપણે પરતંત્ર થઇએ તેવા નથી, તથાપિ આપણો દેશ તેમના હાથમાં જાય ને તેથી હિંદુ પ્રજાને શિર અનેક સંકટો આવી પડે. ન કરે નારાયણ ને જો કદાચ તેમ થાય, તો દુષ્ટ મ્લેચ્છો આજ સુધીની આપણી ઉજ્જવળ કીર્તિ પર પાણી ફેરવે, આપણાં પવિત્ર-પ્રાણાધિક દેવ મંદિરોનો નાશ કરે, આપણી માલમિલ્કત લૂંટી લે, અને આપણી ભગિનીઓ, સ્ત્રીઓ અને પુત્રીઓની લાજ લૂંટે: ટુંકામાં આપણો વિશ્વવિખ્યાત દેશ પરતંત્ર થઇ જાય અને તેથી આપણું ગૌરવ પણ નષ્ટ થાય. ભવિષ્યમાં આવું અનિષ્ટ પરિણામ ન આવે તે માટે હાલમાં આપણે સંપ જેવા સબળ સાધનની જરૂર છે. રાજપૂત રાજ્યોમાં ઐક્ય વધે, આપત્કાળે એકબીજાને મદદ કરે, ને માંહોમાંહે લડી નબળા ન પડે, તે માટે અરસપરસ લગ્નની પવિત્ર ગ્રંથીથી જોડાવાની જરૂર છે. આમ થાય તો આપણું રાજ્ય નિર્ભય થાય. હાલમાં આબુનું રાજ્ય આપણી નિકટ છે. તેથી તેની સાથે મૈત્રી રાખવાની આપણે ખાસ જરૂર છે. જો યવનો જમીન માર્ગે કદાચ આપણા દેશપર ચડાઈ કરે, તો આબુનું રાજ્ય આપણને મદદ કર્તા થઇ પડે. આમ હોવાથી આબુપતિ જેતસિંહ જો આ ગાદી સાથે વૈવાહિક સંબંધથી જોડાય તો આપણા બળમાં વૃદ્ધિ થાય. હું ધારૂં છું, કે આબુપતિ સુજ્ઞ અને દીર્ઘ દૃષ્ટિવાળા છે. માટે તે આપણા આવા વિચારને સંમત થશે. બોલો, મારા શુરા સામંતો આ વિષે તમારો શો અભિપ્રાય છે?"

'નરાધિપ ! આપના વિચાર પ્રસંશનીય છે. આપ કાર્યદક્ષ અને નિપૂણ હોવાથી આપના વિચારો ભૂલભરેલા હોઇ શકેજ નહિ. આપ અત્યારે ગમે તેવા બલિષ્ઠ છો, કિન્તુ અન્યની સહાયની અપેક્ષા રાખવી જોઇએ. તે વિષે કહ્યું છે કેઃ—

असहाय समर्थोऽपि तेजस्वीकिं करिष्यति ।

निर्वाते ज्वलितो वह्निः स्वयमेव प्रशाम्यति ॥

અર્થાત્ તેજસ્વી સમર્થ હોય, પણ જો તે સહાય વગરનો હોય તો શું કરી શકે? પવન વિનાના દેશમાં બળતો અગ્નિ પોતાની મેળેજ શાંત થાય છે. (પંચતંત્ર).

વળી મૈત્રી વિષે પણ કહ્યું છે કેઃ—

अपि संपूर्णता युक्तैः कर्तव्या सुहृदो बुधैः ।
नदीशः परिपूर्णोऽपि चन्द्रोदयमपेक्ष्यते ॥

અર્થાત્ જેનામાં કોઇ પ્રકારની ન્યૂનતા નથી, એવા પણ શાણા માણસોએ મિત્રો કરી રાખવા આવશ્યક છે. જેમકે નદીઓનો પતિ સમુદ્ર પરિપૂર્ણ છે તોપણ તે ચન્દ્રોદયની અપેક્ષા રાખે છે. (પંચતંત્ર)

વળી પરમારકુળ પવિત્ર છે. એટલે તેમની સાથે વૈવાહિક સંબંધ થાય તો સુવર્ણ અને સુગંધનો યોગ થવા તુલ્ય છે. કારણ કે—

ययोरेव समं वित्तं ययोरेव समं कुलम् ।
तयोमैत्री विवाहश्च नतु पुष्ट विपुष्टयोः ॥

અર્થાત્ જે બે, ધનમાં અને કુળમાં સમાન છે, તે બેની વચ્ચે મૈત્રી તથા વિવાહ થાય તોતે યોગ્ય ગણાય. પણ જો કોઇ ધનથી અથવા કુળથી મોટો હોય ને બીજો તેથી ન્યૂન હોય તો તે બેની જોડી બનતી નથી. (પંચતંત્ર)

શાસ્રી મહારાજે શાસ્ત્ર સમંત થઇ પોતાના વિચાર વ્યકત કર્યા.

પછી લવણપ્રસાદ વાઘેલો બોલ્યોઃ-

"નરેન્દ્ર ! હું આપના વિચારને મળતો છું. તેમ કરવાથીજ આપણે આપણા હિન્દુ નામધારીના સામાન્ય શત્રુનો પ્રતિકાર કરી, આપણી ઉજ્વળ કીર્તિ જાળવી શકીશું. આપની આવી શુભ મતિ ભવિષ્યનું શુભ ચિહ્ન છે, માટે તેમ કરવાની આપ સત્વર કોશીશ કરો."

"મહારાજા ! ધારો કે કદાચ આપણી માગણી પર્વતપતિ સ્વીકારશે નહિ, તો આપણે આ શૂરી કૃપાણોનો સ્વાદ તેમને ચખાડી, આપણી કીર્તિ વધારીશું. થોડા સમય પૂર્વે યવનો સામેના યુદ્ધમાં આપણે મેળવેલી કીર્તિથી આબુપતિ કંઇ અજ્ઞ નહિ હોય. માટે તે આપણી માગણીનો અનાદર કરવાનું સાહસ કરશે નહિ." વીરધવળ વાઘેલે વિરોચિત વાણીમાં પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

ઉપર્યુકત ચર્ચા ચાલતી હતી તે વખતે અન્ય સામંતો મૌન ધારી બેઠા હતા. સઘળાની દૃષ્ટિ રાજા તરફ ને બોલનાર સામંત તરફ ફરતી હતી. કેવળ એકજ વ્યક્તિ આ વખતે વિચારમગ્ન થઇ બેસી રહી હતી. તેના મુખમંડળપર દીલગીરી પ્રસરેલી હતી. રાણા વીરધવળનું બોલવું પુરૂં થતાં તેણે એક દીર્ઘ નિશ્વાસ મુકયો, ને શોકસાગરમાં ડુબી ગયો, પણ તે કંઇ ભૂપતિની દૃષ્ટિમર્યાદા બહાર ન હતો. આવી સ્થિતિ જોઇ ભૂપતિ તેનો હૃદયમર્મ કંઇક કળી શકયો. તેથી તેના તરફ દૃષ્ટિ કરી તેણે કહ્યું "કેમ વૃદ્ધ સામંતજી ! તમે કંઇ બોલતા નથી ? તમે અનુભવી હોવાથી તમારે તો સૌની પહેલાં અભિપ્રાય આપવો જોઇએ. શું આજે તમારૂં મત અમારી વિરૂદ્ધ છે?"

"ના, ના. મહારાજા ! તેમતો હોઇ શકેજ નહિ. આપના વિચારને માન્ય રાખી તેનું મ... આજ્ઞાપાલન કરવું, એ અમારો અગત્યનો ધર્મ છે. તે ધર્મ

અમે બરાબર સમજીએ છીએ. તદપિ આપના વિચારમા પ્રસંગવશાત્ કંઈ દોષ હોય, તો તે પણ અમારે આપને બતાવી આપવો જોઈએ. પછી તે વિચારને માનવો વા ન માનવો એ આપની ઇચ્છાને આધીન છે." વૃદ્ધ સામંતે પોતાના અભિપ્રાયનું દર્શન કરાવતાં કહ્યું.

"હા, સામંતજી! તે સત્ય છે. તે માટે મેં પ્રથમથીજ કહ્યું છે કે **मुण्डे मुण्डे मतिर्भिन्ना।** માટે કહો તમારે શું કહેવું છે? હું તમારા અભિપ્રાય ઉપર સંપૂર્ણ વિચાર કરીશ." રાજાએ વૃદ્ધ સામંતને ઉદ્દેશી કહ્યું.

"મહારાજ! આપણે જેમ ભાવિભયનો વિચાર કરવો યોગ્ય છે તેમ વર્તમાન ભયની પણ ઉપેક્ષા કરવી ન જોઇએ હાલનો પ્રસંગ બારીક છે, તેથી બીજાં રાજ્યો સાથે આપણે સંપ રાખવો એ વિચાર સ્તુત્ય છે. પણ જે રસ્તે આપ સંપ સાધવા ઇચ્છો છો, તે રસ્તો ભૂલ ભરેલો છે. એટલુંજ નહિ પણ તે રસ્તો કુસંપ કરાવનારો હોય એમ મને જણાય છે. માટે જો આપણે તેમ કરીશું તો કદાચ સંપને બદલે વૈર ઉભું થશે. પરમારો સાથે આપણે દીર્ઘ કાળથી મૈત્રી સંબંધ ચાલતો આવે છે. અદ્યપર્યંત તે તૂટ્યો નથી કે જેથી આપણે પુનઃ આમ કરવું પડે. મારા સાંભળવામાં આવ્યું છે કે રાજા જેતસિંહે પોતાની પુત્રીનો વિવાહ ચૌહાણપતિ સોમેશ્વરસુત સાથે કરેલો છે અને તેને દિલ્હીની ગાદી પણ મળેલી છે. જો આ મારી સ્મૃતિ સત્ય હોય તો જેતસિંહ તે સંબંધ તોડી આપણી માગણી સ્વીકારશે નહિ. માટે હાલમાં આપણો વિચાર મુલતવી રાખો તો ઠીક એવો મારો નમ્ર અભિપ્રાય છે." વૃદ્ધ સામંતે ન્યાયપુરઃસર પોતાના વિચાર જણાવ્યા.

ઉપર્યુક્ત બોલવું સાંભળી વીરધવળ વાઘેલો સહસા સિંહગર્જના કરી બોલ્યો:—"સામંતજી! શું પરમાર એટલો બધો મદાંધ બની ગયો છે કે તે ચાલુક્યપતિની માગણીનો અસ્વીકાર કરશે. કદાચ જો તે તેમ કરશે તો આ શૂરા સામંતો પોતાના અપમાનનું વૈર વાળવા ક્યારે અસમર્થ છે? શું આપણે ક્ષાત્રબળ ખોઇ બેઠા છીએ કે અપમાન સહન કરીશું? પ્રભુકૃપાથી જો તેવો સમય પ્રાપ્ત થશે તો આપણે આપણું શૌર્ય તેમને બતાવી આપીશું. ભવિષ્યમાં માઠું પરિણામ આવશે એમ માની અત્યારે આપણે ડરવાનું કારણ નથી. અત્યારે આબુપતિને આપણા વિચાર જણાવો ને તેની કન્યાની માગણી કરો. મહારાજા! આપને યોગ્ય લાગે તેવા અનુભવી માણસને ચંદ્રાવતી જવાની આજ્ઞા આપો."

"હા, હું પણ તમારા વિચારને મળતો છું. અમરસિંહ! આ કામને માટે સર્વથા તમે યોગ્ય છો. માટે હું તમને ત્યાં મોકલવા વિચાર રાખું છું. કેમ તમે ત્યાં જઈ શકશો કે?" રાજાએ અમરસિંહને ઉદ્દેશીને કહ્યું.

"મહારાજ! તેમાં મને પૂછવાનું શું હતું? આપની આજ્ઞા શિરસા માન્ય છે, હું ત્યાં ખુશીથી જઇશ." અમરસિંહે અવનત શિરે ઉત્તર આપ્યો.

"ઠીક, ઠીક. મને તમારો સંપૂર્ણ ભરોસો છે. મારી સાન્નિધ્યમાં તમારા શૂરા સામંતો હોવાથી હું ઘણો મગરૂર છું. આપણો માનમરતબો જળવાય તેવી જોઇતી

સર્વ પ્રકારની તૈયારી કરી તમે જલદી આબુ જવા નીકળો. ને ત્યાં જઇ રાજા જેતસિંહને આપણા વિચારોથી વાકેફ કરો."

"પૃથ્વીપતિ! હું આપની આજ્ઞાનું સાવશેષ પાલન કરીશ." અમરસિંહે નમ્રતાપૂર્વક ટુંકો ઉત્તર આપ્યો.

"વિશેષમાં પ્રધાનજી! રાજા જેતસિંહ ઉપર તમે એક કાગળ લખી આપો. તેમાં આપણી ઇચ્છા જણાવો. ને તે પ્રમાણે વર્તવાથી તેમને કેવો ને કેટલો લાભ છે તે પણ વિસ્તારથી સમજાવો." રાજાએ પ્રધાનને આજ્ઞા આપતાં કંઈક સૂચના કરી.

"જી મહારાજા! હું તે પ્રમાણે હમણાંજ સત્વર લખી દઉં છું. આપ તેમાં સહી કરી આપો."

તત્પશ્ચાત્ પ્રધાને કાગળ લખ્યો. સઘળા વિચારમાં પડી ગયા. રાજાનો આવો અવિચારી અને ઉતાવળીઓ સ્વભાવ જોઇ કેટલાક દીલગીર થયા ને કેટલાક આનંદ પામ્યા. વૃદ્ધ સામંત તો પોતાનું અપમાન થયું ત્યારથી નીચું જોઇ રહ્યા હતા. રાજાનો અંતિમ નિશ્ચય જાણી તે મનમાં ગણગણ્યા **राजा मित्रं केन दृष्टं श्रुतं वा।** વાંચનારના આપણને તેમના તેટલાજ શબ્દો સાંભળવાનો અધિકાર છે. તેમની આંતર્સ્થિતિ જાણવા આપણે ચોરી કરવી અનુચિત છે. થોડી વારમાં પ્રધાને કાગળ લખી આપ્યો, ને તે ઉપર રાજાએ મહોર કરી. પછી અમરસિંહને તે કાગળ આપ્યો ને દરબાર બંધ થયો.

પષ્ટમ પરિચ્છેદ.

મહારાણી સુલમદેવી.

શુકલ પક્ષનો દિવસ હતો. સંધ્યા સમય વ્યતીત થઈ ગયો હતો. આકાશમાં ચન્દ્રમા પ્રકાશી નીકળ્યો હતો. તે પોતાના શીતળ અને ધવલ કરથી પૃથ્વીને સ્પર્શતો હતો. અવનીએ શ્વેત સાડી ધારણ કરી દીધી હતી. મૃદુ પવન મંદ ગતિએ વહન કરી પુષ્પ–પરિમળને ચારે તરફ પ્રસરાવતો હતો. સર્વત્ર પ્રકૃતિનો દશ્ય મનોહર હતો. આ વખતે પાટણના રાજમહાલયમાં એક યુવતિ વિચારમગ્ન દેખાતી હતી. તેનું મન અત્યારે અશાન્ત હતું. જાણે તેની સઘળી ભાવિઆશાઓ નષ્ટ થઇ ગઇ હોય એમ જણાતું હતું. ચન્દ્રે પૃથ્વીપરનો અંધકાર દૂર કર્યો હતો, પણ તે યુવતિના હૃદયનો અંધકાર દૂર કર્યો ન હતો. રાજહર્મ્યના અંતર્ભાગમાં તે અધરને અંગુલિનો આશ્રય આપી શોકાન્વિત વદને બેસી રહી હતી.

થોડી વાર પછી શાન્તિ શોધતી તે યુવતિ બહાર આવી. ચંદ્રપ્રકાશથી પણ તેને શાન્તિ ન મળી! નીચેના બાગમાં વિવિધ પ્રકારનાં ફુલ ખીલી નીકળ્યાં હતાં. મૃદુ

પવનની એક પરિમળ ચોરી તેને સ્પર્શ કરતી હતી, તેથી પણ તેને શાન્તિ ન મળી ! કેવળ વિચારમગ્ન સ્થિતિમાં તે આમથી તેમ ફરતી હતી. તેના પ્રત્યેક અંગ ઉપર યૌવનનું સામ્રાજ્ય વ્યાપ્ત હતું. શરીર પર એક બારીક મલમલની લીલી સાડી, ને તેવીજ કંચુકી પહેરેલી હતી. અતિશય ચિંતાથી વ્યાકુલ બનેલી તે યુવતિને તેના ઉત્તરીયનું પણ ભાન ન હતું. માથાનો કેશકલાપ સ્વચ્છંદે વિહાર કરતો હતો. તેનો અહર્નિશ પ્રફુલ્લ રહેનાર નિષ્કલંક મુખચન્દ્ર, અત્યારે ચિંતા વરણથી નિસ્તેજ થઇ ગએલો જોઇ, આકાશસ્થ અવસ્થાન્તર પામનાર કલંકિત ચન્દ્રમા તેનો પરિહાસ કરતો હતો: પરવાળાની પેઠે પ્રકાશતા તેના બંને ઓષ્ઠ ઉષ્ણ ઉચ્છ્વાસથી કંઇક કૃષ્ણતા પામ્યાં હતાં. તદપિ તેના અંતર્ભાગમાં દાડમ કળી સદૃશ દેખાતી ધવલ દન્તાવલિ હજી જેવીને તેવી પ્રકાશતી હતી. તેનાં ચીરબદ્ધ પયોધર સ્વતંત્ર સુખ અનુભવવાને ઉન્નત દેખાતાં હતાં. વિપુલ શ્રીબોકના હોવા છતાં અત્યારે તે લલિત લલનાના અંગપર ઘણું ઘરેણું દેખાતું નહતું. સ્તનયુગ્મ વચ્ચે રમણ કરતો, અને તેમના ગૌરવણમાં ધવલતા મિશ્ર કરી તેમને અધિકતર શોભાવતો એક મુક્તાહાર કંઠમાં હતો. અને કરદ્વય સુવર્ણના મણિમૌક્તિક જડિત કંકણથી આલંકૃત હતા. આસપાસ ઇષત્ દૃષ્ટિપાત કરતી ને કવાચત્ નિશ્ચલ દૃષ્ટિ રાખી તે ઉભી હતી. ગિરિગર્ભમાંથી માર્ગ મળતાં પાણીનો પ્રવાહ એકદમ બહાર નીકળે, તેમ તેના હૃદયમાંથી બંને ઓષ્ઠ વચ્ચે માર્ગ લેતો ઇષત કંપિત વાક્પ્રવાહ બહાર નીકળવા લાગ્યો.

“પરિચારિકાએ કહેલી હકીકત સત્ય ઠરી. થોડા વખત પર તે હકીકત અનુભવથી જાણી હતી તે હવે આજે બરાબર જાણી. નિઃસંશય સ્વામીનું ચિત્ત તે સુન્દરી તરફ આકર્ષાયું છે. ભોળા સ્વામીએ તે દિવસે જે નિશ્ચય કીધો હતો તે આજે અમલમાં મૂક્યો. તેમના તે વિચારને હવે કોઇ પણ પ્રકારે ફેરવી શકાય તેમ તો નથીજ. નીચી જમીનમાં વહેતા પ્રવાહને અટકાવી શકાતો નથી, તેમ તેમની અધમ માર્ગે વિચરની મનોવૃત્તિઓને પણ અટકાવી શકાય તેમ નથી. લોકોમાં ભોળાના વિશેષણથી ઓળખાતા સ્વામી હવે પોતાના દુરાગ્રહને કદી છોડશે નહિ. આજ સુધી તેમનામનમાં તે સંબંધીનાજ વિચાર રમણ કરતા હતા. તે દિવસે હું તેમની પાસે થઇને આવી હતી છતાં તેમણે મને બોલાવી પણ ન હતી. પૂર્વે તેવો અનુભવ થયો ન હતો તે હવે થયો. હશે હરિનું ધાર્યું થશે, તેમાં કોઇ શું કરી શકે તેમ છે ? પણ વિધિ ! શું તુંજ મારૂં અહિત કરવા તત્પર થયો ? અબળા જાતિ ઉપર અસહનીય જુલમ કરવો એ શું તને ઘટે છે ? તારે પોતાનું સામર્થ્ય બતાવવાનાં અન્ય સ્થાન ક્યાં ન હતાં ? અથવા જો તારે મારૂંજ અમંગલ કરવું હતું તો શું તને બીજા રસ્તા ન સૂઝ્યા ? ખરે નિર્બળ ઉપર પ્રહાર કરવો એ વિશ્વ નિયમનું તું પણ અવલંબન કરે છે !”

“પ્રભો ! તારી કૃતિનો કોઇ પાર પામી શક્યું નથી, અને પામનાર પણ નથીજ. નિસ્સંશય તારી કૃતિ તેથીજ અદ્ભુત કહેવાય છે. પ્રત્યેક મનુષ્ય દરરોજ સુખને માટે ફાંફાં મારે છે. તેને માટે અનેક પ્રયત્ન કરે છે છતાં તેમને સુખનું

સ્વપ્નમાં પણ દર્શન થતું નથી. ખરૂં અને શાશ્વત સુખ શામાં છે, તે શી રીતે પ્રાપ્ત કરી શકાય, તેની પામર પ્રાણીઓને ક્યાં ખબર છે ! લોભી માણસો હૃદયમાં, કામાતુર માણસો વિષયમાં, એમ સૌ પોત પોતાની ઇષ્ટ વસ્તુમાં સુખની પરિસમાપ્તિ થએલી જાણે છે, પણ તે તેમનું માનવું ખોટું છે. ખરૂં સુખ તો વિશુદ્ધ દામ્પત્ય સ્નેહમાંજ છે. પુરુષોને એક પત્નીવ્રતમાં અને સ્ત્રીઓને પતિવ્રતમાં ખરૂં સુખ પ્રાપ્ત થાય છે. તેની પામર પ્રાણીઓને ક્યાં ખબર છે !" આમ બોલતાં તેણે મૌન ધારણ કર્યું. વળી સાગરમાં ભરતીનાં મોજાં ઉછળી અવાજ થાય તેમ તેના હૃદયસાગરમાં વિચારઊર્મિઓ ઉછળવા લાગી ને તેનો અવાજ સંભળાવા લાગ્યો:—

"અત્યારે લોકો મને કેટલી બધી સુખી ગણે છે ! પણ સર્વથા તેમની તે ધારણા અસત્ય છે. મને સુખી ગણનાર માણસોને મારા અત્યારના અંતર્વ્રણની ક્યાં ખબર છે ? ખરે મોટાની મોટાઇમાં તેના દુર્ગુણો દબાઇ સદ્ગુણોજ પ્રકાશે છે ! શ્રીમંતોનું સુખજ બહાર દેખાય છે, દુઃખ નહિજ, ભલે સામાન્ય માણસો મને તેમની દૃષ્ટિએ સુખી ગણે, પણ હું તો જાતિઅનુભવથી તેમને સુખી ગણું છું, અને છે પણ તેમજ. અત્યારે મારી પાસે આજ્ઞાધારક અનેક ભૃત્યો, મનગમતો વૈભવ ભોગવવાનાં વિપુલ સાધનો; અને દ્રવ્ય વ્યય કરવાનો સંપૂર્ણ અધિકાર હોવા છતાં પણ મારા આત્માને ક્યાં સુખ છે ! ઝુંપડીમાં રહેનાર, પતિ સાથે મજુરી કરી ગુજરાન ચલાવનાર, જમીન પર શયન કરનાર, તદ્દન નિર્ધન પણ પતિપ્રેમભાજન થઇ પડેલી સ્ત્રીઓ મારાથી સહસ્રધા વિશેષ સુખી છે. ખરૂં સુખ પ્રેમમાંજ છે. ખરેખર પ્રેમ એજ દુનીઆમાં અલૌકિક વસ્તુ છે, પ્રેમ એજ અદ્વિતીય સુખપ્રદ વસ્તુ છે, પ્રેમ અમૂલ્ય છે, પ્રેમ એજ પ્રેમનું મૂલ્ય છે, પ્રેમમય જીવન એજ ખરૂં જીવન છે, પ્રેમ વગરનું જીવન ખરેખર મરણ સમાન છે. અરે ! મરણ તો તેથી ઘણું સારૂં છે."

"અહાહા ! આજ સુધી મારા પર સ્વામીની કેટલી બધી પ્રીતિ હતી ! તે વખતે હું એમ જાણુતી ન હતી, કે તે આમ એકાએક લુપ્ત થઇ જશે !" આમ બોલતાં તેનાં ચક્ષુ અશ્રુપૂર્ણ ભરાઇ ગયાં. પ્રીતિદર્શક બનાવો-ભૂતકાળના બનાવો સહસા તેની દૃષ્ટિ સામા ખડા થયા. તે તેના હૃદયને પીડવા લાગ્યા. મનુષ્યપ્રકૃતિ એવી છે કે આપત્કાળે ભૂતકાળનું સર્વ સુખ સાંભરી આવે. આમ ભૂતકાળનું સુખ વર્તમાન દુઃખમાં વૃદ્ધિ કરતા થઇ પડે છે. પ્રભો ! જન્મથીજ દુઃખાર્ત માણસોને તું ભલે સુખ ન આપે-તેઓ સુખથી અજ્ઞ હોવાને લીધે તેની વધારે દરકાર નહિ કરે પણ સુખી માણસોનું સુખ તું કોઇ પણ દિવસ હરી લેતો નહિ.

"લોકો કહે છે કે જ્યાં સુધી પુરૂષ અપરિણીત હોય ત્યાં સુધી તેને સ્ત્રી ઉપર ઘણો મોહ હોય છે, પણ લગ્ન થયા પછી કાળક્રમે તે મોહ ન્યૂનત્વ ધારણ કરે છે. આ લોકોકિત મારા સંબંધમાં સત્ય નિવડી ! પણ આ લોકોકિત અપવાદ ક્યાં નથી ? પત્ની પ્રત્યેના પ્રેમ પ્રભાવથી જ અજ રાજાએ પોતાની પ્રિયતમાના મરણ પ્રસંગે ગદ્ગદ્ કંઠે વિલાપ કરી કહ્યું હતું, કે '[1]કરૂણા વગરના મૃત્યુવડે તું

---

1 करुणाविमुखेन मृत्युना हरता त्वां वद किं न मे हृतम्

હરાતાં મારું શું નથી હરાયું?' તેવાજ પ્રેમપ્રાબલ્યથી પુરૂરવા રાજા ગાંડો થઇ પશુપક્ષીઓ પાસે પણ પોતાની પ્રિયતમા માગતો હતો. સીતાજીના વિયોગથી મહાત્મા રામચંદ્રજીએ પણ '¹તુંજ જીવિત છે, બીજું હૃદય છે, નયનની કૌમુદી છે અને અંગનું અમૃત છે' એવા ઉદ્દગાર કાઢયા હતા. આવા મહાત્માઓના પત્ની પ્રત્યેના પ્રેમમાં કાલ ક્યારે ન્યૂનતા કરી શકે છે? ઉલટું વખત વધતાં તેમની પ્રીતિમાં વૃદ્ધિ થતી જાય છે. આવા પત્નીવ્રત પુરુષોથીજ આર્યભૂમિ વિશેષ ખ્યાતિ પામી છે. ધન્ય છે એવા એક પત્નીવ્રત પુરુષોને!

આમ બોલતાં ને વિચારતાં તે યુવતિ નાના બાળક પેઠે રોઇ પડી. ન રોવાનો પ્રયત્ન કર્યા છતાં પણ તેનાથી રોવાઇ ગયું. થોડી વાર પછી તેની ચિંતાએ ધીમે ધીમે ક્રોધનું સ્વરૂપ ધારણ કીધું. એટલે પ્રકટ પણે તે બોલવા લાગીઃ—

"મોટાં મોટાં સંગીન રાજ્યોની પાયમાલી કરનાર, અનેક માણસોની ઝળહળતી કીર્તિને કલંક લગાડનાર, મોટા મોટા તપસ્વીઓને તપોભ્રષ્ટ કરનાર, સંપને સ્થાને વૈર ઉત્પન્ન કરનાર, અને મનુષ્ય જાતનું અનિષ્ટ કરી તેમનું સત્યાનાશ વાળનાર, જે જે વસ્તુઓ છે તે સર્વમાં જર, જમીન, અને જોરૂ એ ત્રણ સર્વથા અગ્રગણ્ય છે."

"પ્રભો! તેં વિષયવાસનાની તૃપ્તિ અર્થેજ અધિપોનું આધિપત્ય સ્થાપ્યું છે? પર પ્રમદાપ્રેમપિપાસુ રાજાઓ પ્રજાનું શું કલ્યાણ કરવાના હતા? સૌન્દર્યવતી સ્ત્રીઓ પ્રાપ્ત કરવામાંજ પોતાના સર્વ ધર્મ પરિસમાપ્ત થતો માનતા હોય, તેવા રાજાઓના મગજમાં પ્રજાનું શ્રેય કરવાની પવિત્ર ઇચ્છાઓ ક્યાંથી ઉદ્દભવે? તેઓ પ્રજાપ્રિય પણ શી રીતે થઇ શકે? તેવા રાજાઓની પ્રજાને શી જરૂર છે? મનુભગવાને કહ્યું છે કે 'જુદા જુદા વર્ણ તથા આશ્રમના લોકો જે પોત પોતાના ધર્મ પ્રમાણે આચરણ કરતા હોય તેમના સંરક્ષણાર્થે રાજાને સરજેલો છે.' ²વળી મહાભારતમાં મહાત્મા વ્યાસે પણ કહ્યું છે, કે 'રાજા એ પ્રજાનું ગુપ્ત હૃદય છે, તેમનું આશ્રયસ્થાન છે, તેમની પ્રતિષ્ઠા છે તથા તેમનું શ્રેષ્ઠ સુખ છે; રાજાઓનો આશ્રય લેવાથી તેઓ આ લોક તથા પરલોકને સારી રીતે જીતી શકે છે' ³સર્વથા આવા નૃપોજ પ્રસંશનીય છે."

"રે! ભોળા રાજા! તમારા કુળમાં તો આવુંજ થતું આવ્યું છે. સિદ્ધરાજ જેવા પ્રજાવત્સલ ગણાએલા રાજાએ પણ એક અબળાને માટે કેવું દુષ્કૃત્ય કીધું

---

१ त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं।
त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे

२ स्वे स्वे धर्मे निविष्टानां सर्वेषामनु पूर्वशः।
वर्णानामाश्रमाणां च राजा सृष्टोऽभिरक्षिता॥ (मनुस्मृति० ७,३५)

३ राजा प्रजानां हृदयं गरीयो गतिः प्रतिष्ठा सुखमुत्तमं च।
समाश्रिता लोकमिमं परं च जयंति सम्यक् पुरुषा नरेन्द्र॥ (महाभा० शा.५)

હતું! કેટલા બધા માણુસોની આહુતિ આપી હતી! તેમ કરવા છતાં પણુ કપટ કરી–ક્ષત્રિયને દૂષિત કાર્ય કરી જીત મેળવી! રાખેંગારને જીત્યો પણુ તેનાથી રાણુ- કદેવી તો નજ જીતાઈ! સત્ય છે, સતી શી રીતે જીતાય? પ્રાણાન્તે પણુ તે પરવશ કેમ થાય? પરવશ થાય તો તે સતી પણુ શાની? અરે! સિદ્ધરાજે તો જાણે પરસ્ત્રી પ્રતિ આવી દુષ્ટમતિ કરી, પણુ તેની પૂર્વના રાજા ચામુંડ જે 'રાજમદનશંકર' વિરૂદથી વિભૂષિત હતા, અને જે રાજનીતિજ્ઞ હતા તેમણે તો પોતાની ભગિની ચાચિણી દેવી ઉપરજ દુષ્ટ બુદ્ધિ કરી!!! આનાથી વિશેષ ઘોર કૃતિ બીજી કઈ હશે?! આ કૃત્યથીજ તેમના પાંડિત્ય પર પાણી ફરી વળ્યું! દુનીઆમાં પર અધર્મનું અવ- તરણુ થયું! હળાહળ કળિ આવ્યો! તે વખતથીજ ચાલુક્યકુળ કીર્તિ કલંકિત થઇ છે. ભોળા સ્વામી! તેમાં નમે આજ વૃદ્ધિ કરવા તૈયાર થયા હો એમ જણાય છે."

"ખરેખર! રાજપૂતો! તમે તમારો રાજધર્મ વિસારી મૂક્યો છે. તેનાં અનિષ્ઠ ફળ તમારે ભોગવવાં પડશે. કદાચ પૂર્વપુણ્યથી તમે નહિ ભોગવો તો તમારા વાર- સોને તો તે ભોગવ્યા વિના છૂટકોજ નથી. તમારાં વર્તમાન કૃત્યોજ તમારી ભવિ- ષ્યની અધમદશાનું સૂચન કરે છે. કેવળ કામકુસંપમાંજ તમે અનુરક્ત છો. તે બે વસ્તુઓજ તમારી ને તમારા વંશજોની પાયમાલી કરશે! તમારૂં સત્યાનાશ વાળશે! તે અત્યારે મિત્રરૂપે તમારી પાસે રહી પાછળથી દુશ્મનની ગરજ સારશે! ઠોકર વાગ્યા વિના સમજ ન આવે, એ કિંવદંતી સર્વથા સત્ય છે. તિતરનો શિકાર કરવા જેમ બાજ પક્ષી તાકી રહ્યું હોય તેમ તમારો શિકાર કરવા–તમારી પાયમાલી કરવા યવનો ક્યારનાએ કટિબદ્ધ તૈયાર થઇ તાકી રહ્યા છે. એક બે વખત તો તેમણે તમને ચેતવણી પણુ આપી છે. તમારી, તમારા ધર્મની ને તમારી પ્રજાની પાયમાલી કરનાર યવનો સામે થવાના ઉપાયો યોજવાને બદલે તમે તો ઉંઘમાંજ ઉંઘો છો. રે! ઉંઘતા હોત તો વિશેષ સારૂં; પણુ આતો તમે પોતાના હાથેજ પગ પર કુહાડો મારવાનું સાહસ કરો છો. તમે માંહો માંહે સંપ કરી શકતા નથી પણુ જે કંઇ સંપ–મિત્રભાવ–ઐક્ય છે તેને તિલાંજલિ આપી કુસંપનાં બી રોપો છો! યાદ રાખજો, કે બાવળનું બી વાવી આમ્રફળની આશા રાખવી વ્યર્થ છે. તેને તો ત્રણુ તસુ લાંબી શૂળોજ લાગવાની ને તે તમારા પગમાં ભોંકાવાની. માથા ઉપર ઝઝુ- મતા સબળ શત્રુનો પ્રતિકાર કરવાના ઉપાયો યોજવા એજ અત્યારે તમને હિતાવહ છે. પણુ હતભાગ્ય, કે તેવો વિચાર તમારા મનમાં સ્વપને પણુ ક્યાં થાય છે? નિઃસંશય તમારી પાયમાલી હવે નજીકમાંજ દેખાય છે." આમ બોલતાં ધીમે ધીમે તેનો ક્રોધ શમી ગયો.

થોડી વાર શાન્ત રહ્યા પછી વળી તે પોતાની સ્થિતિનો વિચાર કરવા લાગી:– "શું બધી રાણીઓની સ્થિતિ મારા જેવીજ હશે? ના, ના. તેમ તો ન હોય, હું એકલીજ હતભગિની છું. નહિ તો વળી ઉચ્ચ સ્થિતિથી પતિત થઇ અધમ દશાને પ્રાપ્ત થવાનો સમય આવે? સ્વામીનો પણુ તેમાં શો દોષ? માણુસ ક્યાં સર્વ ગુણુ- સંપન્ન છે? જો કદાચ કોઇ મનુષ્ય સર્વગુણુસંપન્ન હોય તો તેને મનુષ્ય કેમ કહેવાય?

પ્રભો ! તેમાં તારો પણ દોષ શો ? પદાર્થમાત્રની સ્થિતિમાં ફેરફાર કરવો એ તારો નિયમ છે, એ નિયમને અનુસરી મારી સુખદ સ્થિતિ લુપ્ત થઈ જશે ! ભલે પ્રાણેશ મને નથી ચહાતા પણ હું તો તેમને યાવજ્જીવિત ચાહીશ-તેમનામાંજ અનુરક્ત રહીશ, જીવનપર્યંત તેમને મારા હૃદયમંદિરમાંથી દૂર નહિ કરૂં, મરતાં મરતાં પણ તેમનુંજ નામસ્મરણ કરીશ. એ પ્રમાણે વર્તવું એ સુલક્ષણી નારીઓનો ધર્મ છે. તે પ્રમાણે નહિ વર્તનાર પ્રમદાઓ ખરેખર પાપી છે. તેઓ પોતાનો સ્ત્રીધર્મ યથાર્થ સમજતી નથી. જગત તેમને 'દુષ્ટા,' 'કુલટા' આદિ વિશેષણોથી ઓળખે છે. પતિ ગમે તેમ આચરે કિન્તુ પત્નીએ તે તરફ દૃષ્ટિ કરવી ન જોઇએ. તેણે તો સતંતર પતિસેવામાંજ મગ્ન રહેવું જોઇએ. આ ચંદ્ર કલંકિત છે પણ કુમુદિની તો તેની સ્પૃહા રાખ્યા વિના તેનેજ પોતાનું જીવન સમર્પિત કરી ચૂકી છે. તેમ મેં પણ મારૂં જીવન પતિનેજ અર્પણ કરી દીધું છે. પતિ એજ સ્ત્રીનો ગુરુ છે, પરમેશ્વર છે, અને તેજ તેનું શિવસદન છે. તેની સેવાથીજ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, અન્યથા નહિજ. આવી રીતે આચરતી સ્ત્રીઓજ 'સતી' પદને યોગ્ય છે. સીતા, સાવિત્રી, તારા આદિ સ્ત્રીઓ, જગત જેને સતી નામથી ઓળખે છે, જેના પ્રતિ માનની દૃષ્ટિથી જૂએ છે, જેમનું નામસ્મરણ માત્ર હૃદયને વિશુદ્ધ કરે છે, જેમનાં દૃષ્ટાંત જ્યાં ત્યાં લેવાય છે, જેમને લીધે આર્ય પ્રજા આજે મગરૂર છે અને ઘણો કાળ વીતી જવા છતાં જેમની કીર્તિ અદ્યપર્યંત ઝળહળે છે, તે સર્વ પ્રતિભક્તિથીજ, પતિપ્રત્યેના પ્રેમથીજ, એક પતિવ્રત ધર્મથીજ. આમ હોવાથી મારે પણ તેવી સતીઓના પંથે પ્રયાણ કરવું ઉચિત છે. સર્વથા હું તેવી માતાઓના આચરણને અનુસરીશ. પતિભક્તિમાંજ મગ્ન રહીશ-પતિસેવામાંજ મારા સુખની અને સ્ત્રી કર્તવ્યની પરિસમાપ્તિ થએલી સમજીશ" આમ બોલી તે સ્ત્રીએ પોતાનો ધર્મ વિચારી પતિને ન્યાય આપ્યો.

આર્યાવર્તની આર્ય મહિલાઓ ! સદાસર્વદા તમારી ભાવનાઓ આવીજ શ્રેષ્ઠતમ છે. તમારૂં હૃદયબળ, તમારી આત્મપરીક્ષા, તમારૂં ઔદાર્ય, તમારી પતિભક્તિ, અને તમારૂં ધૈર્ય; એ સૌ સરખાંજ પ્રસંશાપાત્ર છે. દુનીઆમાં અનેક દેશ છે, અનેક પ્રજા છે, અનેક સ્ત્રીઓ છે, પણ તે સર્વમાં માનવંતી મહિલાઓ ! તમારી, તુલ્ય અન્ય નથી-તમે અદ્વિતીય છો. તમેજ પત્ની જેવા પવિત્રપદને યોગ્ય છો. તેવી યોગ્યતા તમારામાં કાયમ રહો. તેમ કરવામાં વિશ્વવ્યાપક વિભુ તમને સામર્થ્ય આપો. અસ્તુ.

પ્રિય વાચક ! તારા મગજમાં ક્યારનોએ ખ્યાલ આવી ગયો હશે, કે ઉપર્યુક્ત ઉદ્ગાર કાઢતી જે યુવતિ જોઇ તે ભૂપતિ ભીમદેવના પટરાણીપદે નિયત થએલી મહારાણી સુમલદેવી હતી.

સપ્તમ પરિચ્છેદ.

લીલા.

વિજયને સંગીત સંભળાવનાર બાલિકાનું નામ લીલા હતું. થોડા વખતથી તે એક વૃદ્ધ સ્ત્રી સાથે સહસ્રલિંગ તળાવપરની પર્ણકુટિમાં રહેતી હતી. તે સ્ત્રીને લોકો 'સતી' નામથી ઓળખતા હતા. તેનું વય લગભગ ૩૫–૪૦ વર્ષથી વિશેષ ન હતું. છતાં અતિશય દુઃખને લીધે શરીર કૃષ થઇ ગએલું હોવાથી તે વૃદ્ધ દેખાતી હતી. તેના માથાના નિમાળા લગભગ સફેદ થઇ ગયા હતા. શરીરપર તે એક લાંબી ભગવી સાડી ધારણ કરી, પ્રતિદિન પ્રભુસ્મરણમાં લીન રહેતી હતી. તેની મુખમુદ્રા એવી ભક્તિપૂર્ણ રહેતી હતી કે અકારણ તેના પ્રતિ સર્વનું ચિત્ત ખેંચાતું હતું. તેના સંબંધમાં આવતાં માણસો–સ્ત્રી કે પુરૂષ–તેને માન આપતાં હતાં. ભાવિક સ્ત્રીપુરૂષો જ્યારે જ્યારે આ તરફ આવતાં હતાં, ત્યારે તેમાંના ઘણાંક આ વૃદ્ધાની કુટિરમાં આવતાં. સતી આગન્તુક માણસોને ભજન–કીર્તન સંભળાવી સંતુષ્ટ કરતી હતી. બાલ્યાવસ્થામાં તેણે સંગીતનો સારો અભ્યાસ કરેલો હતો, તદપિ માનસિક વ્યાધિને લીધે અત્યારે તેનો કંઠ પૂર્વના જેવો મધુર ન હતો. આમ હોવા છતાં ભાવિક મનુષ્યોને તેનું આધ્યાત્મક ગાન ઘણું પ્રિય લાગતું, અને તેથીજ સતીની ખ્યાતિ દિનપ્રતિદિન વિશેષ પ્રસરી. વખત જતાં નગરનાં ઘણાં માણસો તેના સહવાસમાં આવવા લાગ્યાં. આવનાર માણસોમાં ઘણો ભાગ સ્ત્રીઓનો હતો. તેમના તરફથી સતીને દરરોજ કંઇને કંઇ ભેટ મળતી. ને ઉપર તેમનું ગુજરાન ચાલતું હતું. કેટલીક વખત ભાવિક સ્ત્રીઓના અત્યાગ્રહથી તે લીલા સાથે નગરમાં પણ જતી હતી.

લીલાનું વય આજે ૧૨–૧૩ વર્ષનું દેખાતું હતું. ઉન્નત લલાટ, પ્રફુલ્લ કમળ સમાન વદન, સુદીર્ઘ નાસિકા, સહજ રતાશ પડતા પાતળા અધરોષ્ઠ, અને વગર આભરણે પ્રકાશી નીકળતું, સર્વાંગ સૌન્દર્ય વ્યાપ્ત કૃશ શરીર જોતાં, પ્રત્યેક માણસનું ચિત્ત તેના તરફ ખેંચાતું હતું. અત્યાર સુધી તે કુમારી હતી અને તેનો પહેરવેશ પણ કુમારિકાને યોગ્ય હતો. વિનય વિવેક, મળતાવડો સ્વભાવ, ને મધુર ભાષણથી તે તેના સહવાસમાં આવતાં માણસોનું પ્રીતિપાત્ર થઇ પડી હતી–સૌ લોક તેને ચહાતા હતા. સતીએ તેને સંગીત વિષયની સારી કેળવણી આપી હતી. સ્ત્રીઓનો કંઠ સ્વભાવિક રીતેજ કોમળ હોય છે, અને વળી લીલાનો કંઠ કેળવાએલો હતો, તેથી શ્રોતાઓને તેનું મધુર ગાન ઘણું પ્રિય લાગતું હતું. જ્યારે જ્યારે તે વીણા સાથે ગરબી કે કંઇ ભજન ગાતી, ત્યારે શ્રોતાઓનાં મન આર્દ્ર બની જતાં, અને સર્વ પ્રસન્ન કંઠે તેના વખાણ કરતાં. સરલ હૃદય લીલા પવિત્રપણે સતી સાથે દિવસ નિર્ગમન કરતી હતી. વખતો વખત સતી તેને સુબોધ આપતી હતી. વિનય અને લજ્જાએ સ્ત્રીઓનાં મોટા આભૂષણ છે, એમ સતીનું માનવું હતું. તે લીલાને સદ્ગુણી બનાવવા ઘણી

કાળજી રાખતી હતી. લીલા વિવેકી, હસમુખી, પવિત્ર ને પતિવ્રતા નીવડે, તે માટે સતી વખતો વખત તેને સીતા સાવિત્ર્યાદિ પવિત્ર સ્ત્રીઓની કથા સંભળાવતી. પોતાની પુત્રી ભર્તાગૃહે જાય, ત્યાં ગુરૂજનોની આજ્ઞા પાળે, સર્વ સાથે હળીમળીને રહે, ને ગૃહ કાર્ય સારી રીતે કરી શકે, એ બાબતપર સતી સાવશેષ ધ્યાન આપતી. વળી ઘરમાં વ્યવસ્થા રાખવી, કરકસરથી ઘર ચલાવવું, કોઈની સાથે ઉંચે સ્વરે ન બોલવું, કોઇનો વિશ્રમ્ભાલાપ અન્યને પ્રદર્શિત ન કરવો, ગૃહકાર્યથી પરવારી શેષ સમયનો સદુપયોગ કરવો; વગેરે અનેક બાબતની શિખામણ પ્રસંગ પરત્વે સતી લીલાને આપતી હતી. માતા તરફથી મળતો સુબોધ લીલા ગ્રહણ કરી તે પ્રમાણે અનુસરતી, તેથી સતી પ્રસન્ન થતી.

વિજયની માતા વિધવા થયા પછી સંસારમાં સર્વત્ર દુઃખજ દેખ્યાં કરતી હતી. તે પતિપ્રાણા સ્ત્રી ફક્ત પોતાના એકના એક લાડકા પુત્ર માટે જીવન ટકાવી રહી હતી. જ્યારે વિજય મોટો થયો, ને તેણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી; ત્યારે તેની માતાનું હૃદય પ્રફુલ્લ થયું. હવેથી તેણે પોતાનું શેષજીવન ઈશ્વર ભજનમાં ગાળવાનો નિશ્ચય કીધો. આ વખતે એક ભક્ત સ્ત્રી તરીકે સતીની કીર્તિ નગરમાં પ્રસરેલી હતી. વિજયની માતા ભજનશ્રવણ માટે તેને ત્યાં દરરોજ જવા લાગી. સતીના અતિશય સહવાસમાં આવવાથી તે દયાળુ બાઇ કેટલીક વખત સતીને, અને તેની પુત્રીને પોતાને ઘેર જમવા તેડતી. ત્યાં સતી પોતાનું વૃત્તાન્ત તે દયાળુ બાઇને કહી સંભળાવતી. અત્યાર સુધી લીલાનું લગ્ન થયું ન હતું. લીલા રાજપૂત કન્યા હોવાથી, યોગ્ય જગાએ તેનું લગ્ન કરવાની સતીની ઈચ્છા હતી. પણ અત્યાર સુધી તે ઇચ્છા પૂર્ણ નહિ થએલી હોવાથી સતી મહા ચિંતાતુર રહે છે, એમ વિજયની માતા સ્પષ્ટ સમજી શકી. તે જ્યારે લીલાને જોતી ત્યારે તેનું હૃદય પ્રફુલ્લ થતું. ધીમે ધીમે લીલાપરની તેની પ્રીતિ વૃદ્ધિંગત થઇ. જ્યારે વિજય કામગીરીપર બહારગામ જતો, ત્યારે તે લીલાને પોતાની પાસે રાખતી. લીલા વિજયના પરિચયમાં કવચિતજ આવતી. છતાં પ્રસંગવશાત્ તે તેની પ્રસંશા સાંભળતી. ધીમે ધીમે લીલા વિજયને વિશેષ ચાહવા લાગી. તે વિજયના પરિચયમાં આવવાની પ્રબળ ઈચ્છા ધરાવતી, છતાં તેમ કરવાની તેની હિંમત ચાલતી ન હતી. લીલાની અંતરેચ્છાથી વિજય કેવળ અજ્ઞ હતો. દ્વિતીય પરિચ્છેદમાં વર્ણવેલા પ્રસંગ પહેલાં તે લીલાને સંપૂર્ણ રીતે ઓળખતો પણ ન હતો. પણ હવે તો તે અરસપરસને સારી રીતે ઓળખતાં થયાં છે.

વૈશાખ શુકલ તૃતીયાનું રમ્ય પ્રભાત! ભગવાન પરશુરામના જન્મની તિથિ. સત્યયુગની આદિ તિથિ તે આજની અક્ષય્ય તૃતીયા, આજે ગંગામાં સ્નાન કરવાથી પાપમુક્ત થવાય છે, આજે કરેલું દાન અક્ષય્ય રહે છે, એમ શાસ્ત્રવાર્તા હોવાથી અત્યારે પાટણવાસીઓનાં ટોળેટોળાં સહસ્રલિંગ તળાવ તરફ જતાં હતાં. સૂર્યોદય થતા પહેલાં નગરના રસ્તાપણ સર્વત્ર કોલાહલ થઇ રહ્યો હતો. કેટલાક પ્રભાતીઆં ગાતા, ને કેટલાક વિવિધ રાગરાગણીઓ આલાપતા જતા હતા. થોડીવારમાં બાલ-સૂર્યનાં કોમળ રક્ત કિરણોએ વાતાવરણ ભેદી, પૃથ્વીને છાઇ દીધી. સર્વત્ર સૂર્યનું સામ્રાજ્ય વ્યાપી ગયું. તળાવપર અસંખ્ય માણસો ભેગાં થઇ ગયાં. આજના મેળામાં

બંદોબસ્ત રાખવા માટે સિપાઇઓ પણ મોટી સંખ્યામાં હાજર હતા. તેઓ આમ તેમ ફરી ટંટો ફીસાદ કરનારને સતાવી, શાન્તિ જાળવવા પ્રયત્ન કરતા હતા. સરોવરતટે અનેક દુકાનદારો જુદી જુદી જાતનો માલ ગોઠવી આનંદથી બેઠા હતા. મેવા મિઠાઇ વેચનારા, રમકડાં વેચનારા, ચિત્રો વેચનારા ને રમત ગમત કરી દ્રવ્ય પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યા ઘણી મોટી દેખાતી હતી. એકાદ બે પુરાણીઓ ભાગવતની આખ્યાયિકા મોટે સાદે ગાતા હતા. સરોવરમાં સ્નાન કરી, કપડાં બદલી, સ્ત્રીપુરૂષો કથા સાંભળવા કિનારાપર જતાં હતાં. થોડીવારમાં ભાવિક માણસોની ત્યાં એટલી બધી ભીડ થઇ ગઇ, કે તેઓથી ભાગ્યેજ પુરાણીનો એકાદ શબ્દ સંભળાતો હોય ! આ વખતે એક તરૂણ સ્નાન કરી, સંધ્યા વંદનાદિ કર્મથી નિવૃત્ત થઈ, કથા સાંભળવા આવ્યો. પણ ત્યાં લોકોની ઠઠ દેખી કંટાળો પામી તે બાજુપર જઇ, આજના મેળાની નિરીક્ષા કરવા લાગ્યો. આજે લીલા પણ તેની માતા સાથે અહીં સ્નાનાર્થે આવી હતી. ઘણી ભીડ હોવાથી સતીએ પ્રથમ લીલાને સ્નાન કરાવી ઘાટપર બેસાડી ને પછી પોતે સ્નાન કરવા સરોવરમાં પેઠી. તે ભાગ્યેજ બે ત્રણ પગથીઆં મૂકી આગળ ગઇ હશે, એટલામાં તેનો પગ લીસા પગથીઆપર સરીગયો. ક્ષણવારમાં તે પાણીમાં અદ્દશ્ય થઇ ગઇ. લીલા આવો ભયંકર બનાવ જોઇ આક્રન્દ કરતી ત્યાં આવી પહોંચી. તેના સરલ હૃદયપર દુઃખનો આઘાત થયો. અશ્રુપૂર્ણ ચક્ષુએ તેણે 'કોઈ આવોરે' એવી મોટી બૂમ પાડી. સરોવરમાં દૃષ્ટિ કરતાં તે તેમાંનુ અગાધ જળ જોઇ થરથરી ગઇ. આસપાસ દૃષ્ટિ કરી તો તેની મદદે આવતું કોઇ જણાયું નહિ. છેવટે હિંમતથી કચ્છબીડી સરોવરમાં પડવા તે તૈયાર થઇ. એટલામાં એક યુવાન સરોવરમાં કુદી પડયો. પાણીમાં ડુબકી મારી તે ડોસીને ખોળવા લાગ્યો, પણ તે સ્થળે ખાડો હોવાથી તેનો પ્રયત્ન નિષ્ફળ નીવડયો. પુનઃ ઉપર આવી, જરા આગળ વધી તેણે ડુબકી મારી, આ વખતે સતીનું શબ તેના હાથમાં આવ્યું. તે લઇ તે પાણી ઉપર આવ્યો. ઘાટપર ભેગાં થએલાં માણસો આ અદ્દશ્ય જોઇ તે યુવાનનાં વખાણ કરવા લાગ્યાં.

લીલા પોતાની માતાને જોઇ અતીવ આનંદ પામી. પેલા યુવાન તરફ તેણે પ્રેમ ભરી એક વક્ર દૃષ્ટિ કરી, ને મનમાંજ તે તેનો આભાર માનવા લાગી. થોડી વારમાં ઉર્ધ્વશ્વાસે પેલો યુવાન પાણી બહાર આવ્યો, ને સતીના શબને પગથીઆ પર નાંખી તેની સારવાર કરવા લાગ્યો. ઘણીવાર સુધી અનેક પ્રયત્નો કર્યા છતાં તેની સ્થિતિમાં કંઈજ ફેરફાર થયો નહિ, અને થાય પણ શા માટે ? શું વિધિની ઇચ્છાને ફેરવવા મનુષ્ય શક્તિમાન છે ? પાસે ઉભેલાં માણસોએ સતીના જીવનની આશા છોડી. તેઓ નિરાશાજનક શબ્દોચ્ચાર કરતાં વીખરાવા લાગ્યા. લીલા જે અત્યાર સુધી ધૈર્ય ધારી બેઠી હતી, તે હવે મોટી ફીકરમાં પડી. તેના મનમાં અકલ્યાણના વિચારો થવા લાગ્યા. તેનો મનઃતાપ ધીમે ધીમે વૃદ્ધિગંત થયો. પોતે ક્ષણ પછી નિરાધાર થઈ જશે, એ વિચારથી તેને ચક્કર આવ્યું. તે દિગમૂંઢ બની ગઇ. લીલાની આવી સ્થિતિ જોઈ, પેલો યુવાન શબને તેના નિવાસસ્થાનક તરફ લઇ

જવા તૈયાર થયો. લીલાએ પણ તેને તેમ કરવાની સમ્મતિ આપી. કુટિરમાં ગયા પછી કલાક થયો, બે કલાક થયા, મધ્યાહ્ન સમય વ્યતીત થઇ ગયો, પણ સતીને સંજ્ઞા પ્રાપ્ત ન થઇ. તેની પાસે બેસી લીલા છાનું છાનું રૂદન કરતી હતી. લીલાની અસ્વસ્થ પ્રકૃતિ જોઇ યુવાને તેને ધીરજ આપી, પણ લીલાનું સંતપ્ત મન શાન્ત ન થયું. અતિશય શોકથી વ્યાકુલ બની આખરે લીલા બેભાન થઇ પૃથ્વી પર ઢળી પડી. આ જોઇ યુવાનને દ્વિગુણીત ખેદ થયો, છતાં તેણે હિંમત છોડી નહિ. પોતાની સાથેના માણસને તેણે સરોવરમાંથી થોડું જળ લઇ આવવાની આજ્ઞા કરી. તે સત્વર પાણી લઇ આવ્યો. યુવકે તે બાળાના મુખપર આસ્તેથી પાણી છાંટવા માંડયું. શીતોપચારથી કેટલીકવાર પછી લીલા શુદ્ધિમાં આવી. આવી સ્થિતિમાં પણ લીલાનું અનુપમેય સૌન્દર્ય પ્રકાશી નીકળતું હતું. વિખરાયલો કેશકલાપ–મૃણાલતંતુવત્ શોભતો હતો. અર્ધવિકસિત નેત્રો પદ્મ સમાન ભાસતાં હતાં. થોડી વારે લીલા પૂર્ણ શુદ્ધિમાં આવી. તે તેની મા પાસે જઇ બેઠી. વખતો વખત તે 'ઓ મા' 'ઓ મા' કહી ડોસીને બોલાવતી, પણ કંઇ જવાબ મળતો નહિ. તે પાછી નિરાશ થઈ રડી પડતી. થોડા વખત પછી તે ડોસી કંઇક શુદ્ધિમાં આવી હોય એમ જણાયું. હાથ પગમાં ચેતન આવ્યુ, ને ચક્ષુ ઉઘડયાં. આ જોઇ લીલા અત્યંત આનંદ પામી. સતી હવે થોડીજ વારમાં ઉઠશે, ને સારી સારી વાતો કહેશે; કાલે શીખવેલી ગરબી હું તેમની પાસે બેસી ગાઇ બતાવીશ, ને બીજી નવી ગરબી શીખીશ, ઇત્યાદિ અનેક પ્રકારના વિચાર તેના મનમાં તરવરવા લાગ્યા. તેનું હૃદય પ્રફુલ્લ થયું. આનંદોર્મિથી તેનું સર્વ કષ્ટ દૂર થયું. મુખપર મંદમંદ સ્મિત ફરકવા લાગ્યું. તે અનિમિષ નેત્રે ડોસીના મુખનું પાન કરવા લાગી, ને મનમાં પાસે બેઠેલા યુવકનો આભાર માનવા લાગી.

પણ લીલા ! તારો આ આનંદ શાશ્વત નથી. તે થોડીજ વારમાં લુપ્ત થનાર છે. માટે અતિ હર્ષ પામી લાંબી લાંબી આશાઓ ન રાખ. મનુષ્યનું ધાર્યું ક્યારે સફળ થયું છે ? એક બાજુ માણસો જ્યારે ક્ષણિક આનંદમાં લુબ્ધ બની, આશાબદ્ધ થઇ વિવિધ વિચારો કર્યા જાય છે, ત્યારે બીજી બાજૂ વિધિ પોતાની સૃષ્ટિને નિયમિત રાખવા માટે કંઇક અન્ય–ન ધારી શકાય તેવી ઘટના ઘડે છે. વિધિની વિચિત્ર ગતિ જાણી શકવા માટે કોણ સમર્થ છે ? પ્રાણિમાત્ર તેના આગળ જડવત્ દેખાય છે. તે જેમ નચાવે તેમ નાચે છે. માટે હવે જે થાય તે જોયા કર.

ડોસી નિશ્ચલ દૃષ્ટિએ પાસે બેઠેલા યુવાન તરફ જોઇ રહી. તેના તરફ આંગળી કરી લીલાને કંઇક પૂછવા પ્રયત્ન કર્યો, પણ તેનાથી બોલી શકાયું નહિ. ડોસીનો મનોભાવ સમજવાથી તે યુવાન તરતજ બોલ્યો:—

"આપની સારવાર માટે હું અહીં બેઠો છું. ઇશ્વર કૃપાથી હવે થોડાજ વખતમાં તમને આરામ થઇ જશે. જો આપની ઇચ્છા હોય તો હવે હું અહીંથી મારે ઘેર જાઉં"

ઉપર્યુક્ત વચન સાંભળી ડોસી તેના સામું ટગરટગર જોઇ રહી ને આંસુ સારવા

લાગી. ધીમેથી આંગળી ઉંચી કરી, પોતે હવે થોડીજ વારમાં આ ફાની દુનીઆનો ત્યાગ કરનાર છે એમ જણાવ્યું. પેલો યુવક ડોસીને ધૈર્ય આપવાના ઉદ્દેશથી બોલ્યોઃ—

" હવે આપ નિર્ભય રહો. પ્રથમનાથી હવે આપની સ્થિતિ સારી દેખાય છે, થોડીજ વારમાં તમને સંપૂર્ણ આરામ થઇ જશે. "

યુવાનનાં તે વચન સાંભળી ડોસીએ વધારે રડવા માંડયું. પુનઃ તેણે બોલવાનો પ્રયત્ન કીધો પણ બોલી શકાયું નહિ. દીનભાવે તે લીલાની પોતાને સુપરત કરતી હોય, એવી ડોસીની ચેષ્ટા જોઇ તે બોલ્યો.

" આપ કોઇ જાતની ચિંતા કરશો નહિ. હું તેનું સારી રીતે ભરણ પોષણ કરીશ, ને મારે ઘેર રાખીશ. " આ વચન સાંભળી તે ડોસીનો આત્મા પ્રસન્ન થયો, તે પેલા યુવકને આશિષ આપવા લાગી. થોડીવાર પછી તેણે એક દીર્ઘ શ્વાસ મૂક્યો. તે શ્વાસ સાથેજ તેનો આત્મા પરલોકમાં ચાલ્યો ગયો. લીલા આર્ત-સ્વરે રૂદન કરવા લાગી. પ્રિય માતાના વિયોગથી તેનું હૃદય દગ્ધ થયું. સઘળી આશાઓ નષ્ટપ્રાય થઈ ગઇ. તે નિરાધાર બની ગઇ, જળવિયોગથી મત્સ ટળવળે તેમ તે ટળવળવા લાગી. તે બાલિકાને સઘળો સંસાર શૂન્યવત્ ભાસવા લાગ્યો. શોક—સાગરમાં તે ડૂબી ગઇ, ને ગદગદ કંઠે વિલાપ કરવા લાગી. લીલા ! તું શા માટે આમ રૂદન કરે છે ? તારા રૂદનથી શું નિર્દય મૃત્યુને કંઈ દયા આવશે કે ?

પેલા યુવાને લીલાને ધીરજ આપી. ડોસીના શબને તેણે અગ્નિ સંસ્કાર કીધો, ને પછી સ્નાન કરી લીલા પાસે આવી બોલ્યો.

" હવે અહીં તમારી સંભાળ રાખનાર કોઈ રહ્યું નથી. જો ઇચ્છા હોય તો મારી સાથે ચાલો. હું તમને તમારો માન મરતબો જળવાય તેવી રીતે રહેવાનો ગોઠવણ કરી આપીશ. મારા સંબંધમાં આપ કોઇ જાતનો અંદેશો રાખશો નહિ. મારાં વૃદ્ધ માતુશ્રી તમારી સંભાળ રાખશે. "

આવાં વચન સાંભળી લીલા દીન વદને બોલીઃ—" પ્રભુ આપનું કલ્યાણ કરશે. એક નિરાધાર બાળાનો આવા પ્રસંગે, આપ મદદ કરવા તત્પર થયા છો તેથી અવશ્ય પરમેશ્વર આપના પર રાજી રહેશે. આપનો મને સંપૂર્ણ વિશ્વાસ છે. હું આપનાં માતુશ્રીને ઓળખું છું માટે અત્યારે હું આપની ઇચ્છાને આધીન થઇશ. " આમ બોલી. લીલા તે યુવાન સાથે નગરમાં ગઇ.

વાંચનાર ! તારી જીજ્ઞાસા તૃપ્ત કરવા માટે અમારે અહીં કહી દેવું જોઇએ, કે તે યુવક આપણો પૂર્વ પરિચિત વિજય હતો. આજના મેળામાં તે પણ સહસ્ર-લિંગ સરોવર પર આવ્યો હતો. ને સ્નાન કરી ઘાટપર બેઠો બેઠો આજનો તમાશો જોતો હતો. લીલાની માતા તળાવમાં ડૂબી ગઇ, ત્યારે તે ત્યાંથી થોડે દૂર હતો. પાણીમાં કોઇ મનુષ્ય ડુબી ગયાની વાત જાણી તે બધા માણસોથી છૂટો પડી, એકદમ ત્યાં આવી પહોંચ્યો. ને જે વખતે લીલા તળાવમાં કુદી પડવા તૈયાર થઈ હતી, ત્યારે તેને અટકાવી પોતે તળાવમાં પડયો હતો.

પુત્ર સાથે લીલાના આગમનથી વિજયની માતા રાજી થઇ, પણ જ્યારે તેણે વિજય પાસેથી લીલાના દુઃખની અથેતિ હકીકત સાંભળી, ત્યારે તેને અત્યંત ખેદ થયો. લીલાને તેણે આશ્વાસન આપ્યું, ને હવેથી પોતાની પાસે રહેવાને સમજુત કરી. નિરાધાર બાળા વિજયની માતાને સતીના જેવી માની, તેને ત્યાં દિવસ ગુજારવા લાગી.

અષ્ટમ પરિચ્છેદ.

આબુ.

પૃથ્વી પર અપ્સરાઓને નૃત્ય કરવા માટે, સ્વર્ગવાસીઓને વાસો કરવા માટે, કે સુરેન્દ્રના સ્વર્ગ સદનની સ્પર્ધા કરવા માટે; વા સ્રષ્ટાએ પોતાની અગમ્ય શક્તિનું માનવ જાતિને કિંચિત્ દર્શન કરાવવા માટે કેટલાંક રમણીય સ્થાનો બનાવ્યાં છે, તે પૈકીનું એક આબુ પર્વત છે. કેટલાક પર્વતો ઝાડપાન વિનાના હોઇ, જાણે ખાવા ધાતા હોય તેવા દેખાય છે, પણ આ પર્વત તેવો નથી. આ પર્વત તો દૂર રહી કે પાસે જઇ, ગમે તે વખતે જુઓ ત્યારે તમને તે સ્રષ્ટાની અગાધ શક્તિનું સામર્થ્ય બતાવી આપે છે. ઉપર આવેલી નાની મોટી વિવિધ રંગની, નાના પ્રકારની અઢાર ભાર વનસ્પતિથી ભરેલો આ પર્વત એવો તો મનોહર લાગે છે, કે તેનું યથાર્થ વર્ણન કરવું પણ અશક્ય છે. સુવાસિત સુમનોની સુગંધિ પસરાવી મંદમંદ વાતો શીતળ અનિલ, વૃક્ષોના પત્ર સમૂહમાં ગૃહ કરી રહેલાં વિવિધ જાતનાં પક્ષીઓના કર્ણપ્રિય ધ્વનિ; ઝાડીમાં નિરંકુશપણે વિચરતાં જંગલી પશુઓના કર્કશ અને ભયંકર અવાજ; ગિરિકન્દરાઓમાંથી નીકળતા જળસ્રોતોનો ખળખળ કરતો અવાજ અને ગગનચુમ્બિત શિખરો ઉપરનો મનોહર દેખાવ; ખરેખર આંખને આનંદ આપ્યા વિના રહે તેમ નથી. કેટલેક ઠેકાણેથી ગિરિગર્ભમાંથી નીકળતા, વૃક્ષાવૃત્ત સ્થળોમાં માર્ગ કરતા, ઉચ્ચ પ્રદેશમાંથી નીચે ઉતરતા, નાની મોટી શિલાઓપર પછડાતા અને પુષ્પ પત્રોને છૂંદતા અસ્ખલિત વહેતા પ્રવાહ, જાણે શિવજીની જટામાંથી ભગવતી ભાગીરથીનો પ્રવાહ નીકળતો ન હોય તેવા જણાય છે. આવા કેટલાક પ્રવાહ નીચે આવી બંધાઇ જવાથી ત્યાં સરોવર બની જાય છે. તે સરોવરોની આસપાસ વિવિધ જાતની વનસ્પતિ ઉગવાથી, અને તેમાં બારે માસ પાણી રહેતું હોવાથી, તટપરની ઘાડી ઝાડીમાં અનેક પશુ પક્ષીઓ વાસ કરે છે. કેટલેક ઠેકાણે જોસભેર પડતાજળધોધની ભયાનક ગર્જનાઓ વર્ષ ઋતુમાં થતી આકાશની ગર્જનાઓને પણ વિસરાવી દે તેવી હોય છે. ઘાડી ઝાડીવાળો કોઇક પ્રદેશ દિવસે પણ રાત્રિનો ભાસ આપે છે. પ્રાતઃકાળે અને સંધ્યાકાળે આ પર્વતનો દેખાવ દિવસ-

ના અન્ય ભાગ કરતાં વિશેષ રમણીય લાગે છે. એટલુંજ નહિ પણ તે જોનારને આશ્ચર્યચકિત કરી નાંખે છે. સર્વત્ર સૌન્દર્ય વિભૂષિત આ પ્રદેશમાંજ જાણે સઘળી રમણીયતાનો અંત આવી જતો હોય, અથવા રમણીયતા સંપૂર્ણ બતાવવા માટે ઇશ્વરે આ પ્રદેશ બનાવ્યો હોય એમ કલ્પના થાય છે. સ્રષ્ટાની અપરિમિત શક્તિનો પાર પામવા કોણ સમર્થ છે? મોટા મોટા કવિઓ પણ આવા રમ્ય પ્રદેશોનું અનેક રીતે વર્ણન કર્યા છતાં 'નેતિ' કહી વિરમે છે, તો પછી આ ક્ષુદ્ર લેખિનીનું તે શું ગજું? વક્તવ્ય માત્ર એટલુંજ છે, કે કુદરતની કૃતિનું યથાર્થ ભાન અહીંજ થાય છે, સ્વર્ગીય સુખનો કંઇક આછો આછો અનુભવ અહિંજ થાય છે. સઘળા દ્દષ્ટવ્ય પદાર્થો અહિંજ દૃષ્ટિગોચર થાય છે અને આવા સ્થાન જોવાથીજ જીવન સફળ થાય છે.

વિભુના અનુપમેય સૌન્દર્યથી અલંકૃત બનેલા, સત્ય યુગમાં દેવતાઓના ક્રીડાસ્થાન તરીકે પંકાએલા, વસિષ્ઠના નિવાસ સ્થાનથી ઓળખાતા, અને ભગવાન્ કાશીવિશ્વનાથના પુનિત પાદસ્પર્શથી પવિત્ર બનેલા, આ પર્વત ઉપર અનેક યાત્રા સ્થાન આવેલાં છે. ઠેકાણે ઠેકાણે યોગીઓ અને સંન્યાસીઓના આશ્રમ દેખાય છે. સંસારથી વિરકત રહી કેવળ પ્રભુ પ્રાર્થનામાં જીવન વ્યતીત કરવાની ઇચ્છાવાળા સંતોને ભજન–કીર્તન, તત્ત્વચિંતન અને ધ્યાન તપશ્ચર્યા માટે આ એકાંતિક સ્થાન સર્વથા યોગ્ય છે. પર્વત ઉપર ચઢવાનો રસ્તો અતિ વિકટ હોવાથી શ્રમિત યાત્રાળુઓને આવા ઋષિમુનિઓના આશ્રમો ખરેખર આશીર્વાદરૂપ થઇ પડે છે. આ વાર્તાના સમયે ત્યાં એવાં અનેક સ્થાન હતાં.

આ પર્વત ઉપર અતિ રમણીય જગા નખી તળાવની છે. એ તળાવ બારે માસ પાણીથી ભરેલું હોય છે. વચ્ચે નાના મોટા લીલોતરીવાળા બેટ જણાય છે, તે જાણે સમુદ્ર વચ્ચે વહાણો તરતાં ન હોય! આસપાસ ઝાડી ઝાડી હોવાને લીધે આ સરોવર વન્ય પશુઓનું આનંદસ્થાન થઇ પડેલું છે. અહીંની સુખકર હવા વ્યાધિગ્રસ્ત મનુષ્યોને પણ નિરોગ બનાવી દેછે.

ઉપર્યુક્ત સરોવરની નજીક, આર્યાવર્તની પૂર્વ સ્થિતિનું યથાર્થ ભાન કરાવતાં; ગુર્જરભૂમિનું ગત ગૌરવ દર્શાવતાં; હિંદના કુશળ કારીગરોની કીર્તિનું મુક્ત કંઠે યશોગાન ગાતાં; આપણી ભૂતકાળની ધાર્મિક, સાંસારિક, ઔદ્યોગિક કળા વિષયક બાબત પર પ્રકાશ પાડતાં; અને આધુનિક સમયમાં વિદ્યા કળામાં આગળ વધ્યાનું ગુમાન રાખતી, પાશ્ચાત્ય પ્રજાને દર્શનથી સ્તબ્ધ બનાવી દેતાં, ગુર્જર મંત્રેશ્વર વસ્તુપાળે અને તેજપાળે બંધાવેલાં જગપ્રસિદ્ધ દેવળ આવેલાં છે. આ દેવળો હાલમાં દેલવાડા કે દેવળવાડા નામથી ઓળખાય છે. આ દેવળોથી પુરાણાં દેવળ–વિ૦ સં૦ ૧૨ ૧ માં બંધાવેલાં–વિમળશાનાં છે. તેની પહેલાં આ પર્વત ઉપર એક પણ જૈન દેવળ ન હતું. દેલવાડાનાં આ દેવળો બહારથી રમ્ય નથી લાગતાં. પણ તેની ખરી ખુબી તો અંદર રહી જોવાથી જણાય છે, અર્ધવિકસિત કમળાકાર આ દેવળોના સ્પર્ધા કરે તેવું આખી પૃથ્વી પર એક પણ દેવળ નથી.

આ પર્વતનું અતિ ઊંચું શિખર ઋષ્યશૃંગ નામનું છે. તેના છેક ઉપરના ભાગમાં નાનો દુર્ગ છે. તેની બાજુ પરની એક કન્દરા–ગુફામાં એક મોટી શિલા પર વિષ્ણુ ભગવાનના અવતાર દતાત્રીનાં પગલાં છે. દર વર્ષે ઘણા શ્રદ્ધાળુ યાત્રાળુઓ આ સ્થાને દર્શન કરવા માટે આવે છે.

એ શિખર ઉપરથી નીચે ઉતરતાં શ્રી કાશીવિશ્વનાથના પાદાંકિત સ્થળ અચળેશ્વરમાં જવાય છે. તેની પાસે અગ્નિકુંડ છે. આ કુંડ ૯૦૦ ફૂટ લાંબો ને ૨૪૦ ફૂટ પહોળો છે. આખો કુંડ પર્વતમાં કોતરી કાઢેલો છે. તેની પાસે અર્બુદગિરિના અધિષ્ઠાતા અચળેશ્વર મહાદેવનું વિશાળ દેવાલય છે. અગ્નિકુંડનું પાણી મહિષાસુર રાક્ષસ પી જતો, માટે તેનું રક્ષણ કરવા પરમારોને ઉત્પન્ન કર્યા એમ કહેવાય છે.

અચળેશ્વરથી આગળ જતાં અચળગઢ આવે છે. અચળગઢ એ દુર્ભેદ્ય દુર્ગાવૃત્ત પ્રદેશ છે. તેને ફરતા મજબુત કિલ્લાઓમાં મોટા મોટા બુરજો બાંધેલા છે. છેક અંદરના કિલ્લામાં રાજાનો મુખ્ય મહેલ છે. તેની બાંધણી એવી છે કે કોઇ નવો સવો માણસ તેમાં પ્રવેશ કરે તો પછી ભાગ્યેજ પાછો બહાર આવી શકે. તેની અંદરની અને બહારની શોભા જોઇ ખરેખર મન મુદિત થયા વિના રહેતુંજ નથી. રાજમહેલની જમણી બાજુ સરદાર–ગૃહ આવેલું છે. તેની સામા–રાજમહેલની આગળની ભીંતમાં એક બારી રાખેલી છે. આ બારી આગળ બેસી રાણીઓ સરદાર–ગૃહમાં ચાલતી ચર્ચા જોઇ શકે તેવી ગોઠવણ કરેલી છે. મુખ્ય મહેલની આજુબાજુ બીજા અનેક મહેલો અને પાછળ ગજશાળા, હયશાળા વગેરે રાજાનાં વિપુલ વૈભવનાં સાધન રાખવાની જગાઓ આવેલી છે. ગઢની મધ્યમાં રજપૂત રમણીઓને આનંદ કરવા 'શ્રાવણ–ભાદરવો' નામનું એક સુંદર સરોવર બાંધેલું છે. તળાવ નાનું હોવા છતાં રળિઆમણું દેખાય છે. અનેક દુર્ગથી આ ગઢ રક્ષાયલો હોવા છતાં, સંકટ સમયે નીચે આવવાના ગુપ્ત રસ્તા પણ રાખેલા છે. વાચક! યાદ રાખજે કે અમે જે આ અચળગઢનું વર્ણન કર્યું તે હાલનું નથી, પણ પ્રાચીન સમયનું છે. અત્યારે તો નામશેષ અચળગઢ પર કાળની ભયંકર કૃતિ વિના અન્ય કંઇજ દષ્ટિગોચર થતું નથી.

આબુ પર્વત છોડી નીચે ઉતરતાં પહેલાં જરા તેની ઉત્પતિ વિષેની દંતકથા જાણી લઇએ. હાલ એ પર્વત છે, તેની જગાએ પૂર્વે મોટો ખાડો હતો. એ જગા દેવતાઓને પ્રિય હતી. એક વખત વસિષ્ઠ ઋષિની કામધેનુ નંદિની ચરતી ચરતી ત્યાં આવી પહોંચી, તેવામાં તેનો પગ તે ખાડા માંહેની એક ફાટમાં પેસી ગયો. ઋષિને એ ખબર પડી એટલે તેઓ તરતજ આવી પહોંચ્યા. ઋષિએ સરસ્વતીની સહાય માગી. નદીએ ત્યાં આવી ફાટમાં જળ ભરી દઇ નંદિનીને દુઃખથી મુક્ત કરી. વસિષ્ઠ મુનિએ પોતાના તપોબળથી નંદિનીને દુઃખ મુકત કરી, પણ બીજા માણસોને કોઇ વખત તેવી હરકત ન પડે માટે ઋષિએ તે ફાટ હંમેશને માટે પુરાવી નાખવાનો વિચાર કીધો. ખરેખર સાધુ પુરુષો પરોપકારના વિચારોમાંજ પ્રવૃત્ત રહે છે. ઋષિએ પોતાની અંતરેચ્છા હિમાચળ પર્વતને જણાવી તેની સહાય માગી. હિમાચળે

તે વાત પોતાના પુત્રોને જણાવી પિતાની ઇચ્છા પૂર્ણ કરવા નંદિવર્ધન નામે તેનો નાનો પુત્ર તૈયાર થયો. તેણે અરવલ્લીના સપાટ મેદાનમાં પડેલી ફાટ પુરી દેવાનું પિતાને વચન આપ્યું. નંદિવર્ધન જાતે અપંગ હોવાથી કોઇની મદદ વિના ત્યાં જઇ શકે તેમ ન હતું, તેથી તેણે પોતાના પ્રાણ પ્રિય મિત્ર અર્બુદ નાગની મદદ માગી. નાગે તેની ઇચ્છા પ્રમાણે વર્તવાનું કબુલ કર્યું, ને નંદિવર્ધનને પોતાની પીઠ પર બેસાડી, તે અરવલ્લીના મેદાનમાં આવ્યો. ઇષ્ટ સ્થળે આવી નંદિવર્ધને ત્યા સ્થાયી મુકામ કર્યો. તેણે પોતાના ભલા મિત્રની યાદગીરીમાં પોતાનું નામ અર્બુદગિરિ રાખ્યું.

પ્રથમ ખણ્ડ સમાપ્તઃ

દ્વિતીય ખંડ.

પ્રથમ પરિચ્છેદ.

માગણી.

મધ્યાહ્ન સમય પછી મહારાજા જેતસિંહનો દરબાર ચિક્કાર ભરાઇ ગયો હતો. મધ્યમાં એક ઉંચા આસન પર રાજા અને તેની એક બાજુએ યુવરાજ સલખ તથા બીજી બાજુ અન્ય સામંતો પોતપોતાના દરજ્જા પ્રમાણે બેઠા હતા. સભાગૃહમાં બેઠેલા સરદારો આજે અધિકતર જીજ્ઞાસુ દેખાતાં હતા. તેઓ એક બીજા સામું જોઇ નવીન વ્યક્તિના આગમનનું કારણ ખોળવા ઇશારતો કરતા હતા, પણ તેનો ભેદ કોઇનાથી કળી શકાય તેમ ન હતું. રાજા પણ તે સંબંધી પોતાના મનમાં અનેક તર્ક કરતો હતો. આ સર્વ દૃશ્ય કંઇ અમરસીંહની દૃષ્ટિ બહાર ન હતો. થોડીજ વારમાં તેણે ઉભા થઇ વિનયપૂર્વક એક પત્ર રાજાના હાથમાં મૂકયો. રાજાએ તરતજ તે વાંચવા માંડયો. વાંચતી વખત તેના મુખ–મંડળ પર હર્ષ, શોક ને આશ્ચર્યની લાગણી ઉભરાઇ આવતી હતી. આથી સભાસદો પત્રની હકીકત જાણવાને અધીરા બની ગયા. પત્ર વાંચી રહ્યા પછી રાજાએ તે પ્રધાનના હાથમાં મૂકયો, ને કહ્યું 'મંત્રેશ્વર ! આ પત્ર કંઇ મારા ઉપર લખેલો છે એમ નથી, પણ તે આપણી ગાદીને લખેલો છે. માટે સર્વ સામંતોને તે વાંચી સંભળાવો. આજ્ઞાનુસાર પ્રધાને તે પત્ર સર્વ સાંભળે તેવી રીતે વાંચવા માંડયો.

શ્રીમન્ મહારાજા આબુપતિ જેતસિંહ.

પ્રતિ૦ ચાલુકયમણિ, મહારાજાધિરાજ, રાજરાજેન્દ્ર, દિગ્વિજયી ગુર્જરેશ્વર, ભીમદેવ વિ. અમે ઘણા માણસોને મોંઢે તમારી પુત્રીના રૂપ સૌન્દર્યની કીર્તિ સાંભળીએ છીએ. વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે, કે હજી સુધી તે કૌમાર્યાવસ્થામાં છે. ગુર્જરેશ્વરના કુળ, કીર્તિ ને પરાક્રમથી તમે અજ્ઞ નહિ હો, અમારી શૌર્ય પ્રભાથી ઝગહળતી યશ પતાકા તમારી દૃષ્ટિ બહાર તો નહિજ હોય. પ્રતિ દિવસ અનેક દેશવિદેશના રાજાઓની માગણીઓનો અસ્વીકાર કરી તેમને નિરાશ કરનાર ભૂપતિ અત્યારે તમારી પુત્રીની અંતઃકરણથી આગ્રહ પૂર્વક માગણી કરે છે ! રાજપૂત રાજાઓનું અને હિન્દુ ધર્મનું, વર્તમાન ગૌરવ અક્ષત રહે તેટલા માટે અમારે આમ કરવાની જરૂર પડી છે. માટે કંઇ પણ આનાકાની કર્યા વગર અમારી આ માગણી સ્વીકારો. ઘેર બેઠાં ગંગાજી પધાર્યાં છે, માટે તેમાં સુખેથી સ્નાન કરી પવિત્ર–નિર્ભય બનો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મુખ ધોવા જવા જેવું રખે કરતા ! તમે સુજ્ઞ છો, સદસદ્‌નો વિચાર કરી શકો તેમ છો, માટે વિશેષ લખવું આવશ્યક નથી.

મહારાજા. **લી.**

ભીમદેવ **સામંત શિરોમણિ લવણપ્રસાદ.**

પત્રની હકીકત સાંભળીને દરબારમાં બેઠેલા સભાસદોનાં મુખ લાલચોળ બની ગયાં. કુલાભિમાનથી તેઓ ઉન્મત્ત બની ગયા. તેમની ચક્ષુરેન્દ્રિયમાંથી ક્રોધાગ્નિનાં ઉષ્ણ કિરણો સરવા લાગ્યાં. તેમના શરીરમાંનું શોણિત તપ્તલોહવત્ દેખાવા લાગ્યું. જે લાંબા સમયથી ભૂખ્યા વરુની પેઠે યુદ્ધ-શિકારની રાહ જોઇ બેઠા હતા, તે આજના પ્રસંગથી આનંદ પામ્યા. કેટલાક પોતાના રાજાનું-પોતાનું અપમાન થએલું સમજી, ભાવિવિચારમાં નિમજ્જિત બની ગયા. રાજા પણ વિચાર વમળમાં ગુંચાયો હતો. કંઇક માર્ગ મળતાં તે વિચારમુક્ત થઇ બોલ્યોઃ—

" ગુર્જરમંત્રેશ્વર ! તમારા મહારાજાનો લખેલો પત્ર વાંચી, અમે ને અમારા સરદારો માહીતગાર થયા. ચડતી પડતી ઇશ્વરને અધીન છે. મનુષ્ય તેમાં કંઇજ કરી શકે તેમ નથી. સર્વ ઇશ્વરની ઇચ્છાનુસાર બન્યાં કરે છે. હું મોટો છું, હું પરાક્રમી છું, હુંજ સારૂં કામ કરૂં છું, એમ માની મૂર્ખ માણસો ઠગાય છે. ચડતી પછી પડતી, ભરતી પછી ઓટ, દિવસ પછી રાત્રિ, એ કુદરતનો કાયદો છે. જુઓ સૂર્ય ચન્દ્ર પણ તેજ નિયમને અનુસરે છે, તો પછી આપણા જેવા પામર પ્રાણીઓનો તો શો હિસાબ ? "

" પૂર્વકાળથી આપણી ગાદીઓ વૈવાહિક સંબંધથી કદી જોડાઇ નથી. આમ હોવા છતાં ગુર્જરેશ્વર આવી અપૂર્વભૂત માગણી કરે છે, તેથી હું ઘણોજ દિલગીર છું. તમારી ઉચ્છૃંખલ વૃત્તિજન્ય આવી માગણી તમને પોતાને કેટલી હિનાવહ છે, તે પણ તમે જોયું નથી. શું તમારૂં સામંતમંડળ પણ આવાજ મતને મળતું છે કે? તમને અને તમારા ભૂપતિને ખબર હશે, કે મેં મારી પુત્રીનો વિવાહ ચૌહાણ નરેશ પૃથ્વીરાજ સાથે કરેલો છે. આમ હોવાથી હું તમારી માગણી સ્વીકારવા માટે સર્વથા અશક્ત છું. "

" અહો પર્વતપતિ ! તમારી કન્યાનાં વખાણ સાંભળી અમારો રાજા ગાંડો બની ગયો છે. તે તેને પટરાણી બનાવવાની ઇચ્છા રાખે છે. તમારી પુત્રીનાં લગ્ન અમારા રાજા સાથે થવાથી તમારી કીર્તિ કેટલી બધી વધશે ! તમારૂં રાજ્ય કેવું નિર્ભય થશે ! તમારી પુત્રીને કેવું મહત્પદ પ્રાપ્ત થશે ! આવો લાભ શું તમે ચૌહાણ તરફથી મેળવી શકશો કે ? ઉમરો મૂકી ડુંગરો પૂજવા જવા જેવું સાહસ ન કરો. જો કદાચ તમે અમારા રાજાનું અપમાન કરશો, તો તમારા માથાપર કેવી ભયંકર આફત આવી પડશે તેનો વિચાર કરો. સિંહ સામે શિયાળ ક્યાં સુધી ટકી રહે ? શું અગ્નિ સાથે તરણાં વિરોધ કરવા માટે સમર્થ છે ? સૂતેલા સર્પને છંછેડવાનું સાહસ ન કરો. તેની કોપ જવાળાથી બચતું તમને મુશ્કેલ થઇ પડશે. આબુગઢ ઉપરથી તમને તે એક પાષાણવત્ ગગડાવી પાડશે. તમારી તમારા કુટુંબની ને તમારા આખા રાજ્યની પાયમાલી થઇ જશે. માટે પુનઃ હું કહું છું કે તમારા હિતનો વિચાર કરી જવાબ આપો. નહિ તો પાછળથી પસ્તાશો. " અમરસિંહે પોતાના રાજાનું સામર્થ્ય વર્ણવી જેતસિંહે લાભાલાભનું ભાન કરાવ્યું.

ગુર્જરમંત્રેશ્વરનું બોલવું સાંભળી રાજા જેતસિંહ વિચારમાં પડયો. તેને લાભનો

લોભ થયો, પણ કુલાભિમાનજન્ય શાર્યે તેનો તરતજ પરાજય કીધો. તે મનમાં ગુંચવાયો. શું ઉત્તર દેવો તે કંઇ સુઝ પડી નહિ. એક બાજુ અગાધ જળથી પરિપૂર્ણ સમુદ્ર, અને બીજી બાજુ દૃષ્ટિપાત કરતાં, આંખે અંધારાં આવી જાય એવી ઉંડી ખીણ: વચ્ચે રાજા ઉભો ઉભો ધ્રુજવા લાગ્યો ! તે પોતાના મન સાથે અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો, ને સ્વયં પ્રશ્ન કરવા લાગ્યો. શું તેની માગણી સ્વીકારવી ? તેમ કરવાથી લાભ તો છેજ, પણ જગત્ મને શું કહેશે ! ચાલુક્યથી ડરી પરમારે તેની માગણી સ્વીકારી ! આબરૂ વગરનું જીવવું શા કામનું ? ભલે, ઇશ્વરે તેને હમણાં મોટાઇ આપી છે, પણ તેથી શું મારે ડરી જવું ? ના, ના. તેમ તો થાય જ નહિ. આબરૂ જાળવવા માટે હું રાજપાટનો ભોગ આપીશ. ક્ષત્રીઓ લડાઇથી કદી પણ ડરતા નથી. સમરાંગણ એ તેમની ક્રીડાભૂમિ છે. તે ભૂમિમાં જઇ જીત મેળવવી એ ક્ષત્રિયોનું પરમ કર્તવ્ય છે. આવા પવિત્ર કર્તવ્યથી શું હું ચ્યૂત થાઉં ? નહિ, પ્રાણાન્તે નહિ. અરે, આવા વિચારથી શા માટે હૃદયને હું અપવિત્ર કરૂં છું ? તે ગમે તેવો બલિષ્ઠ છે, પણ તેથી શું થયું ? શા માટે મારે તેનાથી ડરવું જોઇએ ? ટેક રાખવી એ હરિને હાથ છે. તે કર્તા છે, હું કારણ છું. તે અવશ્ય મને મદદ કરશે જ.

રાજાને વિચાર કરતો જોઇ અમરસિંહ પોતાના વિચારનું સમર્થન કરતાં બોલી ઉઠયો:—

"મહારાજા ! ધારો કે હમણાં તમે દુરાગ્રહને વળગી રહી ના પાડશો, પણ તેનું કેવું અનિષ્ઠ પરિણામ આવશે તેનો વિચાર કરો. તમારે લીધે તમારી આખી પ્રજાને કેટલું બધું શોસવું પડશે ? હાલની પરિસ્થિતિનો વિચાર કરો. હમણાં તો સંપ સાધ્ય છે. સંપથીજ આપણે યવનોનો પરાજય કરવા સમર્થ છીએ. ચિરકાળ સુધી આપણામાં ઐક્ય રહે, એવા શુભ વિચારથી અમારા ભૂપતિએ દીર્ઘદૃષ્ટિથી આ પગલું ભર્યું છે. તેમના તે વિચારને સંમત થવાથી તમને અને આખી રજપૂત પ્રજાને લાભ છે. ગુર્જરેશ્વર સાથે સંબંધ જોડવાથી તમે યવનોના પંજામાંથી બચશો. અરે યવનોની વાત બાજુપર મૂકતાં પ્રથમ ગુર્જરેશ્વર તમારી કેવી પાયમાલી કરશે ? માટે મહારાજા, હજી પણ વિચાર કરી જવાબ આપો એવી નમ્ર પ્રાર્થના છે."

બસ ! હવે બહુ થયું ! અમર ! તેં તારી વાક્પટુતાનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે. તું વિચાર કર, કે સ્વાતંત્ર્ય દેવી ભક્તો પ્રાણાન્તે પણ પરતંત્ર બનશે ? યદિ તું યુદ્ધનું કહેણ લઇ આવ્યો હોત, તો અમે તને ક્યારનોએ જવાબ આપી દીધો હોત, પણ તું તો અમારી પ્રતિષ્ઠા ખરીદવા આવ્યો છે. અમને ક્ષાત્રધર્મચ્યૂત કરવા આવ્યો છે ! ક્ષત્રિયને આનાથી વિશેષ દુઃખ શું હોઇ શકે ? આનાથી વિશેષ મહત્કલંક બીજું કયું ? શું હું મારી કીર્તિનો વિક્રય કરીશ ? નહિ, કદી પણ તેમ નહિ બને. યવનો તો શું, પણ કદાચ ઇન્દ્ર મારી પાસે આવી યુદ્ધની માગણી કરશે તો હું તેની ઇચ્છા તૃપ્ત કરવા સમર્થ છું. અગ્નિકુંડમાંથી પ્રકટ થએલા આ પરમારો અગ્નિકણ જેવાજ સમજજે. તેમની પાસે આવનારને તેઓ દગ્ધ કર્યા વિના રહે તેમ નથી. તેમ કરવું એ તેમની પ્રકૃતિ છે."

" અમર ! સંપ રાખવો એ હું સમજું છું. પણ સમભાવ વિના સંપ શી રીતે રહે ! માણસના મનમાં જ્યાં સુધી અહંભાવ છે—જ્યાં સુધી પોતે પોતાને મોટો માની, અન્યનો પ્રત્યક્ષ વા પરોક્ષ તિરસ્કાર કરવા ઇચ્છે છે; ત્યાં સુધી સંપ શી રીતે રહે ? અને તેવા દુષ્ટમતિ મનુષ્યની મોટાઇ પણ ક્યાં સુધી ટકવાની હતી ? જ્યા સુધી એકેકને અનુકૂળ બની કાર્ય કરે છે, ત્યાંજ સંપ રહે છે. સંપ કરવાની ઇચ્છા વગર પણ તેમ કરવાથી સંપ થઇ જાય છે. અન્યથા નહિજ. અમર ! હવે તું શાન્ત થઇ બેસી રહે. વધારે બોલતો નહિ. શત્રુનાં તીક્ષ્ણ શરોની ઉપેક્ષા કરનારૂં મારૂં હૃદય, તારાં વાક્શરથી વ્યથિત બની જાય છે. માટે જરા જંપ, કાલે તને ચોકખો જવાબ મળશે.

દ્વિતીય પરિચ્છેદ.

ઇચ્છનકુમારી.

ભગવાન સૂર્યનારાયણ આખા દિવસના પરિશ્રમથી શ્રમિત થઈ, અસ્તાચલ તરફ જવાની તૈયારીમાં હતા. તે વખતે વિયોગિની, નવયૌવના, પોતાના પતિને દીર્ઘકાળે આવતા જાણી, જેમ અવનવા શણગાર સજી અનિમિષ નયને માર્ગપ્રતીક્ષા કરતી હોય તેમ સંધ્યા–રમણી વિવિધ અલંકારથી અલંકૃત બની, સૂર્ય પતિની માર્ગપ્રતીક્ષા કરતી હતી. કમળ પોતાના પ્રતાપી પ્રભાકરને અસ્ત થતા જોઇ, તેમના વિયોગ દુઃખથી વ્યાકુલ બની ગયાં હતાં. પણ નિષ્ઠુરહૃદયા કમલિની પ્રફુલ્લિત દેખાતી હતી. ઘુડ વગેરે નિશાચર પ્રાણીઓ, જે આખો દિવસ ગૃહમાં ગોંધાઇ રહ્યાં હતાં; તે અત્યારે બહાર નીકળવાનો પ્રસંગ પ્રાપ્ત થએલો જોઇ આનંદ કરતાં હતાં, ત્યારે ચક્રવાક દંપતી વિયોગ સમય પાસે આવેલો જાણી આર્ત સ્વરે રૂદન કરતાં હતાં. આખો દિવસ ચારો ચરી પશુઓ હર્ષભેર ઘર તરફ પાછાં ફરતાં હતાં. તેમના પાદાઘાતથી માર્ગમાં ઉડેલી રેણુકાએ આખું આકાશ ઢાંકી દીધું હોય એમ જણાતું હતું. તેમની પાછળ ખેતરમાં કામ કરી પાછા ફરતા મજુર લોકોએ વિવિધ રાગના ગીત ગાઇ આસપાસનું સ્થળ ગજાવી મૂક્યું હતું. તેઓના આનંદયુક્ત પણ કર્કશ ધ્વનિને અનુપહસનીય ગણીને આકાશમાં વિચરતાં પક્ષીઓ તેમાં માધુર્ય સિંચતાં હતાં. પુષ્પ–વાટિકાઓમાં ભ્રમરને ભૂલાવી સુમનની સુગંધિ ચોરી, મંદ મંદ ગતિએ વહેતો પવન પ્રાણીઓને બહિર્શાન્તિ અર્પતો હતો. આકાશ કેવળ નિરભ્ર દેખાતું હતું. ફક્ત કોઇક પ્રદેશ ઇષદ્રક્ત દેખાતો હતો. આ વખતે ચંદ્રાવતી નગરના રાજઉદ્યાનમાં બે બાલિકાઓ બેઠી હતી.

એ બેમાંની એક આશરે પંદર–સોળ વરસની દેખાતી હતી, ને બીજી તેનાથી જરા નાની હતી. પ્રથમ બાળાનો શરીરનો વર્ણ તપ્તકાંચનવત્ દેખાતો હતો. પ્રફુલ્લ

કમળ સરખું વદન, લાંબાં અણીયાળાં લોચન, વક્રશ્યામ ભૂલતા, પરવાળાં જેવા રક્ત અધરોષ્ઠ, અને લાંબો કેશકલાપ જોતાં તેના અપૂર્વ રૂપ–સૌન્દર્યનીય પ્રતીતિ થતી હતી. શરીર પર અતિ સાદાં આભૂષણુ હોવા છતાં તેનું લાવણ્યપૂર્ણ ગૌર અંગ ભભકી નીકળતું હતું. સત્ય છે કે મધુર આકૃતિઓને સુશોભિત આભૂષણુની જરૂર નથી. તેની સાથેની બાલિકા પણુ તેના જેવીજ સૌન્દર્યવિભૂષિત હતી. તે બંનેમાંથી કોનું સૌન્દર્ય વિશેષ છે, તે નક્કી કરવું મહા મુશ્કેલ હતું. મોટી તે રાજકુમારી ઇચ્છિન હતી તે બીજી તેની સહચરી તારા હતી. રાજકુમારી ઉપવનના મધ્ય ભાગમાં એક બેઠક પર બેસી, આસપાસનું સૃષ્ટિ–સૌન્દર્ય નિહાળતી હતી. તારા તેનાથી થોડે દુર ફૂલ વીણુવાના કામમાં ગુંથાઇ હતી. થોડી વાર પછી તે રાજકુમારીની પાસે આવી, ને તેને ઉદ્દેશીને બોલી:—

"બેન ! તમે તો હંમેશાં વિચારગ્રસ્ત થઇનેજ બેસી રહો છો. દિવસને રાત, ઘરમાં ને બહાર બધે વિચારજ કર્યાં કરવા એ શું ? આવા ઉપવનમાં પણુ તમને એ ઘડી આનંદ નથી થતો શું ? "

"આનંદ કેમ ન થાય ? કુદરતનું સૌન્દર્ય જોવામાંજ હું લીન બની ગઇ હતી, તેથી તને એમ લાગ્યું હશે."

"અહાહા ! જુઓ આ આસપાસની હરિયાળી ભૂમિ, વાટિકાનો મનોહર દશ્ય, પક્ષીઓનો મધુર કલરવ, ને ઉપર ભૂરા ભૂરા આકાશનો મનોમુગ્ધ દેખાવ કેવો પ્રિય લાગે છે !"

"હા બેન ! કુદરતનું ખરૂં સૌન્દર્ય તો આવા સ્થળમાંજ દીઠામાં આવે છે."

"મને તો આવા સ્થળમાં રહેવું ગમે છે."

"હાસ્તો શા માટે ન ગમે ?"

"ત્યારે લોકો આવાં સ્થાન છોડી, આખો દિવસ ઘરમાં શા માટે ગોંધાઇ રહેતા હશે વારૂં ? જુઓ આ શીતળ પવન કેવો આહ્લાદોત્પાદક લાગે છે !"

"તને તો પક્ષીઓની પેઠે બહાર ફરવાનું બહુ ગમે છે, કેમ ખરૂં કે ?"

"લ્યો વળી એવું સુખ ભોગવવું કોને ન ગમે ? જુઓ, આ પક્ષીઓ અત્યારે કેવો આનંદ કરી રહ્યાં છે !"

"તેવો આનંદ આપણુને નથી મળતો શું ?"

"ના તેવો તો નહિજ."

"નહિ, તું ભૂલે છે. જ્યાં પ્રેમ છે. ત્યાં હંમેશાં એવોજ આનંદ છે, સમજી !"

"શું પ્રેમમાંજ સર્વ સુખની સમાપ્તિ થઇ જાય છે !"

"હા."

"ત્યારે પ્રેમને લીધેજ તમારૂં મન વિરહવેદનાથી વ્યથિત રહે છે ?"

તારાનું માર્મિક વચન રાજકુમારી સમજી ગઇ. લજ્જાયુક્ત વદને તે નીચું

જોઇ રહી. ઉત્તર દેવા માટે થોડી વાર સુધી તેને કંઇ શબ્દો જડયા નહિ. તે બોલીઃ—"તેં મને ક્યારે દિલગીર જોઇ ?"

"કેમ ક્યારે ? હું અહીં આવી ત્યારે તમે શા વિચારમાં હતાં ? ખરૂં પૂછો તો તમારૂં મનજ તમારી પાસે નથી."

ઉત્તર આપવા રાજકુમારી અસમર્થ બની. થોડી વાર પછી તે બોલીઃ—

"ઠીક ત્યારે તેમ. હવે કંઇ કહેવું છે ?"

"હવે કહેવાનું શું હોય ? પણ કહો, સાસરે ગયા પછી તમે મને સંભારશો કે ભૂલી જશો ?"

"કેમ ન સંભારૂં ? તને વિસારી મૂકવાનું કંઇ કારણ છે ?"

"કારણ બીજું શું ? વાર્તાલાપમાં વખત ન મળે, એટલે શી રીતે સંભારી શકો ?"

"આ કારણ બહુ મોટું ! હવે એવી વાતો પડી મુક મને તારી આવી વાતો સાંભળી બહુ કંટાળો આવે છે."

"હાસ્તો. કંટાળો શા માટે ન આવે ? હૃદયેશનું મનમાં ધ્યાન ધરવાનું પડયું મૂકી, અમારી સાથે વાતો કરવી શી રીતે ગમે ?"

"સારૂં ત્યારે તેમ. ચાલ, હવે જરા આગળ જઇએ. વાતોમાં વખત ચાલ્યો જાય છે."

બંનેએ ચાલવા માંડયું. થોડેક આગળ ગયાં એટલે તારા પોતાના હાથમાંનું ફુલ રાજકુમારીને બતાવી બોલીઃ "બેન ! આ ફુલ કેવું સુન્દર લાગે છે ! એ આપણને શાથી પ્રિય લાગતું હશે ?"

"પ્રિય કેમ ન લાગે ? જોની એમાં કેવી સુવાસ રહેલી છે ! વળી એનો રંગ પણ તને મોહક નથી લાગતો શું ?"

"લાગે છે. મને તો આ ગુલાબનું ફુલ બહુ સુન્દર લાગે છે."

"રૂપ—સૌન્દર્ય કોને પ્રિય નથી લાગતું ? સર્વ તેને ચાહે છે."

"સ્ત્રીપુરૂષ પણ એકેકને ચાહે છે તે રૂપથીજ ?"

"એમ કેમ કહેવાય ? બધાંજ માણસો ઉપરનું રૂપ જોઇ કંઇ મુગ્ધ બની જતાં નથી. તન સૌન્દર્ય સાથે મન સૌન્દર્ય પણ જોઇએ."

"મન સૌન્દર્ય કેવું હોય ?"

"સદ્‌ગુણ એ મનની સુન્દરતા, ફક્ત તન સૌન્દર્યને લીધેજ જે માણસો એક બીજા ઉપર પ્રેમ રાખે છે, તે પ્રેમ અનિત્ય છે. તે પ્રેમ શુદ્ધ નથી. પણ જે મન—સૌન્દર્યને લીધે એકબીજાને ચાહે છે, તે પ્રેમ વિશુદ્ધ છે. માટે મન સૌન્દર્ય વિના એકલું તન—સૌન્દર્ય નકામું છે."

"જવા દો એ તમારી વાતો. પ્રેમની પોથીનાં પાનાં મારે તમારી પાસે નથી વંચાવવાં."

રાજકુમારી કંઇ બોલી નહિ. તારાનો સ્વભાવ તે સારી રીતે જાણતી હતી, એટલે હવે બોલવું પણ તેને ઠીક લાગ્યું નહિ. થોડીવાર પછી તારાને કંઈક વાત સાંભરી આવી એટલે તે બોલીઃ—

" બેન ત્યારે હવે હું એક વાત પૂછું ? "

" શી ? "

" તમે બરાબર જવાબ આપશો ? "

" હું કોઇ દિવસ જૂઠી વાત કરૂં છું ખરી ? "

" ના, પણ તમારા મનની વાત કહેશો ખરાં ને ? "

" મેં તારાથી કદી કોઈ વાત છૂપાવી છે ? "

" ત્યારે કહો, આજ દરબારમાં શી ચર્ચા ચાલતી હતી. "

" તે હું નથી જાણતી. "

" જૂઓને આ આ જાણતાં નથી ? કહોને કે જાણ્યા છતાં કહેવું નથી. "

રાજકુમારીને રીસ ચડી. તે બોલીઃ—" હં–શું હું જાણીને નથી કહેતી ? કોઇ દિવસ એમ બન્યું છે ? "

" ના, હજી સુધી તો બન્યું નથી. "

" ત્યારે એમ મારાપર શા માટે દોષ મૂકે છે ? તું જાણતી હોય તો કહે. "

" હું બરાબર નથી જાણતી, પણ એમ સાંભળ્યું છે કે ગુજરાતથી કોઇ એલચી આવ્યો છે. "

" આવ્યો હશે. તેમાં આપણે શું ! રાજ્ય સંબંધી વાતમાં આપણે શું જાણવાનું હતું ? "

" કેમ ? આપણે જાણવા જેવી વાત હોય, તે પણ જાણવી કે નહિ ? "

" તને એવી વાતો જાણવાનું બહુ મન થાય છે. ત્યારે જઇને દરબારમાં બેસતી હોય તો શું થાય ? "

" હા તેમ કરૂં, પણ ગમે તેટલું તોયે આપણે સ્ત્રીજાતિ કહેવાઇએને ? "

" તેથી શું થયું ? તું જાય તો તને કોઇ કાઢી મૂકનાર છે ? "

" બહુ સારૂં, હવેથી જઇશ. પણ કહો, તમે એ એલચી આવ્યાની વાત નથી જાણતાં ? "

" ના, ના. "

" ત્યારે હું કહું ? "

" હા કહે. "

" તમે ગુસ્સે તો નહિ થાઓને ? "

" લે વળી, રાજ્ય સંબંધી વાતમાં હું શા માટે ગુસ્સે થાઉં ? "

" કદાચ તે તમારા સંબંધી હોય તો ? "

" શું મારા સંબંધી વાત ! કહે, ઝટ શું છે ? "

" પણ પ્રથમ મેં કરી તે સરત ખરી ? "

"હા, ખરી."

"સાંભળો ત્યારે, તમારા રૂપ—સૌન્દર્યની વાત સાંભળી ગુર્જરેશ્વર મોહિત થઈ ગયો છે ને—"

"હેં! શું કહે છે? પછી?"

"પછી તો એજ, જાણો છો કની?"

"શું ઝટ કહી દેની."

"તેણે તમારી સાથે લગ્ન કરવાની ઈચ્છા જણાવી છે."

"શું કહે છે! આવી વાત વળી તને કોણે કહી?"

"કેમ, આખા શહેરમાં આજ આ વાત પ્રસરી ગઈ છે ને!"

તારાનું બોલવું સાંભળી રાજકુમારી આશ્ચર્ય પામી. કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉગ્યો હોત, તો તે એટલું આશ્ચર્ય ન પામત. અણુચિંતવી આપત્તિથી તે શોકાતુર બની ગઈ. તેનો મુખચન્દ્ર નિસ્તેજ થઇ ગયો. મનમાં ધ્રાસકો પડયો, પોતાનો આવો ભાવ તારા જાણી ન જાય, માટે તે પ્રયત્ન કરવા લાગી. તે સંબંધી વધારે જાણવાની ઇચ્છાથી તે મૌન ધારી શકી નહિ. થોડીવાર પછી તે એક નિશ્વાસ મૂકી બોલી: "બેન એમ બનવાનું કારણ શું હશે?"

"કારણ એજ તો, દુનિઆમાં દુર્લભ એવું રાજકુમારીનું રૂપ."

રાજકુમારી તારાની પાસે ગઇ, ને તેનો હાથ ઝાલી બોલી:—"શું તું એમ કહે છે, કે મારામાં બહુ રૂપ છે."

"હું એકલી નથી કહેતી. આખો દેશ કહે છે. જૂઓને તે વાત ક્યાં સુધી પ્રસરી છે.!

"બળ્યું એ રૂપ. મને તે નથી ગમતું, હું કદરૂપી હોત તો વધારે સારૂં."

"એમ કે?"

"હા."

"ત્યારે તે દિવસે આપણે તમારી મેડીમાં બેસી હીંચકા ખાતાં હતાં, ત્યારે સામા આયનામાં આપણી છબી દેખાતી હતી, તે જોઈ તમે કેવા હરખાતાં હતાં!"

"શું હું પ્રતિબિમ્બ દેખીને ખુશી થઇ હતી કે?"

"હાસ્તો. મને એમ પણ કહ્યું ન હતું કે મારા જેવું બીજા કોઇનું રૂપ હશે?"

"બળ્યું એ રૂપ. એ રૂપથીજ આવું થાય છે ને?"

"શું રૂપ આમ તિરસ્કાર કરવા યોગ્ય છે? હમણાંજ તમે રૂપની પ્રસંશા કરતાં હતાં તે શું ભૂલી ગયાં? સંસારમાં રૂપને કોણ નથી ચહાતું? રાજાને રંક સૌ રૂપની પ્રસંશા કરે છે. પશુ પક્ષીઓ પણ રૂપને ચાહે છે. વધારે રૂપાળા દેખાવા માટે આપણે કેટલો પ્રયત્ન કરીએ છીએ. તમે તેમને ચાહો છો તેય પણ રૂપથી. એક ફુલ જેવી નિર્જીવ વસ્તુના રૂપથી પણ આપણે મોહિત થઇએ છીએ, તો પછી આવી સ્વર્ગની અપ્સરા જેવીના રૂપ—સૌન્દર્યથી કોણ મોહ ન પામે! સમજ્યાં બેન, રૂપ કંઇ નિંદા કરવા જેવી વસ્તુ નથી. એ તો માનનીય કુદરતની અમૂલ્ય બક્ષીસ છે."

" હવે એ બધું જવા દઇ પિતાજીએ શો જવાબ દીધો તે કહે."

" જવાબ કંઇ નથી આપ્યો. એ કંઇ જેવી તેવી વાત હતી, કે ઝટ જવાબ આપી દેવાય."

" ત્યારે હવે વિચાર કરીને આપશે."

" તે તો વિચાર કરશે, પણ તમારેય વિચાર કરવો કે નહિ ? "

" ના, મારે તો વિચાર નથી કરવાનો."

" એમ કે ? "

" હા. "

" ઠીક, જૂઓ હું એક વાત કહું ? "

" શી ? "

" તમારૂં લગ્ન ગુર્જરપતિ ભીમદેવ સાથે થાય તો ?"

રાજકુમારી ચોંકી ઉઠી. તેને પગથી માથા સુધી ક્રોધની જવાળા લાગી ઉઠી. મોંહ્ુ લાલચોળ થઇ ગયું. તે નાક ચડાવી બોલીઃ—છીઃ છીઃ તેની સાથે મારૂં લગ્ન ! તને આવી વાત કરવાનું કોણે કહ્યું ?"

" કહે કોણ ? તમારા હિતની વાત પણ મારે ન કરવી કે ? "

" એમાં મારૂં શું હિત સમાએલું હતું ?"

" નહિ કેમ ? વિચાર કરી જૂઓને. તેના જેવો રૂપાળો, ચતુર, ને વૈભવવાળો બીજો કયો રાજા છે ? બબ્બે વખત મ્લેચ્છોને હરાવી કાઢનારનું કંઇ પરાક્રમ ઓછું કહેવાય કે ? જેના ભાગ્યમાં હોય તે તેવાની રાણી થાય. "

" બસ ! હવે બંધ કર. તારી એ વાત સાંભળી મને રીસ ચડે છે. હું કંઇ રૂપથી, પરાક્રમથી કે વૈભવથી લલચાઉં તેવી નથી. સમજી હવે ? "

" ત્યારે એમનામાં શું વધારે દેખી રહ્યાં છો, કે તનમન તેમનેજ અર્પણ કરી દીધું છે. "

પોતાના પ્રિયતમ સંબંધી તારાનાં કઠોર વચન સાંભળી, રાજકુમારીના ગુસ્સાનો પાર ન રહ્યો. લજ્જાયુક્ત ક્રોધથી તે તારાના વાંસાપર હાથ પછાડી બોલી ઉઠીઃ– " જા અહીંથી, જાણ્યું તારૂં ડહાપણ જો હવે પછી વધારે બોલી તો—"

" શું કરશો ? લ્યો વળી, તમને તો કંઇ કહેવાય પણ નહિ કે ?"

" કેમ રે અલી ! હજી નથી માનતી ને બોલ્યાંજ કરે છે."

" મારો તો સ્વભાવ છે, તે હું બોલવાની. પણ તેમાં તમે આટલું બધું માઠું શામાટે લગાડો છો ? "

રાજકુમારી રડી પડી. તે જોઇ તારા પણ ઝંખવાણી પડી ગઇ. મનમાંને મનમાં તે પશ્ચાતાપ કરવા લાગી. તારા કંઇ રાજકુમારીની નિર્દય હૃદયની સખી ન હતી. તે ઉંચાકુળની કન્યા હતી. બાળપણથીજ તે એક બીજાને ચ્હાતાં હતાં. રાજકુમારી તેનાપર સગી બેન જેટલું હેત રાખતી હતી. પોતાના અંતરની વાત પણ તારાને કહેતાં સંકોચાતી નહિ. તારા પણ સદ્ગુણી ને નિખાલસ સ્વભાવની

હતી. પણ તેને મશ્કરી કરવાનું બહુ ગમતું. ઘડી ઘડી તે રાજકુમારીની મશ્કરી કરી તેને ચીડવતી હતી. કોઇક વખત રાજકુમારી તેને લડતી પણ ખરી. છતાં ઘડી પછી તેને બોલાવ્યા વિના રહેતી નહિ. તારા ભોળા સ્વભાવની હતી એટલે તે રાજકુમારીપર માઠું લગાડતી નહિ. અત્યારે પોતાનાપર રાજકુમારી ચીડાઇ છે, એમ સમજી તારા કંઇ બોલી નહિ. જ્યારે રાજકુમારી રડવા લાગી ત્યારે તે તેની પાસે જઇ બેઠી, ને તેને છાની રાખવા માટે પ્રયત્ન કરવા લાગી. તે બોલીઃ—

" બેન! આમ નાના બાળકની પેઠે રડી શું પડો છો? બે જણ ભેગાં બેસીએ ત્યારે પણ ઘડી આનંદ ન કરીએ કે? લ્યો ઉઠો. હવે મોઢું ધોઇ નાખો. ઘેર જવાનો પણ વખત થઇ ગયો છે." રાજકુમારી શાન્ત થઇ ગઇ તે ઉઠી, એટલે બંનેએ ચાલવા માંડયું. થોડે આગળ જઇ તે એક હોજ પાસે બેઠાં. તારાએ રાજકુમારીનું મોઢું ધોઇ નાખ્યું, ને આડી અવળી વાતો કાઢી તેને રાજી કરવા પ્રયત્ન કરવા લાગી પણ કોઇ રીતે રાજકુમારીની દિલગીરી દૂર ન થઇ. તારા ઉપર હવે તેને રીસ ન હતી, પણ તે પોતાના સંબંધી વિચાર કરી ચિંતાતુર દેખાતી હતી. ત્યાં થોડીવાર બેઠાં તે પછી બને ઘર તરફ ચાલ્યાં ગયાં.

તૃતીય પરિચ્છેદ.

રાજા ને મંત્રી.

પાછળ કહ્યા પ્રમાણે રાજા જેતસિંહે ગુર્જર સામંતને કંઈ ચોકખો ઉત્તર દીધો ન હતો. શું ઉત્તર દેવો તે તેને સુઝતું ન હતું. બે ત્રણ દિવસ વીતી ગયા. હવે ઉત્તર આપ્યા વિના કંઈ છુટકો નથી, આમ તેને વિચાર થયો એટલે પ્રધાનને બોલાવી તેની સંમતિ લેવા માટે તેના પર એક ચિઠ્ઠી લખી મોકલી. રાજા ચિંતાગ્રસ્ત મુખે પોતાના દિવાનખાનામાં બેસી વિચાર કરવા લાગ્યોઃ—

'ગુર્જરેશ્વરની માગણી સ્વીકારવાથી સંપ રહે એ ખરૂં, પણ નાત જાતમાં અને દેશવિદેશમાં મારી અપકીર્તિ થાય, એ પણ ખોટું નહિંજ. અપકીર્તિ મરણથી વિશેષ દુઃખદ છે. અપકીર્તિથી મરણ સર્વથી શ્રેષ્ઠ છે.' આ વિચારે તેના હૃદયને મુંઝાવ્યું. હૃદયે આખા શરીરને કંપાવ્યું. શરીર પર પરસેવો થઇ આવ્યો તેથી તે અધિક ગભરાવા લાગ્યો. તનમનના દ્વિગુણિત ગભરાટથી તે તકીઆ પર ઢળી પડયો.

ચિઠ્ઠી મળતાંજ પ્રધાન રાજાના મનનું કારણ કળી ગયો. તરત તે રાજા પાસે જવા નીકળ્યો ને ત્વરિત વેગે રાજાને આવી મળ્યો. પ્રધાનને સન્મુખ આવેલો જોઇ રાજા સ્વસ્થ થયો, ને તેને પાસેના આસન પર બેસવા ઇસારત કીધી. આસન લેતાં પ્રધાને વિનય પૂર્વક પૂછ્યુંઃ—'સહસા પ્રકૃતિમાં વિકૃતિથવાનું કારણ!

" કારણ પૂછો છો! મંત્રેશ્વર! હજી સુધી કારણ નથી જાણતા કે?"

"રાજેન્દ્ર! તેતો હું જાણું છું ને તત્સંબંધી વિચાર પણ કરૂં છું. ફરમાવો, સેવકને શી આજ્ઞા છે વારૂ" પ્રધાને જવાબ આપતાં પૂછ્યું.

", હવે આજ્ઞા એજ, કે આ વિપત્તિનો પ્રતિકાર કરવો. બોલો તમે શી સલાહ આપો છો?"

"મહારાજ! આપ જેવા કુશાગ્ર બુદ્ધિવાળા ને રાજનીતિજ્ઞ ભૂપતિને હું શી સલાહ આપવા સમર્થ છું? સૂર્યકિરણને જે પ્રદેશ ન જડી શકે તે પ્રદેશ ચંન્દ્રકિરણ કેવી રીતે શોધી શકે? અથવા શોધવાનું તે સાહસ કરે તો તેથી લાભ પણ શો?

"એમ નહિ, મંત્રેશ્વર કપાળે કપાળે જૂદી મતિ હોય છે, તેથી પ્રત્યેક વ્યક્તિએ દરેક કામમાં શાણા ને અનુભવી માણસોની સલાહ લેવી જોઇએ. આવા વિચારથી હું તમારો મત જાણવા ઇચ્છું છું."

"મહારાજ! આપના વિચાર પ્રસંશનીય છે. આપ મારો અભિપ્રાય માગો છો તો ભલે હું આપની આજ્ઞાને આધીન છું. મહારાજ! હાલની પરિસ્થિતિનો વિચાર કરતાં, મારી બુદ્ધિ તો એમ કહે છે કે અત્યારે ગુર્જરેશ્વર જોડે વિરોધ કરવો હાનિકર્તા છે. માટે સંપ રહે તેમ થાય તો સારૂં."

પ્રધાનનો ઉપર્યુક્ત અભિપ્રાય સાંભળી રાજા સ્તબ્ધ થઇ ગયો. તે અત્યંત આશ્ચર્ય પામ્યો. તેના રોમેરામમાં ગુસ્સો કે કોણ જાણે ક્ષાત્ર જુસ્સો પ્રકટી નીકળ્યો. આવેશમાં આવી તે એકદમ બોલી ઉઠ્યોઃ—" મંત્રેશ્વર! હું નહોતો ધારતો કે તમે આવો અભિપ્રાય આપશો! જો તમારા આવા વિચાર મેં પ્રથમથીજ જાણ્યા હોત, તો હું તમને કદી પૂછતજ નહિ. સંપ માટે શું હું મારી કીર્તિને કલંકિત કરૂં? હું કીર્તિને અમૂલ્ય ગણું છું. કીર્તિ માટે સંપને તો શું પણ આ દેહને પણ તિલાંજલિ આપવા તૈયાર છું, સમજ્યા? પવિત્ર—પ્રાણાધિક કીર્તિનો વિક્રય કરી મારે સંપ સાધવો? હું ક્ષત્રિય છું, મારી નસેનસમાં ક્ષાત્ર લોહી વહે છે, અને મને ક્ષાત્રત્વનું પૂર્ણ અભિમાન છે. મારૂં આ અભિમાન મારી કીર્તિનું રક્ષણ કરશે,"

રાજાનાં જુસ્સાભર્યાં વચનો સાંભળી મંત્રીનું હૃદય કેવળ શિથિલ થઇ ગયું. ને મનમાં પશ્ચાતાપ કરવા લાગ્યો. પોતાના વિષે રાજાએ નીચ અભિપ્રાય બાંધ્યો. એવો વિચાર થતાં તેનું મસ્તક ભમી ગયું. તે દીનપણે બોલ્યોઃ—

"મહારાજ! ક્ષમા કરો અપરાધ હું સર્વદા આપના વિચારને અનુસરનારો છું, આપનાથી કોઇ પણ રીતે વિરૂદ્ધ નથી. આપની કીર્તિને કલંક લાગે તેવું કામ કરવા મેં આપને અભિપ્રાય આપ્યો નથી. આપનું આપ્ત મંડળ આપની ઇચ્છાને પ્રતિકૂળ હોય એમ બનેજ શી રીતે? આપની કીર્તિમાંજ અમારી કીર્તિ સમાએલી છે એમ અમે સમજીએ છીએ. આમ હોવા છતાં કયો નરાધમ પોતાની કીર્તિને દૂષિત કરવા ઇચ્છતો હશે? મહારાજ! સંપ રહે ને આપણી કીર્તિ પણ નિષ્કલંક રહે એવો ઘાટ થાય તો સારૂં, એમ મારૂં કહેવું હતું; પણ આપે તેનો અવળો અર્થ કર્યો. મહારાજ! સર્વદા અમે આપની ઇચ્છાને આધીન છીએ. આધીન રહેવું

એ અમારો મોટો ધર્મ છે. આપની આજ્ઞા મળતાં અમે અમારો ધર્મ તરત બજાવીશું." પ્રધાને રાજાનો ભ્રમ દૂર કરવા વીરોચિત વાણીમાં જવાબ આપ્યો.

ક્ષત્રિયને શોભે તેવી ભાષામાં પ્રધાનનું બોલવું સાભળીને રાજા ખુશી થયો. તેનો ભ્રમ દૂર થયો. પોતાની પાસે આવાં નરરત્નો હોવાથી તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. થોડીવાર પછી તે શાંતિથી બોલ્યો:—" મંત્રેશ્વર ! તમે કહ્યું તે હું પણ સમજું છું, પણ તેવું શી રીતે બની શકે ! જો તેની માગણી સ્વીકારીએ છીએ તો જગતમાં ચિરકાળ સુધી અપકીર્તિ થાય છે. નથી સ્વીકારતા તો તેના ક્રોધ-જવાળાથી બચવું દુષ્કર છે. કહો, હવે આ બે રસ્તા વચ્ચે કોઇ ત્રીજો રસ્તો છે ?

"મહારાજ ! છે યે ખરો ને નથી યે ખરો."

"એમ કેમ ?"

"જો આપને તે પસંદ પડે તો ત્રીજો રસ્તો કહેવાય, ન પડે તો નહિ. કેમ ખરૂં ને ?"

"હવે આડી વાત પડી મૂકી જે હોય તે ઝટ કહી દો ને, કે જેથી તે સંબંધી વિચાર કરીએ."

"ત્યારે સાંભળો મહારાજ ! આપણે એક વખત તે ભૂપતિને વિનવીએ; કે તે પોતાની હઠ છોડી દે. તે દીલનો ભોળો છે, તેથી કદાચ આપણી વિનંતિ ધ્યાનમાં લેશે ખરો. પત્થર તળે ચગદાએલો હાથ કંઇ યુકિત વિના નીકળે તેમ છે ? બળ કરવાથી તો પીડાજ થવાની" પ્રધાને તૃતીય માર્ગનું દર્શન કરાવતાં કહ્યું.

"મંત્રેશ્વર ! એમ કરવાથી આપણે આપણું રક્ષણ કરવાને અશક્ત છીએ, ને તેનાથી ડરીએ છીએ એમ સમજી તે બમણો ગર્વિષ્ઠ બની, પોતાનો દુરાગ્રહ છોડશે નહિ."

"પણ મહારાજ ! કદાચ આપણી ધારણા પાર પડે તો એક પંથ ને દો કાજ સધાય—આપણી કીર્તિ જળવાય ને વળી સંપ પણ રહે. આપણા પર ધસી આવતું વિપદ્વાદળ દૂર થાય."

પ્રધાનનુ બોલવું સાંભળી રાજા વિચારમાં પડી ગયો. તેને પ્રધાનના વિચારમાં કંઇક સત્ય જણાયું. એટલે પાછો વધારે વિચાર કરવા લાગ્યો. માનસિક તુલામાં તે તુલના કરવા લાગ્યો. એક પલ્લામાં પોતાનું હિત ને બીજા પલ્લામાં દેશહિત મૂકયું. બંને પલ્લાં અનિમિષ દૃષ્ટિએ જોઇ રહ્યો. બીજું પલ્લુ કંઇક નમ્યું. તેની સાથે રાજાનું મન પણ નમ્યું. એટલે એકદમ અંતરોર્મિએ બંને પલ્લાં વિનષ્ટ કીધાં. તે સાથે રાજાના વિચાર પણ નષ્ટ થઈ ગયા. તે બોલ્યો:—'મંત્રેશ્વર ! તમને હજી સુધી તેના સ્વભાવનો યથાર્થ પરિચય નથી, તેથી કરીને તમે આમ બોલો છો, તેને ભોળો માનનારા પોતે ભૂલે છે. તેનો સ્વભાવ હઠીલો છે, તેથી પ્રાણાન્તે પણ તે આ દુરાગ્રહ છોડશે નહિ. તે મૂળથીજ ગર્વિષ્ઠ હતો, ને વળી વરનો સાથેના વિગ્રહમાં જય મળ્યો, સાથે રાજ-પદવી મળી, હવે તેના ગર્વનો અવધિ હોય ખરો કે !"

" હા મહારાજ! આપનું કહેવું યથાર્થ છે. રાજ-પદવી એવીજ ભયંકર છે, તેને જે પ્રાપ્ત થાય છે, તેને તે મદાંધ બનાવી દે છે. રાજ-ધુરા વહન કરવી, એ કંઇ જેવી તેવી વાત નથી. પ્રાણિમાત્રનું કલ્યાણ કરવું એ રાજાના હાથમાં છે. રાજા જો કાર્યદક્ષ હોય તો તે પ્રજાપ્રિય નીવડે છે. મહારાજ! હાલમાં તેવા રાજ્યકર્તાઓ તો ગણ્યા ગાંઠ્યાજ છે. આપ તેમાંના એક છો."

" અને કાર્યદક્ષ મંત્રીઓની પણ કાંઇ ઓછી જરૂર છે કે ?"

"મહારાજ! તે પણ ખરૂં. યૌવન, ધનસંપત્તિ, પ્રભુતા ને અવિવેક એમાંનું પ્રત્યેક અનિષ્ટકરઃ છે. તો પછી સૌ સાથે મળે તો શું બાકી રહે? વિશેષે કરીને રાજાઓની આવીજ સ્થિતિ હોય છે. યુવાવસ્થામાં પદવી મળતાં તેઓ પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. ઐક્યની અવધીરણા કરે છે, ચાટૂક્તિથીજ પ્રસન્ન થાય છે, ઉચ્છૃંખલ વૃત્તિઓને તૃપ્ત કરવામાંજ પોતાના કર્તવ્યની પરિસમાપ્તિ સમજી; મદમત્ત ગજરાજ નિરંકુશપણે અનેક વૃક્ષલતાઓનું નિકંદન કાઢી નાખે, તેમ મદમત્ત રાજાઓ પણ નિરંકુશ બની અનેક રાજ્યોનું નિકંદન કાઢવા તૈયાર થઇ જાય છે. રાજાને ઉપદેશ કરનારા તો ઘણાજ થોડા હોય છે. જ્યાં સર્વ તેની પ્રીતિ સંપાદન કરવા ઉત્સુક્ત દેખાતા હોય ત્યાં તેને ઉપદેશ આપવાનું સાહસ કોણ કરે! મહારાજ! આવા વખતેજ કાર્યદક્ષ મંત્રીઓની જરૂર છે. મંત્રીઓજ રાજાને અંકુશમાં રાખવા સમર્થ છે. મંત્રીરૂપ અંકુશ વિનાના રાજાઓજ સ્વછંદે વિચરે છે. તેવા રાજાઓ પ્રજાનું શું કલ્યાણ કરી શકે! તેમના અમલમાં ન્યાય અને સત્યની તો વાતજ શી કરવી!"

મંત્રેશ્વર! સાંભળ તું કહે છે તે બધું સત્ય છે. હાલના રાજ્યકર્તાઓ તેવાજ અનીતિમાન દેખાય છે. પણ યાદ રાખજે કે અંતે સત્યનોજ જય થવાનો, અસત્યનો નહિ. સત્યજ સૂર્યરૂપે પ્રકાશવાનું. પણ તેમાં એટલું ખરૂં કે જેમ સૂર્ય કોઇ વખત ઘન-અભ્રથી ઢંકાઇ જાય છે, તેમ વખતે સત્ય પણ ઢંકાઇ જવાનું; તથાપિ વખત આવતાં તે સૂર્ય પેઠે પ્રકાશવાનું, એમાં તો સંશય નહિજ. અત્યારે આપણા ઉપર આ એક વિપદ્‌વાદળ ચઢી આવેલું છે. તે વિખરાઇ જતાં આપણે પ્રકાશવાના. સત્યનો જય અને અસત્યનો પરાજય થવાનો, આમ બોલી રાજા વિચારમાં પડી ગયો. તેના મુખ-મંડળ પર આનંદ સૂચક ચિહ્ન જણાયાં પણ તે લાંબો વખત ન રહ્યાં. ધીમે ધીમે તેના મુખ પર શોકની લાગણી છવાઇ ગઇ. કંઇક વિચાર કરી તે બોલ્યો:—

" જો સાંભળ, આપણી દુર્દશા થવાનું આ એક ચિહ્ન છે. અત્યારે તેનું નિમિત્ત માત્ર આપણે છીએ. જો કદાચ લડાઇનો પ્રસંગ આવશે તો બેની લડાઇમાં ત્રીજો ફાવી જવાનો. પેલા દુષ્ટ યવનો આપણો વિધ્વંસ કરવા કટિબધ્ધ દેખાય છે તે ફાવી જવાના. કારણ કે અત્યારે પ્રદીપ્ત થએલો કુસંપાગ્નિ કંઇ થોડાથીજ શાન્ત નહિ થાય. જેમ યાદવાસ્થળીમાં અસંખ્ય યાદવોનો, અને કુરુક્ષેત્રમાં સર્વ કુરૂસૈન્યનો વિનાશ થઇ ગયો હતો, તેમ આ અગ્નિથી રાજપૂત રાજ્યોની પાયમાલી થઇ જવાની. કુસંપાગ્નિ ખૂણેખાચરેથી પણ રાજપૂતોને ભસ્મીભૂત કરશે. કદાચ જો

ક્ષય તેના પંજામાંથી બચી જશે તો તેમના કરમાં પેલા યવનો પરતંત્રતાની બેડી નાખશે. એટલે ધીમે ધીમે આપોઆપ તેમના શરીરમાંથી ક્ષાત્ર લોહી અદૃશ્ય થવાનું. તેમની પ્રજા તો ક્ષત્રિય નામને પણ લજાવે તેવી થશે. સુધાંશુની પ્રસૂતિમાં ઉષ્ણતાની આશા ક્યાંથી રખાય! જ્યારે એવો વખત આવશે, ત્યારે આ આપણી કૃપાણો બ્રાહ્મણ, વૈશ્ય ને શુદ્ર સરખા પણ ઝાલશે. ઝાલીને તેઓ તેને યશસ્વી તો નહિજ કરી શકે, પણ ઉલટા લજવશે. મણિનો ઉપયોગ કરતાં મર્કટને આવડેજ નહિ. ક્ષત્રિયો તો વૈશ્યનો ધંધો કરશે, અથવા તો દાસત્વ સ્વીકારશે. મ્લેચ્છોના અમલમાં તેઓ ભીરૂ બની સિપાઇના ડરથી પણ ઘરમાં ભરાઇ જશે. અરે જે કીર્તિ માટે અત્યારે આપણે સ્વાર્પણ કરવા તત્પર રહીએ છીએ તે કીર્તિ ભવિષ્યમાં નામ શેષ થશે. સર્વથા ભાવિ પ્રબળ છે. ભાવિ આગળ આપણે કંઇ પણ કરી શકીએ તેમ નથી? આમ બોલતો રાજા નિરાશાના સાગરમાં ડૂબી ગયો.

"મહારાજ! આપને નિરાશ થવાનું કારણ નથી. ભાવિ ગમે તેવા શાણા માણસોને પણ એક વખત ભૂલાવી દે છે. ગુર્જરેશ્વર અને આપણી વચ્ચે ચિરકાળથી અપ્રતિહત સંબંધ ચાલતો આવેલો છે. આવા ગાઢ મૈત્રી સંબંધને લીધેજ આપણા વડીલોએ તેમને અનેકવાર મદદ કરી હતી. આ સર્વ બાબત ભૂલી જઇ તે અત્યારે આપણી સાથે વિરોધ કરવા તૈયાર થયો છે, એ ભાવિ નહિ તો બીજું શું? શાસ્ત્રી મહારાજ કહે છે કે **राजा मित्रं केन दृष्टं श्रुतं वा**। રાજા કદિ કોઇનો મિત્ર જોયો કે સાંભળ્યો? આવી ઉક્તિ આવા ભૂપતિઓના આચરણ ઉપરથીજ ચાલતી આવી હશે. મહારાજ? હવે આપણે પરાપૂર્વથી ચાલતી આવેલી મૈત્રીને તિલાંજલિ આપ્યા વિના છૂટકો નથી. તેમ કરવાથી કદાચ લડાઇનો પ્રસંગ ઉપસ્થિત થશે, તો તે માઠું કહેવાય ખરૂં, પણ તેને યે આપણે મીઠું માનવું પડશે. તેમ ન માનીએ તો તે આપણને વખતો વખત સતાવે અને તેથી પરિણામ એ આવે, કે અંતે આપણો ભારબોજ ઘટી જાય, આપણે હલકા પડી જઇએ ને દુનિઆમાં આપણી કાયરમાં ગણતરી થાય. માટે ભાવિભયની દરકાર કર્યા વિના, અત્યારે ગુર્જર સામંતને ચોકખો જવાબ આપવો યુક્ત છે. લડાઇનો પ્રસંગ આવશે તો આપણ તેને ખુશીથી વધાવી લઇશું મહારાજ!"

લડાઇનું નામ સાંભળતાં રાજાનાં નેત્ર રક્ત બની ગયાં. તેમાંથી ક્ષાત્રતેજ બહાર નીકળવા માંડ્યું, ને તેથી તેનું મુખમંડળ પ્રથમ કરતાં દ્વિગુણિત પ્રકાશવા લાગ્યું. દાંતતળે નીચલો હોઠ ચગદાવા લાગ્યો. આખા શરીરે રોમાંચ અનુભવ્યો. કપાળે ઝીણી ઝીણી કરચલીઓ વળી, ને બંને ભ્રૂલતાઓ વક્ર થઇ ગઇ. તેનો વામહસ્ત મચ્છ ઉપર ને દક્ષિણ હસ્ત પાસે પડેલી તરવાર ઉપર નૃત્ય કરવા લાગ્યા. તે કેશરીવત્ ગર્જના કરી બોલી ઉઠ્યો:—"મંત્રી! હવે બસ થયું! જા મારો એ મંત્ર, મારી પુત્રીને વરવાની ઇચ્છા રાખનાર નરપિશાચને મારી સમશેર વરશે. હવે આપણે ડરવાનું કારણ નથી. જગજ્જનુનીની છાયામાં રહીને આપણે શા માટે ડરવું? આપણને માતાજીનો મોટો આધાર છે. તે દયાળુ દેવી આપણી ભુજાઓમાં સામર્થ્ય આપશે."

“મહારાજ! આપનું કહેવું સત્ય છે. વળી સાંભળો. ગુર્જરેશ્વરના સ્વભાવને આપ સારી રીતે જાણો છો, માટે હું કહું છું કે હવે તેનો વિશ્વાસ રાખવો યુક્ત નથી. સર્પને છંછેડી સાવચેત નહિ રહેવાથી સદા અનિષ્ટ પરિણામજ આવવાનું. માટે કાલે ગુર્જર સામંતને રવાના કરી, ગુપ્ત રીતે રાજકુમારીને અજમેર મોકલી દઇએ, ને સાથે ચૌહાણની મદદ પણ માગીએ. એમ કરવાથી આપણે નિર્ભય થઇશું.”

પ્રધાનના આવા દીર્ઘદૃષ્ટિવાળા વિચારોથી રાજા આનંદ પામ્યો. મંત્રીની કુશાગ્ર બુદ્ધિ જોઇ તેના પર તે ફિદાફિદા થઇ ગયો, તે બોલ્યો:—‘શાબાશ! મારા શાણા મંત્રી! જ્યાં સુધી તારા જેવા બુદ્ધિશાળી માણસો મારી પાસે છે, ત્યાં સુધી મને ડર શી રીતે હોય? તારા જેવાં રત્નોજ મારી કીર્તિ વધારશે.’ આમ કહી તે મંત્રીને ખૂબ જોરથી ભેટી પડયો ને હસિત વદને બોલ્યો:—‘પણ તેં શાથી જાણ્યું કે સામ્ભર પતિ આપણને મદદ કરશે?’

“મહારાજ ભૂતકાળનો પ્રસંગ સ્મરણમાં લાવો. જ્યારે કંધજ ને તુંવાર વચ્ચે જંગ મચ્યો, ત્યારે જેણે વગર કારણે વિજયપાળનો પક્ષ પકડી તુંવારોને હરાવ્યા ને ઠેઠ દિલ્હી સુધી પોતાની કીતિ પ્રસારી તે શું આ વખતે આપણને મદદ નહિ કરે? સોમેશ્વર રણપ્રિય છે અને કિર્તિનો ભુખ્યો છે માટે જરૂર આપણને મદદ કરશે.”

“ધન્ય છે પ્રધાન તારા દૂરદર્શી વિચારને! બસ, હવે જા, આપણો મંત્ર પૂર્ણ થયો. કાલે દરબાર ભરી આ વિચાર જણાવી દઇશું.”

રાજાની અનુજ્ઞા મળતાં પ્રધાન ઉઠી ઉભો થયો. એટલામાં રાજાને કાંઇક વિચાર થઇ આવ્યો. એટલે બોલ્યો. “બેસ, તને એક ગુપ્ત વાત પુછવાની હતી તે તો હું છેકજ ભૂલી ગયો.”

“મહારાજ! સુખેથી પૂછો.”

“હા હું પૂછું છું, પણ તે પહેલાં મારી એક વાત સાંભળી લે. જો હું તને જે વાત પૂછું તે બહાર જવી ન જોઇએ. તેમ થશે તો કંઇક વિપરીત પરિણામ આવશે હો!”

“મહારાજ! તે બાબતની આપ ચિંતા ન કરો.”

“ઠીક, ત્યારે હવે સાંભળ. આપણે આ વિચાર કર્યો પણ તે આપણા ભાયાતોને, અને અન્ય સામંતોને રૂચશે કે કેમ તે જોવાનું રહ્યું. તે સર્વ આપણા વિચારને મળતા હોય ત્યારેજ આપણો વિચાર ખરો કહેવાય. તે સર્વ રાજ્યના સ્તંભરૂપ છે. તેમને ગમતું કાર્ય આપણે કરીએ ત્યારેજ આપણી કીર્તિ વધે—તેઓજ આપણી કીર્તિ વધારવા સ્વયં તૈયાર થાય. આપણા ઉપર તેમનો પ્રેમ એજ આપણું અધિક બળ—એજ આપણું અમોઘ આયુધ. તેમની મરજી વિરૂદ્ધ આપણાથી કંઇ કામ થઇ શકે નહિ, અને કરીએ તો તેમાં યશ પણ ન મળે. અત્યારે આપણે સિંહની સાથે બાથ બીડવા જેવું સાહસ કરવાનું છે. બીજાઓની મદદ બાજૂ પર

રાખી તેમની મદદવડે ઝૂઝવાનું છે, અને તેમના હાથેજ આપણે યશ મેળવવાનો છે. વળી સાંભળ, રાજ્ય એક રથ જેવું છે, પ્રજા રથી છે, આપણે સારથી છીએ, અને સર્વ સામંતો અશ્વરૂપ છે. હાલમાં જે રસ્તે આપણે રથ હાંકવાનો છે, તે માર્ગ ઘણો વિકટ છે, તેથી આપણે અશ્વના બળ–ઐક્ય ઉપર આધાર રાખી ઘણી સાવચેતીથી ચાલવાનું છે. કદાચ જો રસ્તામાં અશ્વ થાકશે,–ઐક્યમુક્ત થશે, તો રથ અટકી પડવાનો. તે વખતે આપણાથી કંઇ થઇ શકશે નહિ. આપણે ગમે તેટલું સાહસ કરીશું, પણ તેમાં નિષ્ફળ નિવડીશું ને અંતે રથી લુંટાશે. માટે અશ્વની પૂરતી પરીક્ષા કરજે. તે સર્વ આપણા વિચારને મળતા છે, કે નહિ તે તારે ગુપ્ત રીતે જોવાનું, ને મને કાલે જણાવવાનું. આમાં જરાયે આળસ કરતો નહિ હો !"

રાજાનું બોલવું સાંભળી, પ્રધાન વિચારમાં પડ્યો. શા માટે રાજાને આવી શંકા થઈ હશે તેનું કારણ ખોળવા લાગ્યો, પણ કંઇજ જડયું નહિ. થોડી વાર પછી તે સ્મિત કરી બોલ્યો :–"મહારાજ, આપની શંકા વિચારણીય છે. તથાપિ અત્યારે તે અસ્થાને છે. સામંતો ને ભાયાતો ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. તેઓ સાચા છે, રાજ્યને વફાદાર છે, ક્ષાત્રતેજથી વિભૂષિત છે, સત્યના આસંગી છે. તેઓ સર્વ વિશ્વસનીય છે. મહારાજાની આજ્ઞા તેઓ શિરસાવંદ્ય ગણતા આવ્યા છે, ને ગણશે પણ ખરા. આપ તેમાં યત્કિંચિત પણ શંકા ન રાખો. આપના ઉપર તેમની પ્રીતિ છે. તેઓ સર્વ પોતાનો ધર્મ યથાર્થ સમજે છે, ને કીર્તિના ભૂખ્યા છે. માટે તેઓ કદાપિ આપના વિરોધી નહિ થાય. કદાચ વિરોધ હશે તોપણ અત્યારે તેને દાબી દઇ આપના વિચારને મળતા થઈ જશે. ગગનચુમ્બિત પરમારોની કીર્તિને વિશેષ ઉજ્જ્વળ કરવા તેઓ તૈયાર છે. મહારાજ, તેમના તરફની આપ બિલકુલ ચિંતા ન રાખો. તેઓ ભૂખ્યા વરૂની પેઠે યુદ્ધ–શિકારની રાહ જોતા બેઠા છે. જ્યારે આપ તેમને શિકાર કરવાનો સમય લાવી આપશો, ત્યારે તેઓ આપનો આભાર માનશે. સદ્ભાગ્યે હજી આપણામાં કુટુંબકલહ નથી, તેથી આપણું ઐક્ય આપણને અને આપણા વંશજોને અંત સુધી ટકાવી રાખશે. માટે સુખેથી આપ સામંતોને ભાયાતો ઉપર વિશ્વાસ રાખી આપનું કર્તવ્ય બજાવો."

"ઠીક છે, તથાપિ તું તપાસ કરવી ભૂલતો નહિ. જા, હવે બહુ મોડું થઇ ગયું છે. મારાં વચન રખે ભૂલતો."

'મહારાજનાં વચન મને સ્મરણમાં છે. તે હું કદિ નહિ ભુલું.' આમ બોલી પ્રધાન પોતાના આવાસ તરફ ચાલતો થયો, ને રાજા ઉઠી પોતાના શયનખંડમાં ગયો. ચિંતામુક્ત થવાથી મનમાં માતાજીનું સ્મરણ કરતો તે નિદ્રાધીન થઈ ગયો. થોડીવાર પછી તેનો આત્મા સ્વપ્નસૃષ્ટિમાં ચાલ્યો ગયો. ત્યાં જોયું તો સર્વત્ર રમણીયતા ! જાણે મઘવાના સ્વર્ગસદનમાં પોતે ફરતો હોય એવો ભાસ થયો ! જ્યાં જુએ ત્યાં કંઇ ને કંઇ નવીન ! નવીનતા નિરખતાં તેની નેત્રેન્દ્રિય તૃપ્ત ન થઇ. આનંદથી તે આગળ ચાલ્યો, એટલામાં હાથમાં ખડ્ગ ધારણ કરેલું એવી ચતુર્ભુજા દેવી તેના સન્મુખ આવી ઉભાં રહ્યાં. ચકિત નેત્રે રાજા કરદ્વય જોડી દેવીના પાદામ્બુજમાં નમી પડયો.

દેવીએ પ્રસન્નમુદ્રાએ પૂછ્યું; “ વત્સ ! અહીં શા માટે આવ્યો છે ? શા માટે ચિંતાતુર દેખાય છે ?”

“ જગજ્જનની ! મારી ચિંતાથી આપ અજ્ઞ નથી. કૃપા કરી હવે કંઇ માર્ગ બતાવો ” રાજાએ દીનભાવે પ્રાર્થના કીધી.

“ વત્સ ! ચિંતા કર નહિ. સત્યનો સર્વદા જય છે. પાપીઓને કોઇ દિવસ વિજય મળવાનો નથી. તેમને તેમના કર્મનાં ફળ ભોગવવાં પડશે. નીડરપણે તું તારૂં કર્તવ્ય બજાવ. ” આટલું બોલી દેવી અંતર્ધાન થઇ ગયાં. રાજા આશ્ચર્ય પામી ચોતરફ જોવા લાગ્યો. પણ ફરીથી દેવીનાં દર્શન ન થયાં. થોડીવારમાં તેની આંખો ઉઘડી ગઇ ને તે જાગૃત થયો. સ્વપ્નની સઘળી હકીકત તેને સાંભરી આવી. તે મનમાં વિચાર કરવા લાગ્યો. શું તે સાક્ષાત્ માતાજી હશે ? ના, ના, તેમ તો ન હોય. મારા જેવા પાપીને તે દર્શન આપવા કેમ આવે ? આતો મારા મનનો વિભ્રમ હશે. આમ વિચારગ્રસ્ત સ્થિતિમાં બેસી રહ્યો. થોડી વાર પછી પુનઃ દેવીનાં વચન યાદ આવ્યાં, એટલે તેની વિચારમાળા ફરવા લાગી. ‘ વત્સ તું શામાટે ચિંતા કરે છે, આવાં વચન બોલનાર મારી ચિંતા જાણતાં હોવાં જોઇએ. દેવી વિના મારી સ્થિતિ બીજું કોણ જાણી શકે ? નિઃસંશય એતો માતાજીએજ દર્શન આપેલાં. તેમનાં વચન કેવાં ન્યાય પુરઃસર ! કેવાં અભયદાતા ! ‘પાપી માણસોને કોઇ દિવસ વિજય મળવાનો નથી, એ શું મને કહ્યું હશે ! એ વિચારથી તેનું હૃદય દગ્ધ થયું, અંતરમાં પ્રદીપ્ત થએલા અગ્નિની ઉષ્ણ જ્વાળા ઉચ્છ્વાસરૂપે બહાર આવી, ને તેથી મુખ કરમાઈ ગયું. માતાજીનાં વચનો તે પુનઃ સ્મરવા લાગ્યો. કંઇક સ્મરણ થતાં તે આનંદ પામ્યો ને બોલ્યો; જો એ વચનો મારા સંબંધમાંજ કહ્યાં હોય તો ‘ નિડર થઈ તું તારૂં કર્તવ્ય કર. ’ એમ શામાટે કહે ! જરૂર તે તો ભીમના સંબંધમાંજ કહેલાં. મારે તો તેમના છેલ્લાં વચન સ્મરણીય છે. તેમની આજ્ઞાનું હું પાલન કરીશ. ‘ સત્યમેવ જયતે ’ એ વેદવાક્ય ખોટું નથી. દેવી સદા સત્યની મદદમાં છે. દુષ્ટ ગુર્જરેશ્વર અભિમાનથી ફુલાઇ જઈ, આવી વર્તણુક ચલાવે છે, તેથી દેવી શું રાજી હશે ! જો એવા પાપીઓનો જય થાય તો પૃથ્વી રસાતળ જાય, સૂર્ય પશ્ચિમમાં ઉગે ને મેરૂ ચલિત થાય. કુદરતની અગમ્ય લીલાનો કોઈ પાર પામી શકે તેમ નથી. ગર્વિષ્ઠ ભીમનો મારે હાથે પરાજય કરાવવો એવી દેવીની ઇચ્છા હશે તોપણ કોને ખબર છે ? જ્યારે પૃથ્વી ઉપર ધર્મનું ખંડન થાય છે. ત્યારે આવો પ્રસંગ આવે છે. ખરેખર પાપીઓનો ભાર ઓછો કરવા માટેજ, દેવીએ આ સમય ઉપસ્થિત કીધો હશે; અથવા મારી કીર્તિ વધારવા માટે પણ આવો સમય કાં ન લાવે ? હશે ગમે તેમ હો, પણ મારે તો મારો ધર્મ બજાવવો જોઇએ. ગુર્જરેશ્વરના ગર્વનું ખંડન કરવું, એ મારી ફરજ છે. એ ફરજ બજાવતાં દયાળુ દેવી અવશ્ય મને મદદ કરશે.

ચતુર્થ પરિચ્છેદ.

દુઃખભરની મનોવ્યથા.

પ્રભાત થઇ ગયું હતું. સર્વત્ર સૌન્દર્યનું સામ્રાજ્ય વ્યાપ્ત હતું. પ્રભાતનું સૌન્દર્ય કોને પ્રિય નથી લાગતું? વ્યાધિગ્રસ્ત મનુષ્યોને પણ કેટલો આનંદ થાય છે! સર્વથા પ્રભાત સમય અદ્વિતીય રમ્ય છે.

યૌવનપુરમાં પ્રવેશ કરતી બાલિકાનું ખેદયુક્ત લાવણ્ય આજ અપૂર્વ લાગતું હતું. સૌન્દર્યમાં નિરાશા વ્યાપ્ત હોવાથી, સુધા શું કૃષ્ણવર્ણું અભ્રમાં થઇ પસાર થતો હોય તેમ જણાતું હતું. વિખરાયેલો કેશકલાપ તેની કાન્તિમાં અપ્રતિમ વૃદ્ધિ કરતો હતો. તેનું યૌવન રૂપરાશિથી ઝળહળી રહ્યું હતું. ભગ્ન હૃદયમાંથી નીકળતા કંપિતકંપિત શબ્દો તેની અંતર્વ્યથા જણાવતા હતા. પ્રતિદિન સારિકાવત્ મધુર ટહુકા કરતી બાળા આજે કરપલ્લવમાં મુખકમળ છુપાવી રડતી હતી.

રાજકુમારી આજની આખી રાત્રિ ઉંઘી ન હતી. શય્યામાં પડી પડી તે વિચાર કરવા લાગી:—"તારાએ કહેલી હકીકત સત્ય છે. પિતાશ્રી પણ આજે ચિંતાતુર દેખાય છે. ગુજરેશ્વરને આમ કરવાનું કારણ શું હશે? કારણ તારાએ કહ્યું તેજ, બીજું નહિ. પણ તારા શામાટે તેનાં વખાણ કરતી હશે? શું તે પરાક્રમી છે માટે? ત્યારે તેમનુંય પરાક્રમ ક્યાં ઓછું છે? ગુજરાતના રાજાએ તો એકાદ બે વખત મુસલમાનોને હરાવી પાછા કાઢ્યા, પણ એમણે તો યવનોને ત્રણ ચાર વખત હરાવ્યા ને વળી કેદ પકડી દંડ લીધો! દેવગિરિની રાજકુમારી શશિવૃત્તા પણ જેના રૂપ–ગુણ–પરાક્રમ ઉપર મોહિત થઇ ગઇ, તે કંઇ સાધારણ રાજપુત્ર ન કહેવાય! તેમના જેવું રૂપ તો દુનિયામાં થોડાનુંજ હશે. ગુણ અને પરાક્રમમાં પણ તેવો બીજો ક્યાં છે? એમના જેવું સાહસ પણ બીજો કોણ કરી શકે! સુલતાનના શત્રુ હુસેનખાનને ચિત્રરેખા સાથે આશ્રય આપનાર ભારતવર્ષમાં બીજો કોણ છે? શરણાગતનું રક્ષણ કરવાનું કેવું અપૂર્વભૂત સાહસ! આવું સાહસ કરનાર ખરેખર વીર પુરૂષજ હોવો જોઇએ. વળી કાર્યદક્ષ અને પ્રજાપ્રિય ભૂપતિઓ પણ તેમના જેવા ભાગ્યેજ હશે. દેશમાં ઘણાએ મોટા મોટા રાજાઓ છે, પણ ભાટચારણો તો ફક્ત એમનીજ મુક્તકંઠે પ્રસંશા કરી છે. દેશમાં એમના જેવા રાજપુત્રો તો દુર્લભજ હશે. આવા વીર નરને હું શામાટે ન ચાહું? જીંદગી પર્યંત તે રાજરત્નને શુદ્ધ દિલથી ચાહીશ, ને તેમની ધર્મપત્ની બનીશ. દુનિઆ મને એ વીર નરની પત્ની તરીકે ઓળખે એ કંઇ જેવું તેવું માન ન કહેવાય."

આ વિચારથી રાજકુમારીના શરીરમાં શૌર્યનો આવિર્ભાવ થયો. તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. તેણે પૃથ્વીરાજ સાથેજ પરણવાનો દૃઢ નિશ્ચય કીધો, માનસિક લગ્ન પણ કરી દીધું. થોડીવાર પછી તેની વિચારમાળા તૂટી. તે સ્વસ્થ થઇ બેઠી, ને

પુનઃ વિચાર કરવા લાગીઃ—"પિતાશ્રી ગુર્જરસામંતને શો ઉત્તર આપે છે, તે હજી જોવાનું રહ્યું. તેય પણ હવે આજકાલ જણાશે. તારા કહેતી હતી તે વાત પણ ખરી. પિતાજી એકદમ તેની માગણીનો અનાદર કરી શકશે નહિ. લોકો કહે છે કે તેતો મુઓ બહુ જબરો છે, પણ તેથી શું થયું ? પિતાજી કંઇ કુલાભિમાન તજી તેની માગણી સ્વીકારે ? હશે તેમને ગમશે તે કરશે, પણ મારે હવે શું કરવું, તે સંબંધી કંઇ નિશ્ચય કરવો જોઇએ."

"કદાચ સ્વાભિમાન તજી પિતા તેની માગણી સ્વીકારશે તો હું તેમને અટકાવીશ, ને મર્યાદા ઉલ્લંઘીને તેમને મારો નિશ્ચય જણાવીશ. તેમ કરવા છતાં પણ જો તે નહિ માને તો પછી હું અવશ્ય આ દેહલતાને છેદી નાંખીશ. આ તનમન જેને એક વખત સમર્પિત થઇ ચૂક્યું, તે હવે કંઈ મિથ્યા થાય તેમ છે ?" પાસે પડેલી કટાર ભણી જોઇ તે બોલી; "બેન ! જોજે તું જરૂર પડે દગો કરતી નહિ હો ! પણ અરે હું આવા વિચાર શા માટે કરૂં છું ? શું તે મારાજ શોણિતમાં સ્નાન કરવા તૈયાર થશે? મારા શરીરમાંથી ક્ષાત્રતેજ નષ્ટ થઇ ગયું છે, કે હું આવા નીચ વિચાર કરૂં છું ? રાજપૂતો વિપત્તિની દરકાર કરતા નથી. કીર્તિને માટે તેઓ સ્વર્ગમાં જવા તૈયાર થાય છે. તેવા શુરાઓને શું તેમનીજ કન્યાઓ કલંકિત કરશે ? શું સિંહ બલિષ્ઠ છે, ને સિંહણ નિર્બળ છે ? એ સિંહણ તો જ્યારે છેડાય છે ત્યારે સિંહથી પણ અધિક બળ બતાવે છે. પ્રસંગ આવશે તો હું સિહણનો સ્વભાવ ધરી, પિતાની સાથે રણભૂમિમાં જઇશ. પણ કદાચ તેવો પ્રસંગ ન આવે તો શું કરવું ? પિતાજીના વિચારને સંમત થવું ? ના ના. સ્વધર્મચ્યુત થઇ જીવવામાં શું ફળ છે ? જો પ્રિતમને પત્ર લખું તો તે મને મદદ કરે ખરા, અને તેમ થાય તો પિતાની પ્રતિષ્ઠા જળવાય ને સાથે મારૂંયે કામ થઇ જાય. સર્વથા આમ કરવુંજ ઇષ્ટ છે. ત્યારે હવે ઇષ્ટ માર્ગે જતાં શા માટે વિલંબ કરવી ? લાવ પ્રિતમને પત્ર લખું." આમ બોલી શય્યામાંથી રાજકુમારી ઉઠી. પેટીમાંથી પત્ર કાઢયો. પત્ર સાથેજ તેને પોતાના પ્રિયતમની છબીનું દર્શન થયું. ચિત્રમાંજ દૃષ્ટિ નિશ્ચલ રાખી તે બેસી રહી. દરરોજ કરતાં આજે તે ચિત્ર તેને વિશેષ મનોહર લાગ્યું. દીર્ઘકાળ સુધી અનિમિષ નયને નિહાળવા છતાં, તેના ચક્ષુ તૃપ્ત ન થયાં, ઉલટાં તપ્ત થયાં. સ્વયંભૂ ઉદ્ભવેલી હૃદયોર્મિ અકસ્માત રીતે બહાર નીકળીઃ—

"પ્રાણેશ ! હૃદયવલ્લભ ! ! પ્રાણાધિક ! ? ! ફક્ત તમારી કીર્તિ સાંભળીનેજ હું તમારા પર મોહી પડી છું. હૃદય ત્યારનું તમનેજ સમર્પિત કીધું છે. તે તમારૂંજ ધ્યાન ધરે છે. સર્વથા હું તમારામાંજ લુબ્ધ બની ગઇ છું. મને સહાય કરો." આમ વિલપતી તે બાળા ચિત્રવશ થઇ ગઇ. નિશ્ચેતન બની બેસી રહી. જાણે ભગવાન્ મન્મથે રતિના વિભ્રમથી તેના શરીરમાં પ્રવેશ કીધો હોય, યૌવને તેને હૃદયશૂન્ય કીધી હોય, પ્રિય મૂર્તિની સૌન્દર્ય—સંપત્તિએ તેનું મન હરી લીધું હોય, કે ભાવિઆપત્તિએ તેને ભયભીત કરી દીધી હોય, તેમ તે સ્તબ્ધ બની ગઇ. પાષાણમૂર્તિવત્ તે સ્થિર બેસી રહી. થોડીવાર પછી શુદ્ધિમાં આવી એટલે ભગવાન્ પુષ્પધન્વાએ સહેજ

ઉપસાવેલા, યૌવનનું અભિજ્ઞાન આપતા, પ્રિયકરના સ્પર્શથી અભિલાષા ધરાવતા, સ્તનયુગ્મમાં કંપનો અવિર્ભાવ થયો. તે ભાવે આખું શરીર કંપાવ્યું. કંપથી હૃદયમાં અભિલાષ ઉત્પન્ન થયો, ને અંતે અભિલાષને આધીન થઇ, સહસા પ્રિયમિત્રને ભેટી પડી. તેને હૃદય સાથે દબાવી, જાણે પોતાનું હૃદય તેના હૃદયમાં સમાવી દેતી ન હોય, તેમ ચેષ્ટા કરવા લાગી. ચિત્રનું, સમયનું, કે સ્થળનું ભાન ન રહ્યું અને રહે પણ ક્યાંથી? જેનું હૃદય પરાધીન બની ગએલું છે તે આસપાસની સ્થિતિનો વિચાર શી રીતે કરી શકે? થોડીવાર પછી રાજકુમારી સાવધ થઇ, ને લજ્જાવત મુખે નીચું જોઇ રડવા લાગી. પવિત્ર હૃદયમાંથી ચક્ષુ વાટે અસ્ખલિત અશ્રુપ્રવાહ બહાર નીકળવા લાગ્યો. એવામાં પુર્વ પરિચિતા તેની સહચરી તારા ત્યાં આવી પહોંચી, તે બોલીઃ—

“ બેન ! આમ રૂદન કરવું શું તને યોગ્ય છે કે ? ” આમ બોલી તારાએ તેને શય્યાપર સુવાડી. રાજકુમારી નિરાશ થઇ પડી રહી. થોડીવાર પછી તે બેઠી થઇ ને તારાના ખોળામાં માથું મૂકી રડી, ને ભમ કંઠે બોલીઃ—“ બેન ! મારૂં આયુષ્ય લંબાવવામાં વિધિનો શો સંકેત હશે ? આ સૌન્દર્ય પણ શા માટે નષ્ટ ન થઇ ગયું ? ”

રાજકુમારીનાં શોકયુક્ત વચન સંભાળી તારા દિલગીર થઇ ને બોલીઃ—

“ બેન ! આમાં તારો શો દોષ છે, કે આમ અનિંદ્ય જીવનને નિંદે છે ? ”

“ કેમ નહિ ? તેને લીધેજ અત્યારે આવી સ્થિતિ છે ને ? ”

“ પણ તેથી શું થયું ? આમ રૂદન કર્યાથી કંઇ વળે તેમ છે ? ”

“ હવે હું શું કરૂં, તું કંઇ રસ્તો બતાવે છે ? ”

“ હા હું બતાવીશ, પણ હમણા નહિ. શું થાય છે તે જો પછી— ”

“ કેમ બંધ થઇ ઝટ કહી દેને ? ”

જો પેલા સલખ ભાઇ આવે છે. ઝટ સાવધ થઇ જા. તે કંઇ કારણથી આવતા હોય એમ જણાય છે. જો જે બાલ ! તારા મનની નિર્બળતા તે જાણી ન જાય. લે બેસ; હવે હું જાઉં છું. મોડેથી આવીશ. તું હવે જરાયે ચિંતા કરતી નહિ હો. ’ આમ બોલી તારા જે ખંડમાંથી બહાર નીકળી ગઇ. તે પછી થોડીવારમાં યુવરાજ સલખ ત્યાં આવી પહોંચ્યો.

પંચમ પરિચ્છેદ.

શલખ ને ઇચ્છન.

રાજકુમારીની અસ્વસ્થ સ્થિતિ જોઇ, સલખ તેનો મનોભાવ સમજી ગયો. પ્રિય ભગિનીનું અંતર્દર્દ જાણી તે ઘણો દિલગીર થયો. ને મનમાં પશ્ચાતાપ કરવા લાગ્યો. અત્યારેજ બહેનનું દુઃખ મટાડવા તેણે મનમાં નિશ્ચય કીધો. રાજકુમારીના શયન-ખંડમાં પ્રવેશ કરતાં તે ધીમેથી બોલ્યોઃ—

"પ્રિય ભગિની ! આમ ચિંતાતુર શા માટે દેખાય છે ?"

ભ્રાતાનાં વચન સાંભળી, રાજકુમારી જરા શરમાઇ. પોતાની આંતર્ સ્થિતિ જણાઇ જવાને લીધે તે સહેજ દિલગીર પણ થઈ. તેણે પાસે પડેલો પત્ર એકદમ ઢાંકી દીધો, ને પછી બોલીઃ "બન્ધો ! આ ભાગ્યહીન ભગિની પાસે અત્યારે આવવાનું શું પ્રયોજન ?"

"બ્હેન ! ભાગ્યને નિંદવાની કંઇજ જરૂર નથી. જે ઘટના બન્યા જાય છે તેમાં ભાગ્યનો કંઇ દોષ નથી. તારી ચિંતા ટાળવાના ઉદ્દેશથીજ અત્યારે હું અહીં આવ્યો છું."

"ભાઇ ! મારે લીધેજ અત્યારે સર્વ ચિંતા કર્યા કરે છે, તે જાણી મને દુઃખ ન થાય કે ? જે અન્યના દુઃખનું કારણ છે તેને સુખ શી રીતે હોય ?" રાજકુમારીએ આંખમાં ઝળઝળીઆં આણતાં કહ્યું.

રાજકુમારીનાં મૃદુ વચન સાંભળી સલખ ગળગળો થઇ ગયો. થોડીવાર પછી તે બોલ્યોઃ "બ્હેન ! તારૂં ધારવું ભૂલ ભરેલું છે. તારે લીધેજ આવો પ્રસંગ ઉપસ્થિત થયો છે એમ તારે જરાયે માનવું નહિ. આજ નહિ તો થોડા વખત પછી પણ એ પ્રસંગ તો આવવાનોજ હતો. વિધિએ એ પ્રસંગ નિર્માણ કરેલો હશે તેને કોણ ટાળી શકે ?"

"પણ ભાઇ કારણભૂત વસ્તુજ ન હોય તો પછી કાર્ય શી રીતે થાય ?"

"બ્હેન ! વિધિએ કા નિર્માણ કરેલું હોય એમ જણાય છે. કાર્ય કરવું એ તેની ઇચ્છા હોય છે, તેથી ગમે તે વસ્તુને તે કારણરૂપ બનાવે છે. ગુર્જરેશ્વર સાથે આપણે કુસંપ થવાનો હશેજ. તેને લીધેજ તેણે અવિચારથી આવું કારણ શોધ્યું છે. તે મદાંધના આ અવિચારી કૃત્યને હું સારી પેઠે સમજી શકયો છું."

રાજકુમારીએ ગંભીર ચહેરે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો. "ભાઇ ! તેનું આ અવિચારી કૃત્ય છે, એ આપ શી રીતે સમજી શક્યા ?"

"શું તે ગહન વિષય છે કે ન સમજી શકાય ?"

"ત્યારે તેનો ઉત્તર પણ તરતજ આપી દીધો હશે નહિ વારૂ ?" રાજકુમારીએ ટકોર મારતાં કહ્યું.

બ્હેનનાં વચન સાંભળી સલખ વિચારમાં પડી ગયો. અત્યાર સુધી અમરસિંહને ચોકખો જવાબ નહિ દીધેલો હોવાથી તે શરમાયો, ને બોલ્યોઃ "તેજ વખતે પિતાજીએ જેવો તેવો ઉત્તર તો આપ્યો છે, પણ હજી ચોકખો જવાબ આપ્યો નથી. હમણાં પિતાજી તે સંબંધી વિચાર કરે છે, એટલે હું કંઈ બોલતો નથી."

"ભાઇ કહો, ત્યારે પિતાશ્રી જેવા કાર્યદક્ષ પુરૂષ પણ જે વિષયપર એ ત્રણ દિવસથી વિચાર કરે છે, તે વિષય ગહન ન કહેવાય કે ?"

"બીજા વિચાર બાજૂપર મૂકી હવે લડાઇનાજ વિચાર કરવાના છે. પિતાજી પણ તે સંબંધી વિચાર કરતા હોય એમ મારા જાણવામાં આવ્યું છે. જે હશે તે હવે આજ જણાઇ જશે."

"શું યુદ્ધ કરવાનું છે ભાઈ? કોની સાથે યુદ્ધ કરવા ઇચ્છો છો?"

"હા. ગુર્જરેશ્વર ભીમદેવ સાથે યુદ્ધ કરવું પડશે."

"શા માટે?"

"આપણે તેની માગણી સ્વીકારીશું નહિ એટલે જરૂર તે અહીં ચડાઇ લાવશે. હમણાં તે અતિશય ગર્વિષ્ઠ બનેલો છે, માટે જ પીને બેસી રહેશે નહિ. જ્યારે તે અહીં ચડાઇ કરશે ત્યારે અમે તેની સામા યુદ્ધ કરવાના?

"ભાઇ! તેમ કરતા પહેલાં તમે તમારી શક્તિનો વિચાર કીધો છે કે?" રાજકુમારીએ સલખની કસોટી કરવા માટે પ્રશ્ન કર્યો.

"શું અહીં બેઠાં બેઠાં અમારા બળની પરીક્ષા? સુપ્ત સિંહની પરીક્ષા શી રીતે થાય? તે તો જ્યારે છંછેડાય ત્યારેજ તેનું સામર્થ્ય બતાવી આપે છે. બહેન અમે સિંહનાં બચ્ચાં છીએ, અમારી પરીક્ષા રણભૂમિમાંજ થવાની. જ્યાંસુધી અમારા રૂધિરમાં ક્ષાત્રજુસ્સો છે, ત્યાં સુધી અમે લડાઇથી કદિ ડરીશું નહિ. અમને અમારી શક્તિનો સંપૂર્ણ વિશ્વાસ છે."

"બન્ધો! શૃગાલ સિંહની સામા શી રીતે થઇ શકે? કદાચ સામું થાય તો તેમાં તેનું શું વળે?"

રાજકુમારીનાં વચન સલખના હૃદયમાં બાણની પેઠે સાલવા લાગ્યાં. તેનો જુસ્સો ઉછળી આવ્યો, ને આંખો લાલચોળ થઇ ગઇ. તે ગુસ્સાથી બોલી ઉઠયો.

"શું તું અમને શૃગાલ જેવા ગણે છે? અમારી પરીક્ષા તો સમરાંગણમાંજ થવાની. હું નહોતો ધારતો કે પરમારપુત્રીના મુખમાંથી આવાં ભીરૂતાનાં વચન નીકળશે. અરરર! સૂર્યની પ્રસૂતિમાં શીતળતા ક્યાંથી આવી!!" આમ બોલી સલખ છાનો રહ્યો. રાજકુમારીનાં વચન સાંભળી તેને શંકા થઇ, કે રખે તે ભીમદેવને ચહાતી હોય! આવા વિચારથી તેણે તેના પ્રતિ તિરસ્કાર ભરી દૃષ્ટિ નાખી, ને તેના સામું જોઇ રહ્યો.

સલખની શંકા રાજકુમારી ઝટ સમજી ગઇ. પોતાના વિષે ભાઇએ ઘણો હલકો વિચાર કર્યો. ને તેથીજ અંતિમ શબ્દો બોલ્યો એમ તેને જણાઇ આવ્યું. હવે પોતાની ઇચ્છા તેને જણાવી દેવાના હેતુથી તે બોલી:—"ધન્ય છે ભાઇ! તારા કુલાભિમાનને! પરમારપુત્રને શોભા આપે એવાં તારાં વચન સાંભળી મારી સઘળી ચિંતા નષ્ટ થઇ ગઇ છે. અત્યાર સુધી હું જે કંઈ બોલી છું તે તારી પરીક્ષા કરવાના હેતુથી. માટે તું તે તરફ જરાયે ધ્યાન આપતો નહિ. વળી હું બીકણ છું એમ ધારવું નહિ. સિંહનાં બાળક સિંહના જેવાંજ હોય છે. તારી સાથેજ પ્રસંગ આવે હું રણભૂમિમાં આવી, મારૂં સામર્થ્ય બતાવી આપીશ. વીરા! તું કોઈ જાતની ચિંતા ન કર. માતાજીની કૃપાથી તમને વિજય મળશે."

ઇચ્છનનાં વચન સાંભળી સલખનો ભ્રમ દૂર થયો. તે પ્રસન્ન થઇ બોલ્યો "બહેન! માતાજીની કૃપાથી આપણને ફતેહ મળશે. સત્યનો સર્વદા જય છે, અસ-

ત્યને નહિ. ધારો કદાચ રણભૂમિમાં જય ન મળ્યો તો તેથી શું થયું ? આપણી કીર્તિ પવિત્ર રહે એજ આપણો વિજય."

"હા ભાઇ તારૂં કહેલું સત્ય છે. જ્યાં સુધી તમે તમારૂં ગૌરવ જાળવવા પ્રયત્ન કરશો ત્યાં સુધી તે રહેશે. હારજીત હરિના હાથમાં છે, પણ પ્રયત્ન કરવો એ તમારૂં કામ છે. વીરા ! અંત સુધી એવા પવિત્ર વિચારનેજ વળગી રહેજો, ને પૂર્વજોની કીર્તિને ઉજ્જવળ કરજો."

પોતાનું ઇપ્સિત કાર્ય પૂર્ણ થએલું જાણી સલખ ઉભો થયો, એટલે ઇચ્છને તેને પૂછયું:—"તેં તારા આ વિચાર પિતાશ્રીને જણાવ્યા છે ખરા કે ?"

"ના, હજી સુધી જણાવ્યા નથી."

"કેમ ?"

"તેમના વિચાર પણ મારા વિચારને મળતા હશે તેથી. આજ દરબાર ભરાશે એટલે હું ત્યાં જવાબ આપીશ."

"પણ તે પહેલાં પિતાજીને પૂછી જોતા ખરા ?"

"એમાં પૂછવાનું શું હતું ?"

"ભાઇ એમ ન થાય. તારી સમજ ખોટી છે. જ્યાં સુધી વડિલ હોય ત્યાં સુધી તેમની સંમતિ લીધા વિના કાર્ય ન કરવું. ગમે તેટલુ તોય તું હજી બાળક છે. તારા વિચાર ગમે તેવા ઉત્તમ હોય તથાપિ તે અનુભવ વિનાના. માટે જા વડીલને જઇ મળ."

"ઠીક બેન, ત્યારે હું તેમ કરીશ. બેસ, હવે હું જાઉં છું."

"હા ભાઇ જા."

સલખના ગયા પછી રાજકુમારી એકલી પડી. અત્યારે તે ચિંતામુક્ત થઇ હતી. સલખનાં વચનથી તેનું હૃદય પ્રફુલ થયું. થોડી વાર સુધી તો તે ત્યાંજ બેસી રહી. પછી હરખાતી હરખાતી તેની માતા પાસે દોડી ગઇ.

ષષ્ઠ પરિચ્છેદ.

પરમારનો પ્રત્યુત્તર.

રાજા જેતસિંહનો દરબાર ચિકાર ભરાઇ ગયો હતો. રાજા તરફથી અમરસિંહને શો ઉત્તર મળે છે, તે સાંભળવા સર્વ આતુર દેખાતા હતા. થોડીવારમાં પ્રધાન સાથે અમરસિંહ દરબારમાં આવ્યો. તેમની પછી રાજા અને યુવરાજ સલખકુમાર પણ આવી પહોંચ્યા. સર્વ સભાસદોએ ઉઠી તેમને માન આપ્યું. રાજાએ પણ તેમનો યથાઘટિત સત્કાર કીધો. પછી સર્વ પોત પોતાના નિયત આસને બેસી ગયા, એટલે રાજા જેતસિંહે અમરસિંહને ઉદ્દેશીને કહ્યું:—

"ગુર્જરેશ્વરના માનનીય મંત્રેશ્વર ! આપના આગમનથી અમને ઘણો આનંદ થયો છે. તે આનંદ વ્યકત કરવા સર્વથા હું અશક્ત છું. તમારો યોગ્ય સત્કાર કરવા અમે બનતો પ્રયત્ન કીધો છે, તેમાં કોઇ વાતે ન્યૂનતા રાખી નથી; તેમ છતાં જો અમારી કંઇ ખામી રહી હોય, અગર તમારા પ્રતિ અઘટિત શબ્દો કહેવાયા હોય તો તે દરગુજર કરશો."

"બીજું મહારાજા ભીમદેવ પોતાના પત્રમાં જે સ્નેહયુકત વાકયો લખે છે, તે તેમના હૃદયનું યથાર્થ પ્રતિબિમ્બ છે. અમે તેટલા બધા માનને લાયક નથી."

"ગુર્જરેશ્વરના જેટલાજ અમે ભાવિપ્રજાના હિતચિંતક છીએ. ભવિષ્યની પ્રજાની ઉન્નતિ થાય તેવો પ્રયત્ન કરવા અમે હંમેશાં કોશિશ કરીએ છીએ. આપણું ને આપણા દેશનું ગૌરવ વિશેષ પ્રદીપ્ત થાય, ને તે ચિરકાળ સુધી ટકી રહે એવી અમારી પ્રબળ ઇચ્છા છે. તેવીજ ઇચ્છા રાખી આપણે પ્રયત્ન કરવો એ આપણું પ્રથમ કર્તવ્ય છે. એ અમે સારી પેઠે સમજીએ છીએ."

"યવનો આપણા ઉપર જીત મેળવવા પ્રયત્ન કરે છે. થોડા વખતથી તેમણે આપણા દેશમાં ધીમે ધીમે પગપેસારો કીધો છે, ને હિંદુસ્તાન માંહેલો કેટલોક ભાગ પણ જીતી લીધો છે. ગુજરાત ઉપર પણ તેમણે એકાદ બે હુમલા કર્યા હતા, પણ તેમાં તેઓ નિષ્ફળ નિવડયા હતા. વળી થોડા વખત પૂર્વે મહારાજા ભીમદેવે તેમની પુનઃ પાયમાલી કરી છે, એ કંઇ અમારી જાણ બહારની વાત નથી."

"આવી પરિસ્થિતિ હોવાથી હાલમાં આપણે સંપીને રહેવાની ખાસ આવશ્યકતા છે. મેં પ્રથમ કહ્યું તેમ આપણું ગૌરવ ટકાવી રાખવા, ને વધારવા અમને તીવ્ર ઉત્કંઠા છે. એવી ઇચ્છાથી અમોએ અત્યાર સુધી તમારી સાથે સંપ રાખ્યો છે. અમારા પૂર્વજોએ પણ તમારી સાથે કદિ વિરોધ કર્યો હોય, એમ અમારા જાણવામાં નથી. અમે હજી પણ શુદ્ધ અંતઃકરણથી કહીએ છીએ, કે આપણું વર્તમાન ગૌરવ ટકાવી રાખવાના તમે જે જે પ્રયત્ન કરશો, તે સર્વમાં અમે તમને યથાશકિત મદદ આપીશું."

"અમારી આવી ઇચ્છા હોવા છતાં, અત્યારે તમારી માગણી સ્વીકારવા અમે સર્વથા અસમર્થ છીએ. તમને પ્રથમ જણાવ્યું, કે મેં મારી પુત્રીનો વિવાહ અજમેર કરેલો છે. આ વાત તમે પ્રથમથીજ જાણતા હશો એમ મારૂં ધારવું છે. આમ હોવા છતાં તમે કોઇ પણ જાતનો વિચાર કર્યા વિના આવી અયોગ્ય માગણી કરો છો ને ઘણી શોચનીય વાત છે. જો તમે સહજ વિચાર કીધો હોત તો આવું કામ કદાપિ કરત નહિ. ભલે ગમે તેમ હોય, પણ આ તમારી માગણીથી અમે અમારૂં અપમાન થએલું સમજીએ છીએ, અને છે પણ તેમજ."

"અમને મોટી મોટી લાલચો આપી લોભાવવા માટે પ્રયત્ન કરશો, તો તે સર્વ ફોકટ જશે. યાદ રાખજો, કે પરમાર રાજપૂતો શુદ્ર લાભમાં લુબ્ધ બની પોતાની પ્રતિષ્ઠા ગુમાવશે નહિ."

“ વળી તમે અમને જે ભય બતાવો છો તે ભયથી અમે ડરીએ તેવા નથી. અમે અમારૂં રક્ષણ કરવા સમર્થ છીએ. અમે તમારી કે અન્યની સહાય મેળવવા ઇચ્છતા નથી.”

“ તરવારના બળથી મદાંધ બનેલો તમારો ભૂપતિ મોટી મોટી લાલચો આપી ને સાથે ભય બતાવી પરમાર જેવા પવિત્ર કુળમાં જન્મેલી કન્યાની માગણી કરે, એ કેટલી નવાઈ! જેના પૂર્વજોએ વણિક કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં તે રાજા અમારી પુત્રી સાથે લગ્ન કરવા શું યોગ્ય છે કે? જો તેણે પોતાની યોગ્યતા વિચારી હોત તો કદી આવી માગણી કરતજ નહિ. અમરસિંહ તમે ત્યાં જઇને ચોકખું કહી દેજો, કે પરમાર રાજાએ પોતાની પુત્રીનો વિવાહ અજમેર કરી દીધેલો છે, તે હવે મિથ્યા થાય તેમ નથી. તેને માટે હવે તમે પ્રયત્ન કરશો નહિ. કદાપિ પ્રયત્ન કરશો તો તે સર્વ ફોકટ જશે. અગ્નિકુંડમાંથી પ્રકટ થએલા પરમારો યાવજ્જીવન પોતાના કુળની કન્યા તમને આપશે નહિ.”

“ વળી સાથે એમ પણ કહેજો, કે હજી પરમારો નિર્બળ થઇ ગયા નથી. અમારી શિરાઓમાં ક્ષાત્ર લોહી ધબકારાબંધ વહે છે. અમારી કીર્તિનું રક્ષણ કરવા અમે કદી પાછા હઠીએ તેવા નથી. જીવન કરતાં કીર્તિને અમે વિશેષ વહાલી ગણીએ છીએ. તેના રક્ષણ માટે અમે અમારૂં સર્વસ્વ તજી દઇ સ્વર્ગમાં જતાં પણ ડરીશું નહિ. યાદ રાખજો કે અહીં યવનો સાથે યુદ્ધ કરવાનું નથી. પણ અગ્નિકણ જેવા શૌર્ય પ્રભાથી ધગધગતા પરમારો સાથે સમરાંગણમાં ઉભા રહેવાનું છે. માટે જે કામ કરો તે સંપૂર્ણ વિચાર કરીને કરજો, કે પાછળથી પસ્તાવું પડે નહિ.”

“ કદાચ તમે મદાંધ બનેલા હોવાથી આ મારા કહેવા ઉપર ધ્યાન નહિ આપો અને અહીં ચડાઇ લાવશો; તો તેથી તમારી ઇચ્છા પૂર્ણ નહિ થાય, પણ પાકી ખુવારી થશે. તમારામાંનો એક પણ માણસ પાછેગુા જરાત જઇ શકશે નહિ. માટે ત્યાંથી નીકળતા અગાઉ રાજવહિવટની પાકી ગોઠવણ કરીને આવજો, કે પછી નિશ્ચિત થઇ લડતાં ફાવે.”

“ હવે છેવટે અમે એટલુંજ કહેવા માગીએ છીએ કે જો તમે શુદ્ધ અંતઃકરણથી આપણી, અને સાથે આખી હિંદુ પ્રજાની ઉન્નતિ ચહાતા હો, તો ભાવિભયનો વિચાર કરી આ દુરાગ્રહ છોડી દેજો. તેમ કરશો તો અમે તમારા ઉપર કોઇ પણ જાતનું વૈર રાખીશું નહિ, પણ ઉલટા ખુશી થઇશું; અને તમારી સાથે ભળી તમારા હરેક કાર્યમાં સંપૂર્ણ મદદ કરીશું.”

રાજાનાં ઉપર્યુક્ત વચનો સાંભળી સલખ પ્રસન્ન થયો. લડાઇનું નામ સાંભળી તેના શરીરમાં શૌર્ય ચડી આવ્યું, આંખો લાલચોળ થઇ ગઇ, ને આખું શરીર કંપવા લાગ્યું. તે હાથમાં તરવાર લઇ એકદમ ઉભો થયો ને બોલ્યો;—“ સરદારો! એક બે નાની સરખી લડાઇમાં જીત મેળવવાથી ગર્વિષ્ઠ બનેલા ભીમદેવની માગણી તમે જોઇ કે? શું પ્રતાપી પરમારો, તેની આવી અધમ માગણી સ્વીકારી પોતાની

પ્રતિષ્ઠા ગુમાવશે ! કદાચ તેણે આ આખુ રાજ માગ્યુ હોત, તો તે હું તેને ખુશીથી આપી દેત, પણ અફસોસ કે તે મારી કીર્તિ કલંકિત કરવા તૈયાર થયો છે. સનાતન ધર્મથી ભ્રષ્ટ થઇ જૈન ધર્મ પાળનાર, યતિઓની વશીકરણ વિદ્યાથી અમાવાસ્યાને દિવસે ચન્દ્ર ઉગાડનાર, અને ઉચ્છૃંખલ વૃત્તિથી અધમ કર્મ કરનાર, તે ભૂપતિ હજી પરમારોના પરાક્રમથી ક્યાં જાણતો થયો છે ? શું માળવાપતિ જેવા અથવા યવનો જેવા સર્વ રાજાઓ હશે, કે તેનાથી ડરી જશે ? પરમારોના અને તેમના રૂધિરમાં જમીન આસમાન જેટલો તફાવત છે, તે તેને આપણે સમરાંગણમાં બતાવી આપીશું, પાપીઓને તેમના કૃત્યનાં ફળ ચખાડીશું, આબુની તૃષાર્ત ધરતીને તેમનાં રૂધિરનું પાન કરાવી તૃપ્ત કરીશું, ને આપણી કીર્તિને ગગનચુમ્બિત કરી તેનો પ્રકાશ આખા આર્યાવર્તમાં ફેલાવીશું. જ્યારે આપણે એવો સમય સાધીશું ત્યારે આપણા પૂર્વજો પ્રસન્ન થશે, આપણાં નામ અમર થશે, આપણી કીર્તિ અખંડિત રહેશે, અને આપણો આત્મા પણ શાન્તિ પામશે."

"તે કુલાંગાર તેના પ્રચંડ દળથી મદોન્મત્ત બની ગયો છે, પણ વિચાર નથી કરતો કે નાનો સરખો અંગારો કરોડો મણની ઘાસની ગંજીને બાળી ભસ્મીભૂત કરવા સમર્થ છે; નાનો સરખો દીવો અગાધ અંધારાનો ઉચ્છેદ કરી પ્રકાશ આપવા સમર્થ છે; અને નાનું સરખું સિંહનું બચ્ચુ સેંકડો શિઆળવાંનો શિકાર કરવા શક્તિમાન છે"

"અલ્યા અમર ! શું તું પણ દુષ્ટ છે, કે આવી નીચ માગણી લઇ અહીં આવતાં તને શરમ ન આવી ? જો તું મારા સામો સમશેર લઇ આવ્યો હોત, તો મેં તને ક્યારનોય સ્વર્ગમાં મોકલી તારા નામને ખોટું કરાવી દીધું હોત. પણ અફ્સોસ ! અત્યારે શું કરૂં. આ વખત તેવો નથી. તેમ કરવાથી મારી તરવારને કલંક લાગે. શું ભીમદેવના સર્વ સામંતો પણ તારા જેવાજ છે કે ? હા, તે સૌ તારા જેવાજ હશે, નહિ તો આવો વખત ન આવે. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' એ કહેવત સર્વથા સત્ય છે. તમારો વિનાશકાળ પણ હવે પાસે આવેલો જણાય છે, નહિ તો આમ તમારી મતિ ભ્રષ્ટ ન થાય."

"દુષ્ટો ! પારકી પુત્રીની માગણી કરતાં તમને જરાયે શરમ ન આવી કે ? અનેક લાલચો આપી, અમને લલચાવતાં પણ તમને વિચાર ન થયો ! શું અમે નિર્બળ થઇ ગયા છીએ, કે તમારો આશ્રય ગ્રહણ કરી નિર્ભય થવા ઇચ્છા રાખીએ ! સિંહ પોતાનું રક્ષણ કરવાનું કામ બીજા કોઇને સોંપે છે કે ? રે, તેને કોનો ડર છે કે તે એમ કરે ! કદાચ આકાશ ને પાતાળ એક થાય, પૃથ્વી રસાતળ જાય, ચન્દ્રમાંથી ધગધગતા અંગારા ઝરે, સૂર્ય પશ્ચિમમાં ઉદય પામે, મેરૂ પોતાનો અચળ ધર્મ તજી દે, સમુદ્ર મર્યાદા મૂકે, તથાપિ આ પરમારો પોતાની કુળકીર્તિને ડાઘ પડવા નહિ દે. તેઓ શૂરા છે, ને મરતાં સુધી શૂરા રહેશે. પરમાર પેઢીનું પુણ્ય હજી પરવાર્યું નથી. જા, તારા રાજાને જઇને કહેજે કે બીજા રાજાઓ પેઠે પરમારો તારાથી ડરી જાય તેવા નથી. તેઓ લાભના લોભથી પતિત નહિ થાય. શૂરાઓ હંમેશાં સત્યથી લડે છે. તેઓ લાલચો આપી કે પ્રપંચ રચી પોતાની ઇચ્છા પૂર્ણ

કરવા ઇચ્છા રાખતા નથી. માટે જો બળ હોય તો લડાઇ માટે તૈયાર થઈ રણક્ષેત્રે આવજો, એટલે ત્યાં આ અમારી શમશેરો તમને વરશે."

સલખના ભાષણથી અમરસિંહ સ્તબ્ધ બની ગયો. શું બોલવું એ તેને સૂઝ્યું નહિ. પોતે ચાર દિવસ સુધી જે પ્રયત્ન કીધો હતો, તે સર્વ નિષ્ફળ નીવડેલો જાણી તે હતાશ થઇ ગયો. હવે પરમારો ડરી જઇ પોતાની માગણી સ્વીકારશે નહિ એ તેને સ્પષ્ટ સમજાયું. તેથી તે મૌન ધારી બેસી રહ્યો.

ગુર્જરપ્રધાનને આપેલો જવાબ સાંભળી સર્વ સભાસદો ખુશી થયા. તેમના શરીરમાં ક્ષાત્રજુસ્સો પ્રકટી નીકળ્યો, અને તે ચક્ષુરેન્દ્રિયમાંથી બહાર નીકળવા લાગ્યો. રાજા જેતસિંહે પુનઃ ઉભા થઇ કહ્યું:—

"અમર! અમારી પાસે જીવસાટે લડનાર પરમાર યોદ્ધાઓ છે. વળી અમારા બળ સિવાય આ ગાદીને તાબે ૧૮ ગાદીઓ છે, તેમના તરફથી પણ અમને જરૂર પડે મદદ મળી શકે તેમ છે. નેવું લાખ રણધીર રાજપૂતોનું સૈન્ય મારવાડમાં છે. હુકમ આપતાં તે સર્વ અહીં આવી પહોંચશે. તેમાંનો દરેક યોદ્ધો તમારામાંના દશદશ યોદ્ધાનું શોણિતનું પાન કર્યા વિના તૃપ્ત થાય તેવો નથી. વળી સોમેશ્વર ચૌહાણ, કે જેણે વિજયપાળ રાઠોડને એક વખત હરાવ્યો હતો તે અમને મદદ કરશે, તારા રાજાને કહેજે કે ઇચ્છા હોય તો સામો આવે. અમે તમને આવકાર દેવા તૈયાર થઇ રહ્યા છીએ. રણભૂમિમાં તમારી સાથે આ તરવારોથી સંબંધ જોડી, તમારી મેમાનગીરી કરીશું. ચકોર જેમ ચન્દ્રની, ચાતક જેમ વર્ષાની અને કમળ જેમ સૂર્યોદયની માર્ગ પ્રતીક્ષા કરે તેમ અમે પણ યુદ્ધ પ્રસંગની રાહ જોતા બેઠા છીએ. સુભાગ્યે તે પ્રસંગ પ્રાપ્ત થશે તો આ પરમારો પોતાનું પાણી બતાવી આપશે."

ઉપર્યુકત જવાબ આપ્યા પછી, અમરસિંહને પુષ્કળ કીમતી ભેટ સોગાદ આપી ગુજરાત તરફ વિદાય કરવામાં આવ્યો.

સપ્તમ પરિચ્છેદ.

ભાવિભય સામે તૈયારી.

અમરસિંહને વિદાય કીધા પછી રાજા જેતસિંહની ચિંતા વધી પડી. ભાવિ આપત્તિ તેને દૃષ્ટિગોચર જણાવા લાગી. ચારો મારફતે તેણે ભીમદેવની ચઢાઇની સઘળી તૈયારી જાણી, ત્યારે તેને ખાતરી થઇ કે હવે થોડાજ વખતમાં યુદ્ધનો આરંભ થશે, માટે વેળાસર તૈયાર થઇ રહેવું જોઇએ. લાંબો વિચાર કર્યા પછી તેણે પોતાનો ખાસ દરબાર ભર્યો. આ દરબાર સરદાર—ગૃહના નામથી ઓળખાતો હતો. તે બપોર પછીના વખતમાં અથવા કોઈ વખતે રાત્રે કોઈ ખાસ કામ સંબંધી મંત્ર કરવા ભરાતો હતો. આ સરદાર—ગૃહ અચળગઢના દુર્ગગઢમાં આવેલું હતું. તેમાં

સરદારો અને આત્મીયજનો સિવાય અન્ય કોઇને બેસવાનું સ્થાન મળતું નહિ.

થોડાજ વખતમાં રાજાજ્ઞાથી દરબાર ખીચોખીચ ભરાઇ ગયો. ભાયાતોને આત્મીયજનો વિચારનિમગ્ન બની તેમાં બેઠા હતા. આજે દરબાર ભરવાનું કારણ ઘણા ખરાના જાણવામાં હતું, એટલે તે કોઇને જણાવવાની જરૂર ન હતી. સર્વને હાજર થઇ ગએલા જોઇ રાજા જેતસિંહે બોલવાનો આરંભ કર્યો:—

"ભાઇઓ આપણે આપણા હાથેજ સૂતેલો સિંહ છંછેડવાનું સાહસ કરેલું છે. ખરૂં જોતાં તે સાહસ નથી, પણ આપણી ઉજ્જવળ કીર્તિને નિષ્કલંકિત રાખવાનો પ્રયત્ન છે. હવે થોડાજ વખતમાં આપણી શમશેરોનું પાણી બતાવી, આપણે અલભ્ય પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બનીશું. પાપી ભીમદેવે મદોન્મત્ત થઈ, વિના કારણે આપણી સાથે વૈર બાંધ્યું છે; માટે તેનો બદલો આ સમશેરોથી આપી, આપણી ચિરકાળની તૃષાર્ત ભૂમિને તૃપ્ત કરીશું. આપણી કીર્તિ વધારવાનો આ અમૂલ્ય લાભ માતાજીએ આપેલો છે, માટે આપણે તેમનો ઉપકાર માનવો જોઇએ. પ્રસંગ આવે આપણે આપણી બહાદુરી બતાવી આપણા સ્વર્ગસ્થ પિતૃઓને સંતુષ્ટ કરીશું. આ લડાઈ આપણી કીર્તિના રક્ષણ માટે લડવાની છે. સત્ય આપણા પક્ષમાં છે—આપણે સત્યના સેવક છીએ તેથી આપણે અવશ્ય વિજયી થઇશું. ઇશ્વર પણ સત્યનો સહાયક છે. પાપીઓને તે કદિ વિજય આપતો નથી. ભીમદેવ પાસે ભલે મોટું સૈન્ય છે, પણ સત્યની તેને મદદ નથી, એટલે તેનો જય શી રીતે થવાનો છે? આમ છે તદપિ આળસ કરી બેસી રહેવાનું નથી. પણ લડાઇ માટેની સંપૂર્ણ તૈયારી કરી રાખવાની છે. શત્રુ અહીં આવે તે પહેલાંજ આપણે આપણા રાજ્યનો પાકો બંદોબસ્ત કરી દેવો જોઇએ, કે જેથી આપણા મુલકમાં તે પ્રવેશ કરે કે તરત તેનું સન્માન કરવા માટે સામા જવાનો વખત મળે. એવી એ અલભ્ય લાભ આપણે એકલાએ લેવાનો નથી, પણ આપણા મળતીઆઓને પણ તેમાં થોડો ભાગ આપવાનો છે. માટે તે સૌને ઉતાવળે ખબર પહોંચાડવાની પેરવી કરો, કે જેથી તે સર્વ પુરતી તૈયારી કરી; પોતપોતાના સૈન્ય સાથે ગુર્જરપતિને આવકાર આપવા અહીં આવી ભેગા થાય. પ્રથમ ખબર ટોડાધિપતિને આપો, કારણ કે તે આપણી પાસે છે, ને આ રાજના ખરા વફાદાર છે. તે આવી પહોંચશે એટલે કેટલુંક કામ તેમને સોંપી દઇ આપણે બીજા કામમાં ભળીશું. વળી બીજા મળતીઆઓને અને ચૌહાણપતિને પણ ખબર આપો, કે જેથી સૌ અહીં આવી ભેગા થાય. આપણા રાજ્યમાં ઠામઠામ અને વિશેષે કરીને પાટનગરમાં અનાજપાણીનો ભંડોળ એકઠો કરવાની પેરવી કરો. રાજ્યના સઘળા કિલ્લા સમારવાનું કામ પણ શરૂ કરો, ને તેમાં અનાજ પાણી તથા હથિયારોનો બહોળો સંચય કરો. અનાજ ઉપર આપણો બધો આધાર છે, તેને લીધેજ આપણે ટકી રહેવાનું છે, માટે તેની ખાસ કાળજી રાખવાની છે. આપણા રાજમાં જે અનાજ છે તે ગમે ત્યારે કામ આવશે, માટે હાલમાં બહારગામથી અનાજ લાવવાની વેપારીઓને અને વણજારાઓને ચેતવણી આપો. હથિઆરો દુરસ્ત કરવા ને નવા તૈયાર કરવા કારીગર લોકોને હુકમ આપી દો, કે જેથી તે કામની ચિંતા ન રહે. જે

શત્રુ કદાપિ અણુચિંતવ્યો હુમલો કરશે, તો આપણને સઘળી વાતની તૈયારી કરવાનો વખત મળશે નહિ; અને તેથી આપણી ધારેલી ધારણાઓ નિષ્ફળ નિવડશે, માટે અત્યારથીજ સૌ પોતપોતાનું કામ કરવા મંડી પડો.”

શૂરા સામંતો ! આ રાજ્યમાં વસતા ભીલો પણ આપણું અગત્યનું અંગ છે. માટે તેમને પણ ઉતાવળથી લડાઇ માટે તૈયાર થવાની ખબર આપી દો. આપણને તેમની ખાસ જરૂર છે, તે ખરા રાજભક્ત છે, ને મરતાં સુધી આપણી સેવા કરતાં પાછા હઠે તેવા નથી. વખત આવે શત્રુને કેમ પજવવો, કઇ જગોએ શત્રુદળને ઘેરી લેવું, કયાં ઉભા રહી લડાઇ કરવી, ને પાછાં હઠતાં કઇ જગાએ સંતાઈ જવું: એ સર્વ બાબત જે લોકો આપણાથી સારી પેઠે સમજે છે. તે લોકોને વેળાસર ખબર આપીએ તો ભાલા તીરકામઠાં ને દુશ્મન પર ગબડાવવાના મોટા મોટાપત્થરોનો તે યોગ્ય જગાએ સંગ્રહ કરી મૂકે. વળી ગામે ગામ પડો વગડાવી આ ખબર જણાવો, કે જેથી સઘળા લડાયક માણસો અહીં આવી પહોંચે. હવે વર્ષાઋતુ પુરી થઇ ગઇ છે, ને ખેતરોમાં પાક પણ સારો થયો છે માટે ખેડૂત લોકો પોતાના ખેતરનો ઉભો પાક લે તેવી ખબર આપો. જો તેમને ખબર નહિ પડે તો તે બિચારા માર્યા જશે ને રાજ્યકોષ પણ ભરાશે નહિ. વળી મોટું નુકસાન તો એ થાય કે આપણને અનાજની તંગી પડે ને દુશ્મનો આપણુંજ અનાજ ખાઇ આપણા સામા લડે. એવું વિપરિત પરિણામ ન આવે તે માટે સૌ ઉતાવળથી બંદોબસ્ત કરી દો. એટલી તૈયારી કર્યા પછી યુદ્ધનો આરંભ કયાં, ને શી રીતે કરવો તે સંબંધી વિચાર કરવો બાકી રહે છે. અનુભવી સામંતો ! આ વિષે તમારો કેવો અભિપ્રાય છે તે જણાવો કે જેથી તેનો નિર્ણય કરી ગોઠવણ કરીએ.”

“મહારાજ ! શત્રુ પાસે મોટું સૈન્ય છે. તેના સૈન્યની સરખામણીમાં આપણું સૈન્ય કંઇ વિસાતમાં નથી. માટે સપાટ પ્રદેશમાં ઉભા રહી યુદ્ધ કરવું આપણને ફાવશે નહિં. આપણે આગળ જઇ લડાઇ જોડવાની જરૂર નથી. માતાજીની કૃપાથી આપણી પાસે આબુગઢ છે, તે અજિત છે, માટે આપણે અહીં રહી લડાઇ કરીશું. પાટનગરનું રક્ષણ કરવા માટે ત્યાં થોડા શૂરા સૈનિકો મૂકીશું, તે લોકો ત્યાં રહી પોતાનો બચાવ કરશે ને જરૂર પડશે તો આપણને પણ મદદ આપી શકશે. ગઢ ઉપર રહી લડવું આપણને ઠીક પડશે; કારણ કે ઉંચી જગાએથી બાણ, ગોળી, ને તીર કામઠાંનો વરસાદ વરસાવી આપણે દુશ્મનને કાયર કરીશું, ગઢ ઉપરથી તોપો પણ સારૂં કામ કરી શકશે. દૈવવશાત્ કદાચ આપણને પાછા ફરવાની જરૂર પડશે, તો દુશ્મન આપણા પર એકદમ છાપો મારી આપણને હાનિ કરી શકશે નહિ. પાછા હઠી આપણે ખીણોમાં ને ઝાડીમાં ભરાઇ રહી લડાઇ ચલાવીશું. માળવા તરફથી અને રાજધાની તરફથી આપણને મદદ મળી શકે એમ છે, માટે તે બંને નાકાંનું સાવચેતીથી રક્ષણ કરવાની જરૂર છે. આમ કરવાથીજ આપણે બહુ ઓછું નુકસાન ખમી વિજય મેળવી શકીશું.” પ્રધાને સુ-દૂર દૃષ્ટિથી પોતાનો અભિપ્રાય જણાવ્યો.

“મહારાજ ! મંત્રેશ્વરનું કથન પ્રશંસનીય છે. તેમના કહ્યા પ્રમાણે કરવાથીજ આપણને લાભ મળશે. તે ઉપરાંત આપણે બીજી એક અગત્યની બાબત ઉપર ધ્યાન

આપવાનું છે. મરૂભૂમિમાંથી અને અન્ય મંડળેશ્વરો તરફથી તો આપણને ઝટ મદદ મળી શકશે, પણ અજમેર આપણાથી દૂર છે માટે ત્યાંથી મદદ આવતાં વાર થશે. દુરાગ્રહી ને ગર્વિષ્ઠ ચાલુક્ય આપણને સારી પેઠે ઓળખે છે, તેથી તેણે પ્રથમથીજ ધાર્યું હશે કે આપણે તેની માગણી સ્વીકારીશું નહિ. જો આ મારી ધારણા સત્ય હોય તો તે પ્રથમથીજ યુદ્ધની તૈયારી કરી બેસી રહ્યો હોવો જોઇએ. હવે તે અમરસિંહને મોઢેથી આપણે દીધેલો જવાબ સાંભળી, એકદમ કુચ કરી અહીં આવશે. અત્યારે જો આપણે આળસ કરી બેસી રહીશું, તો આપણી સઘળી તૈયારી નકામી જશે; ને આપણે આટલું બધું સાહસ કર્યું છે, તે સર્વ ઉપર પાણી ફરી વળશે. હારજીત એ હરિના હાથમાં છે. આપણનેજ વિજય મળશે, એમ કંઈ કહી શકાય નહિ. વિધિવશાત્ આપણે પ્રયત્ન કર્યા છતાં પણ નિષ્ફળ નિવડીએ તો દુશ્મનો આપણું પાટનગર કબજે કરે, ને પછી રાજકુટુંબની પાયમાલી કરી નાંખે. જેને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી દુશ્મન આપણા ઉપર ચડાઇ લાવે છે, તે રાજકુમારીને હવે પાટનગરમાં રાખવી અયોગ્ય છે; કારણ કે જો તે તેને હાથ જાય તો અત્યારસુધીની આપણી બધી મહેનત નકામી થઇ પડે, ને આપણી આબરૂ જાય. માટે રાજકુમારીને થોડા શુરા ને વિશ્વાસુ માણસોના રક્ષણ નીચે અજમેર મોકલી દીધી હોય તો ઠીક પડે. તેમ કરવાથી આપણને નિર્ભય બની લડતાં ફાવે ને કદાચ આપણે પાછા હઠી નાસવું પડે તો પણ આપણી કુળકીર્તિ જળવાઇ રહે.” બીજા એક સરદારે નવીન યુક્તિ બતાવી પોતાનો અભિપ્રાય જણાવ્યો.

ઉપર્યુક્ત બંને સામંતોના અભિપ્રાયને બીજાઓનો ટેકો મળ્યો. રાજાને પણ તેમનો અભિપ્રાય પસંદ પડયો, તેથી તે પ્રસન્ન થઇ બોલ્યો:—

“ભાઇઓ ! આબુગઢનું રક્ષણ કરવાનું કામ હું આ રાજના સભાઓને સોંપી નચિંત થાઉં છું. તે સર્વ યુદ્ધમાં નિષ્ણાત, શુરા ને પરાક્રમી છે; તેથી ગઢનું રક્ષણ તેઓજ સારી રીતે કરી શકશે, એમ મારૂં માનવું છે. પાટનગરનું રક્ષણ કરવા રાજકુમાર સલખને મૂકું છું, ને ગઢ ઉપર લડાઇ કરવા માટે હું જાતે રહું છું. વળી સ્વચ્છાને અજમેર મોકલવાની ગોઠવણ પણ મને ઠીક લાગે છે. માટે આજેજ તેને ત્યાં મોકલવાની પેરવી કરીએ. એ કામ ઘણું જોખમ ભરેલું છે માટે તેમાં સલખને રોકવો મને ઠીક લાગે છે. સલખ બહાદુર છે એટલે નિર્વિઘ્ને ત્યાં પહોંચી જશે. રસ્તામાં દુશ્મન તરફથી તેને કંઇ અડચણ ન થાય, માટે તેની સાથે ૨૦૦ ચુનંદા ઘોડેસ્વારોનું સૈન્ય મોકલીએ. પ્રધાનજી ! તેની સાથે આપણે એક પત્ર સોમેશ્વરને લખી આપો, તેમાં લખો કે:—”

“આજ કાલ ઉન્મત્ત બનેલો ભીમદેવ અમારી પુત્રી ઉપર મોહિત થઇ તેનું માગું કરે છે તે કહે છે કે ‘જો અમારી માગણી નહિ સ્વીકારો તો અમે તમારૂં રાજપાટ લઈ લઇશું અને હરેક રીતે અપમાનનું વૈર વાળીશું. અમે અમારી કીર્તિ નિષ્કલંક રાખવા તેના સામંતને ધધડાવી પાછો કાઢયો છે, અને કહાવ્યું છે કે ‘જો ભીમદેવને અમારૂં રાજ્ય જોઇતું હોય તો તે અમે ખુશીથી આપીશું, પણ આબુએ

અમારી પુત્રી આપીશું નહિ, ગુર્જરપતિના પ્રચંડ દળથી અમે અજ્ઞ નથી. અમારૂં બળ ઘણું થોડું છે, તેમ અમને ઘણી મદદ મળે તેમ નથી, તથાપિ કુલાભિમાનથી અમે આવું સાહસ કીધું છે, એ આપ સારી રીતે સમજી શકો તેમ છો. ગુર્જરપતિ ભીમદેવ મોટી તૈયારી કરી આબુપર આક્રમણ કરવાની ઇચ્છા રાખે છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે. અમે તમારી મદદની આશાથીજ રણયજ્ઞનો આરંભ કીધો છે. હવે આપ અહીં આવી સારી રીતે તેની પૂર્ણાહુતિ કરાવો, એવી અમારી અનન્ય ભાવે નમ્ર પ્રાર્થના છે. જો આપ અમારી મદદમાં નહિ આવો તો ચાલુક્ય રાજા અમારી પ્રજાને પીડશે, માલ મિલ્કત લૂંટશે ને હરેક રીતે અમારી પાયમાલી કરશે. જો કે અમે જીવીશું ત્યાં સુધી તો તેવો પ્રસંગ આવવા દઇશું નહિજ આપ શાણા ને અનુભવી છો તેથી અમે તમારી મદદ ઇચ્છીએ છીએ. અમે સઘળા પ્રકારની તૈયારી કરીને બેઠા છીએ, એટલે અમને ઝાઝી ચિંતા તો નથીજ. તથાપિ આ પત્ર પહોંચેથી સત્વર આપ અમારી મદદમાં આવો ને અમારી–સાથે તમારી પણ–કીર્તિનું રક્ષણ કરી, ઉન્મત્ત ચાલુક્યને તેના દુષ્કૃત્યનાં ફળ ચખાડો. અત્યારે અમે અમારી પુત્રીને સલખ સાથે આપને ત્યાં મોકલીએ છીએ. કારણ કે કદાચ અમે વિજયી ન થઇએ, ને શત્રુસેના પાટનગરનો કબજો લે તો તે શત્રુને હાથ ન જાય. યુદ્ધની સમાપ્તિ પછી અમે તેને અહીં પાછી બોલાવી લઇ તેનાં વિધિ પુરઃસર લગ્ન કરીશું. જયપરાજય ઇશ્વરને અધીન છે, તેથી દૈવવશાત્ કદાચ અમારો પરાજય થાય તો તે ગોઠવણ આપ સારી રીતે કરી લેજો. હવે અમારી કીર્તિ ઉજ્જ્વલ રહેશે એમ જાણી અમને અત્યંત આનંદ થાય છે. આપ અનુભવી ને શાણા છો તેથી વિશેષ લખવું નિરર્થક છે." પત્ર નીચે રાજાની સહી થઇ. પછી તે સલખને આપ્યો ને યથાયોગ્ય તૈયારી કરી પ્રાતઃકાળમાં રાજકુમારીને અજમેર જવાની તેને સૂચના આપી. ત્યાર પછી સઘળા સામંતો ઉઠી પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થયા.

દ્વિતીય ખણ્ડ સમાપ્ત.

તૃતીય ખંડ.

પ્રથમ પરિચ્છેદ.

પ્રણય પ્રતીતિ.

વાંચનાર, ચાલો હવે આપણે પ્રથમ અનાથ લીલાની સ્થિતિ જોઇ પછી ભીમદેવના કાર્યમાં સામેલ થઇએ.

આજે કેટલાક દિવસથી લીલા વિજયને ઘેર રહે છે. વિજયની માતાના વાત્સલ્ય પ્રેમથી તેનો અંતર્વ્રણ રૂઝાઇ ગયો છે, તથાપિ કોઇ કોઇ વખત તે પોતાની મૃત માતાને સંભારી છાનુંછાનું રૂદન કરે છે. અનાથ બાળકીની દયા ખાઇ બિચારી વિજયની માયાળુ માતા તેને આનંદમાં રાખવા યથાશક્તિ પ્રયત્ન કરે છે. પ્રસંગવશાત્ તે તેને સારો બોધ પણ આપે છે. લીલા હવે સમજણી થઇ છે. ઘરનું સર્વ કામકાજ પોતે કરી લે છે, નવરાશનો વખત સારાં માણુસોના સમાગમમાં ગાળે છે. બાળપણુથીજ તે સારાં સારાં ભજનકીર્તન શીખેલી છે. વળી સતાર, સારંગી આદિ વાજીંત્રોનો તેને શોખ છે, તેથી તે નવરી પડતાં ગાવા વગાડવામાં પોતાનો વખત ગાળે છે. વિજય, તેની માતા તથા અન્ય માણુસો લીલાનો મધુર કંઠ, અપ્રતિમ સૌન્દર્ય ને પવિત્ર આચરણ જોઇ અત્યંત આનંદ પામે છે. મંદ હાસ્યને મૃદુ વચનથી તે સર્વને પ્રિય થઇ પડી છે. તેના સમાગમમાં આવતી સ્ત્રીઓને તેની પાસેથી દરરોજ કંઇને કંઇ નવુંજ શીખવાનું મળતું. લીલા ઉચ્ચ કુળની ક્ષત્રિય બાળા છે, એમ વિજયની માતા પ્રથમથીજ જાણુતાં હતાં, તોપણુ તેની સંપૂર્ણ હકીકત તેમના જાણુવામાં ન હતી. લીલાનું પૂર્વવૃત્તાન્ત સાંભળવાને તેમને કેટલી વખત ઇચ્છા થતી, પણ પોતાની ઇચ્છા પૂર્ણ કરવા જતાં લીલાને કદાચ ખેદ થશે, એમ ધારી તે કંઇજ બોલતાં નહિ.

વિજય આ વખતે પુખ્ત વયનો થયો હતો. હવે તેનું લગ્ન કરવા તેની મા ઉત્કંઠીત દેખાતાં હતાં. પુત્રને યોગ્ય કન્યા મળે તો સારૂં એવી તેમની તીવ્ર ઇચ્છા હતી. અત્યાર સુધી આ ઇચ્છા પૂર્ણ થઇ ન હતી. હવે લીલા સાથે વિજયનું લગ્ન થાય તો સારૂં એમ તે ઇચ્છવા લાગ્યાં. કારણુ કે લીલાથી રૂપ–ગુણ–સૌન્દર્યમાં ચઢીઆતી કન્યા તેમની ભાળમાં ન હતી. કેટલીક વખત પુત્રને મોઢે તેમણે પોતાની ઇચ્છા જણાવી હતી, પણ તે વખતે વિજય તરફથી તેમને કંઇજ ઉત્તર મળ્યો ન હતો. લીલા યોગ્ય ઉમ્મરની થવાથી તેનાં લગ્ન હવે થોડાજ સમયમાં કરવાં પડશે, એમ વિજયની માતાને જણાયું. પોતાની માતાની ચિંતાથી વિજય કેવળ અજ્ઞ નહોતો, તેમ માતાની ઇચ્છા પૂર્ણ કરવાની પણ તેને ઇચ્છા ન હતી. કેટલીક વખત આમ ચાલ્યું પણ આખરે તે પોતાની ધારણા પાર પડી શક્યો નહિ. કારણ કે લીલા તેના

અતિ નિકટ સંબંધમાં આવી ગઈ હતી. વિજય એક શૂરવીર ને કુશળ યોદ્ધો, અને દેખાવડો ક્ષત્રિય છે એમ લીલા સારી રીતે સમજી હતી. મનમાં તે વિજયની અતીવ પ્રસંશા કરતી હતી. જ્યારે જ્યારે તે વિજયના સમાગમમાં આવતી, ત્યારે ત્યારે તે તેને ઘણો પ્રેમ બતાવતી. નવરાશના વખતમાં વાગ્વિનોદ કરી તે વિજયનું મન રંજન કરતી હતી. પ્રતિદિન વધતું જતું લીલાનું અપૂર્વ લાવણ્ય જોઇ હવે વિજય પણ મુગ્ધ બની ગયો હતો. રાત્રિદિવસ તે તેના સંબંધી વિચારોમાંજ લીન રહેતો. કવચિત્ તેને વિચાર થતો કે "સંસારમાં ક્ષત્રિયને સ્ત્રી વિષયનો મોહ મહા હાનિકારક છે. રૂપ–ગુણવતી સ્ત્રીમાં મુગ્ધ બની ગએલો ક્ષત્રિયપુત્ર પોતાનું શૌર્ય દાખવી કીર્તિ કમાઇ શકતો નથી. એ મોહને લીધેજ તે કર્તવ્ય ભ્રષ્ટ થાય છે, ને સમરાંગણમાંથી કાયર બની પાછો ઘેર આવે છે. માટે અક્ષય્ય સુખની સીમામાં પ્રવેશ કરતાં એ મોહ જ કેવળ વિઘ્નકર્તા થઇ પડે છે. હજી ભવિષ્યમાં મારે ઘણું કામ કરવાનું છે. ભુજબળથી જ્યારે હું સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીશ ત્યારેજ મારૂં જીવન સફળ થશે. માટે અત્યારે આ સર્વ વિચારો તજી દઇ મારે મારા કર્તવ્યમાં ઉમંગથી મંડ્યા રહેવું જોઇએ. માતાની ઇચ્છાનુસાર લગ્ન કરવું એ મને લાભકારક છે. તેમ કરવાથી વૃદ્ધ માતાની ચિંતા નષ્ટ થશે ને તેમને શાંતિ મળશે." આમ વિચાર કરી તે લીલા સાથે લગ્ન કરવાની ઇચ્છા રાખતો. પણ લીલા અજ્ઞાન કુલશીલા બાળા હોવાથી, જગતમાં પોતાની અપકીર્તિ થાય એ ભયથી તે પોતાની ઇચ્છા પ્રકટ કરી શકતો નહિ. પ્રતિદિન વધતું જતું લીલાનું સૌન્દર્ય તેને વિશેષ આકર્ષવા લાગ્યું. તે તેમાં લુબ્ધ થઇ ગયો. અપકીર્તિના ભયનો તિરસ્કાર કરી હવે તેણે લીલા સાથે લગ્ન કરવાનો મનમાં સંકલ્પ કીધો.

એક દિવસ સંધ્યા સમય વ્યતીત થઈ ગયો હતો. સંધ્યાસમીર મંદ ગતિએ વહેતો હતો. વૃક્ષશાખામાં બેઠેલાં પક્ષીઓ મધુર કલરવ કરી રહ્યાં હતાં. આ વખતે ઘર પાછળની વાટિકામાં લીલા હરખાતી હરખાતી પુષ્પ વીણતી હતી. સંધ્યાના પ્રકૃતિ સૌન્દર્યમાં તેનું સૌન્દર્ય ભળી ગયું હતું. આનંદમાં ને આનંદમાં તે આમથી તેમ ફરતી હતી. તેના અંગ ઉપર માત્ર એક બારીક ઓઢણું હતું. તેની અંદર પહેરેલો ગુલાબી કમખો સ્પષ્ટ જણાઈ આવતો હતો. કમખાને ચણીઆની વચ્ચેનો નાજુક ગૌર પ્રદેશ ઘણો મનોહર જણાતો હતો. હાથમાંની છાબ પુષ્પથી ભરાઇ ગઇ હતી, છતાં, છતાં પણ જાણે તેને તે ખબર ન હોય, તેમ વધારે વધારે પુષ્પ વીણતી હતી. થોડી વારમાં છાબ પરિપૂર્ણ ભરાઈ ગઇ. તેમાંથી પુષ્પ નીચે પડવા લાગ્યાં. લીલાને તે ખબર પડી એટલે તેણે પુષ્પ વિણવાનું બંધ કર્યું ને ઘર તરફ ચાલવા માંડ્યું. ઝીણા સ્વરથી મધુર ગાન કરતી તે જરા આગળ ગઈ, એટલામાં કંઈક વિચાર થઈ આવવાથી તે બાજુપરના એક નાના લતા–મંડપમાં જઇ બેઠી. છાબમાં જે વધારેનાં પુષ્પ હતાં તેનો તેણે હાર ગુંથવા માંડ્યો. ગુંથતાં ગુંથતાં તે ગીત ગાવા લાગી. લીલાનું આજનું ગીત ઘણુંજ મધુર હતું. તેનું સ્વભાવસુન્દર ગીત સાંભળી વૃક્ષલતામાં કલરવ કરતાં પક્ષીઓ પણ ચૂપ થઇ ગયાં. મુગ્ધાના અતુલનીય સંગીતથી પપૈયા પણ ક્ષણવાર શાન્ત થઈ ગયા. થોડીવારમાં ગીત પૂર્ણ થઇ

ગયું. સાથે હાર પણ ગુંથાઇ રહ્યો. લીલા ત્યાંથી ઉઠી ને થોડે આગળ ગઇ એટલે એક હોજ પાસે વિજયને બેઠેલો તેણે જોયો. જ્યારે લીલા મંડપમાં બેસી ગીત ગાતી હતી ત્યારે વિજય અહીં સંગીતમાં લુબ્ધ બની બેસી રહ્યો હતો. તેને દરરોજન કરતાં આજે કંઇક નવીન આનંદ પ્રાપ્ત થયો હતો. ગીત બંધ થવાથી વિજય દિલગીર થયો. ગીત ગાનારને તે પ્રથમ ઓળખી શકયો હતો એટલે પુનઃ એક વખત તેજ ગીત ગવરાવવા તેણે નિશ્ચય કીધો. તે ઉભો થઇ આસપાસ જોવા લાગ્યો. થોડે છેટે હાથમાં પુષ્પ–છાબ લઇ લીલાને આવતી જોઇ. આનંદથી તે પાછો નીચે બેઠો ને લીલાના સંબંધમાં વિચાર કરવા લાગ્યો. ધીમે ધીમે મૃદુ હાસ્ય કરતી લીલા ત્યાં આવી પહોંચી ને છેક પાસે આવી બોલી.

" કેમ અહીં એકલા વિચાર મગ્ન બેસી રહ્યા છો ?"

" કેવળ તમારા સંગીતસુધાનું પાન કરવા માટે જ. " વિજયે વિચારમુક્ત થઇ જવાબ આપ્યો.

વિજયનો જવાબ સાંભળી લીલા શરમાઇ ગઇ. અવનત દૃષ્ટિએ તે બોલી: " ના, ના, તેમ ના હોય. કંઇ બીજા જ વિચારમાં બેઠા હશો. "

" બીજું કંઇ જ નહિ, તમારૂં ગાન સાંભળવામાં મને ઘણો આનંદ થાય છે. તે આનંદ અનુભવવા માટે જ હું અહીં બેસી રહ્યો છું. "

" શું ફકત ગીત સાંભળવામાંજ સર્વ આનંદની સમાપ્તિ થઈ જાય છે ?"

" હા. મારા સંબંધમાં તો તેમજ છે. વળી જૂઓ, આ પક્ષીઓ પણ કેવાં મુગ્ધ બની ગયાં છે ! ખરેખર આપનું ગાન અતુલનીય છે ! મને આપના સમાગમથી ઘણો લાભ થયો છે. "

લીલા હસતાં હસતાં બોલી: " તે લાભની ખાતરજ આપ મને ચાહો છો ?"

" છટ્ નહિ ! આપને ચાહવાનાં ઘણાં કારણો છે. "

લીલા વિજયની છેક પાસે આવીને બોલી: " શું આપ મને અંતઃકરણથી ચાહો છો ?"

" હા, હા. તેમાં શંકા શી ?"

" ત્યારે તેની પ્રતીતિ પણ શી ?" લીલાએ હાથનો લટકો કરતાં પ્રશ્ન પૂછયો.

વિજય કંઇ પણ ઉત્તર આપી શકયો નહિ. ઉત્તર આપવા માટે તેણે પ્રયત્ન કીધો પણ ફાવી શકયો નહિ. વિજયને વિચાર કરતો જોઇ લીલા બોલી ઉઠી: " કેમ કંઇ બોલતા નથી ?"

હવે જવાબ આપ્યા વિના સિદ્ધિ નથી એમ જાણીને વિજય બોલ્યો:—

" લીલા આપના હૃદયને પૂછી જૂઓ કે તે શું કહે છે. "

લીલા એક દીર્ઘ નિઃશ્વાસ મૂકી બોલી: " વિજય ! મારૂં હૃદય મને કંઇજ કહેતું નથી. આપ જેમ મારા સ્વરની પ્રસંશા કરો છો, તેમ મારૂં હૃદય કેવળ

આપના ગુણ—સૌન્દર્યમાં લુબ્ધ બની નિરંતર તેની પ્રશંસા કરે છે. હવે તે—" લીલા આગળ બોલી શકી નહિ. તે છેક શરમાઇ ગઇ, અવનત દૃષ્ટિએ તે નીચું જોઇ રહી.

લીલાના ઉપર્યુક્ત ભાવવ્યંજક વચનો સાંભળી વિજય ખેદયુક્ત વદને બોલ્યો: " લીલા ! હું પણ આપના સદ્ગુણ—સૌન્દર્યનો ઊપાસક છું. અને તેથીજ મેં પૂર્વે કહ્યું તેમ આપને અંતઃકરણથી ચાહું છું પણ—"

" —પૂર્ણ પ્રેમથી નહિ. " લીલા વચમાંજ બોલી ઉઠી.

વિજય તરફથી કંઇ જવાબ મળ્યો નહિ. એટલે લીલાના હૃદયપર આઘાત થયો. તેની સઘળી આશાઓ જાણે ક્ષણવારમાં લુપ્ત થઇ ગઇ હોય તેમ તે નિરાશ થઈ ગઈ.—શોકસાગરમાં ડૂબી ગઇ. થોડીવાર પછી તે બોલી:—

"વિજય પ્રેમ એ એક અલૌકિક વસ્તુ છે. સર્વ સુખની ઉત્પાદક છે. તેનુ મૂલ્ય થઇ શકે તેમ નથી. "

" હા. હું તે સમજું છું. " વિજયે ટુંકો ઉતર આપ્યો.

" શું આપ તે સમજો છો ? "

" હા. વખત આવશે ત્યારે તે જણાશે. " વિજયે ધીમેથી કહ્યું.

લીલાનું હૃદય પ્રફુલ્લ થયું. તેની સઘળી ચિંતા નષ્ટ થઇ ગઇ. સહજ હાસ્ય કરી તે બોલી: " ઠીક, આપ તો પ્રસંગ આવશે ત્યારે જણાવશો પણ હું મારૂં કથન સત્ય છે એ અત્યારેજ બતાવી આપું તો ? "

" હા હશેજ, મને તેમાં શંકા નથી. "

લીલાએ હાથમાંની પુષ્પ—છાબ નીચે મૂકી. હસતાં હસતાં બંને હાથ ઉંચા કરી વિજયના ગળામાં તેણે પુષ્પમાળા પહેરાવી દીધી. પછી તેના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી.

લીલાની આવી ચેષ્ટા જોઈ વિજય આશ્ચર્ય પામ્યો. ને તેના મુખ સામુંજ જોઈ રહ્યો. લીલા પણ પોતાના અયોગ્ય કૃત્યથી શરમાઇ ગઇ, ને તરત વિજય પ્રતિ એક પ્રેમ ભરી દૃષ્ટિ નાંખી—તેના હૃદયમાં પ્રેમ પ્રકાશ કરી, પોતાના મનને ત્યાંજ મૂકી, પણ સ્થૂળ દેહને સાથે લઈ, ત્યાંથી ચાલી ગઇ.

લીલાના ગયા પછી વિજય વિચાર કરવા લાગ્યો. વિચારમાં તે કાળગમન સાથે વૃદ્ધિ પામતા લીલાના લાવણ્યમાં લુબ્ધ બની ગયો. આજના પ્રસંગથી તે લીલાનું હૃદય યથાર્થ પારખી શક્યો. તેની ચેષ્ટામાં તેના હૃદયનું પ્રતિબિમ્બ તેણે પ્રત્યક્ષ જોયું. ખરેખર તે નિર્મળ હતું, પવિત્ર હતું. વિજયને તે આલ્હ લાગ્યું. ગ્રહણ કરવાનાં વિચાર થતાં દૃષ્ટિ સમીપ તેની છબી દેખાઈ આવી. વિજય અનિમિષ નજરે તે જોઇએ રહ્યો. ધીમે ધીમે સલિલ લ્હિરિયોમાં સરતા ચન્દ્રબિમ્બવત્ તે પ્રેમાળ મૂર્તિ દૃષ્ટિમાંથી દૂર સરી ગઇ. વિજય તે જોઇ રહ્યો. જોતાં જોતાં તે સ્તબ્ધ બની ગયો. આવી સ્થિતિમાં તે કેટલોક વખત રહ્યો પછી, ત્યાંથી ઉઠી તે ઘર તરફ ચાલતો થયો.

દ્વિતીય પરિચ્છેદ.

કોપદર્શન.

આજે મહારાજા ભીમદેવ ઘણો ચિંતાતુર દેખાય છે. રાત્રિદિવસ તે ઇચ્છનકુમારીનુંજ ચિંતવન કર્યા કરે છે. તેના હૃદયમાં તે પ્રિય મૂર્તિ સદંતર ભ્રમણ કરે છે. કંઇ કામકાજમાં તેનું ચિત્ત ચોટતું નથી. ખાનપાન પણ તેને હવે અપ્રિય લાગે છે. ચાતક જેમ વર્ષાની, તેમ તે અમરસિંહની રાહ જોતો બેઠો છે. એક ઘડી તેને વર્ષ સમાન થઇ પડી છે. વ્યથિત ચિત્તે તે મહા કષ્ટે પોતાનો વખત નિર્ગમન કરે છે. અમરસિંહને ગયે આજે ઘણો વખત વીતી ગએલો હોવાથી, તેને મહાચિંતા થયા કરે છે. હવે પોતાની ઇચ્છા પૂર્ણ થશે કે નહિ તે બાબત તેને સંશય ઉત્પન્ન થયો. વખત વીતવા લાગ્યો તેમ તેની અધીરાઇ પણ વધી પડી. તે પ્રતિક્ષણ અમરસિંહના આગમની માર્ગપ્રતીક્ષા કરતો, દિવસ વ્યતીત કરવા લાગ્યો. આમ કેટલોક વખત વીત્યા પછી અમરસિંહ પાટણ આવી પહોંચ્યો. દરબારમાં આવી તેણે રાજાને યથોચિત નમન કર્યું, તે પછી રાજા જેતસિંહે આપેલો ઉત્તર મહારાજાને નિવેદન કર્યો. અમરસિંહને મોઢથી જેતસિંહનો ઉત્તર સાંભળી, મહારાજા ક્રુદ્ધ થયો. તેની આંખો લાલચોળ થઇ ગઇ, વકરાયલા સિંહ સમાન તે ભીષણ ગર્જના કરી બોલી ઉઠયો:—

"શૂરા સામંતો! જેતસિંહનું સાહસ જોયું કે? તેને ખબર નહિ હોય કે ચાલુક્યનું અપમાન કરવું તે મણિધરના મુખમાં હાથ ઘાલવા જેવું કામ છે? જેની વક્રદૃષ્ટિથી મોટા મોટા મહીપતિઓ થર થર કંપી જાય, તે ચાલુક્ય રાજા આજે પોતાનું અપમાન થએલું શી રીતે સહન કરશે? મારા બહાદુર સરદારો! હવે આબુ પર આક્રમણ કરવાનો મેં દૃઢ સંકલ્પ કીધો છે. આપણે હાથે આબુની પાયમાલી નિર્મિત હશે તેથીજ આવો સમય ઉપસ્થિત થયો છે. પરમાર રાજાનો વિનાશકાળ પાસે આવેલો હોવાથીજ તેની બુદ્ધિ ભ્રષ્ટ થએલી છે. નહિતો આબુ જેવા નાનકડા રાજ્યનો સરદાર આપણી સાથે આવું વર્તન શી રીતે ચલાવે? ભાઇઓ! જેતસિંહે કરેલું આ અપમાન સાંખી બેસી રહેવાથી કંઇ મારા એકલાની ઇજત જવાની નથી, પણ પોતાને જે શૂરવીર સોલંકી સમજતો હોય, ને માનનો હોય, તે સર્વની ઇજત ઉપર આજે પાણી ફરી વળવાનો સમય આવ્યો છે. ઇશ્વરે આપણને આટલું બધું સામર્થ્ય આપ્યું છે. તે અપમાન સહન કરવાને નહિ, કિન્તુ ચક્રવર્તી પદ પ્રાપ્ત કરવાને. માટે હવે આપણે આપણા સામર્થ્યનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. તેમ નહિ કરીએ તો ખરેખર આપણે કાયર કહેવાઇશું, જગતમાં આપણી અપકીર્તિ થશે, ને આજસુધી મેળવેલી કીર્તિ પર પાણી ફરી વળશે. વળી આબુ પર આક્રમણ કરવામાં બીજો એક ખાસ ઉદ્દેશ સમાએલો છે. તે એકે જો આપણે જેતસિંહને યોગ્ય શિક્ષા કર્યા વિના છોડી દઈશું, તો તે મદોન્મત્ત બની જશે; અને ભવિષ્યમાં કોઈ વખત આપણને જ નુકશાન કરશે. ઉગતા શત્રુને એકદમ દાબી દેવો એ રાજનીતિનું આ-

મનું અવલંબન કરવું જોઇએ. તેમ કરવાથી બીજા રાજ્યકર્તાઓ પણ નમતા રહેશે, અને તેથી ભવિષ્યમાં આપણું આધિપત્ય ચિરકાળ સુધી ટકી રહેશે. બોલો, મારા શૂરા સામંતો ! આ વિષે તમારો શો અભિપ્રાય છે." મહારાજા ભીમદેવે ન્યાયપુરઃસર પોતાનો નિશ્ચય જણાવ્યો.

સર્વ સામંતો બોલી ઉઠયા:—"ગુર્જરો કદિ પણ પોતાનું અપમાન સહન કરશે નહિ. અમે આબુને પાયમાલ કરી અમારા અપમાનનો બદલો વાળીશું. મહારાજા ! અમને ચડાઇ લઇ જવાની સત્વર આજ્ઞા કરો, ને પછી અમારા હાથનું પાણી જુઓ. 'હર ! હર ! મહાદેવ;' 'જય સોમનાથ !'

સર્વને બોલતા અટકાવી મહારાજા ભીમદેવ વચમાંજ બોલી ઉઠયો: "ધન્ય છે શૂરા સામંતો ! તમારાં વીરોચિત વચન સાંભળી હું ઘણો પ્રસન્ન થાઉં છું. સ્વમાન જાળવવાની તમારી લાગણી ખરેખર સ્તુત્ય છે. તમારા બળ ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. આબુનું પતન કરવું એ તમારા જેવા શૂરવીરોને ભારે કામ નથી, તથાપિ આપણે એક બાબત પર ધ્યાન આપવાનું છે. આબુ પર આપણે એકદમ આક્રમણ કરવું જોઇએ, નહિતો શત્રુ સંપૂર્ણ તૈયારી કરી સાવધ થશે, તો આપણને વિજય મળતાં વિલંબ થશે. વળી જો સોમેશ્વર ચૌહાણ તેની મદદમાં આવશે તો આપણે સહેલાઇથી જય મેળવી શકીશું નહિ; પણ લાંબી મુદતે, લાંબે ખરચે ને અસંખ્ય માણસોનો ભોગ આપ્યા પછી આપણે વિજય મેળવવા ભાગ્યશાળી નિવડીશું. માટે જેમ બને તેમ જલદીથી કૂચ કરવાની તૈયારી કરવી જોઇએ. સામંતો, આપ સર્વ રાજ્યનું એક અગત્યનું અંગ છો ? માટે આ બાબતમાં તમારી સલાહ પ્રમાણે ચાલવું મને યોગ્ય જણાય છે. માટે વિના વિલંબે સર્વ પોતાનો અભિપ્રાય જણાવો."

"મહારાજા ! થોડાજ વખત ઉપર આપણે યવનોને આપણું પરાક્રમ બતાવ્યું છે—તેમની છેક પાયમાલી કરી નાખી છે, તો પછી પરમારો જેવા પામરો સાથે યુદ્ધ કરવું તેમાં શી મોટી વાત કહેવાય ? પરમારોને પરાજિત કરવા એ એક માખીને કચડી નાખવા જેવું સહેલું કામ છે. કદાચ તે આસપાસથી મદદ મંગાવી તૈયાર થશે, ને ચૌહાણનરેશ તેની મદદમાં આવી ઉભો રહેશે, તોપણ આ શૂરા યોદ્ધાઓ તેમનાથી ડરે તેવા ક્યાં છે ? તેમ થશે તોજ આપણને આપણું શૌર્ય બતાવવાનો પ્રસંગ મળશે. પરમારો તો આપણું આગમન જાણી ગઢમાં ભરાઇ બેસશે. માટે આપ તેની ચિંતા કરો નહિ." અમરસિંહ શેવડે પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો.

"મહારાજા ! આબુ ઉપર આક્રમણ કરવાનાં આપ જે કારણ દર્શાવો છો, તે સર્વાંશે સત્ય છે. વળી આપણે અણચિંતવી ચડાઇ લઇ જવી એ આપનો અભિપ્રાય પણ પ્રશંસનીય છે. જો કે આપણે વિજય મેળવી શકીશું, તેમાં બે મત છેજ નહિ, તથાપિ હું ધારૂં છું કે યવનો ઉપર આપણે જેમ સહેલાઇથી વિજય મેળવી શક્યા હતા, તેમ પરમારો ઉપર સહેલાઇથી વિજય મેળવી શકીશું નહિ. આબુના પરમારો

શૂરા ને રણકેસરી છે. આપણાથી ભયભીત થઇ તેઓ ગઢમાં ભરાઈ જાય તેવા બીકણ નથી. મારો તો નિશ્ચય છે કે આબુના રાજપૂતો પ્રાણાન્તે પણ પાછા હઠશે નહિ. યાવજ્જીવન તેઓ શૌર્યથી લડશે અને પોતાની કીર્તિનું યથાર્થ પાલન કરશે. જો સોમેશ્વર તેમની મદદમાં આવી પહોંચ્યો હશે, તો આપણે એકલા વિજયથી નીવડીશું કે નહિ. તે બાબતની શંકા છે. આ સર્વ બાબતનો વિચાર કરતાં મને એમ ભાસે છે, કે આપણે આપણા મિત્રને ખંડીઆ રાજાઓની મદદ લઇ અહીંથી નીકળવું જોઇએ. એમ કરવાથીજ આપણે ઝટ જય મેળવી શકી શકીશું." રાણા લવણપ્રસાદે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં તૃતીય માર્ગનું દર્શન કરાવ્યું.

રાણા લવણપ્રસાદના અભિપ્રાયને ઘણા ખરા સામંતો સંમત થયા. તેમ કરવું ઇષ્ટ છે એમ જાણવા છતાં ભીમદેવને તે રૂચ્યું નહિ. પોતે ઘણો સમર્થ હોવાથી મદાંધ બની ગયો હતો. ભારતવર્ષમાં પોતાની સ્પર્ધા કરે તેવો કોઈ છેજ નહિ એમ તેનું માનવું હતું. નજીવી બાબતમાં પણ અન્ય રાજાઓની મદદ માગવી, એ પોતાની નિર્બળતા બતાવી આપવા જેવું કામ છે, એમ તે માનતો હતો. અત્યારે પણ તેને પોતાના સામર્થ્ય ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેમ છતાં રાણા લવણપ્રસાદના વિચારને સર્વ પ્રધાનો મળતા થએલા જોઇ, પોતે પણ તેને સંમત થવું એમ તેણે નિશ્ચય કીધો. થોડીવાર પછી તે બોલ્યો:—" શાણા મંત્રેશ્વર! તમારી સલાહ જો કે માનનીય છે, તથાપિ તમે ધારો છો તેટલો ડર રાખવાનું કંઇ કારણ નથી. ક્યાં આપણું પ્રચંડ દળ, ને ક્યાં તેની મુઠ્ઠીભર સેના! આપણે ત્યાં જઇશું ત્યારે તમારી ધારણા ખોટી પડશે. વિજય આપણોજ છે. વળી આપ કહો છો તેમ પરમારો જો શૌર્યથી લડે તેવા હશે, તો તેથી આપણને અતીવ આનંદ થશે. કારણ કે નિર્બળ ઉપર વિજય મેળવવો એ કંઇ પરાક્રમ કહેવાય નહિ, પણ સબળ શત્રુઓને પરાજિત કરવા એમાંજ આપણું ગૌરવ રહેલું છે. પરમારોને સહેલાઇથી પરાજિત કરીએ તેટલા આપણે સમર્થ છીએ, તથાપિ આપના અભિપ્રાયને માન્ય રાખી, મિત્ર અને ખંડીઆ રાજાઓની મદદ લીધા વિના આપણે આગળ પ્રયાણ કરીશું નહિ. રાજનીતિ તત્ત્વને અનુસરી નિર્બળ શત્રુને પણ સબળ માની આપણે તો સંપૂર્ણ તૈયારી કરીનેજ અહીંથી જવું જોઇએ. તેમ નહિ કરવાથી કોઇક વખત અનિવાર્ય આપત્તિમાં ઘેરાઇ જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, એ વાતને વિસારી મૂકવાનું હું કહેતો નથી. અત્યારેજ આ તમામ માંડલિક અને મૈત્રી સંબંધ રાખનારા રાજાઓને આજ્ઞાપત્રિકાઓ લખી દ્યો કે જેથી તે સર્વ પોતપોતાના બલ સાથે સત્વર અહીં આવી ભેગા થાય." ભીમદેવે પ્રધાનને આદેશ કર્યો.

રાજાની સૂચનાનુસાર લાગતાવળગતા રાજાઓને આજ્ઞાપત્રિકાઓ લખી દીધી અને સેનાનીઓને ઉતાવળે સેના સજ્જ કરવાની ચેતવણી આપી દરબાર બંધ થયો.

રાજાજ્ઞાથી પાટનગર પાટણમાં આજે યુદ્ધ માટેની સઘળી તૈયારીઓ થવા લાગી છે. સર્વ લોકો મહા આનંદમાં નિર્માજ્જિત બની ગએલા જણાય છે. દેવ-મંદિરમાં બ્રાહ્મણો ધામધૂમથી અનુષ્ઠાન કરવા બેસી ગયા છે. રાજપૂત રમણીઓ

લડાઇમાં જવા તૈયાર થએલા પોતાના પ્રિયતમ, ભ્રાતા કે પિતા માટે તેમને જોઇતી તૈયારી કરવાના કામમાં ગુંથાઇ ગઇ છે. લુહારો નવાં શસ્ત્રો બનાવવાના કામમાં વળગી ગયા છે. કેટલાક યોદ્ધાઓ પોતાનાં શસ્ત્ર સર્વનાથી વિશેષ પાણીદાર બનાવ-રાવવા સરાણીયા સાથે રકઝક કરતા જણાય છે. કેટલાંક પોતાનાં શસ્ત્ર સૌનાથી પ્રથમ તૈયાર કરાવવા માટે ઉતાવળ કરે છે ને તે માટે માંહોમાંહે લડી પડે છે. યોદ્ધાઓ પ્રફુલ્લ ચહેરે આમ તેમ જા આવ કર્યાં કરે છે. પાટણ શહેરના રસ્તાઓમાં સંખ્યાબંધ માણસો અવરજવર કર્યાં કરે છે. શહેરમાં જ્યાં ત્યાં લડાઇ સંબંધીજ વાતો થઇ રહી છે. ભાટચારણો ને વિદ્વાન્ બ્રાહ્મણો રાજાની સ્તુતિનાં વચનો ગાઇ રહ્યા છે. યુવાન યુવતિઓ મંગળ ગીત ગાઇ, શૂરાઓને પ્રોત્સાહન આપી રહી છે. આખું નગર ધ્વજાપતાકાને આશોપાલવનાં તોરણોથી સુશોભિત થઇ રહ્યું છે. બાળક, યુવાન અને વૃદ્ધ પુરૂષોમાં અત્યારે કંઇ પણ ભેદ દેખાતો નથી; અર્થાત્ સઘળા રાજપૂતો ઉમંગથી યુદ્ધની તૈયારી કરવા મંડી પડયા છે. કેટલાક ઘોડા પર સવાર થઇ યુદ્ધની તાલીમ લે છે. કેટલાક કુસ્તી કરી પોતાનાં અંગ કેળવે છે, કેટલાક ઘોડા દોડાવવાની સ્પર્ધા કરે છે, કેટલાક હાથમાં ધનુષ્યબાણ લઇ ખુલ્લા મેદાનમાં પોતાની વિદ્યા અજમાવવાના કાર્યમાં મશગુલ બની ગયા છે. ટુંકામાં યુદ્ધ પ્રસંગે ક્ષત્રિયોને ઉચિત વ્યવસાયમાં સર્વ રાજપૂતો આજે ખંતથી પ્રવૃત્ત થએલા દૃષ્ટિગોચર થાય છે.

ગુર્જરેશ્વરના હુકમને માન આપી સર્વ મંડળેશ્વરો અને મિત્ર રાજાઓ પોતપોતાનું સૈન્ય લઇ પાટણ આવવા તૈયાર થયા. થોડા વખતમાં નગરમાં અને નગર બહાર એક તસુ જમીન પણ ખાલી રહી નહિ. સર્વત્ર તીડના ટોળાની પેઠે સૈનિકો ઉભરાતા હતા. કોલાહલથી આખું શહેર ગાજી રહ્યું હતું. તેમના પગરવથી આખું શહેર ધમધમી રહ્યું હતું. કાન બ્હેરા થઇ જાય, તેવા નોબતોના અવાજ રાત્રિદિવસ થયાં કરતા હતા. શહેર બહાર ગીરનારનો ધણી પોતાની મોટી સેના લઇ પડયો હતો. કચ્છાધિપતિ જામ સ્તોરાયધણે પોતાના જાડેજા સરદારના આધિપત્ય નીચે, લડાઇમાં કદિ પાછા ન હઠે તેવા માણસોનું સૈન્ય મોકલ્યું છે. યુદ્ધમાં શત્રુસેનાને ઘાસની પેઠે કાપી નાખવાની શક્તિ ધરાવતા સૈન્ય સાથે કાતરીઓ લોહાણો આવી પહોંચ્યો છે. રણપ્રેય રાજપૂત લશ્કર સાથે રાણો વિરધવળ વાઘેલો; દુશ્મનોને પોતાના દર્શન માત્રથી કંપાવતા શૂરા સિપાઇઓ સાથે રામ પરમાર; સમરાંગણમાં પર્વતની પેઠે અચળ રહેતો હતો પેરમ્ભનો ધણી; ભાલા વાપરવામાં કુશળ યોદ્ધાઓના સૈન્ય સાથે રાણીંક ઝાલો; દીપને જોઇ પતંગીઉં ભાન ભૂલે છે, તેમ તેમ રણયજ્ઞ જોઈ તેમાં ઝંપાપાત કરવાનું સાહસ ધરાવતા લશ્કર સાથે સોઢો સારંગદેવ; ભૂલથાપથી દુશ્મનનાં મોરચા તોડી શત્રુસેનાની પાયમાલી કરવામાં કુશળ એવો ગંગ ડાભી પણ પાટણમાં આવી પહોંચ્યો છે. પોતાનું અપમાન થએલું તેથી તાતો બની ગએલો અમરસિંહ શેવડો ને જૈનમંત્રી ચારિંગ તો ત્યાંજ બહાર છે.

તૃતીય પરિચ્છેદ.

ઇચ્છીજનને વિદાયગીરી.

પ્રાતઃકાળમાં રાજકુમારીને અજમેર જવાનું નક્કી થયું છે. આપ્તમંડળમાં એ વાત પ્રસરી જવાથી સર્વ ચિંતાતુર દેખાય છે, પણ રાજકુમારીની સઘળી ચિંતાઓ વિનષ્ટ થઈ ગઇ છે. અત્યાર સુધી જે ભયગ્રસ્ત દેખાતી હતી તે હવે અતર્ક્ય આનંદ ભોગવી રહી છે. આનંદમાં ને આનંદમાં તેણે આખી રાત્રી પસાર કરી દીધી. ભગવાન સૂર્યનારાયણે ક્ષિતિમાંજ દર્શન દીધાં, કે રાજકુમારી શય્યામુક્ત થઇ સ્નાનાદિ ક્રિયામાં પ્રવૃત્ત થઇ. ત્યાર પછી ધીમે ધીમે સગાંસ્નેહીઓ તેની પાસે ભરાવાં લાગ્યાં. રાજકુમારીથી છૂટા પડવાનું હોવાથી સર્વ દિલગીર દેખાતાં હતાં. સ્નેહીઓના વિયોગજન્ય દુઃખે તે પણ દુઃખી થઇ. તેનો આનંદ ક્ષણુવારમાં ગુપ્ત થઈ ગયો—તેનું ચિહ્ન પણ ન રહ્યું. માતાપિતા અને સ્નેહી વર્ગથી છૂટાં પડી હવે જવાનું છે, એમ જાણી તેનું હૃદય ભરાઈ આવ્યું. મુખપર ગ્લાનિ છવાઇ ગઇ, ને તે આંસુ સારવા લાગી. પોતાના માટેજ કુટુંબપર આવી વિપત્તિ આવી પડેલી છે, એ પોતે સારી પેઠે સમજતી હોવાથી અજમેર જવું તેને અનુચિત લાગ્યું. તત્સંબંધી તે અનેક તરેહના વિચાર કરતા લાગી, પણ પિતાની આજ્ઞાનું ઉલંઘન કરવાની હિંમત ન ચાલી. પ્રિયદર્શન માટે આતુર દેખાતી બાળાઓ, ઇચ્છિત સમય પાસે આવતાં કુટુંબવિયોગ જન્ય દુઃખથી દુઃખી થાય છે, એજ તેમના નિર્મળ પ્રેમની નિશાની છે.

થોડીવાર પછી તેની સરખી વયની સખીઓ મળવા માટે આવી. આકાશમાં ચંદ્રની આસપાસ આકાશગંગા વીટળાઇ હોય, એમ સર્વ સખીઓ તેની આસપાસ વીંટળાઇ વળી. રાજકુમારીને ઉદ્દેશી સર્વેએ પોતપોતાના મનોભાવ જણાવવા માંડયા. વિયોગ દુઃખથી પીડાતી બાળા તે સર્વ સાંભળી સલજ્જ મુખે નીચું જોઈ રહી. ક્વચિત કોઇને મૃદુ વચનથી ટુંકો ઉત્તર પણ આપતી હતી.

“ અલી ગરઘેલી ! પતિને મળવા કેમ આટલી બધી ઉતાવળી થઇ ? અમારા સામું જરા જો તો ખરી ? જો વખત મળે તો પત્ર લખી અમને તારૂં સુખ જણાવજે હો ! ”

“ બ્હેન ! અંતરમાં આનંદ, છતાં, તે છુપાવી આમ ખેદ શા માટે દેખાડે છે ? જતી વખત જરા અમારી સાથે વાત તો કર. ”

“ અલી પતિદર્શન માટે આતુર દેખાતી ! જો જે અમને વિસારી મૂકતી નહિ હો ! ”

“ અલી ભાન વિનાની ! આ તારી પાસે ઉભેલાંની જરા તો મર્યાદા રાખ. ”

“ અલી પ્રેમાન્ધ ! આટલી બધી વ્યાકુળ શા માટે દેખાય છે ? જરા વાર પતિ નામની માળા જપવી અળગી કરી ઉંચું તો જો. ”

" ઓ વિરહિણી ! તું તો હવે જરૂર જવાની, પણ છેલ્લી વાર અમારી સાથે વાત તો કરી લે."

" ઓ રસીયણ ! જો જે રસ–સાગરમાં ડુબી જઇ અમને વિસારી મૂકતી."

" અલી ઓ ! આ સામે ઉભેલી સખીઓને એક વાર તો ભેટી લે."

આ પ્રમાણે ચેષ્ટાયુક્ત ભાષણ ચાલતું હતું. તેવામાં પાસે ઉભેલી તારાએ કહ્યું; હવે બંધ કરો તમારો વાર્તાલાપ. જુઓ, એ રાજમહિષિ જેવું કોઇક આવતું જણાય છે."

" હા, હા. એજ છે." બીજીએ સામી નજર કરી કહ્યું.

સૌ જણ બાજુ પર ખસી ગયાં, એકદમ કોલાહલ શમી ગયો. એટલામાં રાજમહિષિ પાસે આવી પહોંચ્યાં. નીચું જોઇ ઉભેલી પુત્રીના માથાપર હાથ ફેરવતાં તે બોલ્યાં:–" દીકરી ! આમ ચિંતાતુર શા માટે દેખાય છે ? હજી તારાં લગ્ન કર્યાં નથી, છતાં અણચિંતવી આવેલી આપત્તિથીજ હું તને અજમેર મોકલું છું. બેટા, તું જરાએ શોચ કરતી નહિ. માતાજીની કૃપાથી આ વિપદ્વાદળ વિખરાઇ જશે, એટલે તને અહીં તેડી આણી તારાં વિધિપુરઃસર લગ્ન કરી, તારા સર્વ મનોરથ પુરા પાડીશ. બ્હેન, અત્યારે તું સાસરે જતી નથી પણ કોઇ સગાને ઘેર જતી હોય એમ ધારજે. તું શાણી છે એટલે તને વિશેષ કહેવાની જરૂર નથી; તદપિ સ્વભાવિક રીતે જે એ વચન કહું છું તે ધ્યાનમાં રાખજે. જો હજી તું કુમારિકા છે માટે કૌમાર્યાવસ્થાને છાજે તેવું વર્તન રાખજે. તારી વર્તણુક ઉપર અમારી કીર્તિનો આધાર છે, એ વાત ખાસ સ્મરણમાં રાખજે. દીકરી, યૌવનારણ્યમાં મુસાફરી કરવી ઘણી વિકટ છે. મનુષ્ય માત્રને–ગને તો તે પુરુષ હોય કે સ્ત્રી હો–આ મુસાફરી કરવી પડે છે. તિમિરાવૃત્ત યૌવનારણ્યમાં જ્ઞાન પ્રકાશ ઘણો ઓછો પડે છે. તેમાં ફરતા કામક્રોધાદિ ઠગો મુસાફરને આડે માર્ગે ચડાવી અંતે તેને ઠગી લે છે, માટે બહુ સંભાળથી ચાલવું પડે છે. આ વિકટ અરણ્યમાં સત્સંગ એક ભોમીઓ છે અને તે વિશ્વસનીય છે. માટે તેની સહાય લઇ મુસાફરી કરવાથી કંઇ અડચણ નડતી નથી. વળી આત્મસંયમની મદદ લેવાથી ખાડાટેકરારૂપ અને અનેક સુખ દુઃખના પ્રસંગમાંથી નિર્વિઘ્ને પાર નીકળી શકાય છે. આ અરણ્યની મુસાફરી ઘણી લાંબી છે. સંભાળપૂર્વક ધીમે ધીમે ચાલવાથીજ તેનો અંત આવે છે. જે માણસ એક વખત આડે માર્ગે ચડી જાય છે, તેને પુનઃ સીધો માર્ગ પ્રાપ્ત થતો નથી; અથવા ઘણા શ્રમ પછી સીધો રસ્તો જડે છે. માટે બ્હેન તું આ વિકટ અરણ્યમાં ચાલતાં સંભાળ રાખજે. વિશેષ શું કહું ! થોડામાં ઘણું સમજવું એ તારી પ્રકૃતિ છે."

રાજમહિષિએ કહેલાં વચન ઇચ્છને ધ્યાન દઇ સાંભળ્યા. મનમાં તે માતાની કુશાગ્ર બુદ્ધિના વખાણ કરવા લાગી. તે કંઇ પણ જવાબ આપે તે પહેલાં પાછળ ઉભેલી તેની ભાભી બોલી ઉઠી.

" બ્હેન માતાજીનાં શિક્ષાપ્રદ વચન તમારા અંતરપટ પર સુવર્ણાક્ષરથી આલેખી લેજો. શુભેચ્છકના અનુભવસિદ્ધ વચન સર્વથા સત્ય હોય છે, માટે તે હંમેશ

ધ્યાનમાં રાખજો. બ્હેન, ભગિની જેવું તમારૂં હેત મારાથી ભૂલી શકાતું નથી, તો પણ થોડા વખત પછી તમે અહીં પાછાં આવશો એમ જાણી કંઇક મનને ધીરજ રહે છે. તમે કોઈ જાતની ફિકર કરશો નહિ. ઈશ્વર સૌ સારાં વાનાં કરશે, ને આપણાં મોંઢાં ઉજળાં રહેશે. અત્યારે વધારે કહેવાનો વખત નથી. પુનઃ મળીશું ત્યારે બધી વાત કરીશું." આમ બોલી તે નર્ણંદને ભેટી પડી. અષાડ માસની હેલી પેઠે બંનેના ચક્ષુમાંથી આનંદાશ્રુ પડવા લાગ્યાં. આ દૃશ્ય જોઈ રાજમહિષિનું હૃદય વાત્સલ્ય-પ્રેમથી ભરાઈ આવ્યું. ઘણા હેતથી તેમણે રાજકુમારીને છાતી સાથે ચાંપી ને એક બે ચુંબન કીધાં. વધી પડેલા આંતર્દુ:ખથી થોડીવાર સુધી તો તે બંને અવાક્ રહ્યાં. એટલામાં પાછળથી યુવરાજ ને રાજા ત્યાં આવી પહોંચ્યા. રાણીએ રાજકુમારીને સોડમાંથી અળગી કરી તેને શાત્વન આપ્યું. ભાઇ સાથે પિતાશ્રીને પણ પોતાની પાસે ઉભેલા જોઈ ઇચ્છનકુમારીનું હૃદય વધારે નરમ થઇ ગયું, તે ભગ્ન કંઠે બોલીઃ—

"પિતાજી! આ હતભાગ્ય બાળાએજ આપના શિર ઉપર આવું સંકટ આણ્યું છે. ક્ષમા કરજો. જેને આપે અતિશય લાડમાં ઉછેરી મોટી કીધી, તેજ અત્યારે આપને દુઃખદાતા થઇ પડી છે. હાય વિધે! આમ કરવામાં તારો શો ગુપ્ત હેતુ છે! ગર્ભપૂર્વેજ જો તેં મારો નાશ કર્યો હોત, તો આવું પરિણામ ન આવત. ઓ ધરતી માતા! તું અહીંઆંજ તારા ગર્ભમાં મને કેમ સમાવી દેતી નથી! ઓ સૂર્ય પિતા! શું તું અત્યારે મારા ઉપર કૂપિત થયો છે? જો તેમ હોય તો તારા સહસ્ર કિરણોથી મારો એકદમ નાશ કર, કે જેથી પિતાનું સર્વ દુઃખ દૂર થાય. પણ હાય! તેવું શી રીતે બને? પિતા, પિતા મને અજમેર મોકલો નહિ, તમારી પાસેજ રાખો. આમ આપત્તિ સમયે અળગી ન કરો. બાપુ, તમારો પ્રેમ મને ક્ષણુ-વાર પણ વિસરતો નથી. વિયોગની વાત મારૂં હૃદય બાળી મૂકે છે. હું તો અહીંથી નહિ જાઉં. તમને દુખમાં મૂકી મારે સુખ નથી ભોગવવું. પિતાજી, આ તમારી પુત્રી કંઈ યુદ્ધથી ડરતી નથી, જીવન સુખની તેને સ્પૃહા નથી, તમારૂં લોહી મારા શરી-રમાં પણ વહે છે. મારામાં ક્ષાત્ર જુસ્સો છે હું પ્રાણને વહાલો ગણતી નથી, માટે ગમે તેમ થાય તો પણ હું તો તમારી સાથેજ રણસંગ્રામમાં આવીશ ને મારૂં પાણી બતાવી આપીશ. બાપુ! સિંહનાં બચ્ચાં સિંહના જેવાંજ હોય છે. તે શિકારથી ડરી ઘરમાં ભરાઇ રહેતાં નથી. માટે એક વખત આ તમારી પુત્રીને સમરાંગણમાં સાથે રાખી તેના હાથનું પાણી જૂઓ. આજ સુધી જેમ મારી સર્વ ઇચ્છાઓ પૂરી કરી છે, તેમ આ એક ઇચ્છા પણ પુરી પાડો તેથી મને સંતોષ થશે." આમ બોલી રાજકુમારી છાની રહી. પછી રાજાએ તેને ઉદ્દેશી કહ્યું:—

"બ્હેન! તું આમ આક્રન્દ ન કર. અમારે માટે તું જરાયે શોચ કરતી નહિ. તારે લીધેજ અમને દુઃખ આવી પડ્યું છે, એમ માનવાનું કારણ નથી. સુખ દુઃખ દેહ સાથેજ નિર્મિત છે. સર્વને તે ભોગવવાં પડે છે. જો સૂર્યચંદ્ર જેવી વિશ્વની મહાન વિભુતિઓ પણ તે અવસ્થાને પ્રાપ્ત થાય છે, તો પછી આપણે શોક શા માટે કરવો જોઇએ? પુત્રી! તું હવે વિલાપ ન કર. ક્ષત્રિઓ કંઇ ખાટલે પડી

મરતા નથી. તેઓનું અંતિમ સ્થાન તો રણભૂમિજ છે. એ ભૂમિમાં દેહ પડે તોજ અમને સંતોષ થાય છે. યુદ્ધના પ્રસંગને અમે આનંદનો પ્રસંગ માનીએ છીએ. માટે તે વાતની અમારે કશી ચિંતા નથી. તું યુદ્ધમાં આવવાની હઠ છોડી દે. તું હજી નાની છે, અનુભવ વિનાની છે, તેં હજી દુઃખના દિવસ દીઠા નથી, પ્રભુ તને તેવા દિવસ ન દેખાડે એવી મારી અનન્ય ભાવે પ્રાર્થના છે. અમને અમારી જાતની, માલમિલ્કતની કે વૈભવની ચિંતા નથી, પણ ચિંતા ફક્ત અમારી આબરૂ જાળવવાની છે. એ ચિંતા દૂર કરવા માટે અત્યારે તને અજમેર મોકલવી પડે છે, પુત્રી ! ઈશ્વર કૃપાથી આપણોજ વિજય થશે. પાપી તેનાં પાપથીજ દુઃખી થશે. સત્યને કોઈ દિવસ આંચ ન આવે, માટે તું કોઇ જાતની ફિકર કર નહિ. થોડા વખત પછી તને અહીં તેડી લાવીશું. તું ગભરાઇશ નહિ. બેટા, સંભાળજે હો ! તું ડાહી છે. લે ઉઠ હવે, જો આ રથ આવ્યો. તૈયાર થઇ તેમાં બેસી જા ભાઇ સલખ પણ તારી સાથે આવે છે." ગદ્‌ગદ્ કંઠે વિલાપ કરતી બાળા રથમાં બેઠી. રથ ચાલવા માંડયો એટલે તેનું આક્રન્દ વધી પડયું. સર્વના મુખપર ગ્લાનિ છવાઈ ગઇ. સ્નેહાકર્ષણથી સર્વ પાછળ પાછળ તળાવની પાળ સુધી આવ્યાં. પછી આકર્ષણ બંધ થઇ ગયું એટલે સૌ ઉભા રહ્યાં. પણ 'બેન આવજે.' 'સંભાળજે.' 'ચિંતા ન કરીશ.' ઇત્યાદિ ધ્વનિ તો ચાલુ રહ્યા. રાજકુમારીએ વચ્ચમાં રથમાંથી ડોકું બહાર કાઢી અશ્રુરૂપે તેનો ઉત્તર દીધો. થોડીજ વારમાં રથ દષ્ટિ–મર્યાદા બહાર જતો રહ્યો. ઉદાસ થઇ સૌ પાછાં ફર્યા. રાજા અને રાણીની દિલગીરી ઘણી વધી પડી. એકની એક લાડકી પુત્રીને લગ્ન પહેલાં શ્વસુર–ગૃહે મોકલવી પડી, એ વેદનાથી તેમનાં હૃદય વિદીર્ણ થયાં. ગાય જેવું અવાક્ પશુ પણ વત્સવિયોગથી આક્રન્દ કરે છે, તો પછી બુદ્ધિશાળી મનુષ્યને પુત્રી વિયોગથી દુઃખ લાગે તેમાં શી નવાઇ ! ભગવાન્ કાશ્યપ ! તમારાં અનુભવસિદ્ધ વચન સર્વથા સત્ય છે. મારા જેવા અરણ્યવાસીને પણ પુત્રીવિયોગના નવા દુઃખ વડે આવો વિકલ્પ થાય છે, તોપછી સંસારી મનુષ્યોને તે (વિયોગદુઃખ) કેમ પીડા ન કરે ?

ચતુર્થ પરિચ્છેદ.

યુદ્ધ પ્રયાણ.

પ્રભાતનો સમય થયો હતો. પ્રાચી દિશા રક્તવર્ણી થઇ ગઇ હતી. પ્રતાપી પ્રભાકરનું આગમન જાણી, તારાઓ ઉતાવળે સંતાઇ જવાની તૈયારી કરતા હતા. પક્ષીઓ માળામાં બેસી મધુર કલરવ કરી પોતાનો આનંદ પ્રદર્શિત કરતાં હતાં. શીતળ સમીર પ્રાણીઓને આહ્‌લાદ આપતો હતો. પ્રકૃતિ–સૌન્દર્ય સર્વત્ર અતિ રમણીય ભાસતું હતુ. આ વખતે પાટનગર પાટણમાં વસતાં ચંચળ પ્રકૃતિનાં સ્રીપુરૂષો શય્યામુક્ત થઇ, પોતાના નિત્યકર્મમાં પ્રવૃત્ત થઇ ગયાં હતાં.

આજે ગુર્જરસેનાને આબુ તરફ પ્રયાણ કરવાનો શુભ દિવસ હતો. આજે ક્ષત્રિય નરનારીઓને અપૂર્વ આનંદનો દિવસ હતો. કીર્તિ કમાવાના કોડમાં શૂરા યોદ્ધાઓ આજે નિમગ્ન બની ગયા હતા. ઘોડાઓનો સણુસણાટ અને શસ્ત્રાસ્ત્રોનો ખડખડાટ અત્યારે દરેક ગૃહમાં કર્ણગોચર થતો હતો. રાજપૂત રમણીઓ પોતાના પતિ, પિતા કે ભ્રાતાને જમાડવા માટે; મિષ્ટ વાનીઓનું ભોજન કરવાના કાર્યમાં મશગુલ બનેલી જણાતી હતી. કેટલીક યુવતીઓ યુદ્ધમાં જતા પોતાના પતિને લશ્કરી પોશાક પહેરાવવાના કામમાં, કેટલીક પતિ સાથે થોડા વખત વાગ્વિનોદ કરવામાં, અને કેટલીક વિખુટા પડતા પોતાના પ્રિયતમને શુભાશીર્વાદ આપવાના કાર્યમાં પ્રવૃત્ત દેખાતી હતી. દરેક ઘરમાં શૂરાઓને પ્રોત્સાહિત કરવા માટે રણોત્સાહવર્ધક ગીત ગવાતાં હતાં. નિર્મિત વખત થઇ ગએલો જાણી યોદ્ધાઓ વિદ્યુત ગતિએ નગર બહાર જતા હતા. તેમના હર્ષનાદથી આખું નગર ગાજી રહ્યું હતું. નગરમાં ને નગર બહાર શરણાઇ, તુરાઇ ને રણશિંગાના અવાજ વખતો વખત સંભળાતા હતા. રસ્તા ઉપર લોકોનાં ટોળાં 'હર હર મહાદેવ' 'ગુર્જર પતિનો જય થાઓ' ઇત્યાદિ પોકારો કરી શૂરાઓને પ્રોત્સાહિત કરતાં હતાં. કેટલીક યુવતિઓ માળ ઉપર ચઢી, રસ્તે જતા પોતાના પ્રિયતમોને દીર્ઘદૃષ્ટિએ નિહાળતી હતી; અને તેઓને સત્વર વિજય મળે એ માટે પ્રભુ પ્રત્યે અનન્ય ભાવે પ્રાર્થના કરતી હતી.

અત્યારે મહારાજા ભીમદેવ પોતાના નિત્ય કર્મથી નિવૃત્ત થઇ ચંદ્રશાળામાં બેઠો હતો. તેને માટે અહીં અનેક પ્રકારની મિષ્ટ વાનીઓનું ભોજન પ્રથમથીજ તૈયાર કરી રાખવામાં આવ્યું હતું. મહારાણીએ રાજાને રૂચિકર ભોજન સાથે પ્રેમામૃતનું પાન કરાવ્યું. ભોજન કર્યા પછી તે બીજા ઓરડામાં ગયો. ત્યાં પાનસોપારી ખાઈ થોડીવાર સુધી દોલારૂઢ થયાં. ત્યારપછી પરિચારિકાઓએ આવી રાજાના શરીરે સુખડ, કસ્તુર્યાદિ સુવાસિત શીતળ પદાર્થોનો લેપ કીધો. થોડા વખત આ સુખ ભોગવી, રાજા બહાર રાહ જોતી સેનામાં ભળવા તૈયાર થયો. એટલામાં ત્યા મહારાણી આવી પહોંચ્યાં. પાસે આવી તેમણે પતિપાદપદ્મમાં નમન કર્યું. રાજાએ હર્ષયુક્ત વદને તેને ઉભી કરીને કરલતા પસારી હૃદયદાન દીધું. પતિપ્રેમથી સ્તબ્ધ બની ગએલી રાણીના મુખમાંથી એક પણ શબ્દ નીકળે તે પહેલાં રાજાએ કહ્યું:–

"દેવિ ! આવા માંગલિક પ્રસંગે તમે ઉદાસ કેમ દેખાઓ છો ? આજે કીર્તિ કમાવા હું આબુ જાઉંછું, માટે કોમલાંગી ! સુધાવચનથી આશિષ આપો."

"પ્રભો ! થોડા વખત આપનો વિયોગ વેઠવો પડશે તેથી ઉદાસ છું. સમરાંગણમાં જઇ કીર્તિ મેળવવી એ ક્ષત્રીઓનું પરમ કર્તવ્ય છે. આ કર્તવ્ય આપ સારી રીતે સમજો છો. પ્રાણેશ ! યુદ્ધમાં વિજય મેળવી આપની કીર્તિ સ્વર્ગ સુધી પ્રસારો કે જેથી ત્યાં બેઠેલા પૂર્વજો આનંદ પામે" રાણીએ રાજાને ક્ષત્રિય કર્તવ્યનું ભાન કરાવ્યું.

"પ્રાણેશ્વરી ! તમારાં આશીર્વચનથી હું અવશ્ય વિજયી થઇશ." રાજાએ પ્રસન્ન થઇ કહ્યું.

"પ્રાણવલ્લભ ! આપની યશ-પતાકા વિશ્વવિખ્યાત છે. અનેક વખત જેમ જય મેળવ્યો છે તેમ આજ પણ પ્રભુ આપને જય આપશે. નાથ ! ચણ્ડિકા તમારૂં સહસ્ર ભુજાએ રક્ષણ કરો. મારૂતિનું બળ તમારી કાયામાં વસો. ઉમાપતિ તમને સહાય થાઓ. પ્રાણેશ ! પૂર્વજોની કીર્તિને પ્રકાશિત કરી પછી મારા મહેલમાં પાછા આવો."

રાણીનું હૈયું ભરાઇ આવ્યું. મુખ મ્લાન થઇ ગયું. હવે તે કંઇજ બોલી શકી નહિ. રાજાએ ઉભા થઇ પ્રેમથી તેને એક ચુંબન કીધું. રાણીએ મૂગે મોઢે અપૂર્વ આનંદ અનુભવ્યો. રાજાએ પુનઃ તેને છાતી સાથે ચાંપી. એટલામાં બહાર ઉભેલા લોકોએ 'જય સોમનાથ !'નો ધ્વનિ કીધો. આ ધ્વનિ સાંભળી બંને મોહ નિદ્રામાંથી જાગૃત થયાં. રાણીના મુખ પર, મદભર નયનોમાં શૌર્યનો પ્રકાશ નીકળ્યો. તે બોલીઃ—

સુખેથી સંચરો હો ! મારા તનમનના વિશ્રામ;
વહેલા આવજો હો ! મારા રણશૂરા ભરથાર   સુખેથી. ૧.
રણમાં રાખજો હો ! વહાલા, કુળકીર્તિ અભિમાન;
બતાવી આપજો હો ! પાટણ નરપતિનો પરતાપ.   સુખેથી. ૨.
સુખેથી ખેલજો હો ! પ્યારા, રણભૂમિની સાથ;
હૃદય મુજ રાચશે હો ! સૂણી તમ એનો અનુરાગ   સુખેથી. ૩.
ડરો સૌ દુશ્મનો હો ! વહાલા સૂણી તમારી હાક;
પાછા ભાગશે હો ! જ્યારે સૂણશે 'જય સોમનાથ !' સુખેથી. ૪.
પ્રભો પાયે નમું હો ! હવે સત્વર જાઓ નાથ;
ઉભા શુર બારણે હો ! આપો તે સૌને ઉત્સાહ.   સુખેથી. ૫.

પ્રસન્નમુખીની અનુમતિ લઇ, લશ્કરી પોશાકમાં વિભુષિત બની રાજા મહેલ બહાર નીકળ્યો. આ વખતે આખા નગરમાં આનંદ વ્યાપી રહ્યો હતો. પોતાના રાજાનો જય થાય તે માટે રાજભક્ત પ્રજા પ્રભુ પ્રાર્થના કરતી હતી. રાજા બહાર આવ્યો એટલે નોબતો ગડગડવા લાગી. શુભ શુકન દર્શક શંખનાદ થયા, તેના ધ્વનિથી આકાશ ગાજી રહ્યું. દેવતાઓ પોતાનું પ્રભુત્વ ભૂલી રાજાને અનિમિષ દૃષ્ટિએ નિહાળવા લાગ્યા. રાજાની આસપાસ આમ માણસોને રણપ્રિય યોદ્ધાઓનું ટોળું વળ્યું. તેની સન્મુખ સ્વસ્તિક પુરાયા. મોટા પંખા લઇ સેવકો પવન ઢોળવા લાગ્યા. તેને માથે રાજછત્ર ધરાયું, એટલે ગાંધર્વો ગાન કરવા લાગ્યા. રાજાને વરવા માટે અપ્સરાઓ પણ આકાશમાં રહી માંહોમાંહે સ્પર્ધા કરવા લાગી. એક બાજુએ જ્યોતિષ વિદ્યામાં નિષ્ણાત જ્યોતિઃશાસ્ત્રીઓ મુહુર્ત માટે ઘડીનું માપ કાઢવા બેસી ગયા. થોડીવાર પછી રાજપુરોહિતે આવી અનેક વિદ્વાન બ્રાહ્મણો સમક્ષ રાજા પાસે ઇષ્ટદેવ શંકરનું પૂજન કરાવ્યું. હજારો બ્રાહ્મણો મંત્રઘોષ કરવા લાગ્યા. ત્યાર પછી પુરોહિતે રાજાના ભાલમાં તિલક કર્યું ને આશીર્વાદ દીધો. ભાટ લોકોએ

ભભકભરી ભાષામાં રાજાનાં યશોગાન ગાવા માંડયાં. વારાંગનાઓએ નૃત્ય કરવા માંડયું. રાજાએ સર્વને યોગ્ય પારિતોષિક આપી સંતુષ્ટ કીધા. પછી પર્વત જેવા ઉંચા ને કદાવર કૃષ્ણવર્ણું હાથી ઉપર રાજા આરૂઢ થયો. એટલે પ્રજાએ 'જય ! જય !' નો નાદ કર્યો. શિરચ્છત્ર પર પડતાં કિરણોના પરિવર્તનથી રાજાની મુખમુદ્રા વિશેષ પ્રતિભાશીલ દેખાવા લાગી. સવારી ધીમે ધીમે નગર બહાર ચાલી. આગળ છડીધરો ને પાછળ ઘોડેસવારો ચાલતા હતા. બહાર જવાનો રસ્તો ચિકાર ભરાઇ ગયો હતો રસ્તામાં જગ્યા નહિ મળવાથી કેટલાક લોકો ઘર ઉપર ચડી ઉભા હતા. સવારી નગર બહાર ચાલવા લાગી એટલે લોકોએ રાજાને નમન કરી તેના પર પુષ્પવૃષ્ટિ કીધી; વિવિધ પ્રકારનાં આભૂષણોથી અલંકૃત બનેલી યુવતિઓએ મંગળગીત ગાયાં. સવારી પાછળ લોકો નગર બહાર આવ્યા. રાજાએ પુનઃ પુત્રવત્ પ્રજાને વાત્સલ્યભાવથી નિહાળી તે વખતે 'વિજય વિજય' ના આનંદ ધ્વનિથી આકાશ ગાજી રહ્યું. નગર છોડી સવારી આગળ ચાલી. હાથીઓના મેઘગર્જના જેવા નાદ, ઘોડાઓના ખણખણાટ, ઉંટોના કર્કશ અવાજ અને પાયદળના પદાઘાતથી પૃથ્વી ગાજી રહી. રસ્તામાં આવતાં ગામડાંના અસંખ્ય માણસો રાજાનું દર્શન કરવા આવી ઉભા. તેમનાં મુખપર આનંદ પ્રકાશી રહ્યો હતો. પરાપૂર્વથી રાજાને દેવ તુલ્ય માનનારી આર્યાવર્તની આર્યપ્રજા પોતાના ભૂપતિનાં દર્શન કરી અપૂર્વ ને અવર્ણનીય આનંદ પામે તો તેમાં આશ્ચર્ય શું ? વળી ઇંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર તથા કુબેર એ સર્વમાંથી અમૃત અંશ કાઢીને પરમેશ્વરે રાજાને સરજ્યો છે' એમ માનનારી ભારતવર્ષની આર્યપ્રજાનાં હૃદયમાં રાજભક્તિ ઉભરાઇ જાય એ સર્વથા શક્ય છે. ઇતિહાસ ઉપર દૃષ્ટિ નાખતાં, આર્યપ્રજાની રાજભક્તિનાં જેવાં જવલંત દૃષ્ટાંત દીઠામાં આવે છે તેવું એક પણ દૃષ્ટાંત અન્ય પ્રજાના ઇતિહાસમાં મળવું દુર્લભ છે.

પંચમ પરિચ્છેદ.

સુલેહનો સંદેશો.

મહારાજા ભીમદેવ પોતાના સંતપ્ત હૃદયને શાન્ત કરવા માટે પ્રચંડ સેના લઇ આબુ તરફ ચાલતો હતો. આ વખતે વર્ષાઋતુ પૂર્ણ થઇ ગએલી હોવાથી, રસ્તામાંનાં નદીનાળાં પાણીથી ભરાઈ ગયાં હતાં. માર્ગમાં નડતી અનેક મુશીબતોની દરકાર કર્યા વિના ગુર્જર સેના અતિ આનંદથી આગળ ચાલી જતી હતી. તે વિસ્તારમાં એ ત્રણ માઇલ લાંબા ને એકાદ માઇલ પહોળા પ્રદેશમાં પ્રસરેલી હતી. બાજુ પરનાં સૈનિકોનાં ટોળે ટોળાં આસપાસના પ્રદેશ લૂટવા નીકળી પડતાં હતાં. સેનામાં હાથી, ઘોડા, ઉંટ, રથ અને પાલખીઓનો તો પારજ ન હતો. સામાન ખેંચી જનારાં અસંખ્ય ગાડાં સેનાના મધ્ય ભાગમાં ચાલતાં હતાં. તોપોની લાંબી હાર

સેનાના અગ્ર ભાગમાં રાખી હતી. તેની પાછળ પાયદળ ને પાયદળની પાછળ ઘોડેસવાર લશ્કર કુચ કરતું હતું. ઘોડેસવારો પાસે લાંબી અણીવાળા ભાલા કમરે અતિ તીક્ષ્ણ કૃપાણો ને ખાંધે બાણકમાન ભેરવેલાં હતાં. ઠામ ઠામ ઉંચી ઉંચી ધ્વજાઓ હવામાં ફરકી રહી હતી. હાથીઓ ઉપર લાધેલી નોબતો ઉપર વખતો વખત ડંકો થતો હતો. કુચ કરતી સેનાના પદાઘાતથી થતી પૃથ્વીની ગર્જના, પ્રકાશમાં તેઓના ભાલાઓનો ચળકાટ, તરવાર ને ભાલાના ખડખડાટ, નોબતોના ગડગડાટ, ધ્વજાઓનો ફડફડાટ, ને વિવિધ રાગરાગણીમાં સૈનિકોનો આલાપ; એ સર્વનું વર્ણન કરવું તે કરતાં માત્ર કલ્પના કરવી જ બસ છે.

ગુર્જર સેના રસ્તામાં ઠામઠામ મુકામ કરતી હતી. જે ભાગમાં તેઓનો મુકામ થતો ત્યાં સર્વત્ર પ્રદેશ ઉજ્જડ થઇ જતો. બિચારા ગામડાના લોકો પોતાની હદમાંથી સેના પસાર થાય ત્યાં સુધી મહા ચિંતાતુર રહેતા હતા. કેટલાક ગામડાના આગેવાન માણસો તો સેના પોતાના ગામ પાસે મુકામ ન કરે એટલા માટે મોટી મોટી બક્ષિસો આપી આવેલી આપત્તિ દૂર કરવા પ્રયત્ન કરતા હતા. સેના જ્યાં છાવણી નાખતી ત્યાં ઉત્તમ પ્રકારની સગવડ થતી. સેનાનો દરેક ભાગ સહેલાઇથી ઓળખી શકાય માટે ત્યાં ચકચકિત વિવિધ રંગી વાવટા રોપેલા રાખતા. બજારોની લાંબી ને લાંબી હારો છાવણીના મધ્ય ભાગમાં થતી હતી. છાવણીમાં ઘણાખરા તંબુઓ સફેદ હતા, તથાપિ ઉચ્ચ અધિકારીઓના તંબુ રાતા કે પીળા રંગના અને ખાસ રાજાનો તંબુ સુશોભિત લાલ રંગનો દેખાતો હતો. કોળી ભીલ વગેરે માણસો જેઓ લશ્કરમાં જાથુને માટે ન જોડાતાં, પ્રસંગવશાત્ સામેલ થએલા હતા, તેઓ પાસે અન્ય સૈનિકો જેટલો સરસામાન નહોતો. એ ત્રણ ભાલા રોપી તેઓએ પોતાને રહેવાની સગવડ કરી હતી.

ભીમદેવે ચંદ્રાવતીથી થોડે દૂર મુકામ કર્યો. તેણે પોતાના મંત્રીઓની સલાહ લઇ પુનઃ એક વાર આબુપતિને પત્ર લખી પોતાની ઈચ્છા જણાવી. પત્ર લઇ ગુર્જર-દૂત વિદ્યુત ગતિએ ચંદ્રાવતીમાં આવી ઉપસ્થિત થયો. આ વખતે રાજા જેતસિંહ ગુર્જર સેનાનું આગમન જાણી યુદ્ધ વિષયક ચર્ચા ચલાવતો બેઠો હતો. એટલામાં બહાર ઉભેલા પ્રહરીએ સભામાં પ્રવેશ કરી રાજાને નિવેદન કર્યું કેઃ "મહારાજાનો જય થાઓ. બહાર કોઇ ગુર્જર દૂત આવી ઉભો છે, તે સભામાં પ્રવેશ કરવાની આજ્ઞા માગે છે. હુકમ હોય તો તેને સભામાં ઉપસ્થિત કરૂં."

"ભલે તેને અંદર આવવા દે." રાજાએ અનુજ્ઞા આપી.

તત્પશ્ચાત્ ગુર્જર દૂત સભામાં આવી ઉપસ્થિત થયો. રાજાને યોગ્ય નમન કરી તેણે એક પત્ર રાજાની પાસે મૂકયો. ત્યાર પછી ગુર્જર દૂતને સભામાંથી બહાર કાઢવામાં આવ્યો. રાજાએ તે પત્ર પોતાના હાથમાં લઈ વાંચવા માંડયો તેમાં નીચે પ્રમાણેની હકીકત લખેલી હતી.

"આબુપતિ મહારાજા જેતસિંહ.

વિ. થોડા વખત પૂર્વે અમોએ અમારા એક મંત્રીને [illegible] પાસે મોકલ્યો હતો. તે વખતે અમે તમારી પુત્રીની માગણી કરી હતી, [illegible] તમે સામનરસાનો

પરિપૂર્ણ વિચાર કર્યા વિના અમારી માગણીનો અનાદર કર્યો હતો. ગુર્જરેશ્વરની માગણીનો અસ્વીકાર કરવો એ કેવું અને કેટલું જોખમભરેલું કામ છે, તેનો વિચાર કર્યા વિનાજ તમે એવું સાહસ કરેલું હોય એમ જણાય છે. અમારા બહાદુર સામંતો પોતાનું અને પોતાના રાજાનું અપમાન સહન કરી બેસી રહે તેવા નથી. તમારા અપરાધને અક્ષમ્ય ગણી, યોગ્ય શિક્ષા કરવા અમે ભારે સેના સાથે અહીં સુધી આવી પહોંચ્યા છીએ. જો કે યુદ્ધક્ષેત્રમાં તમને પરાજિત કરી, અમે અમારી ઇચ્છા પરિપૂર્ણ કરવાને સમર્થ છીએ; તથાપિ તમારા ઉપર અનુગ્રહ કરી પુનઃ આ પત્ર લખી જણાવીએ છીએ, કે જો હજી પણ તમે અમારી માગણી માન્ય રાખી અમારી ઇચ્છાનુસાર વર્તશો, તો તમોને કંઈ પણ નુકસાન કર્યા વિના અમે અહીંથી પાછા ફરીશું. કદાચ હજી સુધી તમે તમારી હઠ છોડવા ખુશી ન હો, તો પ્રાતઃકાળમાંજ લડાઇ માટે તૈયાર થઈ જજો, રણક્ષેત્રમાં અમે તમારી હઠ છોડાવીશું."

લી.

મહારાજાધિરાજ,

ભીમદેવ ચાલુક્ય.

પ્રથમ રાજાએ અને ત્યાર પછી સઘળા સામંતોએ તે પત્ર વાંચ્યો. પત્રવાચનથી સઘળા ગુસ્સે થઇ ગયા. તેમના શરીરમાં ક્ષાત્ર જુસ્સો પ્રકટી નીકળ્યો. આંખોમાંથી અગ્નિકણ વરસવા લાગ્યા. શૌર્યાવેશથી તેઓનું રૂધિર તપ્ત થઇ ગયું. થોડીવાર સુધી સર્વ મૌન રહ્યા. સામંતોની આવી સ્થિતિ જોઇ તેઓને પ્રોત્સાહિત કરવા રાજા જેતસિંહ બીજા ગર્જના કરી બોલી ઉઠ્યો. " ભાઇઓ ! તમે સઘળા ચાલુક્યથી ડરી જઇ વિચારમાં પડી ગયા છો કે શું ? જીવનપ્રિય સામંતો ! ચાલુક્ય રાજાની માગણી કબુલ કરી તમે તમારી ગગનચુમ્બિત કુળકીર્તિને કલંકિત બનાવવા તૈયાર છો કે ? પરમારોની ઉજ્જવળ યશ–પતાકા આજે કૃષ્ણવર્ણી બની જશે ! શું પરમારોના પરાક્રમ ઉપર આજે પાણી ફરી વળવાનો પ્રસંગ આવ્યો છે ! ભાઇઓ ! બોલો, હવે તમારી શી ઇચ્છા છે."

જેતસિંહના ભાષણથી સઘળા સભાસદોના રોમેરોમમાં ક્ષાત્ર જુસ્સો અધિક વેગથી પ્રકટી નીકળ્યો. સર્વ સાથે ગર્જના કરી બોલી ઉઠ્યાઃ—

" મહારાજા ! અમને આપ આવાં કટુ વચન સંભળાવો નહિ. અમે કાયર નથી, પરમાર રજપૂતો રણક્ષેત્રમાં જતાં કદાપિ ડરે તેવા નથી. મહારાજ ! અમારી યશ–પતાકાને કૃષ્ણવર્ણી બનાવવાની ઇચ્છા રાખનાર નરાધમને અમે શિક્ષા કર્યા વિના રહીશું નહિ. દુશ્મનોને અમારી ભુજાઓનો સ્વાદ ચખાડવા અમે તૈયાર છીએ. મહારાજ ! અમને સત્વર યુદ્ધ કરવાની આજ્ઞા આપો. આપની આજ્ઞા મળતાં અમે અમારૂં પાણી બતાવી આપીશું."

" ધન્ય છે ! મારા શૂરા સામંતો ! પરમારોને શોભાવે એવાં તમારાં વચન સાંભળી મારી ચિંતા નષ્ટ થઇ ગઇ છે. શત્રુને આજે તમારૂં પરાક્રમ બતાવવાનો સમય પ્રાપ્ત થયો છે. ભાઇઓ ! જય મેળવી જીવવાનો કે રણમાં પડી સ્વર્ગે જવાનો

લોભ રાખજો. રણમાંથી પાછા હઠી તમારી જનેતાઓને કલંકિત કરવાનું નીચ કર્મ કરશો નહિ. જગદંબે તમને સહાય થશે. દેવી સત્યની સહાયક છે, તેના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખજો." "જગદંબે! જય આરાસુરી!! હર હર શંભો!!!" સભામાં ભીષણ નાદ થયો.

ત્યાર પછી ગુર્જરદૂતને સભામાં બોલાવી, તેને ઉદ્દેશીને જેતસિંહે કહ્યું "દૂત! તારા રાજાને જઇને કહેજે, કે પરમારો યુદ્ધ કરવાને ખુશી છે. લડાઇની રાહ જોતાં તેઓ ક્યારનાએ તમારી માર્ગપ્રતીક્ષા કરે છે. પ્રાણાન્તે પણ અમે તમારાથી ડરી જઇ પાછા હઠીએ તેવા નથી. અમારા શરીરમાં ક્ષાત્ર લોહી ધબકારા કરી રહ્યું છે. તમારા જેવા પાપી, અસત્યાવલંબી, અધર્મી, નરપિશાચ માનવ રાક્ષસોનો નાશ કરવા માટેજ અમારો જન્મ થએલો છે. જગદંબાની કૃપાથી અમે તમારો નાશ કરી, સત્યનું પાલન કરીશું. એક પરમાર યોદ્ધો તમારામાંના સો સો સિપાઇઓના પ્રાણ લીધા વિના રણમાં પડે તેવો નથી. તમને ખબર નહિ હોય, કે પરમારોને પરાજિત કરવા તે આકાશ કુસુમને પ્રાપ્ત કરવા સમાન અશક્ય કાર્ય છે; પરમારોને છંછેડવા, તે સૂતેલા સિંહને છંછેડવા જેવુ ભયંકર કામ છે; પરમારોની સ્પર્ધા કરવી તે સિંહની સ્પર્ધા કરવા જેવું દુષ્કર કામ છે; પરમારોની કીર્તિ લૂંટવા પ્રયત્ન કરવો, તે મણિધરના શિર પરનો મણિ હાથ કરવા જેવું સાહસ છે. તારા રાજાને જઇને કહેજે, કે જો હજી પણ તમે અમારી માફી માગી પાછા ચાલ્યા જશો, તો અમે નિખાલસ દિલથી તમને માફી આપીશું. જો તારા દુરાગ્રહી રાજાની યુદ્ધ કરવાનીજ ઇચ્છા હશે, તો પ્રભાતમાં તૈયાર થઇ અમે સમરાંગણમાં ઉપસ્થિત થઇશું ને તમારો યથાઘટિત અતિથિસત્કાર કરીશું."

રાજા જેતસિંહનો નિડર જવાબ સાંભળી, ગુર્જરદૂત સ્તબ્ધ થઈ ગયો. મનમાં તે પરમારોના કુલાભિમાનને ધન્યવાદ આપવા લાગ્યો. રાજાના તરફથી ચોખ્ખો જવાબ મળ્યો, એટલે દૂત ત્યાંથી ચાલવા લાગ્યો. તેને જતો રોકી સલખકુમાર સહસા બોલી ઉઠયો:—

"ગુર્જરદૂત! મારો સંદેશો પણ લેતો જા. તારા ભોળા રાજાને કહેજે, કે પરમારોને છંછેડયા વિના આવ્યા છો તેમ પાછા ચાલ્યા જાઓ. માળવાના રાજાની પેઠે અમે તમારાથી ડરતા નથી. યવનોની પેઠે પરમારો પરાજિત થઈ તમારે તાબે થાય તેવા નથી. જો અમારી પાસે અસંખ્ય સેના તૈયાર છે. મારવાડ તરફથી પણ અમને જોઇતી મદદ મળી ચૂકી છે. અજમેરથી પરાક્રમી ચૌહાણનરેશ પણ અહીં આવી પહોંચવાની તૈયારી છે. માટે પ્રભાતમાંજ તૈયાર થઈ સામા આવજે, ને રણક્ષેત્રમાં ક્ષત્રિયકુલભૂષણ પરાક્રમી પરમારોનું પરાક્રમ જોજે."

ગુર્જરદૂતે પાછા જઇ અથેતિ હકીકત ચાલુક્ય રાજાને નિવેદન કરી. ભીમદેવે પોતાની સેનાને પ્રભાતમાં યુદ્ધ માટે આગળ વધવાનો હુકમ આપ્યો. પરમાર સૈનિકો પણ યુદ્ધ માટે તૈયાર થઈ રહ્યા હતા. બંને પક્ષના માણસોએ આજની આખી રાત્રિ આનંદમાં ગુજારી. વખતો વખત રણવાદ્યના ભીષણ ધ્વનિ સંભળાતા હતા. આટ

ચારણો રામાયણ ને મહાભારતના યુદ્ધ પ્રસંગો, વીરરસ વાણીથી સૈનિકોને સંભળાવતા હતા. શૌર્યાવેશથી સૈનિકો વખતો વખત, "હર હર મહાદેવ ! જય જય જગદમ્બે !" નો ભીષણ ધ્વનિ કરતા હતા. કેટલાક તો પોતાના મિત્રો સાથે ખ્યાલ ટપ્પાં ગાઇ, અપૂર્વ આનંદ ભોગવતા હતા. સૈનિકોએ ઉત્સવમાંજ આખી રાત્રિ પસાર કરી. પ્રભાતમાંજ ગુર્જર સેનાએ પરમાર સેના પર હલ્લો કરવા પ્રયાણ કર્યું.

ષષ્ઠ પરિચ્છેદ.

પરાક્રમ પરિચય.

રાજા જેતસિંહ પ્રભાતમાંજ ગુર્જર સેનાનો સત્કાર કરવા માટે તૈયાર થઇ ગયો. પ્રયાણ કરતા પહેલાં તેણે દેવીની સ્તુતિ કરી. "હે દેવિ ! વિશ્વવ્યાપિની ! ભક્તવત્સલા ! આજે તારી સંપૂર્ણ કૃપાથીજ અમને આવો અમૂલ્ય સમય પ્રાપ્ત થયો છે; કિન્તુ વિજય આપવો એ તારાજ હાથમાં છે. હે અંબે ! તારા આશ્રિત પરમારો અદ્યપર્યંત સત્યાવલંબી રહ્યા હોય, તો આજના યુદ્ધમાં તું અમને વિજય આપજે. જગદંબે ! આજના યુદ્ધમાં પાપીઓને પરાજિત અને સત્યાવલંબીઓને વિજયી કરશે, એવી મારી દૃઢ શ્રદ્ધા છે. ભદ્રે ! તારી સહાયતાને લીધેજ અત્યારે હું એક બલિષ્ઠ શત્રુ સાથે બાથ બીડવા તત્પર થયો છું. ભગવતિ ! સમરાંગણમાં તું વિજયમાળા અમારા ગળામાં આરોપજે, એવી મારી અનન્ય ભાવે અભ્યર્થના છે."

દેવીની સ્તુતિ કીધા બાદ રાજા સજ્જ થઇ બહાર નીકળ્યો. પોતાના સૈનિકો જે તેની માર્ગપ્રતીક્ષા કરતા ઉભા હતા, તેમની સમીપ આવી તેણે કહ્યું; "પરમારો ! પાપીઓને પરાજિત કરવાનો આપણો વિચાર ફલિત થશે. ગુર્જરેશ્વરને પરાજિત કરવા માટેજ દેવીએ આવો સમય આણ્યો છે. ભયંકર દાવાગ્નિના મધ્ય ભાગમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખનારા, ચાલુક્ય રાજાના રૂધિરથી આજે આપણી ભૂમિને તૃપ્ત કરવાની છે. ભાઇઓ ! હવે જલદીથી આગળ ચાલો." પરમાર સરદારો અને સામંતોને સૈન્યસહિત સમરક્ષેત્રમાં ઉપસ્થિત થવાની અનુજ્ઞા મળી, એટલે સઘળી સેના રણભૂમિ તરફ ચાલી. ગુર્જર સેનાને આવતી જોઈ પરમારોએ પોતાની સેનાને ચાર ભાગમાં વિભક્ત કરી. દક્ષિણ વિભાગનું આધિપત્ય રાજકુમાર સલખને આપ્યું, ઉત્તરીય અને પાશ્ચાત્ય સૈન્ય વિભાગ બીજા બે સામંતોને સ્વાધીન કર્યા, ને પૂર્વ ને અગ્ર ભાગનું સ્વામીત્વ જેતસિંહે પોતાની પાસે રાખ્યું. દરેક વિભાગના અગ્રભાગમાં તીરકામઠીથી લડનારા ભીલો, તેમની પાછળ પાયદળ લશ્કર ને બાજુ પર ઘોડેસ્વાર સૈનિકો રાખ્યા હતા. આ વખતે ભીમદેવે પણ મજબુત મોરચા બાંધી દીધા હતા. તેણે સેનાનો એવો વ્યૂહ રચ્યો, કે જેને ભેદીને દુશ્મનો પસાર થઈ શકે તેમ ન હતું. અગ્રભાગમાં મોટી મોટી તોપો રાખી હતી. તોપોની પાછળ પાયદળ લશ્કર ને પાછળ ઘોડેસ્વાર સૈન્ય ગોઠવ્યું હતું. વ્યૂહરચનામાં ગુર્જર સેનાનીઓ ઘણા નિષ્ણાત હતા.

થોડા વખતમાં બંને સેનાનો ભેટો થયો. સૈનિકોની કીકીયારીથી રણભૂમિ ગાજી રહી. જંજીરો છૂટવા લાગી, બાણો આકાશમાં તીડની પેઠે ઉડવા લાગ્યાં. પ્રભાતના લાલ રવિના સુવર્ણમય કિરણોમાં તરવાર ભાલા ને ફુખડગો ચળકી રહ્યાં. પરમાર યોદ્ધાઓ ક્ષણે ક્ષણે " જય જય જગદંબે !, " " મહારાજા જેતસિંહનો જય. " ઈત્યાદિ ગર્જનાઓ કરતા આગળ વધતા હતા. શૂરા સૈનિકોનો રણોત્સાહ જોઇ જેતસિંહ પ્રસન્ન થયો. સેનાના મધ્ય ભાગમાં આવી સર્વને ઉદ્દેશી તે ગર્જના કરતો બોલ્યો; " વીરો ! આજે આપણે આપણી કુળકીર્તિને માટે લડવાનું છે; આપણે આપણી ભૂમિના સંરક્ષણ માટે લડવાનું છે; પાપીઓનો પરાજય કરવા માટે આપણે લડવાનું છે. સૂરાઓ શૌર્યથી આગળ ધસો, ને ગુર્જરોનાં રૂધિરથી આપણી ચિરકાળની તૃષાર્ત ભૂમિને તૃપ્ત કરો. "

પરમાર સેનાએ શૌર્યથી લડવા માંડયું. યુદ્ધ ખરેખરૂં જામ્યું. સૈનિકો દેહભાન ભૂલી શત્રુઓ ઉપર તૂટી પડયા. ભીષણ ગર્જનાઓથી રણભૂમિ ગાજી રહી. અશ્વપદને રથચક્રથી ઉડતી રેણુકારાશિએ આકાશ છાઇ દીધું. તેમાં જ્યારે તોપમાંથી નીકળતો ધૂમરાશિ ભળતો, ત્યારે પૃથ્વીનો પ્રલય થવાનો હોય એમ જણાતું હતું. થોડા વખતમાં સર્વત્ર અંધકાર વ્યાપી ગયો. તોપોની ભયંકર ગર્જનાઓ, સૈનિકોનો કોલાહલ ને રણવાદ્યોના શૌર્યોત્પાદક ધ્વનિથી પ્રલયકાળના મેઘના જેવી ગર્જનાઓ થવા લાગી. પ્રતિક્ષણે અસંખ્ય સૈનિકો મૃત દેહનો ત્યાગ કરી, સ્વર્ગમાં ચાલ્યા જતા હતા. ઘણાક ઘાયલ થઇ નીચે પડતા હતા. ઘાયલ સૈનિકોના કરૂણાજનક સ્વરથી યુદ્ધભૂમિ ભયંકર ભાસતી હતી. બે પ્રહર સુધી તુમુલ યુદ્ધ મચ્યું. લોહીની નદીઓ ચાલી, મુડદાઓના ઢગલે ઢગલા થઈ ગયા, તથાપિ વિજયશ્રી કોના ગળામાં વરમાળ આરોપશે તે નક્કી થતું ન હતું.

ત્રીજા પ્રહરમાં પરમાર સેનાએ અતુલનીય પરાક્રમ દાખવી ગુર્જર સેનાનો ઘાણ કાઢી નાખ્યો. પ્રથમ હુમલે જ ગુર્જર સેનાને પાછી હઠતી જોઇ, રાજા જેતસિંહ પોતાના સૈન્યના અગ્રભાગમાં આવ્યો, ને ગર્જના કરી પોતાના સૈન્યને ઉશકેરવા લાગ્યો. " શૂરા પરમારો ! તમારા અતુલનીય પરાક્રમથી શત્રુ સેના કંપી ગઇ છે. ચાલુકયપતિ પણ હતાશ થઇ પાછો હઠી ગયો છે. હવે થોડાજ વખતમાં વિજયશ્રી આપણા ગળામાં વરમાળ આરોપશે એમ જણાય છે. ભાઇઓ ! હવે જરા વિશેષ શૌર્ય દાખવી આગળ વધો, ને શત્રુને ગુજરાતની હદ સુધી હાંકી મૂકી આપણી વિજયપતાકા સર્વત્ર પ્રસરાવો. "

" જય જય અંબે ! મારો ! કાપો ! " ના પોકાર કરતી પરમાર સેના આગળ ધસી. તરવારો સડસડાટ કરતી વિદ્યુત્ વેગે ફરવા લાગી. ગુર્જર સૈનિકો પણ જુસ્સાથી આક્રમણ કરતા હતા. બંને પક્ષનાં અસંખ્ય માણસો ભૂશરણ થઇ ગયાં. અંતે પરમારો વિજયી નીવડશે, એમ સ્પષ્ટ જણાવા લાગ્યું. પણ યુદ્ધના રંગ ક્ષણે ક્ષણે કયાં નથી બદલાતા ? ભવિષ્યમાં શું થશે તે જાણવાને કોણ સમર્થ છે ? ખરેખર, न जानाति जानकीनाथः प्रातःकाले किं भविष्यति । સર્વથા વિધિની કૃતિ અકળ છે, તેનો પાર કોઈ પામી શકે તેમ છેજ નહિ.

પરમાર સેનાના અતુલ પરાક્રમથી પોતાની સેનાનો અગ્ર ભાગ વિચલિત થઈ ગએલો જોઇ, ભીમદેવના મનમાં કોપનો અનિવાર્ય આર્વિભાવ થયો. પોતાના અશ્વને એડી મારી તે સપાટાબંધ આગળ ધસી આવ્યો ને સિંહગર્જના કરી બોલ્યો:— "બહાદુર ગુર્જરો ! આજે ભીરૂ બની પાછાં પગલાં કેમ ભરો છો ? તમે અને તમારા પૂર્વજોએ આજ સુધી પ્રાપ્ત કરેલી કીર્તિને, કલંકિત કરવા તમે તૈયાર થયા છો કે શું ? પરાજિત થઇ જીવવામાં શો સાર છે ? મરણ કોઇને છોડનાર નથી. વહેલું કે મોડું સર્વને મરવું તો છેજ. જો વિધિએ આજેજ આપણું મરણ નિર્માણ કીધું હશે, તો ભલે આપણા દેહનો નાશ થાય. હવે જીવનસુખની આશા ત્યાગ કરી, શૌર્યથી આગળ ધસો. રણક્ષેત્રમાં જયપરાજયના પ્રસંગ પ્રતિક્ષણે બદલાય છે. માટે આવો પ્રસંગ દેખી નિરાશ ન થાઓ. અત્યારે હિંમત હારી પાછા હઠવાની જરૂર નથી, ચડી આવેલા વિપદ્‌વાદળને તમે તમારા ભાલાથી ચીરી નાખો, એટલે તમનેજ વિજય મળશે. વીરો ! જો આપણે અડગ રહી લડીશું, તો આપણો જ જય થશે. આપણી થોડીક સેના નાશ પામેલી છે, તેથી આપણે ડરવાનું કારણ નથી. આપણી પાસે હજી અસંખ્ય સેના છે. દુશ્મન પાસે હવે મુઠ્ઠીભર સેના છે. આમ હોવા છતાં તમે પાછા કેમ હઠો છો ? જો કે દુશ્મનો અત્યાર સુધી ફાવી ગયા છે, છતાં તેમને વિજય મળવાનો નથી. તેઓ વિજયી નીવડે તે પ્રભુને ગમતું નથી. અંતે જય તો આપણોજ છે. માટે ભાઇઓ હિંમત રાખી આગળ ધસો, ને તમારૂં પાણી બતાવી શત્રુ સેનાને પરાજિત કરો."

ભીમદેવનું જુસ્સાભર્યું ભાષણ સાંભળી તત્ક્ષણ ગુજર્ર સૈનિકોના મનમાં શૌર્યનો આવિર્ભાવ થયો. તેઓ 'જય સોમનાથ !' નો ભીષણ ધ્વનિ કરતા, ઉત્સાહથી આગળ ધસ્યા. બંદુકોની ગોળીઓ સડસડાટ કરતી પરમાર સેનામાં ત્રાસ પહેરાવવા લાગી. તરવારોના ખણખણાટ ને મરણીયા થઇ લડતા સૈનિકોના ધ્વનિથી રણભૂમિ ગાજી રહી. જોત જોતામાં અસંખ્ય પરમારો સદાને માટે શાન્ત થઇ ગયા. થોડાક યોદ્ધાઓ જે અત્યાર સુધી ટકી રહી લડતા હતા, તે પણ રણરંગ બદલાયલો જોઇ ધીમે ધીમે પાછા હઠવા મંડયા. પોતાની સેનાને પાછી હઠતી જોઇ સલ્લખકુમાર દિગ્મૂઢ બની ગયો. અણીનો સમય હોવાથી નિરાશ થઇ બેસી રહેવું અનુચિત માની, તે પોતાના સૈન્ય વિભાગ સાથે બાજુપર ખસી જઇ એકદમ પાછળથી ગુર્જરસેના પર ધસ્યો. પોતાના યોદ્ધાઓને ઉદ્દેશી તે બોલ્યો:—

"પરાક્રમી પરમારો ! તમારૂં પાણી બતાવવાનો આ અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે, તે વ્યર્થ ગુમાવો નહિ. પાપાત્મા ગુર્જરપતિને તમારા બળનો આસ્વાદ ચખાડો. જીવનસુખમાં લુબ્ધ બની પાછા ન હઠો. અપકીર્તિ સહન કરી જીવવું તે કરતાં મરણ સહસ્રગણું સારૂં છે. અરે ! તમે અહીંથી હારી પાછા જશો, ત્યારે તમારી સ્ત્રીઓ તમને શું કહેશે ? તમે તેમને શો ઉત્તર આપશો ? માટે શરાઓ ! હજી પણ ચેતો, ને આ ક્ષણભંગુર સૌખ્યથી અનવલિપ્ત રહી અમર કીર્તિનો લોભ રાખો. વીરો ! આ અભિમાની ભીમની સારી મેમાનગીરી કરી, આપણા પૂર્વજોને પ્રસન્ન કરો. અત્યારે કરેલી બહાદુરી કામની છે. પુનઃ આવો સમય પ્રાપ્ત થશે નહિ.

ભાઇઓ ! ચાલો મારી સાથે આગળ ધસો, ને ગુર્જર સેનાનો પરાજય કરો."
આ પ્રમાણે પોતાના યોદ્ધાઓનો ઉત્સાહ સતેજ કરતો રાજકુમાર આગળ ધસ્યો. પુનઃ થોડીવાર સુધી શત્રુદળમાં હાહાકાર વ્યાપી ગયો. ક્ષણવારમાં બદલાઇ ગએલો રંગ જોઇ ભીમદેવ નિરાશ થયો. અતીય ચાણાક્ય હોવા છતાં તે વિમાસવા લાગ્યોઃ 'પરમારો આટલા બધા શૂરા ને અડગ છે, એ જો મેં પ્રથમથી જાણ્યું હોત તો હું આવું સાહસ કદિ કરત નહિ; અથવા જો અહીં આવત તો સંપૂર્ણ તૈયારી કરીને આવત. યવનોને સહેલથી પરાજિત કીધા તેમ પરમારોને પરાજિત કરવાના પ્રયત્નમાં ખરેખર મેં ગંભીર ભૂલ કરી છે. તેનું અનીષ્ટ પરિણામ અત્યારે મારે પ્રત્યક્ષ અનુભવવું પડે છે. જો હવે અહીંથી હું પાછો હઠું છું, તો કાયર ગણાઉં છું; ને જો લડાઇ આગળ ચલાવું છું, તો વિજયનો રંગ દેખાતો નથી. હવે કરવું શું ?'

ભીમદેવ અતિશય બળવાન હતો. પ્રાણાન્તે તે પરાજિત થઇ પાછો હઠે તેવો નહતો. સેંકડો સૈનિકો સાથે તે એકલો ટકી રહેવા સમર્થ હતો. અત્યારે જો કે ક્ષણવાર તે ચિંતા કરવા લાગ્યો, પણ પુનઃ ઉત્સાહિત થયો. તેના મગજમાં એકાએક એક નવીન વિચાર ઉદ્‌ભવ્યો. રાણા વીરધવળને બોલાવી તેણે પોતાની જગ્યાએ મૂકી, પોતે સલખ સામે ઉપડયો. ભીમને આવતો જોઇ પરમાર યોદ્ધાઓ મધમાખીની પેઠે તેની પાછળ ફરી વળ્યા. ખેડુત જેમ ઘાસની કાપણી કરે, તેમ ભીમે તેઓની કાપણી કરી નાખી. પોતાના રાજાને શત્રુદળમાં ઘુસેલો જોઇ ગણીક ઝાલો હાથમાં ભાલો લઇ આગળ ધસ્યો. તેની પૂંઠે ઝાલા યોદ્ધાઓ 'હરહર મહાદેવ'નો ઘોષ કરતા દોડયા. તેમણે થોડીજવારમાં ઘણીખરી પરમાર સેનાનો સંહાર કરી નાખ્યો. સલખ પણ અતિશય પરાક્રમ બતાવ્યા છતાં શત્રુદળમાં ઘેરાયો. પુત્રને વિપદવસ્થામાં જોઇ જેતસિંહ તેની મદદે ધાયો. પણ રાણા લવણપ્રસાદે તેને વચમાંજ અટકાવ્યો. મદદની આશા નહિ હોવાથી હવે સલખ ગભરાયો. ગુર્જરો ઉત્સાહિત થયા. ને તેમણે પ્રથમના કરતાં બમણા જોરથી પરમાર સેનાપર મારો ચલાવ્યો. પરમારો પાછા હઠયા. અપ્રતિમ બળ દાખવ્યા છતાં વિજય ન મળવાથી, જેતસિંહ નિરાશ થયો. તે પોતાના ગણ્યાગાંઠ્યા યોદ્ધાઓ સાથે પાછો હઠવા લાગ્યો. તથાપિ એક તસુ ધરતી માટે ભયંકર ખૂનરેજી થવા માંડી. રૂધિરથી રણભૂમિ ભીંજાઇ ગઇ. પરમારો આબુગઢ છોડી મારવાડ તરફ પાછા હઠયા. હઠતાં હઠતાં પણ તેમણે અસંખ્ય ગુર્જરોની કાપણી કરી નાખી. વિજયશ્રીએ ભીમદેવના ગળામાં વિજયમાળા આરોપી. ગુર્જર સેનામાં આનંદ આનંદ વ્યાપી રહ્યો. અનેક પ્રકારની હાનિ વેઠવા છતાં પણ અંતે મળેલી જીત તેમને સુખદ લાગી. અત્યારે ભીમદેવના આનંદની પરિસીમા ન હતી. રણક્ષેત્રમાં તે કીર્તિદેવીને વર્યો, પણ સૌન્દર્યની અધિષ્ઠાત્રી ઇચ્છિનદેવીનું તો તેને દર્શન પણ ન થયું. હવે પોતાની ચિરકાળની ઇચ્છા તૃપ્ત કરવા માટે તે આબુગઢ ઉપર ચડવા માટે તૈયાર થયો.

સપ્તમ પરિચ્છેદ.

ભમદ્દથી ભીમ.

મહારાજા ભીમદેવ, વિજય મળવાથી આનંદથી પુલકિત હૃદયે, થોડા યોદ્ધાઓ સાથે ગઢ ઉપર ચડવા લાગ્યો. પોતાની ચિરકાળની ઈચ્છા તૃપ્ત કરવા આજે તે અધીરો બની ગયો હતો. જો કે પરમારો પરાજિત થઇ પાછા હઠી ગયા હતા, તથાપિ હજી થોડા પરમાર સૈનિકો ને ભીલો ગઢપર છૂટાછવાયા ફરતા હતા. તેઓ ગુર્જર સેનાને ગઢ ઉપર ચડતાં ઘણા હેરાન કરતા. વખતોવખત તેમની સાથે ઝપાઝપી થતી, અને તેમાં તેઓ ઘણા ગુર્જર યોદ્ધાઓના જીવ લેતા; તથાપિ એકનું ઓસડ બે, એ ન્યાયે તેઓનો થોડીજ વારમાં નાશ થતો. થોડા વખતમાં અતિ કષ્ટે ભીમદેવ ઠેઠ અચળગઢના દુર્ભેદ્ય ગઢ નજીક જઇ પહોંચ્યો. જેમ જેમ તે ગઢ ઉપર ચડતો ગયો, તેમ તેમ તેના મનમાં આશાનો વિશેષ ને વિશેષ સંચાર થતો ગયો. રસ્તામાં પડેલાં મૃત શરીરો દેખી, તે તેમની બહાદુરીનાં યશો-ગાન ગાવા લાગ્યો. આજે આબુગઢની સઘળી શોભા ને રમણીયતા કોણ જાણે કયાં લોપ થઇ ગઇ હતી. આબુ-ગઢ નિર્જન દેખાતો હતો. સર્વત્ર શૂન્યકાર ભાસતું હતું. અથવા જો એકાદ બે સૈનિકો હજી દૃષ્ટિગોચર થતા હતા, તો તે ગુર્જર સૈનિકોની દૃષ્ટિબહાર હોવાથીજ. શૂરા પરમારોના નિવાસસ્થાનમાં આજે કાગડા, ગીધ અને બીજાં માંસભક્ષક પ્રાણીઓ સિવાય બીજું કંઇજ દૃષ્ટિગોચર થતું ન હતું! વિકાળ પ્રાણીઓના પ્રચંડ ધ્વનિથી આખો પ્રદેશ ભયંકર ભાસતો હતો. કંઇક કંઇક આર્ત યોદ્ધાઓ વ્રણવેદનાથી કરૂણા-જનક રૂદન કરતા હતા. આ સર્વની ભીમના મન પર કંઇજ અસર થઇ નહિ: અથવા જો તેનું હૃદય દ્રવીભૂત થયું હશે, તો તેની અમને ખબર નથી.

આબુગઢની સ્થિતિમાં આવું અભૂતપૂર્વ પરિવર્તન થએલું, તે જોતો જોતો ભીમદેવ, ઈચ્છિતકુમારીના દર્શન માટે વિદ્યુત્ વેગે અચળગઢ માંહેલા રાજહર્મ્યમાં આવી પહોંચ્યો. અહીં મહેલની ચોકી માટે કેટલાક સંત્રીઓ ઉભા હતા. તેમણે નિશ્ચય કીધો હતો, કે પોતાના દેહમાં રક્તનો એક અંશ પણ અવશિષ્ટ રહે ત્યાં સુધી ગુર્જરેશ્વરને મહેલમાં દાખલ થવા દેવો નહિ. ભીમદેવને આવતો દેખી તેમણે મહેલનાં દ્વાર બંધ કરી દીધાં, ને બધા શસ્ત્રાસ્ત્ર સજી યુદ્ધ માટે તૈયાર થઇ ઉભા. ગુર્જર સૈનિકો મહેલની નજીક આવી પહોંચ્યા, એટલે પરમાર સંત્રીઓ તેમના પર કુદી પડયા. મુઠ્ઠીભર પરમાર ચોકીદારોએ થોડીવાર સુધી ગુર્જરોને આગળ જવાનો માર્ગ ન આપ્યો, સ્વામિભક્ત સેવકોએ તુમુલ યુદ્ધ મચાવ્યું. ઘણા ગુર્જરો ગતપ્રાણ થઇ ગયા. આ દૃશ્ય જોઇ ભીમદેવ ચકિત થઇ ગયો. પરમારોની બહાદુરી જોઇ તે સાનંદાશ્ચર્ય પામ્યો. પરંતુ ઘણા ગુર્જરો સામે મુઠ્ઠીભર પરમારોનો શો હિસાબ! જોતજોતામાં પરમારોની પાયમાલી થઇ ગઈ. સઘળા પરમાર સંત્રીઓ થોડીજવારમાં આ દેહનો ત્યાગ કરી પરલોકમાં ચાલ્યા ગયા. પણ તેમની કીર્તિ અક્ષય્ય રહી, તેમનું જીવન સફળ થયું.

ગુર્જરેશ્વર દરવાજાનાં કમાડ તોડી રાજમહેલમાં પેઠો. અંદર સર્વત્ર શૂન્યકાર ભાસતું હતું. સઘળો મહાલય નિર્જન વનસમાન ભયંકર ભાસતો હતો. મહેલમાં આમ-તેમ ફરી તપાસ કરી, પણ તેને રાજકુમારીનો પત્તો ન લાગ્યો. આખરે તે રણુ-વાસમાં ગયો. ત્યાં પણ તેની ઇચ્છા પૂર્ણ ન થઇ. પ્રતિદિન રાજકુમારીના અપ્રતિમ લાવણ્યથી સુશોભિત દેખાતો રણુવાસ આજે સ્મશાનવત્ ભાસતો હતો. આવો દેખાવ જોઇ ભીમદેવને ઘણો ખેદ થયો. હવે તે છેક નિરાશ થઇ ગયો. તેની સઘળી આશાઓ એક ક્ષણુવારમાં લુપ્ત થઇ ગઇ. અરે! ધૂતારી આશા! તારા કેટલા બધા ભક્તો ભીમદેવના જેવી સ્થિતિને પ્રાપ્ત થતા હશે! તારે માટેજ પ્રયત્ન કરતા હજારો મનુષ્યોને તજી દેવા એ શું તને યોગ્ય છે? તેં કોનું ભલું કર્યું છે? અન્યને સુખી કરવો એ તને ક્યાં ગમે છે? મોટા મોટા સુજ્ઞ પુરુષો પણ તારા પાસમાં સપડાઇ ગયા છે, તો પછી બીચારો ભીમદેવ તે કોણુ માત્ર!

થોડીવાર સુધી તો તે સ્તબ્ધ બની ગયો. આખરે ઉન્મત્ત થઇ દ્રવતા હૃદયે તે બોલવા લાગ્યો:—"અહો પ્રિયે ઇચ્છિન! તું મને આટલો બધો ક્યાં તરસાવે છે? તું અત્યાર સુધી ક્યાં ભરાઇ રહી છું? પ્રિયે! હવે તારો પ્રણુય–કોપ વિસારી દઇ, આ તારા પ્રેમભિક્ષુકને જરા આલિંગન દે! અહો પ્રિયતમા! તારા રૂપ–સૌન્દર્યમાં મુગ્ધ બની ગએલા મારા હૃદયને હવે દગ્ધ કરવાનું શું પ્રયોજન છે? પ્રાણુવલ્લભા! હવે કૃપા કર! દયા કર!! આ ગુર્જરેશ્વર ભીમદેવની ઇચ્છા પૂર્ણ કર. વ્હાલી! તું જોતો ખરી, કે મેં તારે માટે કેવું દુઃસહ કષ્ટ સહન કર્યું છે! રણુયજ્ઞમાં કેટલા બધા માણુસોની મેં આહૂતિ આપી દીધી છે! પ્રિયે! તારા મુખદર્શનની લાલસાથીજ હું જીવન ધારણુ કરી રહ્યો છું. કુન્તીસુત ભીમ જેવો આ ભીમદેવ આજે દીન વદને તારા પ્રેમની–તારા મુખદર્શનની યાચના કરે છે! જેનામાં રંકને રાજા, ને રાજાને રંક બનાવી દેવાની શક્તિ છે, એવો ભીમદેવ અત્યારે અહીંતહીં તારે માટે ફાંફાં મારે છે! પ્રિયે! હવે કૃપા કરી ગુર્જર મહારાણીનું દુર્લભ પદ મેળવવા ભાગ્યશાળી થા."

ભીમદેવ ઉપર પ્રમાણે ઉદ્ગાર કાઢતો હતો, એવામાં નીચેના શબ્દો તેના સાંભળવામાં આવ્યા:

"અરે પાપાત્મા! નરપિશાચ! વિષયાંધ રાજા! શા માટે તું આમ આક્રન્દ કરે છે? એક વિવાહિતા રજપૂત કન્યાને મેળવવા પ્રયત્ન કરતાં તને જરાયે શરમ ન આવી કે? દુષ્ટ! પરમારપુત્રી પ્રાણુાન્તે પણ તને કેમ કરી પ્રાપ્ત થઇ શકે? કંઇ પણુ વિચાર કર્યા વિના તું અહીં સુધી આવ્યો તેનું પરિણુામ જોયું કે? પાપી! ઇચ્છિનકુમારીની આશા હવે તું મૂકી દે. તે તો ક્યારનીએ અજમેર જઈ પહોંચી છે. જો હજી તારામાં ક્ષત્રિત્વનો એક અંશ પણ અવશિષ્ટ રહ્યો હોય, તો તું અહીંથી અજમેર જા, ને ચૌહાણુની ભુજાઓનો સ્વાદ ચાખી લે. ઓ વિષયપિપાસુ! તું અહીંથી સત્વર ચાલ્યો જા. પરમારોના પવિત્ર મહાલયને તારા મલિન વિચારથી ભ્રષ્ટ ન કર. ઓ દુષ્ટ, હવે લાંબીવાર સુધી હું તારૂં કૃષ્ણુમુખ જોવા ઇચ્છતો નથી.

મારા બન્ધુઓ સ્વર્ગસદનમાં મારી માર્ગપ્રતીક્ષા કરતા હશે, માટે હવે હું સત્વર તેમની પાસે જઉં છું." આમ બોલતો તે સૈનિક ગુર્જરસિપાઇઓ ઉપર તૂટી પડયો, ને ક્ષણવારમાં પરલોક ચાલ્યો ગયો. પોતાની ઇચ્છા પૂર્ણ ન થવાથી ભીમદેવ છાવણી તરફ ચાલતો થયો.

અષ્ટમ પરિચ્છેદ.

કોપાગ્નિનો વિસ્તાર.

યુદ્ધમાં વિજય મળવાથી ગુર્જર સેનામાં આજે અપૂર્વ આનંદ પ્રસરી ગયો છે. ઠામ ઠામ ધ્વજા-પતાકાથી આજે આખી છાવણી સુશોભિત દેખાય છે. ઇપ્સિત કાર્ય પૂર્ણ થવાથી યોદ્ધાઓએ આનંદ-ધ્વનિથી આખું આકાશ ગજાવી મૂકયું છે. વિશ્રાન્તિ લેવા માટે ભીમદેવે આજે એ ત્રણ દિવસ સુધી અહીં રહેવાનો આદેશ કર્યો છે. સઘળા સૈનિકો આનંદથી દિવસ વ્યતિત કરી રહ્યા છે. કેટલાક પોતાના રાજાની, મિત્રોની કે સેનાપતિઓની પ્રશંસા કરતા હતા. કેટલાક પોતાના મિત્રોસહ ભોજનની તૈયારી કરતા હતા. અને કેટલાક તો ગાનતાન કરી પોતાના આનંદને બહાર કાઢતા હતા. કોઇ કોઇ સૈનિકો પોતાની ગૃહિણીના ચિંતવનમાં મશગુલ બની ગયા હતા. કેટલાક પોતાના શરીરના વ્રણ રૂઝવવા માટે મલમપટ્ટા કરતા હતા. કોઇ કોઇ તો નિદ્રાદેવીને આધીન થઇ ગયા હતા. છાવણીમાં ઠેકાણે ઠેકાણે ભાટ ચારણો રાજાની સ્તુતિના ગીત ગાતા હતા. થોડાક સિપાઇઓ છાવણીની આજુબાજુ રખડતા ફરતા હતા.

આજનો આનંદ પ્રદર્શિત કરવા માટે ભીમદેવે સઘળા સામંતોને આમંત્રણ મોકલ્યું. થોડીજ વારમાં નાના મોટા સર્વ સરદારો સભામાં હાજર થઇ ગયા. જીત મળ્યા છતાં આજે ભીમદેવના મુખપર જોઇએ તેવી આનંદની છટા દેખાતી નહતી. પોતાની આંતરિક સ્થિતી બહાર દેખાઇ ન આવે તે માટે તેણે કૃત્રિમ આનંદ ધારણ કર્યો હતો. સભામાં થોડીવાર સુધી તે સર્વ મૌન રહ્યો. ત્યાર પછી સઘળાઓને ઉદ્દેશીને ભીમદેવ બોલ્યો:—" ભાઇઓ ! આજે આપણે પૂર્ણ પરાક્રમ દાખવી વિજય મેળવ્યો છે, પરમારોને પરાજિત કરી આજે આપણે આપણી ઇચ્છા પૂર્ણ કરી છે. આ જીતથી આખા દેશમાં આપણી કીર્તિ પ્રસરી હશે. શૂરાઓ ! આજે તમે તમારૂં જીવન સાર્થકય કીધું માટે આવા માંગલિક પ્રસંગે મને અપૂર્વ આનંદ થાય એ સ્વાભાવિક છે."

" મહારાજા ! આપ કહો છો તે સર્વ હકીકત સત્ય છે. આજનો આવો અપૂવ માંગલિક દિવસ આપણને પ્રાપ્ત થયો માટે આપણે સઘળાએ આપણા ઇષ્ટદેવ સોમ-નાથનો આભાર માનવો જોઇએ." રાણો વીરધવળ વાઘેલો બોલ્યો.

તરતજ સઘળા સરદારોએ 'જય સોમનાથ' ગગનભેદક ધ્વનિ કીધો.

"રાજેન્દ્ર! આજના માંગલિક દિવસે દિલગીરી માત્ર એટલીજ છે, કે આપણામાંના ઘણા શૂરા સરદારો આ યુદ્ધમાં આપણને મૂકી સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. જો અત્યારે તેઓ હયાત હોત, તો આપણને અવર્ણનિય આનંદ થાત." રાણા લવણપ્રસાદે સહેજ દિલગીરી દર્શાવતાં કહ્યું.

"મંત્રેશ્વર! આપનું કહેવું સત્ય છે. કેટલાંક અમૂલ્ય રત્નોના વિયોગથી આપણે દિલગીર થવા જેવું તો છેજ, કિન્તુ તે સઘળા અડગ રહી દુશ્મનોને પોતાની તરવારોનો સંપૂર્ણ પરિચય કરાવ્યા પછીથીજ સ્વર્ગમાં ગયા છે. તેઓને લીધેજ આપણે વિજયી નીવડયા છીએ. ભલે તેઓ અત્યારે ગતપ્રાણ થઇ ગયા છે, પણ તેમની કીર્તિ તો યાવચ્ચન્દ્રદિવાકરૌ રહેશે. માટે તેમના સંબંધી આપણે વિશેષ શોક કરવો યુક્ત નથી." મહારાજા ભીમદેવે પ્રસંશાયુક્ત વાક્યો ઉચ્ચાર્યા.

થોડીવાર મૂક રહ્યા પછી પુનઃ ભીમદેવ સઘળા સરદારોને ઉદ્દેશી ને બોલ્યોઃ— "ભાઇઓ! જો કે આ નાનકડી લડાઇમાં આપણે વિજય મેળવ્યો છે, તથાપિ આપણે પરિપૂર્ણ વિજય મેળવ્યો નથી! જેને માટે આપણે આટલું બધું સાહસ કરી અહીં સુધી આવ્યા, તે વસ્તુ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી આપણું કાર્ય પૂર્ણ થયું ન ગણાય. અદ્યપર્યંત આપણું ઇષ્ટ કામ પૂર્ણ થયું નથી, માટે વીરો! ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત્યર્થે આપણે આગળ જવું પડશે. જે કાર્યને માટે આપણે આ સમશેરો બહાર ખેંચી છે, તે કાર્ય પરિપૂર્ણ થયેજ તે મ્યાનમાં પેસશે! જે ન્યાયથી આપણે પરમારોની પાયમાલી કરી, તેજ ન્યાય ચૌહાણોને પણ આપવો જોઇએ. જ્યારે આપણે અજમેર જીતીશું, ત્યારેજ આપણી મનઃકામના પૂર્ણ થશે; ત્યારેજ આપણું પરાક્રમ સાર્થક થશે; અને ત્યારેજ આપણી કીર્તિ અચળ રહેશે. ભાઇઓ! જો આપણે અહીંથીજ પાછા ફરીશું તો આપણી હાંસી થશે, દુનીઆ કાપુરુષોમાં આપણી ગણત્રી કરશે, અને આજ સુધીની આપણી કીર્તિ ભૂંસાઇ જશે."

રાજાનાં ઉપર્યુકત વાકયો સાંભળી પીરમનો ગોહિલ સામંત બોલી ઉઠયોઃ— "રાજેન્દ્ર! આપ કહો છો તે સત્ય છે, તથાપિ અત્યારે આપણે પરિસ્થિતિનો વિચાર કરવો જોઇએ. ભાવિભયની ઉપેક્ષા કરવી અનુચિત છે. નાનું સરખું ઝરણું આગળ જતાં નદીનું સ્વરૂપ ધારણ કરે છે. અત્યારે યવનોની પણ એવીજ સ્થિતિ છે. જો આપણે તેમને દાબી દેવાનો પ્રયત્ન નહિ કરીએ તો તેઓ વખત જતાં આપણી પાયમાલી કરશે. ધીમે ધીમે તેમણે આપણા દેશમાં પગપેસારો કર્યો છે, અને હજી પણ આપણી—હિંદુ રાજ્યોની પાયમાલી કરવા સતત્ પ્રયત્ન કરી રહ્યા છે. માટે હમણાં આપણે આ માંહોમાંહેનો ઝઘડો પતાવી દઇ, સંપ કરવો જોઇએ. સંપ સાધવાથીજ આપણી સ્થિતિ સુધરશે અને યવનોના પંઝામાં સપડાઇ જતાં બચીશું. હમણાં પરમારો સાથે આપણે કારણપરત્વે વૈર બાંધ્યું છે, માટે જો વૈરનિમિત્ત વસ્તુ આપણને મળે તો આપણે અહીંથીજ પાછા ફરવું જોઇએ."

પીરમના ગોહિલ સામંતનો અભિપ્રાય સાંભળી ક્રોધોન્મત્ત થઇ રાણીંક ઝાલો બોલી ઉઠયોઃ—

"કાપુરુષોજ ભવિષ્યમાં ભય આવશે એમ ધારે છે. શૂરા માણુસો વિઘ્નોથી ફરી પાછા હઠતા નથી. તેઓ તો ધારેલા કાર્યમાં અનેક વિઘ્નો નડે, અનેક પ્રકારની હાનિ વેઠવી પડે, અનેક માણુસો સાથે વેર બંધાય, તથાપિ હાથમાં લીધેલું કામ પરિપૂર્ણ કરીનેજ વિરમે છે. અત્યારે આપણે યુદ્ધ સંબંધીજ વિચાર કરવા જોઇએ. આપણે અહીંથીજ પાછા જઇશું, તો લોકો આપણુને શું કહેશે? આપણે તેઓને શો જવાબ આપીશું? આપણે આટલું બધું જોખમ ખેડયું તેનું ફળ શું? માટે ભાઇઓ! નિડર થઇ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવા આગળ જવાનો વિચાર કરો."

વીરધવળ વાઘેલો જે અત્યાર સુધી ધીરજ રાખી બેસી રહ્યો હતો, તે હવે ધીરજ ખોઇ બોલી ઉઠયો:—દેશ દ્રોહીઓ! હિતાહિતનો જરા તો વિચાર કરો. આપણે આપણાજ પગ પર કુહાડો મારવા જેવું સાહસ શા માટે કરવું? અત્યારેજ આપણે વેરની વસુલાત કરી લીધી છે. હવે જો આગળ વધીશું તો કુસંપ થશે, ને તેનાં ફળ સૌ સાથે આપણે પણ ચાખવાં પડશે. હવે ચૌહાણુના મુલકપર ચડાઇ કરવાનો વિચાર માંડી વાળી યવનો જે અટકની આ બાજુ આવી પહોંચ્યા છે, તેમની ઉપર ચડાઇ લઇ જવાની વાત કરો. તેમ કરવાથી આપણું, આપણી જાતનું ને આખી હિંદુ નામ ધારી પ્રજાનું શ્રેય થશે. તેમ કરવાથીજ ભવિષ્યની પ્રજા ભયમુક્ત થશે ને આપણું પરાક્રમ પણ પ્રસંશનીય ગણાશે. અગાઉ હિન્દુ પ્રજાનો ઉદ્ધાર કરવામાં આપણેજ આડા પડયા હતા. થોડા વખત પહેલાં જ્યારે મુસલમાનોમાં કુસંપ પેઠો, ત્યારે તેનો લાભ લઇ તેમને આ દેશમાંથી હાંકી મૂકવાનો મંત્ર અન્ય રાજાઓએ કર્યો હતો; પણ તેમાં આપણેજ ભળ્યા ન હતા. આપણા શિર આવેલું આ કલંક કાઢી નાખવાને આજે આપણે પ્રયત્ન કરવો જોઇએ."

આ વાદવિવાદ સાંભળી ભીમનો કોપ વધી ગયો. કોપાગ્નિથી તેનું તન તપ્ત થઇ ગયું. જાણે શંકર રૂદ્રાવતાર ધારણ કરી આ લોકનો સંહાર કરવા આવ્યા હોય, કે પૃથ્વીને નક્ષત્રી કરવા ભગવાન પરશુરામે પુનઃ અવતાર ધારણ કર્યો હોય, એવો ભાસ થયો. તે એકદમ સિંહ ગર્જના કરી બોલી ઉઠયો:—

"સામંતો આમ બીરૂ બની નીચ વિચાર શા માટે કરો છો? પૃથ્વી રસાતળ જશે, દિનમણિ પશ્ચિમમાં ઉગશે, મેરૂ પોતાનું અચળ વ્રત તજી દેશે, સમુદ્ર મર્યાદા મૂકશે તથાપિ આ ભીમ પોતાનો નિશ્ચય ફેરવશે નહિ. તે પોતાનો નિશ્ચય પૂર્ણ કરવા આ દેહનો ત્યાગ કરશે, પણ ડરશે નહિ. અદ્યપર્યન્ત હિંદુઓમાં ચોહાણુ અને પરમારો અગ્રપદ ભોગવે છે. અરે તેઓ અદ્વિતીય ગણાય છે. પરમારોની પાયમાલી કરી આપણે તેમની કીર્તિ કલંકિત કરી દીધી છે. હવે પરમારોના જેવીજ સ્થિતિ ચોહાણોની પણ કરવી જોઇએ. આમ કરવાથી દશે દિગ્વિભાગમાં આપણો યશ—પ્રતાપ વિસ્તરશે. માટે ઉઠો, મારા શૂરા સામંતો! તમારી કૃપાણોનો આ સ્વાદ ચૌહાણોને ચખાડવા માટે તૈયાર થાઓ. તમને અને તમારા રાજાને હિંદુઓમાં અગ્રપદ ભોગવવાનો આવો પ્રસંગ પુનઃ નહિ મળે, માટે આ અમૂલ્ય અવસર ફોકટ ગુમાવો નહિ. અજમેર જીત્યા પછી યવનોને પરાજિત કરતાં, આપણુને વાર લાગશે નહિ. અરે,

તેઓ તો આપણું નામ સાંભળી થરથર કંપે છે. આપણી તીક્ષ્ણ તરવારોના ઘા હજી તો તેમને પુરા રૂઝાયા પણ નહિ હોય, માટે પુનઃ તે આ આપણા સામે આવે એમ ધારશો નહિ.” આમ બોલતો ભોળો રાજા ઉશ્કેરાઇ ગયો. તેના અંતઃકરણમાં કોપાગ્નિ સળગી ઉઠયો, ને તેમાં અભિમાન રૂપી ઘૃત હોમાયું. આવેશમાં આવી જઇ તેણે આગળ વધવાની—અજમેર પરાક્રમણ કરવાની પ્રતિજ્ઞા લીધી ને યુદ્ધની નોબત વગડાવી.

ભીમદેવનો દૃઢ નિશ્ચય જાણી સઘળા સ્તબ્ધ બની ગયા. પુનઃ કોઇએ તત્સંબંધી પોતાનો અભિપ્રાય આપ્યો નહિ; કારણ કે સર્વને વિદિત હતું, કે ભોળો રાજા પ્રાણાન્તે પણ પોતાની હઠ છોડે તેવો નથી. આ પ્રસંગ જોઈ સ્પષ્ટ જણાયું કે હવે સોલંકીઓમાં મતભેદ પડી જશે. સામંતો પાટણ તરફ પાછા જશે પણ રાજા પોતાની હઠ છોડશે નહિ. હવે સર્વને એકત્રિત કરવા માટે રાજબારોટ ઉભો થયો ને બોલ્યોઃ—

સોલંકી શૂર સૌ વખત આજ વિચારો;
શા માટ ઉંઘો છો? અરે આંખ ઉઘાડો.
સોલંકી કેરી શાખ, ગુમાવી જાશો;
ધિક્કાર તમોને અરે, સર્વ શૂરાઓ!
કાયર બનીને શું આમ પાછા હડવાનો—
વિચાર કરો સૌ અહીં બેસી નામર્દો!
‘જય સોમનાથ!’ ની હાક વગાડી ચાલો,
અજમેર રાજ્યમાં વિજય ધ્વજા ફરકાવો.

લાવણી સાંભળી સઘળા સરદારો ઉશ્કેરાઇ ગયા. તેમના શરીરમાં ક્ષાત્રજુસ્સો પ્રકાશી નીકળ્યો. તેમણે અજમેર પર ચડાઇ લઇ જવાનો નિશ્ચય કીધો. પણ મોંઢેથી કોઇ કંઇ બોલ્યું નહિ. થેડીવાર સુધી વિચાર કર્યા પછી અમરસિંહ બોલ્યોઃ—“ભાઇઓ! હવે વધારે વિવાદ ન કરો. રાજાએ યુદ્ધની હઠ ઝાલી છે, તે કોઇનું માને તેમ નથી. અત્યારે આપણે બધાએ તેના મતને મળતા થવું જોઇએ. જો તેમ નહિ કરીએ તો આપણામાં કુસંપાગ્નિ પ્રવેશ કરશે ને અંતે આપણો વિનાશ થશે. માટે અત્યારે આપણે સઘળાએ મહારાજાના મતને અનુસરી આગળ જવાની તૈયારી કરો.”

આ વખતે રાજપૂત રાજાઓએ પોતાનું બળ આપસ આપસમાં વાપર્યું. મુસલમાનો તેમના કટ્ટા શત્રુ હતા. રાજપૂત રાજાઓ એક બીજા જોડે કુસંપ કરી નબળા પડે, એવું તે ઇચ્છતા હતા. આ વખતે રાજપૂત રાજાઓનું બળ એટલું બધું હતું કે જો તેમણે ઐક્ય કરી યવનો સામે લડાઇ જોડી હોત તો અવશ્ય તેમને વિજય મળત ને તેથી મુસલમાનોને હિન્દુસ્તાન બહાર કાઢી શકત. એમ થવાથી તેમની રાજપૂત રાજ્યોની—પાયમાલી થતી અટકત અથવા જો કે તેમની પડતી થાત, તોપણ તેમ થવામાં ઘણો વખત લાગત. ભોળા ભીમદેવ પાસે ઘણા પ્રબળ અને અનુભવી

પ્રધાનો હતા, પણ તેણે તેમનું કહેવું માન્યું નહિ; તેથીજ તેનાં કડવાં ફળ તેને ચાખવાં પડયાં એ આગળ જણાઇ આવશે. ' વિનાશકાળે વિપરીત બુદ્ધિ ' એ જનપ્રવાદ સર્વથા સત્ય છે.

અહીં મુસલમાની રાજ્યનો ઇતિહાસ જાણવાની જરૂર છે, તેથી તે સંક્ષિપ્તમાં લખવો પ્રાપ્ત થાય છે. ઇ. સ. ૬૩૬ થી મુસલમાન ખલીફાઓએ આ દેશ ઉપર ચઢાઇઓ કરવા માંડી હતી. ઈ. સ. ૭૧૨ માં તેમણે સિંધનો કબજો મેળવ્યો હતો, પણ ત્યાર પછી થોડાજ વખતમાં સિંધના રજપૂતોએ તેમને ત્યાંથી હાંકી કાઢયા હતા. જ્યારે ખલીફા નબળા પડયા ને મુસલમાની વિસ્તીર્ણ રાજ્ય ઉપર બરાબર અમલ ચલાવી શક્યા નહિ, ત્યારે તેમના સુબા સ્વતંત્ર થઇ ગયા. આ સુબાઓ-માંનો એક નામે અલપ્તગીન હતો. ઇ. સ. ૯૬૨ માં તેણે ગીજનીમાં સ્વતંત્ર રાજ-ગાદી કરી હતી. એ સુલતાને ભરતખંડ ઉપર ચડાઇઓ કરી પંજાબ પ્રાંત જીતી લીધો હતો. ત્યાર પછી ગીજનીની ગાદીએ મહમુદ થયો. આપણા વિશ્વવિખ્યાત ધનાઢય દેશમાંથી દ્રવ્ય લૂટી જવા માટે તેણે નાની મોટી સત્તર સવારીઓ કરી હતી. સૌથી મોટી સવારી સોમનાથ ઉપરની હતી. ઇ. સ. ૧૦૨૪. મહમુદના મુઆ પછી તેના વંશજો નબળા થઈ ગયા હતા. તેઓ ઇર્ષ્યાથી એક બીજા સાથે લડતા હતા. ઇ. સ. ૧૧૭૩ માં ગ્યાસુદીને ગીજની શહેર જીતી લઇ ત્યાં પોતે અમલ ચલાવવા લાગ્યો. મહમદના મુઆ પછી ઇ. સ, ૧૧૭૫ સુધી મુસલમાનોમાં કુસંપ હતો, તેથી તેઓ આ દેશમાં આવી શકયા નહતા. એવો ઉત્તમ સમય મળવા છતાં રાજપૂત રાજાઓએ તેનો લાભ લીધો નહિ. જો તે વખતે તેમણે સંપ કરી મુસલ-માનો સાથે લડાઇ જોડી હોત, તો હિંદુસ્તાનમાંથી સદાને માટે તેમનો પગ નીકળી જાત. પણ તે વખતે અદૂરદર્શી હિંદુ રાજાઓ તૈયાર ન થયા, તે ન જ થયા ! વિધિની ગતિ અકળ છે તે આનુંજ નામ !

ત્યાર પછી સુલતાન શાહબુદ્દીને આ દેશ ઉપર સવારીઓ કરવાનો આરંભ કર્યો. ગાદીએ બેઠા પછી ત્રીજે વરસે તેણે મુલતાન પર ચડાઇ કરી, ને તેની આજુ બાજુનો મુલક જીતી લીધો. પછી ભાટી રાજાઓ પાસેથી છળકપટ કરી ઉચ્ચ જીતી લીધું. રાજપૂત રાજાઓની નબળાઇનો તેને સંપૂર્ણ પરિચય થયો, એટલે ઈ. સ. ૧૧૭૮ માં તેણે મુલતાન થઇ થરપારકરના રણવાટે અણહીલવાડ પર ચડાઇ કરી. આ વખતે ગુજરાતની ગાદીએ બાળ મૂળરાજ રાજા હતો. તે નાનો હોવાથી સઘળો રાજકાર્યભાર તેનો કાકો ભીમદેવ વહન કરતો હતો, મુસલમાનોને આવતા જાણી ભીમદેવે મોટી સેના એકઠી કરી. આ વખતે મુસલમાની ફોજ ઘણા દૂરના મુલકમાં આવેલી અને વળી રસ્તામાં ઘણી હરકતો વેઠેલી, તેથી તે છેક કંટાળી ગઈ હતી. મુસલમાનોની સાથે લડતાં ભીમદેવે ઘણી બહાદુરી બતાવી. રાજપૂત રાજાનું પરાક્રમ જોઇ, આ વખતે સુલતાન ડરી ગયો. ને જીવ લઈ ગુજરાતમાંથી નાઠો ને પેશાવર થઇ ગીજની જતો રહ્યો. આ વખતથી ગુજરાતનું ગૌરવ વધ્યું, એ એક લાભ થયો ખરો; તથાપિ આ જીતથીજ ભોળો ભીમદેવ ગર્વિષ્ઠ બન્યો ને તેથી ઉપર પ્રમાણે તેનું પરિણામ આવ્યું.

સુલતાન ગુજરાતમાંથી નાશી છૂટયો હતો, તથાપિ તેનું લશ્કર તો અહીંજ હતું. મુસલમાની સેનાનો મોટો ભાગ નાશ પામ્યો હતો ને બાકીનામાંથી ઘણાક કેદ પકડાઇ ગયા હતા. ગુજરાતમાં હાર ખાઇ નાશી જવું પડયું તેથી સુલતાન શાહબુદીન કંઇ છેક નિરાશ થઇ ગયો નહોતો. જ્યારે ભોળાભીમ અને જેતસિંહ વચ્ચે ઝઘડો થયો ત્યારે તેણે તે વખતનો લાભ લેવાનો વિચાર કીધો. તરતજ તેણે મોટી સેના એકઠી કરીને પુનઃ એકવાર હિંદુસ્તાન પર ચડાઇ કરી. થોડા વખત ઉપર તે પરાજિત થએલો હોવાથી, આ વખતે ગુજરાતમાં આવવાનું સાહસ તેણે કર્યું નહિ; પણ પંજાબની છેક નજીકના—સોમેશ્વર ચોહાણના—મુલક પર ચડાઇ લઇ ગયો. જે વખતે ભોળા ભીમદેવે અજમેર પર ચડાઇ કરવા કૂચ કરી, તે વખતે અજમેર જીતવા માટે સુલતાન શાહબુદીન અસાધારણ તૈયારી કરી આવ્યો હતો ને અજમેરથી થોડે દૂર છાવણી નાંખી પડયો હતો.

નવમ પરિચ્છેદ.

શંકાશીલ લીલા.

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. આકાશમાં નિશાનાથ ચંદ્રમા પ્રકાશી રહ્યો હતો. ઘર પછવાડેની વાટિકામાં લીલા વિચારમુગ્ધ બની બેઠી હતી. તેના અંગ પર ચંદ્રિકા નૃત્ય કરી રહી હતી. ચંદ્રકિરણ વેષ્ટિત તેનું આખું તનુ જાજ્વલ્યમાન જણાતું હતું. અત્યારે તેના મનમાં વિજય સંબંધી વિચારો ઘોળાયા કરતા હતા. પ્રાણપ્રિય વિજયથી છૂટી પડયા પછી તે હંમેશ ચિંતાતુર રહેતી હતી. શુદ્ધ અંતઃકરણથી તે પોતાનું સર્વસ્વ તેને અર્પણ કરી ચૂકી હતી. તેને તે પતિ સમાન ગણતી હતી. આમ હોવાથી પતિના વિયોગ સમયે સાધ્વી સ્ત્રીએ શૃંગારાદિ પ્રિય વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ, તે સર્વ તે કરી ચૂકી હતી. અહર્નિશ 'વિજય' નામની માળા તે જપ્યા કરતી હતી. પ્રેમના પાશમાં સપડાઇ ગએલી તે બાળાના હૃદયને પ્રેમીનો વિ-જોગ અત્યારે મહાવ્યથા ઉપજાવતો હતો. વિજયનો પોતાના ઉપર નિર્દોષ પ્રેમ, તેનું મૃદુ હાસ્ય અને ઉદાર વૃત્તિ સંભારી તે છાનું છાનું રૂદન કરતી હતી. અંતરમાં તેની છબી આલેખવા માટે તે પુનઃ પુનઃ પ્રયત્ન કરવા લાગી, પણ તે સર્વ નિષ્ફળ નિવડયા. વિજયના મુખદર્શન સિવાય તેના મનને શાન્તિ આપે તેવી કોઈ પણ વસ્તુ આ દુનિયામાં હતીજ નહિ. જેમ સાગર તરફ સરિતાઓ વેગથી દોડે છે; તેમ તેની સઘળી વૃત્તિઓ વિજય તરફ દોડતી હતી. પ્રાણેશ! પ્રાણેશ! નો જાપ જપતાં તેનું મુખકમળ કરમાઇ ગયું. ઘણા દિવસ વીતી ગયા છતાં કંઇ પણ સમાચાર નહિ આવવાથી તેનું હૃદય અધીરૂ બની ગયું હતું. હવે એક પળ પણ તે મહા કષ્ટે વ્યતીત કરતી હતી.

સત્ય છે કેઃ—

" જે પ્રેમમાં જુગ વહે, પણ અલ્પ દીસે,

ઉઠે પળેપળ ખુબી, નવલી વિશેષે;
પ્રેમી સમીપથી જતાં, ચિતડું ચિરાય,
ને માત્ર એક પળ તે, પછી વર્ષ થાય. ”*

ખરેખર, પ્રેમીઓનો વિયોગ એવોજ દુઃખદ હોય છે. વાંચનાર ! જો તું તે સ્થિતિને પ્રાપ્ત થયો હશે, તો તેનું અહીં શબ્દોમાં કરેલું વર્ણન તને કેવળ નિરસ લાગ્યા વિના રહેશે નહિ.

થોડી વાર પછી તેને વિચાર થયો, કે અરે મારે આટલી બધી ચિંતા શામાટે કરવી જોઇએ. પુરૂષો કંઈ ઘરમાં ગોંધાઈ રહેવા માટે જન્મેલા નથી. તેમનું કર્તવ્યક્ષેત્ર વિશાળ છે. એ વિશાળ પ્રદેશમાં ઘૂમવામાંજ પુરૂષનું ખરૂં પુરૂષત્વ રહેલું છે. જે પુરૂષોનું કર્તવ્યક્ષેત્ર સંકુચિત છે, જેમની વૃત્તિઓ પશુની પેઠે સંકુચિત છે; તેઓ પુરૂષ નામને યોગ્ય છેજ નહિ. તેવા પુરૂષો જગતની દૃષ્ટિએ પડે તેવું કંઈ પણ કાર્ય કરી શકતા નથી. ઉચ્ચ વૃત્તિના પુરૂષોનાં હૃદય કઠણ હોય છે, સ્ત્રીઓનાં હૃદય કોમળ હોય છે, તેથીજ પુરૂષનાં હૃદયને ફકત પ્રેમનો પાશ લાગે છે; પણ સ્ત્રીઓનાં હૃદય તો તેમાં પીગળી જાય છે, પ્રેમને અધીન થઇ જાય છે. ખરેખર આ એક મનનું દૌર્બલ્ય નહિ તો બીજું શું કહેવાય ?

લીલા પુનઃ મૌન ધારી બેસી રહી. તેણે ધારણ કીધેલી સફેત સાડીમાં અને તેના કરમાયલી, સુકી પડી ગએલી મુખકળીમાં, તદન સામ્ય લાગતું હતું. વિયોગ વેદનાથી જોકે તેનું શરીર ક્ષીણ થઇ ગએલું હતું. તથાપિ તેમાં હજી પણ અદ્ભૂત લાલિત્ય દીસી આવતું હતું. જોનારને એમ ભાસતું, કે આ દેવી વા માનુષી છબી હશે ? મર્ત્ય માનવી કે દેવાંગના હશે ? સુન્દર સુમનની પેઠે પ્રફુલ્લ રહેતી તેની મુખકળી અત્યારે કેવળ તેજહીન, સત્વહીન લાગતી હતી. પ્રેમનું એ શું ઓછું પરાક્રમ ?

ખરેખર પ્રેમ એ અલૌકિક છે. અદૃસ્ય હોવા છતાં તે તેના પ્રાબલ્યથી દૃસ્ય થાય છે. મનુષ્ય માત્ર ઉપર તે સત્તા ભોગવે છે. તેની સત્તાનો અનાદર કરનાર મનુષ્યો વિરલ જ હોય છે. તો બિચારી બાલિકા તે કોણ માત્ર !

લીલાના હૃદયમાં નવી ભાવનાઓ ઉત્પન્ન થતાં તેની ચિંતા નષ્ટ થઇ ગઇ. હવે તેને વિચાર થયો કે “ પ્રિયતમ મને ગ્રહણ કરશે કે નહિ ?” આ વિષય પર તે વિચાર પરંપરા ચલાવવા લાગી. આખર કંઇજ ન આવ્યું, તથાપિ તેણે નિશ્ચય કીધો કે “ બસ ! હવે થવાનું હતું તે થઈ ચૂક્યું, હૃદય તેનેજ સમર્પિત કીધું છે. હવે તે મને સ્વીકારે કે ન સ્વીકારે તે મારે જોવાનું રહ્યું નથી. જો માનસિક સંબંધ દૃઢ છે તો પછી કાયિક સંબંધની શી જરૂર છે ? તેમની સેવામાં હું તત્પર રહીશ. તેમના મુખદર્શનમાં જ હું સર્વ સુખ માની લઇશ. પ્રાણાન્તે પણ તેમનાથી વિખુટી નહિ પડું. સાવિત્રીની પેઠે હું તેમનાજ ગુણ–સૌન્દર્યને વરી ચૂકી છું. દમયંતીની પેઠે તેમનીજ કીર્તિમાં લુબ્ધ બની ગઇ છું. પ્રાણેશ ! તમારા નામનું સ્મરણ કરતાં

---

* સ્વ. સા૦ મ૦ ન૦ દ્વિવેદી.

કરતાંજ મરીશ. એટલુંજ નહિ પણ પુનર્જન્મમાં પણ તમને વરવાની ઇચ્છા ધારણ કરી મરીશ. આપ આ કિંકરીને વિસારશો નહિ. તેને હૃદયથી અળગી કરશો નહિ."

થોડી વાર પછી તે સ્વસ્થ થઇ. ગત દિવસોનું સ્મરણ થતાં ધીમે ધીમે તેની શંકા નષ્ટ થઇ. તેના હૃદયમાં આશાનો સંચાર થયો. હવે તેનામાં નવું ચેતન આવ્યું. તરતજ સઘળી માનસિક વ્યથા દૂર થઈ ગઇ. ખરેખર આશા અમર છે કહ્યું છે, કેઃ—

"આશા તૃષ્ણા ના મીટે, કહે ગયે દાસ કબીર."

આશાના આવિર્ભાવથી તેનું અંતરદુઃખ ગળી ગયું. વિયોગજન્ય દુઃખથી તે સહજ વારમાં દૂર થઇ, ને આનંદ પામી. વિજય પ્રત્યેનો તેનો અનુરાગ વૃદ્ધિંગત થયો, હવે તે તેને આવવાના દિવસો ગણવા લાગી. ખરેખર—

"છે પ્રેમી પુષ્પ સરીખડાં, અબળાનાં હૈડાં;
ઝટ ફાટી વિજોગે જાય પણ, રહે આશાબંધાં.

આમ આશાના પાશમાં સપડાઇ જતાં તે સર્વ દુઃખ ભૂલી ગઇ, ચાંદનીના રમ્ય, ધવલ પ્રકાશમાં બેસી હાથમાં વીણા લઇ તે ગાવા લાગી. વીણાનો સૂર છેડી તેની સાથે તેણે પોતાનો મધુર કંઠધ્વનિ જોડયો ને ધીમે ધીમે ગાવા માંડયું:—

ખીલી આ શી રૂડી, રજની—રળીઆમણીજો.
શાન્ત સુવાસ ઢળી ચોપાસ અહો—રજની.
શાન્ત, શાન્ત, શાન્ત, નિશાની મહીજો,
રેડે ચન્દ્ર અમીરસ ધાર વિવિધ પ્રકાર અહો—રજની.
ખીલી ચન્દ્રમા એમ સૂચવે, જેમ વાટિકા ખીલી રહી,
પ્રીતિફુલડાં પ્રિય ખીલશે, તુજ હૃદયવાડીની મહી
શીળો શીળો મંદ વાયુ વાય છે જો
તેમ તેમ દીલ મારૂં ઝોલાં ખાય છે જો
અધીરૂં થાય, ઝોલાં ખાય અહો—રજની.

મદનરાજ ત્યાં આવીને, મુજદિલને ડોલાવતો,
પ્રેમપ્યાલો પ્રીતમતણો પીવા હૃદય ઝૂલાવતો;
વળી શાન્ત વાયુ લે'રીઓ, દઇ બોધ મુજને સૂચવતી,
મુજ કાનમાં કે'તી ખરે, પ્રભુ આપશે ઉત્તમ પતિ.
માગું માગું એજ પ્રભુ, હૃદય મુજ ચા'ય છે જો
પ્રીતિ રસ પ્યાલો પીવા મન મુઝાયછે જો.
કરો દિલ શાન્ત, મેળવો કાન્ત અહો—રજની.

વીણા હાથમાંથી સરી પડી. કોઇનો પગરવ તેને કાને પડયો. તે નિસ્પન્દ ઉભી રહી. એટલે તેણે કોઇક પુરુષને આવતો જોયો. તે ગભરાઇ, ચોંકી ઉઠી ને બોલીઃ "કોણ ?"

સ્વ. સા૦ મ૦ ન૦ દ્વિવેદી.

જે માણસ અંદર આવ્યો, તેનું વય ૨૦—૨૫ વરસનું હતું. તેનું રૂપ પણ સુન્દર હતું. પહેરવેશ પણ સાદો ને સુશોભિત હતો. જેનું તે ધ્યાન ધરતી હતી, તેનાથી આવનાર પુરુષનું રૂપ કાંઈ ઓછું ન હતું. પણ તેની મુખાકૃતિ ઉપર અત્યારે કંઈક જુદીજ જાતની છાયા જણાતી હતી. તે આગળ વધ્યો એટલે લીલા પાછી હઠી અને પ્રથમની પેઠેજ ધ્રુસકી બોલી: "કોણ છે રે?" જવાબ ન મળ્યો.

હવે તે ભયભીત થઇ. ને છલંગ મારી અંદરની બારી કુદી પડી. પુનઃ બોલી "તમે કોણ છો?"

"આપ મને ઓળખો છો, આપે મને ઘણી વાર જોયો છે હું અહીં ઘણી-વાર આવું છું."

"પણ આપનું નામ?"

"સમર."

"હું—શું સમર! સમર તો યુદ્ધમાં ગયા હતાને?" લીલાએ ચકિત થઈ પૂછ્યું.

"હા; તમે દેખો છો તેજ હું સમર." સમરે મંદહાસ્ય કરી જવાબ આપ્યો.

લીલાના મનમાં શંકા થઇ કે સમર ભીરૂ બની યુદ્ધમાંથી નાશી આવ્યો હશે. હવે તે ભ્રકુટિ ચડાવી બોલી: "શું અહીં ઉભા છે તે સમર! યુદ્ધમાંથી ભીરૂ બની ભાગી આવનાર સમર!"

"છોકરી! સોલંકી રાજપૂત શું કાયર હશે? ગાંડી થઇ છે કે શું!" ગર્વથી ડોકું ઉપાડી તરવારની મુઠ પર હાથ ફેરવતાં સમર બોલ્યો.

"હું ગાંડી નથી થઇ, સમર! સોલંકી રાજપૂત યુદ્ધમાંથી કદિ પણ પાછો ફરે કે?" લીલાએ તિરસ્કારભરી દૃષ્ટિ ફેંકી.

"ના, ના; કદિ પણ તેમ બનેજ નહિ. તમને ખબર નથી કે સોલંકીઓની રણહાકથી મોટા મોટા છત્રપતિઓ પણ ત્રાસી ગયા છે. પાટણના સોલંકીઓનો 'જય સોમનાથ!' નો ભીષણ ધ્વનિ સાંભળી યવનો હજી પણ કંપી જાય છે, સમજી?" સમરે હાથમાંની તરવાર હલાવતાં કહ્યું.

"સમર! ત્યારે અત્યારે તમે અહીં ક્યાંથી? ભીરૂ બની પાછા ભાગતાં જરાયે શરમ ન આવી કે? અરે! શું મોઢું લઇ તમે આ નજરમાં પ્રવેશ કીધો! જરા તો શરમાવ! લાવો, લાવો તમારી સમશેર, તેને લજાવો નહિ. હું—"

"લીલા"—સમર વચમાંજ બોલી ઉઠયો, "સોલંકીઓ પ્રાણાન્તે પણ કાયર બની પાછા હઠે તેવા નથી. જો, આ પરમારોના રૂધિરથી રક્ત થએલી તરવાર." આમ બોલતાં સમરની આંખો મોટી થઇ ગઇ. તે ટટાર થયો ને તેનું શરીર શૌર્યથી કમ્પવા લાગ્યું. તેણે હાથમાંની તરવાર એકદમ બહાર ખેંચી.

લીલા ઝંખવાણી પડી ગઇ. તેણે સમર પ્રતિ જે શબ્દો વાપર્યા હતા તે માટે હવે પસ્તાઇ. થોડી વાર પછી ખડ ખડ હસતાં મૃદુ સ્વરે તે બોલી.

"ધન્ય છે સમર! પાટણનું ગૌરવ તમારા જેવા સોલંકીઓને લીધેજ ટકી રહ્યું છે. વારૂ, ત્યારે કહો તમે રણાંગણમાંથી પાછા કેમ આવ્યા!"

સમર શાન્ત થયો. ને ધીમેથી બોલ્યો: "તમને શુભ વર્તમાન કહેવા."

"હેં–હેં–શું કહો છો ?" લીલાએ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

"એતો એજ, તમારા મનોરથની સિદ્ધિ હવે–"

લીલા તેના અસ્પષ્ટ શબ્દોનો ભાવ સમજી ગઇ. હવે તેના મુખ પરની શૌર્યની છટા દૂર થઈ, તેને ઠેકાણે શરમની છાયા તરી આવી. અવનત દૃષ્ટિએ તે બોલી: "કોણે કહ્યું ?"

"કહેનારને આપ ક્યાં નથી ઓળખતાં ?" સમરે માર્મિક ઉત્તર દીધો.

"પણ હમણાં તે ક્યાં છે ?"

"થોડા દિવસ પછી આવશે ?"

"કેમ ? લડાઇનો અંત નથી આવ્યો ?"

"સંપૂર્ણ નહિ."

"એટલે ?"

"આબુગઢ સર કીધો. પરમારો પરાજિત થઈ નાઠા. સોલંકીઓએ 'જય સોમનાથ !' ના ભીષણ રણહાકથી પરમારોની પૂંઠ લીધી, ને તેમનો ધાણ કાઢી નાંખ્યો."

"સાબાશ ! સાબાશ !" લીલાએ ગર્વથી પ્રસન્ન થઇ હાક મારી.

"હવે અજમેર જવા વિચાર છે."

"ત્યારે તમે અહીં કેમ આવ્યા ?"

"નગરમાં આ શુભવર્તમાન જણાવવા."

"હવે અહીંથી ક્યારે જશો ?"

"બે દિવસ પછી."

"તેમ કરવાથી મોડા નહિ પડો."

"ના, ઝડપથી મુસાફરી કરી બારોબાર અજમેર જઈશ."

"ઠીક"

"બેસો હવે હું જાઉં છું."

"બહુ સારૂં, પધારજો !"

દશમ પરિચ્છેદ.

અણધારી આફત.

સમરના ગયા પછી લીલા થોડો વખત ત્યાંજ બેસી રહી. સોલંકીઓ અજમેર ઉપર ગયા છે, એ સાંભળી તેની ચિંતા વધી પડી. તે જાણતીજ હતી કે જેમ પરમારો પરાજિત થયા તેમ ચૌહાણો હારી જાય તેવા નથી. હવે તેની ચિંતા વધી પડી. રખેને પ્રિયતમનું અમંગલ થાય એવી ચિંતાથી તેનું ચિત્ત ભિરાવા લાગ્યું. પતિદર્શન માટે તે ઉતાવળી થઇ, અજમેર પ્રતિ પ્રયાણ કરવાનો તેણે નિશ્ચય કીધો.

તેમ કરતાં મનને રોક્યું પણ તે રોકાયું નહિ. અતિશય ચિંતાને લીધે તેના શરીરમાંથી જીવત નાશ પામ્યું. પુરુષવેશે મુસાફરી કરવાનો તેણે નિશ્ચય કીધો. તરતજ ત્યાંથી ઉઠી શય્યા પર આળોટવા લાગી. છતાં ઉંઘ ન આવી. મહા પ્રયત્ને તે એકાદ બે કલાક નિદ્રાધીન થઈ ગઇ.

આજે પાટણનો પવન બદલાઈ ગયો હતો. આનંદની પ્રચંડ લહરીઓ વાતાવરણમાં પથરાઈ ગઈ હતી. લોકોનાં ટોળેટોળાં કોલાહલ કરી રહ્યાં હતાં. કેટલાક લોકો ઇશ્વર સ્તુતિ કરતા હતા. દેવમંદિરોમાં ઘંટ ને શંખના નાદ થઇ રહ્યા હતા. રાજમહેલમાં આજ દિવસ વિશેષ આનંદનો જણાતો હતો. રાજમહિષીનો આનંદ અનવધિ હતો. ઠામ ઠામ ભૂપતિ ભીમદેવનાં પરાક્રમની વારતાઓ સંભળાતી હતી ઠેકાણે ઠેકાણે લોકો ‘ જય સોમનાથ !’ ‘ મહારાજા ભીમદેવનો જય ! ’ ઇત્યાદિ ધ્વનિ કરતા હતા.

હજી પ્રભાત થયું ન હતું. રાજ મહેલમાં ચોઘડીઆં વાગતાં હતાં. લીલા એકદમ જાગી ઉઠી. શય્યામાંથી ઉઠી તે પુરુષવેશ ધારણ કરવાના કાર્યમાં ગુંથાઇ. વિવિધ રંગનાં પટકુળોને બદલે હવે તેણે શ્વેતવસ્ત્રો પરિધાન કીધાં. શીર પર સુંદડીને બદલે લાંબો, શ્વેત ફેંટો બાંધી દીધો. ને તેમાં કૃષ્ણ કેશકલાપ છૂપાવી દીધો. પગની પાની પણ જણાય તેવો લાંબો સુરવાળ પહેર્યો ને શરીરપર એક અંગરખું ધારણ કીધું. કમર કસકસાવીને બાંધી દીધી ને તેમાં શીયળ રક્ષક નાની કટાર છૂપાવી દીધી. કેડે એક લાંબી તરવાર બાંધીને ખાંધે ધનુષ્ય–બાણ ભેરવી દીધાં.

પુરુષવેશધારિણી લીલા અત્યારે સ્ત્રી ન હતી પણ ૧૫–૧૭ વર્ષના ક્ષત્રિય યુવક સમાન ભાસતી હતી. ગમે તેવો ચતુર માણસ પણ પ્રથમ દર્શને તેને ઓળખી શકે તેમ ન હતું. પુરુષવેશમાં પોતાને જોવાને તે આરસા તરફ વળી. જોતાં જોતાં તે પોતાના રૂપમાં અને સાહસમાં લુબ્ધ બની ગઈ. પોતે પોતાને એક વીર પુરુષ જેવી માનવા લાગી, અને હતું પણ તેમજ. થોડીવાર પછી તે આત્મગત બોલી: “ખરેખર !” અત્યારે હું પુરુષ છું. અનેક સુવર્ણાલંકારોથી વિશેષ શોભા તો મને આ તરવાર જ આપે છે. તેનાથીજ હું પ્રિયતમનું રક્ષણ કરીશ” રક્ષણ કરવાના વિચારો આવતાં તેણે કમરેથી તરવાર છોડી હાથમાં લીધી ને એકદમ મ્યાનમાંથી બહાર ખેંચી. અરીસામાં પડેલું તેનું પ્રતિબિંબ જોઇ તેના વપુમાં શૌર્યનો આવિર્ભાવ થયો. તે મનમાંજ બોલી: “ખરેખર આ પુરુષવેશધારિણીને હવે પ્રિયતમ પણ ઓળખી શકશે નહિ.’’ હવે પ્રભાત થઇ જવાની તૈયારી હોવાથી તે બહાર નીકળી ને ઘોડાપર સવાર થઇ ચાંપાનેરી દરવાજા તરફ ચાલી.

રસ્તામાં એક મોટું ટોળું ઉભું હતું. પ્રથમ તો ત્યાં બે ચાર વૃદ્ધ પુરુષો ઉભા ઉભા ચાલતી લડાઇ સંબંધી વાતચીત કરતા હતા. પણ ત્યારપછી ત્યાં ઘણા માણસો ભેગા થઇ ગયા. સોલંકીઓના વિજયની વાત સાંભળી સઘળા આનંદ પામ્યા ને તેમની પ્રસંશા કરવા લાગ્યા. એટલામાં ત્યાં એક વૃદ્ધ શ્રાવક આવી પહોંચ્યો તે બોલ્યો: ‘ ભાઇ ! આ આખા નગરમાં અત્યારે કેમ ખળભળાટ થઇ રહ્યો છે ! અહીં બધા શા માટે એકઠા થયા છો !”

ટોળામાંના કોઇએ તેને જવાબ આપ્યો નહિ. થોડીવાર પછી, હર હર મહાદેવ ! જય સોમનાથ !" નો ધ્વનિ થયો.

પેલો વૃદ્ધ શ્રાવક હવે ગભરાયો તે ચીડાઇને બોલ્યો: ટલકચંડ ! હલકચંડ ! આ શું છે ? શેઠ ! કંઇ ધાડબાડ આવે છે કે શું ? "તેને કોઇએ જવાબ ન આપ્યો. હવે તે વૃદ્ધની ગભરામણનો પાર રહ્યો નહિ. તેણે જાણ્યું કે નક્કી કંઇ દુઃખ આવી પડવાનું. નહિ તો અત્યારે અહીં બધા ભેગા શા માટે થાય ? તે ટોળામાં આગળ ઘુસ્યો ને એક વૃદ્ધ ભાટનો હાથ ઝાલી બોલ્યો "બારોટ ! કહો તો ખરા કે આજે શી મોંકણ મંડાવાની છે. વેળાસર કહો તો કંઇ તૈયારીઓ કરી મૂકીએ."

"શેઠજી" બારોટે હસતાં હસતાં કહ્યું: "તૈયારીઓ શેની કરવી છે ? આપણા મહારાજાએ આબુપર વિજય મેળવ્યો તે આનંદનો આ દિવસ છે સમજ્યા હવે ?"

"મહારાજા ભીમદેવનો જય !" ટોળામાંના લોકોએ ધ્વનિ કર્યો.

"સોલંકીઓ ! યવનોને હરાવી પાટણની સત્તા પુનઃ હાથમાં લેનાર સોલંકીઓ ! ખરેખર તમારાં પરાક્રમ અદ્‌ભુત છે. તમારી રણહાકથી મોટા મોટા ભૂપતિઓ પણ કંપી જાય છે. જૂઓ, તમારી વક્રદષ્ટિથી આબુ પ્રદેશ પણ અરણ્ય જેવો બની ગયો ?" બારોટે આવેશમાં આવી હાક મારી.

"ભાઇઓ ! આપણા પરાક્રમી ભૂપતિએ આજે પાટણને યશસ્વી કીધું છે. તેમના હાથે જ પાટણને અજમેર સાથેનો સીધો સંબંધ હવે જોડાશે" પુરુષવેશમાં ઉભેલી લીલાએ પાછળથી કહ્યું.

"હર ! હર ! મહાદેવ ! મહારાજા ભીમદેવનો જય ' લોકોએ જવાબ આપ્યો.

"પટ્ટણીઓ ! સમરભૂમિમાં આવવા તમારી ઇચ્છા છે કે ? ચાલો, ચાલો, જેની ઇચ્છા હોય તે મારી સાથે." આમ બોલી લીલાએ ચાંપાનેરી દરવાજા તરફ પોતાના પાણીપંથા ઘોડાને દોડાવ્યો.

ટોળામાં ઘણાક વણિક હતા. લીલાનું છેલ્લું વાક્ય સાંભળી તેઓનો ક્ષણિક જુસ્સો મરી ગયો. ભરતી ચડતાં સાગર જેમ ઘુઘવાટા કરે, તેમ તેઓ અત્યાર સુધી ઘુઘવાટા કરતા હતા; પણ ઓટ થતાં તરત તેઓ ઠંડાગાર થઇ ગયા. માત્ર બેજ યુવક ટોળામાંથી બહાર નીકળી, આગળ ચાલતા, સવારના સહગામી થયા. તેઓ ત્રણે સવાર પ્રભાત થતા પહેલાં પાટણ છોડી આગળ ચાલી નીકળ્યા.

વાંચનાર ! લીલાના આ સાહસથી તારે જરા પણ આશ્ચર્ય પામવું નહિ. અમે જે આ ચિત્ર રજુ કીધું છે તે વર્તમાનકાળની સ્ત્રીઓનું નહિ, પણ આપણે જે કાળની વાત કરીએ છીએ તે વખતનું છે. તે વખતની સ્ત્રીઓ નિર્બળ ને બીકણ ન હતી. તેઓ તો હાલના પુરુષોને પણ હઠાવી દે તેવી બળવાન ને હિંમતવાન હતી. અશ્વારોહણમાં ને તરવાર, ભાલો, તીર કટાર વગેરે હથિઆર વાપરવામાં ઘણીક સ્ત્રીઓ નિપુણ હતી. રાજપૂત રમણીઓ તો યુદ્ધની ને શિકારની પણ શોખીન હતી. હાલના જેવી ઓઝલ–પડદાની રીત તે વખતે ન હતી. આથી એમ ન જાણવું, કે તે વખતે સ્ત્રીઓની મર્યાદા જળવાતી નહિ હોય. વરવધૂ ગુરુજનની મર્યાદામાં રહી

એક બીજા ઉપર મર્યાદિત પ્રેમભાવ રાખતાં હતાં. તે વખતે સ્ત્રીઓને ઘણી સારી ને ઉપયોગી કેળવણી અપાતી, છતાં હાલનાથી જનસમાજમાં તેની પ્રતિષ્ઠા ઘણી વધારે હતી.

પાટણ છોડી બે ત્રણ દિવસની મુસાફરીને અંતે તે ત્રણે સવાર આબુ પ્રદેશમાં આવી પહોંચ્યા. ભૂપતિ ભીમદેવ આ વખતે છાવણી સાથે ત્યાંજ હતો એમ તેઓના જાણવામાં આવ્યું. આબુ જઇ, સૈન્ય શિબિરમાં ભળી જવા ઉત્કંઠિત થએલા તે યુવાન સ્વારો સંધ્યા સમયે છાવણીથી થોડે દૂર આવી પહોંચ્યા. પ્રભાતે વહેલા નીકળી મુસાફરી શરૂ કરવાથી સાંજ પહેલાં ગુર્જર સેનામાં ભળી જવાશે એમ ધારી, તેઓએ એક ગામડા પાસે મુકામ કર્યો. આ મુસાફરીમાં લીલાને કોઈ ઓળખી શકયું ન હતું; કારણ કે તે વિપત્તિમાં ધૈર્ય રાખતી ને શરીરમાં પુરુષના જેવો ઉત્સાહ જારી રાખતી. ત્રણે મુસાફરે ઘોડા છોડી એક ઝાડ સાથે બાંધ્યા, પછી તેમણે એક તાપણું કરી રસોઇના તૈયારી કરવા માંડી. પોતાની સાથેના એક સવારને પાસેના ગામમાંથી સીધુસામાન લાવવા માટે મોકલ્યો. લીલાને બીજો એક સવાર તે તાપણા પાસે વાતો કરતાં બેઠાં.

પુરુષ વેશમાં બેઠેલી લીલા ધીમેથી બોલી. " હવે આપણી મુસાફરીનો કાલે અંત આવશે."

" હા. હવે આપણે પાસે આવી પહોંચ્યાં છીએ. " બીજા માણસે મોટેથી કહ્યું.

" ત્યારે આપણે અહીં શા માટે રોકાવું? ચાલોને ઝડપથી જઇ તેમને પકડી પાડીએ. " પ્રથમ સવારે કહ્યું.

" ધીરજ ધર. ઉતાવળ ન કર. હવે તે કયાં નાશી જાય એમ છે ? " બીજા સ્વારે શાંતિથી જવાબ આપ્યો.

આમ વાત કરતાં તે બેઠાં હતા એટલામાં સુસવાટ કરતું એક તીર આવ્યું ને તે બીજા સવારનાં લલાટમાં વાગતાં, તે ગતઃ પ્રાણ થઇ ગયો. આ જોઈ લીલા હિંમત હારી ગઇ. ચકિત થઈ તે આસપાસ જોવા લાગી, એટલામાં બીજું એક શર આવ્યું ને તે તેના પગમાં પેસી ગયું. વ્રણ વેદનાથી તેણે ' ઓ બાપરે ' કરી એક કારમી ચીસ પાડી.

લીલાની બૂમ સાંભળી એક વ્યક્તિ ઝપાટાબંધ ત્યાં દોડી આવી. રાત્રિના ગાઢ અંધકારમાં પ્રથમ તો તેના જોવામાં કંઇ આવ્યું નહિ, પણ જ્યારે તે ઘણે પાસે આવ્યો ત્યારે એક શબવત્ પડેલો યુવક તેના જોવામાં આવ્યો. તેની પાસે વ્રણ વેદનાથી પોકાર કરતી બીજી વ્યક્તિ જોઇ. આગન્તુક વ્યક્તિ ત્યાં ગઇ ને પોતાનું શર ધીમેથી તેના પગમાંથી કાઢયું. ઘામાંથી રૂધિર પ્રવાહ નીકળતો હતો તેથી તે આસપાસ ભમી, કંઇક વનસ્પતિ લઇ આવ્યો તે તેનો રસ કાઢી ઘા ઉપર ચોપડયો. થોડીવારમાં લોહી બંધ થયું, એટલે તે ઘાયલ માણસને પોતાના ઘોડાપર બેસાડી ત્યાંથી ચાલતો થયો. ચાર પાંચ માઇલ ચાલી નીકળ્યા પછી તે સવારના જોવામાં આવ્યું, કે દર્દી બરાબર શ્વાસ પણ લઈ શકતો નથી. હવે તેને આવી સ્થિતિમાં લઇ

આગળ ચાલવું એ જોખમ ભરેલું કામ છે, એમ જાણી તે એક ઝરા પાસે નીચે ઉતર્યો, ને પોતાનું વસ્ત્ર પાથરી દર્દીને સુવાડયો. પછી થોડું પાણી લાવી તેણે દર્દીની આંખો પર ને મોં પર છાંટ્યું. આમ શીતોપચારથી થોડીવારે તેને સંજ્ઞા પ્રાપ્ત થઇ ચક્ષુ ઉઘાડી તેણે બાજુપર દૃષ્ટિ કરી તો કોઇક અપરિચિત માણસ પોતાની પાસે બેઠેલો જોયો, એટલે તે પુનઃ ગભરાઇ ગઇ. તેનો મનોભાવ જાણી પાસે બેઠેલો યુવક બોલ્યો: "મને દેખી આપ ગભરાશો નહિ. હું આપને કોઇ સુરક્ષિત સ્થાને લઈ જઇશ." આ વચન સાંભળી પણ જાણે તેને વિશ્વાસ ન હોય તેમ તે રડવા-લાગી. પુનઃ પાસે બેઠેલો યુવક બોલ્યો: "હું ધર્મના શપથ ખાઇ કહું છું, કે હવેથી મારા તરફથી તમને કંઇપણ નુકસાન થશે નહિ, પણ આપ કોણ છો તે મને જણાવશો."

"હું જન્મથીજ દુઃખી...ખી"...બોલતાં તેનો કંઠ બેસી ગયો. થોડીવાર પછી તે સ્વસ્થ થઇ એટલે તેણે અંધારામાં બેઠેલા યુવકને પૂછયું.

"આપ કોણ છો? અત્યારે અહીં શા માટે આવ્યા? હું અહીં કેવી રીતે આવી? તે જલદી જણાવો."

"હું આ અરણ્યનો મુસાફર છું. અત્યારે અહીં સહેજ ફરતો હતો એટલામાં તમારો ધ્વનિ મારા સાંભળવામાં આવ્યો. અંધારામાં મેં એક શર પ્રહાર કીધો જે તમારા પગપર લાગતાં તમે મૂર્છીત થઇ ગયા."

આ સાંભળી લીલા રડવા લાગી. તેની આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારા ચાલી. પૂર્વસ્મરણ તેના આંતર-દુઃખને પ્રદીપ્ત કરવા લાગ્યું. આ જોઇ પેલો મુસાફર બોલ્યો: "તમે કોણ છો? અને અહીં કેવી રીતે આવ્યા?"

થોડીવાર પછી રૂદ્ધ કંઠમાંથી અસ્ફુટ ધ્વનિ નીકળ્યો: "દયાનિધે!" રડતાં રડતાં લીલા બોલી: "આ ભાગ્યહીન બાળાના વિસ્તૃત વર્ણનથી વાકેફ થવાની આપને શી જરૂર છે? મારી કર્મકથની ઘણી લાંબી છે તે જાણવાથી આપને કિંચિત પણ આનંદ નહિ થાય. માટે તત્સંબંધી અત્યારે હું કંઇજ કહેતી નથી."

'બાળા' શબ્દ સાંભળી પેલો મુસાફર આશ્ચર્ય પામ્યો. ભયથી તે એકદમ બે કદમ દૂર ખસી ગયો. એક અબળા ઉપર પોતે હથિઆર ચલાવ્યાં તેથી તે શરમાઇ ગયો. તેને પોતાની જાત ઉપર ધિક્કાર આવ્યો તે ધીમેથી બોલ્યો. "પ્રભો! આ દોષ માટે તું મને ક્ષમા આપશે કે?"

લીલા તેનો મનોભાવ સમજી બોલી: "ભાઇ! ક્ષમા યાચવાની કંઇ જરૂર નથી. તમે હવે પશ્ચાતાપ ન કરો."

"અરે! મેં મારાં હથિઆરને લજવ્યાં. નિઃશસ્ત્ર અબળાપર ઘા કરવો એ શું મને યોગ્ય હતું?" મુસાફરે દિલગીરીથી કહ્યું.

"આપ કોઇ સોલંકી રાજપૂત સૈનિક છો કે શું?" લીલાએ મૃદુ અવાજે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

"સોલંકી" એ શબ્દ સાંભળી તે લજવાયો. થોડીવાર પછી નીચું જોઇ બોલ્યો. "હા"

એકાએક પગપરના ઘામાંથી પુનઃ લોહી વહેવા લાગ્યું. લીલાએ જાણ્યું કે હવે પોતાની હકીકત આ મુસાફરને કહી દેવી. એ સારૂં છે; કારણ કે વિજય પોતાને પુનઃ મળે એવી આશા તેને ન હતી. તેનાં દર્શન કરવા જેટલું તેનું આયુષ્ય લાંબુ ન હતું. પોતાની કર્મકથની આ મુસાફરદ્વારા પણ તેના જાણવામાં આવે તો તેને કંઈક શાન્તિ થાય એમ વિચાર કરી તે બોલી. "હવે હું આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી થોડી વારમાં ચાલી જઇશ. મારા મરણથી મારી હકીકત કોઇના જાણ-વામાં આવશે નહિ, માટે હમણાંજ હું તે આપને સંભળાવું છું."

"ભલે આપ કહો. હું તે ખુશીથી સાંભળીશ." મુસાફર બોલ્યો:

એકાદશ પરિચ્છેદ.

લીલાનું આત્મવૃતાંત.

"દયાળુ સૈનિક! મારી ભૂતકાળની સ્થિતિ મને સંપૂર્ણ યાદ નથી, તથાપિ જે કંઇ મારા જાણવામાં છે તે હું આપને કહી સંભળાવું છું. મારી જન્મભૂમિ સિંધ છે, મધ્ય પ્રદેશમાં મારા પિતાને એક નાની સરખી જાગીર હતી. એ જાગીરને લીધે તે પોતાના ખાનદાન કુંટુંબની આબરૂ જાળવી રહ્યા હતા. ઇ. સ. ૧૧૭૮ માં જ્યારે મુસલમાનોએ આ દેશ ઉપર ચઢાઇ કરી ત્યારે તેઓ સિંધમાં થઇને આવ્યા હતા. ઘણે દૂરથી આવેલા હોવાથી, તેઓ મારા બાપની જાગીરથી થોડે છેટે છાવણી નાખીને પડયા, રાત્રે તેમનું ક્રુર, ઘાતકી, જંગલી, સ્વચ્છંદે વિચરતું, પાશવવૃત્તિવાળું લશ્કર આસપાસનો પ્રદેશ લૂંટવા નીકળી પડયું. થોડાક સિપાઇઓ મારા બાપની જાગીરમાં આવ્યા, ને લોકોને ત્રાસ આપવા લાગ્યા. તેઓ ખેતરનો ઉભો પાક કાપી નાંખતા ને ખેડુતને બાંધી લઇ જઇ ગુલામ બનાવતા. બિચારા સેંકડો માણસો તે વખતે યવનોના ગુલામ બની ગયા હશે. આ ભાગ્યહીન ભારતનાં હજારો સ્ત્રીપુરૂષોએ ફક્ત જીવનલુબ્ધ બની યવનોનું આધિપત્ય સ્વીકાર્યું હશે. હાય" લીલાનો કંઠ રૂંધાઇ ગયો. તે મૌન રહી.

પેલો મુસાફર ગુસ્સામાં પગ ઠોકી મનમાંજ બોલ્યો:—"અરે! શું મારા દેશબંધુ ગુલામ! દુષ્ટ યવનો! પુનઃ એક વખત આ સોલંકીઓની સમશેરોનો સ્વાદ ચાખો!"

લીલા જરા સ્વસ્થ થઇ પુનઃ બોલવા લાગી: "જ્યારે પ્રજાની દુઃખદ સ્થિતિ મારા પિતાએ જાણી ત્યારે તેઓ ક્રુદ્ધ થયા. તે પોતે શુદ્ધ ક્ષત્રિય હતા, તેથી પુત્રવત્ પ્રજાનું દુઃખ તેમનાથી જોઇ શકાયું નહિ, તેમણે પોતાના સૈન્ય સાથે યવન સેના પર હુમલો કર્યો. આ વાત સાંભળી બીજું ૧૦૦-૨૦૦ માણસનું લશ્કર ત્યાં આવી પહોચ્યું. જોરથી રજપૂતો યવન સેના પર ધાહોમ કરીને કુદી પડયા—હર હર મહાદેવનો ગગનભેદક ધ્વનિ થયો."

પેલો મુસાફર ગુસ્સાથી તરવાર તાણી ઉભો થયો. તેના રોમેરોમમાં શૌર્ય વ્યાપી ગયું. જાણે તે સમરાંગણમાં ઘૂમતો હોય તેમ તેની તરવાર નૃત્ય કરવા લાગી. ' જય સોમનાથ ! ' ની બૂમ પાડી તે ઉન્મત્ત બની ગયો. ' તેની આવી સ્થિતિ જોઇ લીલા બોલી: " ધન્ય છે આપની વીરતાને ! સોલંકી ! હવે શાન્ત થઇ સાંભળો. "

" ભાગોળે મોટો જંગ મચ્યો. આખો દિવસ લડાઇ ચાલી. રણયજ્ઞમાં હજારો માણસોની પશુવત્ આહુતિ અપાઇ. રાજપુતોના આક્રમણથી ઘણા યવન સૈનિકો માર્યા ગયા. કેટલાક ઘાયલ થઇ પૃથ્વી પર પડયા ને જે બાકી રહ્યા તે પાછા નાશી જવાની તૈયારીમાં હતા, પણ—"

" હેં શું કંઇ ઉલટું પરિણામ આવ્યું ? " મુસાફરે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

" આ ઘટના વિધિને ગમી નહિ. રાજપૂતોને પરાજિત થએલા જોવાનીજ તેની ઇચ્છા હતી ! થયું પણ તેમજ. યવનોને પાછળથી મદદ આવી મળી. તેઓ જોર પર આવ્યા. હિંદુ લશ્કર ઘણું ઓછું થઇ ગયું. તે અંત સુધી બહાદુરીથી લડયું પણ થોડા વખતમાં સઘળા કતલ થઇ ગયા. જીત મેળવી મુસલમાન સિપાઇઓ ગામમાં ધસી આવ્યા, લોકોની માલમિલકત લૂંટવા મંડયા, સેંકડો ખુબસુરત સ્ત્રીઓને તે પકડી ગયા. બીચારી કેટલીક સ્ત્રીઓએ પાતિવ્રત્ય રક્ષણ માટે આપઘાત કીધો. ને કેટલીક ભયથી આમતેમ નાઠી. આમ ગામમાં જુલમ કરતા તેઓ દરબારગઢમાં આવી પહોંચ્યા. ત્યાં મારી માતા કેવળ નિરાધાર હતી. મુસલમાનોનું આગમન જાણી તે બિચારી વિવશ બની ગઇ. બહાર ભેગા થતા સિપાઇઓનો કોલાહલ સાંભળી દાસીએ તેને ઉઠાડી અને બંને જણે નાશવાની તૈયારી કરવા માંડી. આ વખતે હું છેક નાની હતી. ગઢના પાછલા ભાગમાં એક ગુપ્ત દ્વાર હતું. મારી માતા બહાર નીકળી જવા માટે તે તરફ વળી. દાસી પણ મને ઉચકી તેની પૂઠેજ ચાલી. અમે ત્રણ જણ અદૃશ્ય થવાની તૈયારીમાં હતાં એટલામાં ક્રુર યવનો આવી પહોંચ્યા. ત્યાં કેટલાક પહેરગીરો ઉભા હતા. તેઓ યવનો સામા બહાદુરીથી લડયા, પણ અંતે સર્વ માર્યા ગયા. હવે તે દુષ્ટો મારી માતાને પકડવા ધાયા. કાળબળે નિરાધાર બનેલી હોવા છતાં તે ઉંચા કુળની પતિપ્રાણા રાજપૂત કન્યા હતી. તે પોતાના શિયળ માટે ચિંતા કરવા લાગી. યવનો પાસે આવ્યા. પોતે નિ:શસ્ત્ર હોવાથી કંપવા લાગી. સહસા તેના મગજમાં એક વિચારનો ઉદ્દ્ભવ થયો. એટલે મુસલમાનો તેને સ્પર્શ કરે તે પહેલાં એક ઝેરી કટાર ખાઇ મરણ પામી. આ વાત જ્યારે મને સાંભરી આવે છે ત્યારે મારાં રોમ ઉંચા થાય છે. ગમે તેટલી ધીરજ રાખ્યા છતાં મારાથી રડયા વિના રહેવાતું નથી. " આમ બોલતાં લીલા રડી પડી. તેની આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારા ચાલી. મુસાફરે તેને આશ્વાસન આપ્યું થોડીવારમાં તે શાન્ત થઈ એટલે બોલી:—

" મુસલમાનોના ભયથી મારી માતા મરણ પામી. અનેક જાતનો વૈભવ ભોગવવા ભાગ્યશાળી નીવડેલી સહસા દુ:ખસાગરમાં ડૂબી ગઇ. હાય ! હાય ! એવું કષ્ટ તેણે શી રીતે સહન કર્યું હશે ! મારી ભલી જનેતા ! પુન: તારાં મુખદર્શન કરવા પણ હું ભાગ્યશાળી નીવડી નહિ ! માતા ! આ તારા ઋણમાંથી હું ક્યારે મુક્ત થઇશ ? પ્રભો ! તું તેને સર્વદા શાન્તિ આપજે. "

"મારી માતાને મરણ પામેલી જોઇ દાસી પણ તેની સહચરી થવા તૈયાર બની. પણ મારા પુણ્ય પ્રાબલ્યથી તે અટકી. કંઇ પણ વિચાર કર્યા વિના તે મને હાથમાં લઇ મહેલમાં ચાલી ગઇ, પણ યવનોએ તેને પકડી લીધી. ઘાતકી યવનો તરફથી તેને ઘણું શોસવું પડયું, પણ તે મારૂં મુખ જોઇ સર્વ દુઃખ વીસારતી. ધીમે ધીમે મુસલમાનોનું સૈન્ય ગુજરાતમાં આવ્યું. રાજપૂતો સાથે તેમણે લડાઇ કરી. જય સોમનાથનો ભીષણ ધ્વનિ થયો. મુસલમાનો સાથે સોલંકીઓએ તુમુલ યુદ્ધ મચાવ્યું. અંતે તે નરપિશાચોનો પરાજય થયો, સત્યનો જય થયો, હિંદુઓનું પુ. . પ્રબળ થયું. ઘણાક મુસલમાનો નાશી ગયા, કેટલાક ઘાયલ થયા ને કેટલાક કેદ પકડાઇ ગયા. આ વખતે હું ને મારી માતા તે દુષ્ટ લોકોના પંજામાંથી છુટયાં મને લઇ તે બિચારી આસપાસના પ્રદેશમાં ભટકવા મંડી. વનવગડામાં અનેક સંકટો સહન કરી તેણે મને ઉછેરી. કોઇ કોઇ વખત તો તે ભૂખી રહેતી ને મને ખાવાનું આપતી. થોડે દહાડે તે પાટણમાં આવી પહોંચી. વૈભવમની હજારો માણસોના આવાસમાં પણ તેને કોઇનો આશ્રય મળ્યો નહિ. હવે તે દુઃખથી કંટાળી ગઇ. સહસ્રલિંગ તળાવપર તે એક પર્ણકુટી બાંધી ત્યાં રહી ઇશ્વર ભક્તિમાં દિવસ નિર્ગમન કરતાં હતાં. ધીમે ધીમે આખા નગરમાં મારી માતાની એક ભક્ત સ્ત્રી તરીકે ખ્યાતિ વધી. કવચિત્ અમે નગરમાં જતાં, ત્યાં મને ઘણો આનંદ મળતો. તે વખતે હું છેક બાળક ન હતી. મારો આનંદી સ્વભાવ જોઇ સર્વ મ્હારા પ્રત્યે માયા બતાવતાં. હું પણ સર્વ સાથે હળી ગઇ હતી. આ વખતે મને સર્વ જાતનું સુખ હતું, પણ દૈવ વશાત્ તે સુખ હું લાંબી મુદત સુધી ભોગવી શકી નહિ." લીલાએ ડુસકો મૂકયો.

"પછી" અધીરાઇથી મુસાફરે પૂછયું.

એક પૂનમે હું મારી માતા સાથે તળાવમાં સ્નાન કરતી હતી. એટલામાં તેનો પગ પાણીમાં સરી ગયો. હું આક્રન્દ કરતી ત્યાંજ ઉભી રહી. અકસ્માત્ ત્યાં એક યુવાન આવ્યો ને તરત પાણીમાં કુદી પડયો. થોડીવારમાં તે મારી માતાને ઉપર લાવ્યો. પણ તે આ઼ીવાર જીવી નહિ. થોડીજવારમાં તે આ મર્ત્ય દેહનો ત્યાગ કરી ચાલી ગઇ. હું છેક નિરાધાર હતી તેથી તે યુવાનને ઘેર જઇ તેને આશ્રયે રહી. તે અને તેની માતા મારા પર ઘણું હેત રાખતાં આ બાબત જ્યારે મને સાંભરી આવે છે ત્યારે તેમની છબી હું પ્રત્યક્ષ અવલોકું છું." લીલા થોડીવાર સુધી અવાક્ બની રહી

"શું હું જાગૃત છું?" મુસાફર લીલા સામું જોઇ રહ્યો. લીલાની હકીકત સાંભળી તેના મુખપર શોકની છાયા તરી આવી, તે પોતાની પાછલી સ્થિતિને યાદ કરવા લાગ્યો. મનમાંજ તે બોલ્યો: "શું તેજ આ સુંદર મૂર્તિ! તેજ આ કામલાંગિ! તેજ આ આનંદદાતા! અરે, જેનું હું ચિંતવન કરૂં છું તેજ આ દયાપાત્ર દેવી! હવે હું તેને મારૂં અભિજ્ઞાન આપું તો? અંધારામાં તે મને ઓળખી શકી નથી. પ્રભાત થયે પણ આ વિચિત્ર વેશથી મને ઓળખશે નહિ. શું મારે હવે ગુપ્ત રહી તેનું દુઃખ જોવું? ના, ના; ચાલ હું તેનું નામ દઉં, એટલે તે મને ઓ-

જાણશે." આમ નિશ્ચય કીધો, પણ તે કંઇજ બોલી શકયો નહિ. "વિજય ! વિજય ! તું ઉતાવળો થઇશ મા ! ધીરજ ધર ! એ કોણ છે ? તું કોણ છે ?" આમ મન સાથે વિચાર કરી તે બોલ્યો: "આપને આશ્રય આપનાર યુવકનું નામ ?"

"વિજય" બોલતાં બોલતાં તે રડી પડી.

સૂર્યોદય થયો. સઘળું તિમિરત્તરણુ નષ્ટ થઇ ગયું. લીલાના મુખપર ઝળહળતું તેજ જોઇ પેલો મુસાફર ચકિત થયો. તેને આખે શરીરે કંપારી આવી. માથું ફરવા માંડયું. વિચાર પ્રાબલ્યથી આંખો મીચી અને પોતાનો હાથ માથે દઇ તે ઉભો રહ્યો.

ફરી તેણે ઉંચું જોયું; સર્વત્ર સૂર્યપ્રકાશ પ્રસરેલો હતો. લીલા પડી પડી તેના મુખનું નિરક્ષણુ કરતી હતી. તેનામાં ઉઠવાની શક્તિ ન હતી. પ્રિયતમાને ઘણે દિવસે જોઇ તે એક પણ શબ્દ બોલી શકયો નહિ. તેમ લીલા પણ શરમથી કંઇ ન બોલી. તેની આંખોમાંથી આંસુ નીકળતાં હતાં. આસપાસ તે દિંગમૂંઢ બની જોયાં કરતી હતી, આખરે મુસાફર બોલ્યો: "કોણ ? લીલા !"

લીલાએ ઉંચું જોયું. બોલવાની તેને ઇચ્છા થઇ પણ બોલી શકી નહિ. તેનો શ્વાસ રૂંધાઇ ગયો. તે બેભાન બની ગઇ. મુસાફર તેની પાસે દોડી આવ્યો ને તેની સારવાર કરવા લાગ્યો.

સૂર્યનારાયણુનાં કોમળ કિરણો આકાશમાં આવ્યાં, પાસેના ગામડામાં ગએલો સવાર પણ આવ્યો, ને તે લીલાની સારવારમાં ગુંથાયો.

ધીમે ધીમે લીલા ભાનમાં આવી. તેણે આંખો ઉઘાડી. કોઇ વિકટ સ્થાનમાં તે પડી હતી. સામે બે જણુ બેઠા હતા. તેને યાદ આવ્યું. અગાઉની પરિચિત વ્યક્તિના સંસ્કાર જાગૃત થયા તે ધીમેથી બોલી "નાથ !—"

વિજય હર્ષથી ઉભો થયો. તે લીલાને વળગી પડયો. "લીલા ! મારી લીલા ! વ્હાલી !" શ્રવણુ સુખથી લીલા આનંદ પામી. પણ પછી સુંઅનોથી તે ગભરાઇ ગઇ. બે ઘડી સુધી પ્રેમની તરસ છીપી નહિ. બેમાંથી એક પણ બોલ્યું નહિ. અરસપરસ દૃષ્ટિ મિલાવી મુગ્ધ બની ગયાં. લીલાને યાદ આવ્યું.

"નાથ ! અહીં ક્યાંથી ?"

"પ્રિયે ! તને દુઃખી કરવા માટેજ પ્રભુએ મને અહી મોકલ્યો છે."

"દુઃખી કરવા નહિ પણ સુખી કરવા." લીલાએ હર્ષથી પતિના શિરપર હાથ ફેરવ્યો. થોડીવાર પછી બોલી.

"ચાલો હવે મોડું થશે."

"શું મોડું થશે ? બહુ બહુ તો બે દિવસ મોડું થશે ! બીજું શું ? ઝડપથી કુચ કરી ત્યાં જઇ પહોંચીશું. પણ કહે તું શા માટે આવી ?"

"શું કરૂં ! તમે જો પાસે હોત તો અહીં ન આવત. આપના વિયોગથી મને જંપ ન વળ્યો, મન અધીરૂં થયું ને હું હિંમતથી આ તરફ આવી."

"ધન્ય છે પ્રિયે ! હવે તને આરામ થતા સુધી અહીંથી ખસવું નથી. સોલં-

ફ્રીએ ભલે આગળ જાય, આપણે અહીં જુદાં નહિ પડીએ." વિજયે લીલાનો હાથ પકડી કહ્યું.

"નાથ! મોટી કૃપા. પણ મારે લીધે લોકો આપને કાયર કહેશે."

"પ્રિયા! ગભરાય છે કેમ? હું બધાને પહોંચી વળું તેવો છું, સમજી! લોકોથી હું ડરી જાઉં તેવો નથી."

"નાથ! આવા શબ્દો તમને છાજે.!"

"લીલા! એ વાત જવા દે. મને કોઇની દરકાર નથી. તું મારો સંસાર, તું મારૂં ગૃહ, તું મારાં ચક્ષુ, બસ હવે—"

"નાથ! નાથ!" લીલાએ આનંદસાગરમાં ડુબતાં કહ્યું: "હું એટલા બધાને યોગ્ય નથી."

મધ્યાહ્ન થયો. સૂર્યના પ્રખર કિરણોથી પદાર્થો તૃપ્ત થઇ ગયા. પ્રણયીઓ એક બીજાના મુખ સામું જોતાં ત્યાં બેસી રહ્યાં.

× × × × ×

"નાથ! ચાલો હવે સંપૂર્ણ આરામ થઇ ગયો છે તે સંબંધી આપ ચિંતા ન કરો." લીલાએ કહ્યું.

"જેવી તારી ઇચ્છા. વ્હાલી! ચાલ ઝટ સવાર થા."

સૂર્ય નમ્યો. તેનાં કિરણોમાં શીતળતા વ્યાપી. બંને સવારોનાં મન શીતળ થયાં, તેઓ ઝડપથી આગળ ચાલ્યાં.

દ્વાદશ પરિચ્છેદ.

પૂર્વ ઘટનાનો પ્રકાશ.

ગત પરિચ્છેદમાં જે ઘટના વર્ણવી તે કેમ બનવા પામી તે હવે જોઇએ. આબુ-પર જય મેળવી ગુર્જરેશ અહીં છાવણી નાખી પડયો હતો. પરાજિત થએલો પરમાર રાજા અજમેરનો આશ્રય લેવા ગયો છે. તથા રાજકુમારીને પણ પ્રથમથીજ ત્યાં મોકલી દીધી છે, એ વાત જ્યારે તેના સાંભળવામાં આવી ત્યારે તેના ક્રોધે અગ્નિનું સ્વરૂપ ધારણ કર્યું ને તેની જ્વલંત જ્વાળામાં રાજપૂત રાજ્યોનું ઐક્ય ભસ્મીભૂત થઇ ગયું. પોતાના શત્રુને આશ્રય આપનાર સોમેશ્વર ચૌહાણ પર ચઢાઇ કરવાની પ્રતિજ્ઞા કરી, ભીમદેવ પોતાના સરદારો સાથે મંત્ર કરવા લાગ્યો.

જો કે જેતસિંહ પરમાર હારી જવાથી આબુ છોડી ચાલ્યો ગયો હતો, તથાપિ પરમારોનો પરિપૂર્ણ પરાભવ થયો ન હતો. એક વખત હારી જવાથી તેઓ કંઇ નિર્વીર્ય બની ગયા ન હતા. તેમનાં છૂટાં છવાયાં સેંકડો માણસો આસપાસના પ્રદેશમાં ફરતાં હતાં. પર્વતવાસી ભીલ લોકો પણ તેમના મદદગાર હતા. ગુર્જર સેનાની સ્થિતિ જોવા માટે તેઓ ગુપ્ત વેશે આમથી તેમ ફરતા હતા. જો કે ભીમ ભોળો કહેવાતો પણ તે કાર્યદક્ષ ને રાજનીતિજ્ઞ હતો. તેનું આખું જીવન લડાઇઓ લડ-

વામાંજ ગયું હતું. હિંમત ને ધૈર્ય એ ગુણો તેનામાં દ્વિગુણિત થઈ ગયા હતા. તેના મંત્રીઓ પણ તેના જેવાજ દીર્ઘદૃષ્ટિવાળા હતા. તેમને લીધેજ ગુજરાતનું ગૌરવ દીપી રહ્યું હતું. ગુજરાતની પડતીને અટકાવી, પાટણની વિજયપતાકા નીચે એકવાર આખું હિંદુસ્થાન લાવવું, એવી ભીમદેવની પ્રબળ ઇચ્છા હતી. તે ઇચ્છામાંજ તેણે પોતાનું આખું જીવન ગુજાર્યું હતું. એનામાં શૌર્ય ને હિંમત અથાગ હતાં. યવનો સાથેના યુદ્ધમાં વિજય મેળવી તેણે પાટણનું પ્રભુત્વ પ્રસિદ્ધ કર્યું હતું. આજે આબુપર જીત મેળવવાથી તેની ખ્યાતિ ઘણી વધી. હવે કીર્તિના લોભમાંજ તે અજમેર પર ચડાઈ કરવા તત્પર થયો. ચૌહાણોને પરાજિત કરી અજમેરના કિલ્લા પર પાટણની તામ્રચૂડ ધ્વજા ફરકાવવી એ તેને મન પળનું કામ હતું. માટે થોડો વખત વિશ્રાન્તિ લઇ, પછી અજમેર પર ચડાઇ કરવાનો વિચાર રાખી તે અહીંજ છાવણી નાખી પડયો છે. પોતાના તરફથી ઘણા દૂતોને તે આસપાસ મોકલતો હતો. ગુપ્ત દૂતો રિપુરાજાના લશ્કરની અને તેની સ્થિતિની બાતમી સારી રીતે મેળવતા હોવાથી તેઓ ખાસ ઉપયોગના હતા.

રાત્રે વિજય પણ ગુપ્ત દૂત તરીકે બહાર નીકળી ચૂકયો હતો. તે વખતે રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. સર્વત્ર અંધકાર પ્રસરી ગયો હતો. પાસેના પદાર્થો પણ અસ્પષ્ટ જણાતા હતા. પર્વતમાંથી નીકળતાં ઝરણોના ખળખળ અવાજ કવચિત કર્ણગોચર થતા હતા. પાસેજ અર્બુદગિરિનાં પ્રચંડ શિખરો ભયંકર રૂપે આકાશમાં વિહાર કરતાં જણાતાં હતાં. કેટલીક વખત રાની પશુઓના ભયાનક ઘોર શબ્દો સંભળાતા હતા. આ પ્રદેશમાં વિજય ફરતો હતો, એટલામાં આકાશ અભ્રથી છવાઇ ગયું. પૃથ્વી અધિકતર અંધકારમયી બની ગઇ. પવન પણ નિશ્ચલ બની ગયો. સર્વત્ર શૂન્યકાર ભાસવા લાગ્યું. વૃક્ષના પાંદડાં પણ નિઃસ્પન્દ દેખાતાં હતાં. વિજય અશ્વ ઉપરથી ઉતરી એક વૃક્ષ નીચે બેઠો.

આ વખતે લીલા ત્યાંથી થોડે દૂર પોતાના સાથી સાથે વાતો કરતી બેઠી હતી. નિસ્તબ્ધ પ્રકૃતિમાં તેના શબ્દો પ્રતિધ્વનિત થતા હતા. એ અસ્ફુટ શબ્દો વિજયના સાંભળવામાં આવ્યા એટલે તે એકદમ ચમકયો, ને તરતજ છલંગ મારી ઘોડાપર બેસી આગળ ચાલ્યો. એટલામાં તેણે પુનઃ કંઇક શબ્દો સાંભળ્યા. આવા નિર્જન પ્રદેશમાં અત્યારે બે માણસોને વાતો કરતા દેખી તે શંકાશીલ થયો. રિપુ-રાજાનાંજ તે માણસ હશે એમ તેણે નિશ્ચય કીધો. ચોક્કસ તપાસ માટે તે આગળ વધ્યો એટલે દૂર બે અશ્વ ઉભા હોય એમ તેને ભાસ થયો. આ દૃશ્યથી વિજયની આશંકા વધી. તેઓ સાધારણ મુસાફર નહિ પણ આ પ્રદેશના ભોમીઆજ માણસો હશે એમ તેને પ્રતીતિ થઇ. ગાઢ તિમિરને લીધે તેનાં ચક્ષુથી જે કામ થઇ શકયું નહિ તે કામ કરવા તેણે પોતાના કર્ણને પ્રેર્યા.

થોડીવાર પછી, "હવે તે કયાં નાશી જાય એમ છે?" એ શબ્દો તેણે સાંભળ્યા. વિજય ચમકયો, આશ્ચર્ય પામ્યો, તે એક વૃક્ષની નીચે જઇ ઉભો. તરત ધનુષ્યપર શર સંધાન કરી તાકીને એક બાણ સ્વરની દિશામાં ફેંકયું. પ્રથમ પ્રહારથી એક વ્યક્તિ

તો સદાને માટે શાન્ત થઇ ગઇ. પુનઃ બીજું શર મૂક્યું, એટલે તેણે એક આર્તસ્વર સાંભળ્યો. ત્વરિત ગતિએ તે ત્યાં ગયો. તો પુરુષવેશમાં તેણે લીલાને જોઇ. રાત્રિના અંધકારમાં તે તેને ઓળખી શક્યો નહિં! પણ થોડીવાર પછી પ્રભાત થતાં તેઓ એક બીજાને કેવી રીતે ઓળખી શક્યાં, તે ગત પરિચ્છેદમાં બતાવ્યું છે.

× × × × ×

વિજયની પૂંઠેજ લીલા પોતાનો અશ્વ ચલાવતી હતી. અત્યારે તેના મનમાં અનેક તરેહના તર્કવિતર્ક થતા હતા. પાછલી સ્થિતિ સંભારી આવતાં તે કેવળ નિરાશ બની જતી. વિજય તેના સામું જોતો ત્યારે તે સર્વ દુઃખ ભૂલી જઇને, ક્ષણિક આનંદ અનુભવતી. થોડા વખત પૂર્વે તેના મનમાં આશાના અંકુરો ફુટયા હતા ને તેને વિજયના શબ્દોથી પોષણ પણ મળ્યું હતું. લીલાએ આવી સ્થિતિ પૂર્વે કદિ પણ અનુભવી ન હતી. વિચારમાં ને વિચારમાં "લીલા! મારી લીલા!" એ શબ્દો તેને સાંભરી આવ્યા. તેનું હૃદય પ્રફુલ્લ થયું. મુખ પર આનંદની છટા તરી આવી. તેના હૃદયમાં આનંદની ભરતી ચડી આવી. તે અવર્ણ્ય આનંદ ભોગવવા લાગી.

આગળ ચાલતાં વિજયે જરા ઘોડો રોકી પાછળ મુખ ફેરવી કહ્યું. "થોડીવાર અહીં આરામ લઇ પછી આગળ ચાલીએ તો?"

"જેવી ઇચ્છા." લીલાએ ટુંકોજ જવાબ આપ્યો.

બંને જણ ઘોડા પરથી નીચે ઉતર્યાં. ઘોડાને ચરવા માટે છૂટા મૂકી દીધા, ને એક વસ્ત્ર પાથરી તેઓ નીચે બેઠાં.

અત્યારે લીલાનું જીવન બદલાઇ ગયું હતું. તે અપૂર્વ આનંદ અનુભવતી હતી. તે સુખની સીમાએ પહોંચી હોય એમ જણાતી હતી. તેના આ આનંદમાં સૃષ્ટિ-સૌન્દર્યે વૃદ્ધિ કરી. વિજય અનિમિષ નેત્રે તેના મુખનું નિરીક્ષણ કરતો હતો. શુદ્ધ પ્રેમયુક્ત ચેષ્ટા ને મુખપર ઝળહળતું નિર્મળ સૌન્દર્ય જોઇ તે મુગ્ધ બની ગયો. તેની પ્રેમપિપાસા વૃદ્ધિ પામી. લીલા તેનો આ ભાવ સમજી ગઇ. એટલે તેના તરફ એક વક્ર, પ્રેમ ભરી વક્ર દૃષ્ટિ નાખી ઉભી થઇ.

વિજય મોહનિદ્રામાંથી જાગૃત થયો. પોતાનો મનોભાવ વ્યક્ત કરવાની તેને ઇચ્છા થઇ, પણ કોણ જાણે તે કંઇજ બોલ્યો નહિ. અમે નથી જાણતા કે શા કારણથી તે આવી સ્થિતિને પ્રાપ્ત થયો હશે; તથાપિ એટલું તો ખરૂં, કે તેનું હૃદય હવે પરતંત્ર બની ગયું હતું, સંસારના અટપટા રંગથી તે બીંજાયું હતું. મનુષ્ય જીવનમાં આજે તેણે એક નવીજ ઘડી અનુભવી.

થોડીવારમાં બંને જણ ત્યાંથી ઉઠયાં, સવાર થયાં ને આગળ ચાલ્યાં. પ્રણયીઓ એક બીજાના સંબંધીજ વિચાર કરતાં સંધ્યા સમયે ગુર્જરસેનામાં ભળી ગયાં.

ત્રયોદશ પરિચ્છેદ.

અજમેર પર આક્રમણ.

મહારાજા ભીમદેવે દૃઢ નિશ્ચય કરીને સૈન્યને અજમેર પર ચડાઈ કરવાનો આદેશ કર્યો. સેના વિદ્યુદ્વેગે આગળ વધી. પ્રયાણ કરતી સેનાના કોલાહલથી, રણવાદ્યના તીક્ષ્ણ નાદથી, પ્રાણીઓના પદાઘાતથી અને તેઓના ખોંખારાથી આખો પ્રદેશ ભયંકર ભાસવા લાગ્યો. ધૂળના ગોટેગોટા આકાશમાં ઉડયા. તેથી પ્રભાકર પણ ઢંકાઈ ગયો! દિશાઓ માન મૂકી અદૃશ્ય થઈ ગઈ! આકાશ રેણુકાથી છવાઈ ગયું! રજાવરણ ભેદવાને સૂર્યકિરણ પણ અશક્ત નીવડયાં! રસ્તામાં આવતા પર્વતો કંપવા લાગ્યાં, સરોવરો સુકાઈ ગયાં. ઉંચો નીચો રસ્તો સપાટ બની ગયો. જંગલોને સ્થાને રણ બની ગયાં. મોટા મોટા દુર્ભેદ્ય દુર્ગો નામશેષ થઈ ગયા. પક્ષીઓ પણ ભયભીત થઇ આકાશ માર્ગે ઉડી જવા લાગ્યાં. મદમત્ત હાથી માર્ગમાં આવતાં તરૂવરોનો નાશ કરે, તેમ કૃતનિશ્ચય ગુર્જર સેનાએ પથમાં આવતાં નાનાં મોટાં અનેક ગામ ઉજ્જડ કરી નાખ્યાં. બિચારી ગરીબડી પ્રજા સૈનિકોના જુલમથી પોતાની માલમિલ્કત મૂકી આમ તેમ નાસવા લાગી, લીલા પાકથી સુશોભિત, કૃષિકારોના જીવનાધાર, પક્ષીઓનાં ક્રીડાસ્થાન, મનોહર ક્ષેત્રોની પરંપરા સ્મશાનવત્ બની ગઈ. પવનમાં જેમ વાસ પ્રસરી જાય, તેમ ભીમના આક્રમણની વાત આખા દેશમાં ફેલાઇ ગઇ. ગુર્જર સેના આવતી સાંભળી સોમેશ છંછેડાયેલા સિંહવત્ ધુરકી ઉઠયો. આગદ્ વિપત્તિનો શી રીતી પ્રતિકાર કરવો તે બાબત તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

આ વખતે ચૌહાણુની અવસ્થા વિષમ થઇ પડી હતી. એક બાજુ મુસલમાનો આવી પડયા હતા. તેમનો પરાજય કરી તે પરવાર્યો નહતો તેટલામાં બીજી બાજુથી ભીમદેવની ચડાઇ આવી પહોંચી. સુડી વચ્ચેની સોપારીના જેવી સોમેશ્વરની સ્થિતિ થઈ. જો પ્રથમ મુસલમાનો સાથે યુદ્ધ આરંભે તો ગુર્જરસેના છેક પાટનગર સુધી આવી પહોંચે તેમ હતું. કદાપ જો પ્રથમ ગુર્જર સેનાને અટકાવવા જાય, તો અવિશ્વસનીય યવનો અણચિંતવ્યો હલ્લો લાવે. એકી વખતે બંને શત્રુઓ સાથે લડી શકાય તેટલું લશ્કર તેની પાસે ન હતું. પૃથ્વીરાજ સાથે મોકલેલું કેટલુંક સૈન્ય તો આબુની લડાઇમાંજ નાશ પામ્યું હતું. વળી દિલ્હીથી મદદ મંગાવવી પણ અયોગ્ય હતી, અથવા ત્યાંથી મદદ આવી પહોંચે તેટલો સમય ન હતો. આવી અણધારી આપત્તિથી સોમેશ્વર ગભરાયો. શી રીતે યુદ્ધ આરંભવું, એ તેને સુઝયું નહિ. પોતાને શિર આવેલું સંકટ વિદારવા માટે તે પોતાની ઇષ્ટ દેવીની પ્રાર્થના કરવા લાગ્યો.

"ઓ દુર્ગે! તું કામાંધ નરપિશાચનો નાશ કર, હે ચણ્ડિકા! તું તારી પ્રચંડ ભુજાઓથી મારૂં રક્ષણ કર. દેવિ! પાપીઓનો સત્વર પ્રલય કર, જે ભૂમિમાં તારૂં ગૌરવગાન ગવાતું ત્યાં અત્યારે તારૂં નામ દેવાતું નથી! જગદંબે! તું આવા અધ-

મીવલંબીઓનો શા માટે સંહાર કરતી નથી? જેમણે તારી સ્તુતિને તિલાંજલિ આપી છે, જે જાતિઓની જાળમાં ફસાઈ ગયા છે, જે ભૂદેવોના કટ્ટા શત્રુ છે, જે એક પ્રાણીના સુખને માટે સહસ્રનો વિનાશ કરનારા છે, તેવા અશ્રદ્ધાળુ, મલિન મનના ગુર્જરોનો કચ્ચરઘાણ કાઢી નાખ. અહો દેવિ ! દૈત્યોનો નાશ કરવો એ તારૂં પ્રથમ કર્તવ્ય છે. હે દુર્ગે ! આ વખતે તું મારૂં રક્ષણ કર, પાપીઓનો પરાજય કર. કલ્યાણિની ! તું અંતર્યામીની છે, મારા મનોભાવ કંઇ તારાથી અજાણ્યા નથી, માટે તે વ્યક્ત કરવો નિરર્થક છે હે ભદ્રે ! આ આવી પડેલી વિપત્તિમાંથી બચવાનો તું માર્ગ બતાવ."

સોમેશ્વરની ચિંતા તેના સરદાર ચંદના જાણવામાં આવી. ઇતિહાસમાં તે કવિ ચંદના નામથી પ્રસિદ્ધ છે. તે બારોટ જાતનો હતો. કવિ હોવા ઉપરાંતે તે એક વીરપુરુષ હતો. પૃથ્વીરાજના જે મુખ્ય ૧૦૮ સામંતો હતા તેમાંનો ચંદ પણ એક હતો. તે મજબુત બાંધાનો બલિષ્ઠ પુરુષ હતો. ઘણી લડાઇઓમાં તેણે ભાગ લીધો હતો. સોમેશ્વરની ચિંતા કોઇપણ પ્રકારે નષ્ટ કરવા ચંદ બારોટે નિશ્ચય કીધો. પોતાની પાસે થોડાં માણસ હોવાથી ગુર્જરસેના સાથે દિવસ યુદ્ધ ચલાવી શકાય તેમ ન હતું, માટે થોડા ચુનંદા યોદ્ધાઓ સાથે રાતે ગુર્જર સેનાપર છાપો મારવા તે તૈયાર થયો.

સંધ્યા સમય થઇ ગયો, એક પ્રહર રાત્રિ વ્યતીત થઇ. થોડાજ વખતમાં ચંદ્રમા પણ ધીમે ધીમે અસ્ત થઇ ગયો. સર્વત્ર અંધકાર વ્યાપી ગયો. પરંતુ આકાશમાં રહી તારાઓ મંદમંદ ઉજાસ આપતા હતા. આ વખતે અજમેરના દુર્ગમાંથી એક વીરપુરૂષ બહાર નીકળ્યો. અત્યારે .તેની ઉમ્મર જોતાં તે યુવાન જણાતો હતો તેના મુખમંડળપર શૌર્ય—પ્રભા ઝળહળી રહી હતી. તેણે માથા પર એક ટોપ ને આખા શરીરપર કવચ ધારણ કરી દીધું હતું. ઉપયોગી શસ્ત્રાસ્ત્રો સુસજ્જિત બની તે ધીમે ધીમે દુર્ગ બહારના એક સ્થાનમાં આવી ઉભો રહ્યો, તેની પાછળ બીજા કેટલાક યોદ્ધાઓ પણ ત્યાં આવી પહોંચ્યા. સર્વ યોદ્ધાઓના હાથમાં ધનુષ્યબાણ ને કમ્મરે તરવાર લટકાવી હતી. આવેલા થોડા માણસો સાથે તે અત્યારે કાંઇ કારણસર બહાર નીકળેલો હોય એમ જણાતું હતું. તે વીરપુરુષ અન્ય કોઇ નહિ પણ ઉપર કહેલો ચંદ બારોટ હતો, અત્યારે તે ગુર્જરસેનાપર હુમલો કરવા બહારે નીકળ્યો હતો.

આ વખતે ગુર્જર સેનાનીઓએ પોતાનું લશ્કર કમળવ્યુહમાં ગોઠવ્યું હતું હતું. મધ્યમાં પાયદળ તેની આજુબાજુ ઘોડેસ્વાર લશ્કર અને તેની પૂઠે ગિરિ સદશ પ્રૌઢ ગજોની પંક્તિ ઉભી હતી. આજુબાજુ કચ્છ તેને પાંચાળ લૂંટી લેનારા, યુદ્ધમાં અડગ ને શૂરા ઝાલાઓ ઉભા હતા. મધ્યમાં ગુર્જરેશ્વર પોતાના આત્મીય માણસો સાથે ઉભો હતો. કદાચ ચૌહાણો એકદમ રાત્રિને વખતે હુમલો કરે તો તેમની સામે થઇ શકાય, તે માટે પોતાની છાવણીમાં ભીમદેવે હુકમ ફેરવ્યો હતો. વળી પ્રભાતમાંજ ચૌહાણો સાથે યુદ્ધનો આરંભ કરવાનો છે, એમ પણ જણાવ્યું હતું. ભીમદેવના આ દેશથી અત્યારે ગુર્જર સેનામાં આનંદ પ્રસરી રહ્યો હતો. વિજય માટે કૃતનિશ્ચય સેનાનીઓ, અનેક તરેહની વ્યુહરચના કરતા; પોતાના બુદ્ધિ-

ચાતુર્યને અધિક દીપાવતા; સૈનિકોને અનેક તરેહની સાવધાન રહેવાની સૂચના આપતા; ગુપ્તચરો મારફતે શત્રુ-શિબિરની સ્થિતિ જાણતા; એક બીજા સાથે યુદ્ધ વિષયક ચર્ચા ચલાવતા હતા. છાવણીમાં દીપકોનો મંદ મંદ પ્રકાશ ગાઢ તિમિરાવરણને ભેદી દૂર સુધી પ્રકાશી રહ્યો હતો. તથાપિ છાવણી બહારના પદાર્થો દૃષ્ટિગોચર થાય તેટલો પ્રકાશ નહતો. અત્યારે સઘળા સૈનિકોના અંગમાં લડાઇનો જુસ્સો વ્યાપી રહ્યો હતો. સઘળા પ્રાતઃકાળ જોવાને માટે સોત્કંઠ દેખાતા હતા. ઠામ ઠામ હથીઆરથી સુસજ્જ બનેલા પહેરગીરો ચોકી કરતા હતા. વખતો વખત તેઓ સાવધાનતાસૂચક ધ્વનિ કરતા હતા. પૃથ્વીપર ધીમે ધીમે ગાઢ તિમિરાવરણ પથરાયું. સાથે સૈનિકોના શરીરમાં નિદ્રાદેવીએ સ્થાન કર્યું. એક પછી એક સઘળા સ્વતઃ શાન્ત થઇ ગયા. અતિ લાંબા પ્રવાસથી શ્રાન્ત થએલા સઘળા યોદ્ધાઓ ઘસઘસાટ ઉંઘવા લાગ્યા. કેટલાક ચંચળ પ્રકૃતિના સૈનિકો પોતાના મિત્રો સાથે વાતોનાં ગપ્પાં હાંકવા લાગ્યા. ઘણાજ થોડા સૈનિકો અત્યારે જાગૃત દેખાતા હતા. પવનથી થતા લતાપલ્લવના અવાજથી પણ તેઓ બેદરકાર રહેતા ન હતા. છાવણીમાં સર્વત્ર શાન્તિનું સામ્રાજ્ય પ્રસરી ગયું હતું. ક્વચિત્ ક્વચિત્ પહેરગીરોના સાવધાનતાસૂચક ધ્વનિથી શાન્તિનો ભંગ થતો હતો. આ વખતે છાવણીના પશ્ચિમ ભાગમાં સહસા કોલાહલ થયો. ચંદ બારોટે આ વખતે પોતાના માણસો સાથે હુમલો કર્યો હતો. તરતજ ગુર્જર સેનાનીઓ સાવધાન થઈ ગયા, ને સૈન્યને ગોઠવી દીધું. ચંદ બારોટના અણધાર્યા આક્રમણથી ભોળો રાજા ભડકી ઉઠયો. તેનું આખું શરીર ક્રોધાગ્નિથી સળગી ઉઠયું. પોતાના યોદ્ધાઓને ઉશ્કેરતો ને ઘોડાપર સવાર થઇને બહાર નીકળ્યો. તરતજ તેણે રણવાદ્ય વગડાવી સઘળા સૈન્યને સાવધ થવાની સૂચના આપી દીધી.

ગુર્જર સેના સત્વર તૈયાર થઈ ગઈ. ગાઢ તિમિરમાં તેમણે તીરનો મારો ચલાવ્યો. પ્રતિક્ષણે અસંખ્ય બાણો સુસવાટ કરતાં ચૌહાણ દળમાં ત્રાસ પોકારાવા લાગ્યાં. ચૌહાણો પણ તેમને બરાબર ઉત્તર આપતા હતા. થોડીવારમાં બન્ને સેનાનો ભેટો થયો. 'હર હર મહાદેવ' ને 'જય સોમનાથ' ના ધ્વનિથી આસપાસનો પ્રદેશ ગાજી રહ્યો. રાત્રિના ગાઢ અંધકારમાં, શૂરાઓના હાથમાં નૃત્ય કરતી તરવારો વિજળીની પેઠે ચમકવા લાગી. બંદુકોમાંથી છૂટતી અસંખ્ય ગોળીઓ સુસવાટ કરતી, અનેક માણસોને ગતઃપ્રાણ કરવા લાગી. તોપોમાંથી નીકળતો ધૂમ-રાશિ, રાત્રિના અંધકારને વિશેષ ગાઢો કરવા લાગ્યો. ક્ષણે ક્ષણે થતા 'હર હર શંભો' ના પ્રચંડ ધ્વનિથી આકાશ ખળભળી ઉઠયું. ઘવાઇને પૃથ્વીપર પડતા યોદ્ધાઓના આર્ત સ્વરથી રણવાદ્યનો અવાજ દબાઇ ગયો. એક પ્રહર સુધી તુમુલ યુદ્ધ મચ્યું. લોહીની નદીઓ વહેવા માંડી. મુડદાઓના ઢગલે ઢગલા થઈ ગયા. અંધકારમાં ગુર્જર સૈનિકો માંહોમાંહે લડવા લાગ્યા. તેથી તેમનામાંના ઘણા યોદ્ધાઓ માર્યા ગયા. ગુર્જર સેનાની આવી માઠી સ્થિતિ જોઈ ચંદ બારોટ પોતાના યોદ્ધાઓને શૌર્ય-પાન કરાવતો આગળ ધસ્યો. તેના મરણીયા યોદ્ધાઓએ થોડા વખતમાં ગુર્જર સેનાનો ઘાણ કાઢી નાખ્યો. ધીમે ધીમે પ્રભાત થઈ ગયું. સૂર્ય પ્રકાશ પૃથ્વીપર પ્રસરી ગયો. વિજય દેવી ચંદ પર પ્રસન્ન થએલી દેખાઈ. આવું વિપરીત પરિણામ જોઇ ભોળો ભીમ

ક્રુદ્ધ થયો. તે પોતાનો હાથી આગળ કરી, જ્યાં ચંદ બારોટ ગુર્જર સૈનિકોની કાપણી કરતો હતો ત્યાં ગયો. ભીમની પાછળ તેના મહારથી યોદ્ધાઓ ચાલ્યા. ભીમ પોતાની સેનામાં જુસ્સો પ્રેરવા માટે ભીષણ ગર્જના કરી બોલ્યો:—

"રે ગુર્જર સૈનિકો! કાયર થઇ પાછા શા માટે હઠો છો? યવનો અને માલવપતિને નસાડી મેળવેલી કીર્તિ પર આજે તમે પાણી ફેરવવા બેઠા છો કે શું? શું તમારી રક્તવાહિનીઓમાં શૈત્ય વ્યાપ્યું છે? આવા મુઠ્ઠીભર લશ્કરથી ડરી જઇ તમે શા માટે પાછાં ડગલાં ભરો છો? શૂરાઓ! જગત ક્ષણભંગુર છે. પ્રાણિ માત્રનો અવસાન નિર્મિત છે. મુઆ પછી યશ કે અપયશ અહીં રહેનાર છે. માટે યશનો લોભ રાખો, ને વિલાસ કરવાના વિચાર અળગા કરી શૌર્યથી આગળ ધસો. તૃણવત્ શત્રુ સૈન્ય કાપી અત્યારે તમે તમારૂં શૌર્ય બતાવો. ને પૂર્ણ પરાક્રમ દાખવી સ્વર્ગસ્થ પિતૃઓને સંતુષ્ટ કરો. તમારા પરાક્રમથીજ આજે મારૂં પણ સાર્થક થશે. રે! તમારા આજના પરાક્રમથી આપણી કીર્તિ અમર થશે, અને આપણા દેશનું ગૌરવ વધશે."

ભીમદેવનું ભાષણ સાંભળી સેના જોરથી આગળ ધસી. શત્રુ પર તેમણે બાણ, ગોળીઓનો પુષ્કળ વરસાદ વરસાવ્યો. ક્ષણે ક્ષણે 'જય સોમનાથ' નો ધ્વનિ તેમની શિરાઓમાં શૌર્ય સિંચવા લાગ્યો. સઘળા મરણીઆ બની તૂટી પડયા. ભીમ કાપાયમાન થઇ સેનાના અગ્રભાગમાં આવી ઉપસ્થિત થયો. તેના પર રાજછત્ર ધરાયલું જોઈ, ચોહાણ સેનાએ તેને ઘેરી લીધો. ને સ્થળે ભારે રમખાણ મચ્યું. ભીમદેવ ગાંડાતુર બની મદાંધ હાથીની પેઠે શત્રુદળમાં ઘૂમવા લાગ્યો. પ્રતિક્ષણે હજારો માણસોને સ્વર્ગમાં મોકલતો હતો. તેનું આવું અપૂર્વ સાહસ જોઇ ગુર્જર યોદ્ધાઓ પણ દેહભાન ભૂલી લડવા લાગ્યા. થોડાજ વખતમાં યુદ્ધનો રંગ બદલાયો. ચંદ બારોટનાં અસંખ્ય માણસો મરી ગયાં. ચંદે ગુસ્સે થઇ તાકીને એક બાણ ભીમદેવ પર નાખ્યું. ચાલુક્ય ભીમે તેના બાણના બે ટુકડા કરી નાખ્યા, ને પોતે એક શર ચંદ પર ફેંક્યું. તે ચંદના શિરપર થઇ ચાલ્યું ગયું. ચૌહાણ યોદ્ધાઓએ ચાલુક્ય રાજાપર ધસારો કીધો પણ તેઓ ભીમની નજીક પહોંચી શક્યા નહિ. ભીમને બીજા યોદ્ધાઓ સાથે લડતો જોઇ ચંદ બારોટે શરસંધાન કરી ભીમદેવ ઉપર એક બાણ ફેંક્યું. દૈવવશાત્ તે બાણ ભીમદેવને ન વાગતાં તેના હાથીના ગણ્ડસ્થળમાં વાગ્યું. શરપ્રહારથી હાથી ખીજવાયો. આમ તેમ દોડી તેણે સેંકડો યોદ્ધાઓને પગ તળે છૂંદી નાખ્યા. અતિશય વેદનાથી છેવટે તે મૂર્છા ખાઇ ધરણીપર ઢળી પડયો. ભીમદેવ હાથીપરથી ઉતરી ઘોડા ઉપર સ્વાર થયો. શિકારમાં એકવાર ચોટ ખાલી જતાં કેશરી જેમ અધિકતર ક્રુધ બની જાય છે, તેમ ભીમદેવ અત્યારે ગુસ્સે થઇ ગયો હતો. પ્રચણ્ડ ગર્જના કરતો, બે હાથે તરવાર ફેરવતો, તે શત્રુદળમાં ત્રાસ વર્તાવા લાગ્યો. પ્રતિક્ષણે તે સેંકડો માણસોની કાપણી કરતો હતો. થોડાજ વખતમાં ચૌહાણ સેનાનો અગ્રભાગ વિચલિત થઇ ગયો. આથી ન ગભરાતાં ચંદ પોતાના સૈન્યના અગ્રભાગમાં આવી પોતાના સૈનિકોને ઉશ્કેરવા લાગ્યો. અનેક ચૌહાણ યોદ્ધાઓ વચ્ચે ભીમદેવ ભીમ પેઠે ઘૂમતો હતો, એટલામાં ભાતાવત્ તેનું રક્ષણ

કરનારી; મિત્રરૂપે શત્રુને સન્માન આપનારી; અર્ધાંગનારૂપે વિપદ્‌માં ધૈર્ય આપનારી વિશ્વસનીય તરવારના બે ટુકડા થઇ ગયા. યત્કિંચિત પણ ગભરાટ વિના ભીમદેવ કટાર લઇ લડવા લાગ્યો. વીરહાક મારતો યાહોમ કરીને તે શત્રુદળમાં કુદી પડયો. તેનું આવું અપૂર્વ ને અતુલનીય સાહસ જોઇ પીરમનો ગોહિલ સામંત પોતાની સેનાને આગળ કરી મહારાજાની મદદમાં ધાયો. પોતાના યોદ્ધાઓને ઉદ્દેશીને તે બોલ્યો:—

" રે ગોહિલ સૈનિકો ! ખેડુત જેમ તૃણની કાપણી કરવા મંડે, તેમ શત્રુદળની કાપણી કરવા આપણો મહારાજા ક્યારનોએ ધુસી ગયો છે. માટે આ વખતે તમે તમારૂં પાણી બતાવો ને તે મરણીયા બનેલા મહારાજાને જઇ ભેટો. ભાઇઓ ! જ્યારે આપણા રાજાનો વિજય થાય ત્યારેજ આપણે મદદમાં આવ્યા તે સાર્થક થાય, માટે વીરો ! શત્રુ સૈન્યમાં ધુસી જઇ તમે તમારૂં પરાક્રમ બતાવો. ભાઇઓ ! તમને આવો વખત પુનઃ પ્રાપ્ત નહિ થાય. આજના વિજય ઉપર તમારી ને તમારા રાજાની કીર્તિનો આધાર છે." તરતજ હરહર મહાદેવનો ગગનભેદક ધ્વનિ કરી ગોહિલ સેના આગળ ધસી. અનેક ચૌહાણ યોદ્ધાઓનો સંહાર કરી, ગોહિલ સામંત ઠેઠ ભીમદેવની નજીકમાં જઇ ઉભો. ભીમને આવી આફતમાં મદદ આવી મળવાથી તે હવે જોર પર આવ્યો. આ જોઇ ચંદ બારોટ ગુસ્સે થયો. ખુબ જુસ્સાથી તેણે પીરમના ગોહિલ સામંત ઉપર તરવારનો એક ઘા કર્યો. પણ ગોહિલે પોતાની તરવારથી તેની તરવારના બે ટુકડા કરી નાખ્યા, અને તરત એક ભાલો ચંદ પર ફેંકયો, તે ચંદના ટોપમાં વાગી જતો રહ્યો. બે દુશ્મનો સામે ચંદ એકલાને ઉભેલો જોઇ ચૌહાણ યોદ્ધાઓ તેમની આસપાસ ફરી વળ્યા. પૂર્ણ પરાક્રમ દાખવ્યા છતાં પણ ભીમ જેવો ભીમદેવ અત્યારે ઘેરાઇ ગયો, તે ગભરાયો ને મદદ માટે ફાંફાં મારવા લાગ્યો. તેવામાં આશાએ તેને આશ્રય આપ્યો, એટલે હિંમતથી તે લડવા લાગ્યો. વીરધવળ વાઘેલો તેની મદદમાં જઇ પહોંચ્યો. ત્રણે જણે થાય તેટલી કાપણી કરી. પણ દુશ્મનોના શસ્ત્રપ્રહારથી તેમનાં શરીર વિંધાઇ ગયાં, લોહીથી રક્ત બની ગયાં અને ધીમે ધીમે શિથિલ થવા લાગ્યાં. ભીમની આવી સ્થિતિ જોઇ શત્રુઓ જોરપર આવ્યા ને ભીમનો વધ કરવા તેઓ આગળ ધસ્યા. એટલામાં પાછળથી થોડાક લશ્કર સાથે રાણો લવણપ્રસાદ ભીમની મદદમાં આવી પહોંચ્યો. આ મદદથી ગુર્જર સેનાની જીત તો ન થઇ, પણ ગુર્જરેશ્વરને તેના બંને સામંતો જીવતા રહ્યા. આ યુદ્ધમાં ચૌહાણોએ વિજય મેળવ્યો ને ભીમદેવ પરાજિત થયો.

ભીમદેવને હરાવ્યા પછી સોમેશ્વર મુસલમાની ફોજ સાથે લડવા ગયો. કેટલાક દિવસ સુધી યુદ્ધ ચાલ્યું. અંતે મુસલમાનોનો પરાજય થયો ને તેઓ ગીજની તરફ નાશી ગયા.

દુર્ગાના પ્રતાપથી સોમેશ્વર બંને તરફ જીત મેળવી શકયો. પોતાની હાર થવાથી ભોળો ભીમ છેક નિરાશ થયો હતો, તથાપિ તેનો ગુસ્સો શાન્ત થયો નહતો. વખત આવે વેર વાળવાનો તેણે મનમાં નિશ્ચય કર્યો.

ચતુર્થ ખંડ.

પ્રથમ પરિચ્છેદ.

ગજમર્દન.

ગુર્જરપતિ ભીમદેવનો કાકો સારંગદેવ નામે હતો. ગત પરિચ્છેદમાં વર્ણવેલા સાત સોલંકીઓ તે સારંગદેવના પુત્રો હતા. તે સાતે ભાઇને ભીમદેવ સાથે બનતું ન હતું, તેઓ બહારવટે ફરતા. રિવાજ પ્રમાણે તેઓ જ્યાં ત્યાં લૂંટફાટ કરી પ્રજાને હેરાન કરતા હતા, અથવા એમ કહો કે પ્રજાને હેરાન કરવી એ તેઓનો ધર્મ હતો! ભૂપતિ ભીમદેવે તેમનાં એ કૃત્યને ઉપેક્ષ્ય ગણી કંઇ ધ્યાન આપ્યું નહિં પણ વખત જતાં તેમનું બળ વધ્યું. નિડર થઇ તેઓ પ્રજાને અને સાથે રાજાને પણ પજવવા લાગ્યા. 'પાડાને રોગ અને પખાલને ડામ' એ કહેવત પ્રમાણે રાજા ઉપર વૈર હોવા છતાં બિચારી નિર્દોષ ગરીબ પ્રજાને દુઃખ સહન કરવું પડતું. પ્રજાનું આવું કષ્ટ જોઇ કયા ભૂપતિને ખેદ ન થાય? અગાઉ વનરાજે પણ આવીજ રીતે પોતાની ઉન્નતિ કરી હતી. બાદશાહી વખતમાં પણ નાના મોટા ઠાકોરો અન્ય ઉપાયને અભાવે આ માર્ગ ગ્રહણ કરતા હતા, અને તેમ કરવાથીજ તેઓને પોતાનું પૂર્ણપદ પ્રાપ્ત થતું હતું, બાદશાહી અમલમાં ગુજરાતમાં આવા બહારવટું કરનારાઓની સંખ્યા વિશેષ હતી. ધર્માંધ કે વિષયાંધ સુલતાનો નાના ઠાકોરોને ધર્મ કે કન્યાને બહાને પજવતા. તેઓને પદભ્રષ્ટ કરતા પણ વિચાર કરતા નહિ. પાદશાહોના આવા દુષ્કૃત્યોનું પરિણામ એ આવતું, કે પ્રજાને સંકટ સહન કરવું પડતું ને આખરે ખૂંચી લીધેલી જાગીરો જેમની તેમને સોંપવી પડતી. ચાવડા વંશની શરૂઆતથી તે બ્રિટિશ અમલની શરૂઆત સુધી ગુજરાતની પ્રજાને વખતોવખત એવાં કષ્ટ સહન કરવાં પડયાં છે. બ્રિટિશ અમલની પૂરેપૂરી શરૂઆત થયા પછીજ એ દુષ્ટ રિવાજનો વિધ્વંસ થઇ ગયો છે. હવે જ્યાં સુધી આ દેશ ઉપર બ્રિટિશ રાજ્યનો શાન્તિપ્રદ વાવટો ફરકી રહેશે, ત્યાં સુધી પુનઃ એવાં કષ્ટ પ્રજાને સહન કરવાનો પ્રસંગ આવશે નહિ. અસ્તુ.

બહારવટે નિકળેલા પોતાના પીતરાઇ ભાઇઓનો પક્ષ સબળ થએલો જોઇ મહારાજા ભીમદેવને ચિંતા થઇ. હવે કોઇ પણ પ્રકારે તેમનો વધ કરવો યા તેમને પકડી લેવા, એવો તેણે આદેશ કર્યો. રાજાનો હુકમ થતાં અસંખ્ય ગુર્જર સિપાઇઓ બહારવટીઆઓને પકડવા નીકળી પડયા. ગુજરાતના સર્વ ભાગમાં શોધ કર્યા છતાં ભીમદેવની ઇચ્છા પૂર્ણ થઈ નહિ; કારણ કે તે સોલંકીઓ જંગલને નદીનાળામાં આવેલાં ગુપ્ત સ્થાનોનાં ભોમીયા હોવાથી, તેમની શોધ કરવી એ મહા મુશીબતનું અને જોખમભરેલું કામ હતું.

એક દિવસ સંધ્યા સમયે ગુર્જરેશ્વરનો મદોન્મત્ત માતંગ ભગવતી સરસ્વતીના પુનિત સલિલ પ્રવાહમાં સ્નાન કરતો હતો. આકાશ ઘટ્ટ અભ્રથી છવાઈ ગયું હતું. સરિતામાં ઉભેલો ગજ દૂરથી કૃષ્ણ પહાડ જેવો ભાસતો હતો. આકાશની પ્રતિબિમ્બિત અભ્રચ્છાયાનું, ગજછાયા સાથે યથાસ્થિત સંઘટ્ટન થઈ ગએલું હોવાથી રમણીય દેખાવ થઇ રહ્યો હતો. હાથીનો માવત અનિમિષ નયને પાણીમાંનું એ વિચિત્ર દૃશ્ય નિહાળતો હતો. થોડીવાર પછી રાજાના ખવાસોએ હાથીને સ્નાન કરાવવા માંડયું, એટલે પાણીમાં નાનાં મોટાં મોજાં ઉત્પન્ન થયા. હાથીએ સૂંઢ ભરી પુષ્કળ પાણી ઉરાડવા માંડયું. તે સ્થળે જાણે અસાડ માસની હેલી થતી હોય એવો ભાસ થયો. કિનારાની તૃપ્ત થએલી રેણુકામાં પણ શાન્તિનો અર્વિભાવ થયો. આ રમણીય સ્થાનમાં ખવાસ લોકો પણ વાણીદ્વારા પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા. કેટલાક લાંબા ઘાંટાથી રાગડા કાઢતા હતા. કેટલાક કુદરતના ગીત ગાતા હતા ને કેટલાક તો પોતાની પ્રણયિની સંબંધી વિવિધ વાતો કરતા હતા. થોડીજ વારમાં પવન જોશથી ફુંકાવા લાગ્યો. તટ પરની વૃક્ષરાજિમાં પાંદડાંનો ખડખડાટ થવા લાગ્યો. રેણુકા ઉંચે ઉછળવા લાગી. પક્ષીઓ પણ આ પ્રસંગે પોતાનો આનંદ ભૂલી, ભયભીત થઇ કીકીયારી કરવા લાગ્યાં. આ દૃશ્ય જોઇ રાજસેવકોનો આનંદ ક્ષણમાં લુપ્ત થઇ ગયો. હાથી પણ ઉન્મત્ત થઇ આમ તેમ નાસવા લાગ્યો. સઘળા ભય પામ્યા, ને ત્વરીત વેગે નગર તરફ પ્રયાણ કરવા લાગ્યા.

અણચિંતવ્યું એક શર સુસવાટ કરતું આવ્યું ને તે માવતના કપાળમાં વાગ્યું. સંજ્ઞારહિત થઇ માવત જમીન પર ઢળી પડયો. બીજા માણસો આ સંકટ જોઇ ગભરાઇ ગયા. આજુબાજુ દૃષ્ટિ ફેંકી પણ કોઇ નજરે પડયું નહિ. પવને સર્વત્ર અંધકાર પ્રસરાવી દીધો ત્યાં શું દેખી શકાય ?

ધીમે ધીમે મરુત્ મરડાયો. હવા કાંઇક સ્થિર થઇ. કૃત્રિમ અંધકાર નષ્ટ થયો. વૃક્ષરાજિમાંથી બે ઘોડેસ્વાર વિદ્યુત્ વેગે હાથી તરફ દોડયા. ખવાસ લોકો તેમને ઓળખી શકયા. તેઓ પ્રતાપસિંહ ને અરિસિંહ હતા. બંને કદાવર બાંધાના હતા. તે વખતના રિવાજ પ્રમાણે તેમણે માથે સાદા ફેંટા બાંધેલા હતા. બંનેના શરીરમાં ક્ષાત્રજુસ્સો ઉછળી રહેલો દેખાતો હતો. મ્યાનમાંથી તરવારો બહાર કાઢી તેઓ હાથીપર કૂદી પડયાં.

ગજપાલકો કંઇ તેમને દેખી નાશી જાય તેવા ન હતા. તેઓ પણ શસ્ત્ર ધરી સામા થયા. આગન્તુક શત્રુઓ કદાચ હાથમાં આવી જાય તો તેમનું દળદર ફીટે તેમ હતું. આશના પાશમાં જકડાઇ તેઓ, બંને સોલંકીઓનો સત્કાર કરવા ઉભા.

બંને સોલંકીઓ હાથીના રક્ષકો પર તૂટી પડયા. ક્ષણવાર સુધી તો કાપાકાપી ચાલી પણ કયાં તે ખવાસ લોકોનું બળ ને કયાં સોલંકીઓનું બળ ! ઘણા ખરા માણસો તો થોડીજ વારમાં ભૂશરણ થઇ ગયા, બાકીના નાશી છૂટયા. પ્રતાપસિંહે હાથીનાં ગંડસ્થળ પર તરવારનો એક સખત ઘા કર્યો. ભીષણ ગર્જના કરી હાથીનો અમર આત્મા પરમ શાન્તિનિકેતનમાં ચાલ્યો ગયો.

તત્પશ્ચાત્ બંને સોલંકી ભાઇઓ અતિશય ત્વરાથી અશ્વ દોડાવતા આસપાસના વિકટ માર્ગે ચાલ્યા ગયા. સેંકડો માણસો તેમને પકડવા પાછળ પડ્યા, પણ તેમાં કોઈ ફતેહ મેળવી શક્યા નહિ.

સેવકોએ રાજા ભીમદેવને સર્વ હકીકત વિદિત કરી. હવે તેના ક્રોધે ભયંકર સ્વરૂપ ધારણ કીધું. પોતાના હાથીનો નાશ થયો. તે પોતાનુંજ અપમાન થયું એમ રાજાએ માની લીધું. પ્રતાપ ને અરિસિંહનાં નામ જ્યારે તેના સાંભળવામાં આવ્યાં ત્યારે તો તેના ગુસ્સાનો અવધિ રહ્યો નહિ. પોતાની પ્રતિષ્ઠા આમ સ્વલ્પમાં લુપ્ત થાય તેથી ભૂપતિને ક્રોધ કેમ ન ચડે ? મનુષ્યસ્વભાવ છે કે દરેક પોતાનું માન જાળવવા બનતો પ્રયત્ન કરે છે. પ્રત્યેક કાર્યમાં ગુપ્ત કે પ્રકટપણે પ્રતિષ્ઠા વધારવાનો હેતુ સમાએલો હોય છે. પ્રતિષ્ઠા માટેજ સહસ્ત્રાવધિ મનુષ્યો દુષ્કર કાર્યો કરવા ઉદ્યુક્ત થાય છે; પ્રતિષ્ઠાને માટેજ માણસો અસહનીય કષ્ટો સહન કરવા તૈયાર થાય છે; પ્રતિષ્ઠાને માટેજ મનુષ્યો પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થાય છે; અને પ્રતિષ્ઠાને માટેજ પ્રસંગવશાત્ મનુષ્ય પોતાના પ્રાણ પર ઉદાર થઇ શકે છે ! જ્યાં પ્રતિષ્ઠાની આવીજ પ્રકૃતિ છે, ત્યાં તેનાથી અનવલિપ્ત કોણ રહી શકે ? પોતાની પ્રતિષ્ઠા ઘટે એ સાધારણ મનુષ્યને પણ ગમતું નથી, તો પછી જેના હાથમાં મહત્સત્તા હોય તેવો મનુષ્ય પોતાની પ્રતિષ્ઠા જાળવવા અનેક પ્રયત્ન કેમ ન કરે ?

ભીમદેવને પ્રતિષ્ઠાએ ઉશ્કેર્યો. બહારવટીઆઓને પકડી તેમને મારી નાખવાનો તેણે હુકમ આપ્યો. પાટણ નગરમાં આ વાત પ્રસરી ગઈ. ઘણા માણસો આ કામ કરવા તૈયાર થયા, પણ તેઓની મનોવાંચ્છના ફલિત ન થઇ.

સોલંકી સરદારો પણ યથાસમય તેમનાં ખાસ માણસોદ્વારા રાજાનો હુકમ જાણી શક્યા. તેઓને ભીમના દુરાગ્રહનો, સ્વભાવનો અને બળનો સારો પરિચય હતો. હવે ગુજરાતમાં વસવું જોખમ ભરેલું છે એમ તેઓ સમજ્યા. અને તેમ જલદીથી ગુજરાત છોડી કોઇ બળવાન રાજ્યમાં જઇ વસવું એવો તેમણે નિશ્ચય કીધો. થોડાજ દિવસમાં તેઓ ગુજરાતની સરહદ છોડી ઉત્તર તરફ ચાલ્યા.

આ વખતે ભારતવર્ષમાંના અગ્રગણ્ય રાજ્યોમાંનું એક રાજ્ય ગુજરાતનું હતું. ચાલુક્યવંશીય મહારાજાઓએ ગુજરાતનું ગૌરવ વધારવા માટે ભગીરથ પ્રયત્ન કીધા હતા. અત્યારે ઘણા રાજાઓ પાટણની ગાદીના ખંડીઆ હતા, તેથી ગુજરાતનો કોઇ રાજા બહારવટુ સોલંકીઓને આશ્રય આપે, તો તેમાં સોલંકીઓનું કુશળ સમાએલું નહતું. પરિણામે આશ્રયદાતા ને આશ્રિતોનો નાશ થયા વિના રહે, એમ બનવું દુર્લભ હતું. આ સર્વ બાબતનો વિચાર કરીનેજ પ્રતાપસિંહ પોતાના ભાઇઓ સાથે ગુજરાત છોડી ચાલ્યો ગયો, ને અજમેર જઇ પૃથ્વીરાજને આશ્રયે રહ્યો.

દ્વિતીય પરિચ્છેદ.

" શું રાજાની આજ્ઞા મારે પાળવી ? "

મધ્યાહ્ન સમય વ્યતીત થઇ ગયો હતો. પ્રભાકરનાં પ્રખર કિરણોથી ઉષ્ણુ થઈ ગએલા પદાર્થોમાં ધીમે ધીમે ઠંડીનો આવિર્ભાવ થતો હતો. શીતળ સમીર મંદ મંદ ગતિથી પ્રાણીઓનાં મનમુદિત કરતો હતો. અતિશય ગરમીથી તૃપ્ત થઇ ગએલાં લતાપલ્લવ પણ શીતળ સમીરના સંસર્ગથી અત્યારે પ્રફુલ્લ દેખાતાં હતાં. વૃક્ષરાજિમાંથી પક્ષીઓનાં ટોળેટાળાં બહાર ચારા માટે ઉડી જતાં હતાં. કોઇ કોઇ જગાએ જળાશય ઉપરની શીતળ છાયામાં, વિશ્રાન્તિ લેતા પથિકો પણ હવે આગળ મુસાફરી કરવાની તૈયારી કરતા હતા. નગરમાં વસતી પ્રજા પણ હવે પોતાના કામમાં પ્રવૃત્ત થઈ ગએલી હતી.

આ વખતે મહારાજા પૃથ્વીરાજનો દરબાર ભરાયો હતો. અનેક તારાગણો વચ્ચે પ્રકાશતાં શીતરશ્મિ સમાન અત્યારે પૃથ્વીરાજ શોભતો હતો. તેનાં ચક્ષુઓમાં વહન અપ્રતિહત ક્ષાત્ર તેજ ઝળહળી રહ્યું હતું. તેની કાંતિ અલૌકિક દેખાતી હતી. તેની એક બાજુ કન્હ ચૌહાણુ અને બીજા સામંતો તથા બીજી બાજુ ચંદ બારોટ વગેરે બેઠેલા હતા. સામે પ્રતાપસિંહ, અરિસિંહ, ગોકુલદાસ, ગોવિંદ, હરિસિંહ, શ્યામસિંહ અને ભગવાનસિંહ ઇત્યાદિ આશ્રિતજનો બેઠા હતા. થોડી વાર સુધી દરબારમાં રાજ્યસંબંધી કામકાજ ચાલ્યું. ત્યાર પછી વારાંગનાઓએ આવી નૃત્યનો આરંભ કર્યો. તે પૂર્ણ થયા પછી અનેક વિદ્વાન બ્રાહ્મણોએ વિવિધ વિષયો પર વિદ્વતાભરી ચર્ચા ચલાવી. પછી ચાલુક્યનો પરાજય કરનાર દેવીભક્ત શૂરા ચંદે પોતાની ભભકભરી ભાષામાં, મહાભારતની કથા વાંચવા માંડી. અર્જુન, ભીમ ને દુર્યોધનનાં પરાક્રમની વીરરસ ભરેલી ભાષામાં પ્રશંસા સાંભળી સઘળા રાજપૂતોના મુખ પર ક્ષાત્રતેજ સ્ફુરી આવ્યું. શૌર્યથી તેમનાં હૃદય કમ્પવા લાગ્યાં. જુસ્સામાં ને જુસ્સામાં તેમના હાથ તરવારના મુઠ્ઠા પર નૃત્ય કરવા લાગ્યાં. જાણે સમરભૂમિમાં તેઓ શત્રુદળ સામે ઉભા ન હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો. જ્યાં વીરરસપ્રધાન કાવ્ય, ને તે કવિ ચંદ જેવા બારોટના મુખમાંથી રંગાઇ બહાર નીકળે, ત્યાં શી ખામી હોય ? કાયર પુરુષને પણ ક્ષણુવારમાં યુદ્ધમાં ઝુઝાવે, તેવી કવિ ચંદની વાણી સાંભળી સઘળા તેમાં તદ્રૂપ બની ગયા. પોતે ક્યાં ને કેવી સ્થિતિમાં બેઠા છે તેનું ભાન પણ ન રહ્યું. શૌર્યાવેશમાં આવી જવાથી પ્રતાપસિંહે મૂછે હાથ નાખ્યો. આ દેખાવ કોઇના જેવામાં આવ્યો નહિ, પણ કન્હની દૃષ્ટિ બધા તરફ ફરતી હતી, તે આ દશ્ય જોઇ ક્રોધે ભરાયો. તેને નખથી શિખા સુધી ગુસ્સો વ્યાપી ગયો. તે પ્રતાપસિંહને ઉદ્દેશી ભીષણ ગર્જના કરી બોલી ઉઠયો. " અરે નામર્દ ! બીરૂ ! ક્ષત્રિયકુલાંગર ! તારામાં જો આટલું બધું શૌર્ય હતું તો તું અમારે આશ્રયે શા માટે આવ્યો ? એ કાયર ! તને આટલું બધું પાણી શેનું ચડે છે ! જો તારામાં ક્ષાત્ર

જુસ્સાનો એક અંશ પણ અવશિષ્ટ રહ્યો હોત તો તું અહીં શા માટે આવત ? કુલાંગાર ! ધિક્કાર છે તારી જનનીને, કે તેણે આવા પથરાઓને જન્મ આપી ક્ષત્રિય જાતિને દુષણ લગાડયું ! શા માટે તમે રાજપૂત નામ ધારણ કરી અમારાં પવિત્ર નામ કલંકિત કરો છો ? શું આ સભામાં બધા બાયલાજ બેઠેલા છે, કે તેમની વચમાં બેસી તું આ પ્રમાણે તારૂં શૌર્ય બતાવે છે ? નરાધમ ! ચૌહાણ રાજપૂતોની સભામાં બેસી તેમનું અપમાન કરતાં તું જરાયે ડર્યો નહિ કે ? અમારા સામર્થ્યથી તું હજી સુધી અજ્ઞ છે કે ? જો ત્યારે હવે હમણાંજ હું તને મારી સમશેરનો પરિચય કરાવું છું." આ પ્રમાણે બોલી કન્હ ચૌહાણ ઉભો થયો ને મ્યાનમાંથી તરવાર ખેંચી, તે પ્રતાપસિંહના શરીર પર ચલાવી. એક સપાટે તેના શરીરના બે ભાગ થઇ ગયા. તેના દેહમાંથી અમર આત્મા છૂટો પડી ગયો.

ઉપરની ઘટના જોઇ પ્રતાપસિંહની સાથે બેઠેલા તેના ૭ ભાઇ ઉભા થયા. પોતાના દેખતાં પોતાના વડીલ ભાઇનો ઘાત થએલો જોઇ તેઓ અતિશય ગુસ્સે થયા. તેમના રોમેરોમમાં ક્ષાત્ર જુસ્સો પ્રકટી નીકળ્યો. ભ્રાતૃસ્નેહે તેમનાં હૃદય સંતપ્ત કીધાં. સર્વથા સ્નેહ એવોજ છે. આવા પ્રસંગેજ સ્નેહની કીંમત થાય છે. વાંસનો ફણગો પૃથ્વીનું પડ ફાટી એકદમ બહાર નીકળે તેમ પ્રતાપસિંહના ૭ ભાઈ એકદમ ઉભા થઇ ગયા. તેમણે મ્યાનમાંથી તરવારો બહાર ખેંચી કાઢી, ને તેઓ કન્હ પર કુદી પડયા. પણ તેમને આવકાર આપવા તે તૈયારજ હતો. જોતજોતામાં ભયંકર ખૂનરેજી ચાલી. તરવારોના ખડખડાટથી આખો દરબાર-ગૃહ ભયંકર ભાસવા લાગ્યો. સોલંકી શૂરાઓએ ઘણા ચૌહાણોને ગતપ્રાણ કરી દીધા. લોહીની રેલમરેલા થઈ રહી. અને સેંકડો ધડ માથા વગરનાં થઇ જમીન પર પડયાં. મરણીઆ બનેલા ૭એ જણે ત્રાસ વરતાવ્યો આ જોઇ કન્હને અધિક કોપ ચડયો. તેણે એક પ્રહારથી અરિસિંહને ઠાર કર્યો ને બીજે ફટકો વાગતાં ગોકુળદાસ ઘાયલ થઇ નીચે પડયો. નીચે પડતાં પડતાં પણ તેણે ઘણાક માણુસોના પ્રાણ લીધા. ચૌહાણો હરહર મહાદેવની કીકીયારી કરી બાકીના ચાર જણ ઉપર તૂટી પડયા. ઘણા આગળ ૭ જણનો શો હિસાબ ! अधिकस्य अधिकं बलम् । એ ન્યાયે બાકીના ચારે જણ મરણને શરણ થયા. તેમનાં માથાં ધડથી જૂદાં પડી ગયાં. તથાપિ થોડીવાર સુધી તો માથા વગરનાં ધડ પણ ઝૂઝયાં ને તેમણે શત્રુઓની ઘણી હાનિ કરી. સાતે આશ્રિતોને નિ:શેષ જોઇ કન્હનો કોપ શાંત થયો.

પૃથ્વીરાજ આ પ્રસંગ જોઇ દિલગીર થઇ ગયો. ગમે તેવો શત્રુ હોય તોપણ તે હથિઆર મૂકી દે, તો તેને અવધ્ય ગણી તેના પર વૈર ન રાખવું. અર્થાત્ શરણાગતનું રક્ષણ કરવું એ ક્ષત્રિયોનો પ્રસંશનીય કુલાચાર છે. એ કુલાચારને વળગી રહેવાથી રાજપૂત પ્રજાએ અનેકધા સંકટ સહન કર્યાં છે અને પ્રસંગવશાત્ આત્મભોગ આપીને પણ તેઓ આચારભ્રષ્ટ થયા નથી. એ તેમના અત્યુત્તમ ગુણને લીધેજ તેમનું અધ:પતન થઇ ગયું, પણ તેમની કીર્તિ તો ચિરકાળ સુધી ઝળહળતી રહેવાની. સર્વ પ્રજાના ઇતિહાસ તેમનાંજ ગુણગાન કરવાના.

ભારતવર્ષમાં પૃથ્વીરાજ એક અદ્વિતીય રત્ન હતું. ક્ષત્રિયને શોભાવે એવા સર્વ ગુણોથી તે અલંકૃત હતો. પોતાની દૃષ્ટિ સમીપ પોતાના આશ્રિતોને ગતઃપ્રાણ થઇ ગએલા જોઇ તે ક્રોધે ભરાયો. વિના વાંકે શરણાગતનો ઘાત કર્યો, તે પોતાને શિર એક અનિવાર્ય કલંક આવ્યું; એ વિચારથી તેનું હૃદય દગ્ધ થયું. હૃદયસ્થ ક્રોધાગ્નિની જ્વલંત જ્વાળા બહાર ભભુકવા લાગી. પોતાના વડીલ કાકા કન્હને ઉદ્દેશી તે ગુસ્સાથી બોલ્યોઃ—“ તમે આવું અનુચિત કામ શા માટે કર્યું ? લોકો આપણને શું કહેશે ? તમારા આ દુષ્ટ કૃત્યથી આપણાં હથિઆર અને આપણી કીર્તિ કલંકિત થઇ ગયાં ! તમારાં પરાક્રમ ઉપર આજે પાણી ફરી વળ્યું ! ‘ શરણાગતનો સંહાર કરનાર ’ એ વિશેષણથી ગત આપણને ઓળખશે ! તમારા આ અક્ષમ્ય દોષ માટે આજે હું તમને શિક્ષા કરૂં છું, કે તમારે હંમેશાં આંખ આડી પટી બાંધી રાખવી. તે યુદ્ધના પ્રસંગ વિના કોઇ પણ દિવસ અળગી ન કરવી. ”

પૃથ્વીરાજના છેલ્લા ઉદ્દગાર સાંભળી સર્વ સ્તબ્ધ થઈ ગયા. કન્હ કાંઇ સાધારણ સરદાર ન હતો. તે એક અગ્રગણ્ય પુરુષ ને પૃથ્વીરાજનો કાકો થતો હતો. ભત્રીજાનાં આવાં તિરસ્કારસૂચક વચન સાંભળી કન્હ બેસી રહેશે નહિ, એમ સર્વનું ધારવું હતું. પણ કન્હના હૃદયમાં તો તેથી ઉલટુંજ હતું. રાજાનાં વચન સાંભળી તેમાં રહેલું સત્ય તે બરાબર સમજી શકયો. મનમાં તે પસ્તાવા લાગ્યો, પણ હવે તેથી શું વળે ? થોડીવાર સુધી તો તે મૌન્ય ધારી બેસી રહ્યો તેની આવી સ્થિતિ જોઇ સર્વ સરદારો પણ શાન્ત થઇ બેસી રહ્યા. કન્હ પોતે આત્મનિરીક્ષણ કરવા લાગ્યો “ ખરેખર આજે મેં અઘટિત કામ કર્યું છે. રાજાએ દીધેલો ઉપાલમ્ભ સર્વથા યોગ્યજ છે. હું વયમાં વૃદ્ધ છું તથાપિ આવા સાહસને લીધેજ મારે નીચું જોવું પડયું. અરરર ! આજે હું ક્ષત્રિય ધર્મથી ભ્રષ્ટ થયો ! ” આમ પશ્ચાતાપ કરતાં તેના મગજમાં પ્રશ્ન ઉપસ્થિત થયો કે “ શું રાજાની આજ્ઞા મારે પાળવી ? ” થોડીવાર પછી મનમાં તેણે નિશ્ચય કીધો કે “ અવશ્ય મારે તે આજ્ઞા પાળવી જોઇએ. મારો તે રાજા છે, હું તેનો આજ્ઞાધારક સરદાર છું. માટે મારે સરદાર તરીકે તેની પ્રત્યેક આજ્ઞાનું યથોચિત પાલન કરવુંજ જોઇએ. એ આજ્ઞાનુસાર વર્તવાથીજ રાજા પ્રત્યેનો મારો ધર્મ યથાર્થ જળવાશે. તેમ ન કરૂં તો હું રાજદ્રોહી ગણાઉં, પાતકી ઠરૂં ને તેથી મારી કીર્તિ દ્વિગુણિત કલંકિત થાય. વળી રાજાની આજ્ઞા ભંગ કરવાથી પરિણામે મારે અને આખા રાજ્યને સોસવું પડે. તેમ થવાથી શત્રુઓ સબળ થાય ને આખરે ચૌહાણ વંશનો વિધ્વંશ થાય. ભવિષ્યમાં આવું અનિષ્ટ પરિણામ ન આવે તે માટે અત્યારે મારે રાજાની આજ્ઞા પાળવીજ જોઇએ. ” આમ નિશ્ચય કીધા પછી થોડીવારે તે પૃથ્વીરાજને ઉદ્દેશીને બોલ્યોઃ—

“ મહારાજા ! પ્રતાપસિંહે ક્ષત્રિયને શરમાવે તેવું કાર્ય કર્યું તેથી મેં તેને શિક્ષા કરી હતી. તેઓ નિર્બળ હોઇ શરણે આવેલા હોવા છતાં ભર સભામાં બેસી મૂછ તાનનો ફાંકો રાખે, એ મારાથી શી રીતે સહન થાય ? આમ હોવા છતાં આપે મારૂં કૃત્ય નિંદ્ય ગણી મને ઠપકો આપ્યો, તે હું સહન કરૂં છું; અને મારી રાજભક્તિ

બતાવવા માટે અત્યારથીજ હું આપની આજ્ઞાનું યથાર્થ પાલન કરૂં છું." આમ બોલી તરતજ તેણે પોતાની આંખ આડી એક પટી બાંધી દીધી.

રાજભક્ત કન્હનાં ઉપર્યુક્ત વચન સાંભળી સર્વ આશ્ચર્ય પામ્યા. તે સઘળા મનમાં કન્હની રાજભક્તિની પ્રસંશા કરવા લાગ્યા. ને દરબાર બંધ થતાં સર્વ પોતપોતાના સ્થાનક તરફ ચાલતા થયા.

અજમેર નગરમાં આજે મહા શોક પ્રદર્શિત થયો. જ્યાં ત્યાં લોકો કન્હની અને સોલંકીઓનીજ વાતો કરતા હતા. કેટલાક સોલંકીઓના પરાક્રમની અને કેટલાક કન્હના પરાક્રમની પ્રસંશા કરતા હતા. ચંદ બારોટ જ્યાં ત્યાં ફરી સોલંકીઓની કીર્તિ ગાતા હતો. 'સોલંકીઓ ! ધન્ય છે તમારા ભ્રાતૃસ્નેહને ! ધન્ય છે તમારા શૌર્યને ! અને ધન્ય છે તમારી જનેતાને ! ખરેખર તમે આજ જગતમાં અક્ષય્ય નામના મેળવી છે.'

થોડાજ વખતમાં પવન વેગે આ વાત આખા દેશમાં પ્રસરી ગઇ.

તૃતીય પરિચ્છેદ.

પુનરાક્રમણ.

પોતાના ભાઇઓના વધની વાત જ્યારે ભીમદેવના સાંભળવામાં આવી ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. રાખ વળેલો અંગારો પવનના સંસર્ગથી જેમ પ્રકાશી નીકળે, તેમ તેનો હૃદયસ્થ ક્રોધાગ્નિ આ વાત સાંભળી જ્વલંત પ્રકાશી નીકળ્યો. ચૌહાણ પર વેર વાળવા તે તત્પર થયો. જો કે પ્રથમથીજ ચૌહાણ સાથે તેણે વેર બાંધ્યું હતું, તે વેરની વસુલાત કરવાનો તેને આ ઉમદા સમય પ્રાપ્ત થયો. તેના ક્રોપાગ્નિમાં ઘૃત સીંચાયું. એટલે તેની જ્વલંત જ્વાળા ગગનમાં વિહાર કરવા લાગી. હવે શત્રુને પરાજિત કરી પોતાના આત્માને શાંત કરવાને પ્રયત્ન કરવા લાગ્યો. પોતાના સરદારોને એકત્ર કરી તેણે અજમેર પર અણધારી આફત લઇ જવાનો પોતાનો વિચાર વ્યક્ત કીધો.

સોલંકી સામંતો રાજાના વિચારને મળતા ન થયા. તેઓએ કહ્યું, "કે કોઇના પર એકદમ હુમલો લઇ જવો, એ આપણને ઘટિત નથી. તેમ કરીએ તો આપણા ક્ષાત્રત્વને દૂષણ લાગે. અજમેર પર આપણે એકદમ ચડાઇ લઇ જઇ વિજય મેળવીએ, તેથી કંઇ આપણી શોભા વધે નહિ; તેમ કરવાથી આપણા શૌર્યની યથાર્થ કસોટી થાય નહિ. માટે ત્યાં ખબર મોકલ્યા પછીજ આપણે અહીંથી કુચ કરવી જોઇએ."

"વળી ચોમાસાની ઋતુ નજીક આવે છે. વરસાદના દિવસમાં લાંબી મુસાફરી કરતાં આપણને ઘણાં સંકટ પડશે. માટે હાલમાં યુદ્ધ કરવાનો વિચાર મુલતવી રાખી જોઇતી તૈયારી કરો. આજથી અજમેર ખબર આપી દો, કે જેથી તે પણ વેળાસર તૈયાર થઇ રહે." રાજાને ઉદ્દેશી વીર પ્રધાને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

વીર પ્રધાનના ઉપર્યુક્ત અભિપ્રાયને સર્વ સામંતો મળતા થયા. રાજા પણ ન છૂટકે તેમ કરવા તૈયાર થયો. થોડા વખત પછી દરબાર બંધ થયો.

વર્ષાઋતુ વીતી ગઈ. સૃષ્ટિ પ્રફુલ્લિત દેખાતી હતી, પણ ભીમદેવનું મન પ્રફુલ્લ દેખાતું ન હતું. સોમેશ્વર ચૌહાણ તેના મનમાં કંટક સમાન ખૂંચતો હતો. હવે મહાન રિપુનો પરાભવ કરી, અક્ષય નામના મેળવવાના લોભમાં તે દિવસ ગુજારતો હતો. ઇષ્ટ સમય પાસે આવતાં તેણે પોતાના સઘળા સરદારોને માંડલિક રાજાઓને ભેગા કીધા. રાણીંકદેવ ઝાલો, કનકકુમાર, વીરધવલીંગ, સારંગ મકવાણો ને રાણિકરાજ અહીં આવી પહોંચ્યા હતા.

સર્વને ઉદ્દેશી ભીમદેવ ભીષણ ગર્જના કરી બોલી ઉઠયો:—

"શૂરા સરદારો ! મદોન્મત્ત બની આપણું અપમાન કરનાર ચૌહાણને શિક્ષા કરવા, ચાલો આપણે પ્રયાણ કરીએ. છંછેડાયલો સિંહ જેમ ગર્જના માત્રથી આખું વન ત્રસ્ત કરે છે, તેમ ચાલો આપણે શત્રુદળમાં ત્રાસ વરતાવીએ. દુશ્મનોને આપણા હાથ અપરિચિત નથી. આપણાં પરાક્રમને તેઓ સારી રીતે પીછાણે છે. હવે આપણે ચૌહાણ વંશને નિર્મૂળ કરવો જોઇએ. તેમ થશે તો જ આપણે નિર્ભય બનીશું, આપણા રાજ્યની સીમા વધશે ને આપણી કીર્તિ પણ ઉજ્જવળ થશે. આપણી સાથે વિરોધ કરવાથી કેવું અનિષ્ઠ પરિણામ આવે છે, એ આપણે જગતને બતાવી આપવું જોઇએ. શૂરાઓ ! તમે સર્વ યુદ્ધ કરવા તૈયાર છો કે ?"

"મહારાજ ! અમે સૌ તૈયાર છીએ. આપની અનુજ્ઞાની રાહ જોતા બેસી રહ્યા છીએ. અમને સત્વર આજ્ઞા કરો, કે જેથી અમે અમારી ઇચ્છા તૃપ્ત કરીએ." સઘળા સામંતોએ સિંહગર્જના કરી ઉત્તર આપ્યો. ને 'હર હર શંભો' ના ગગનભેદક ધ્વનિથી આખું ગૃહ ગાજી રહ્યું.

"શાબાશ ! મારા સામંતો ! તમારાં વીરોચિત વચનથી મારો આત્મા પ્રસન્ન થયો છે. યુદ્ધના ભણકારા મારા કર્ણ સંનિધ સંભળાય છે. યુદ્ધની ખબર સાંભળવા મારા કર્ણ આતુર બની રહ્યા છે. મારૂં અપમાન થએલું સાંભરી આવતાં મારા હાડેહાડ ભસ્મીભૂત થઇ જાય છે ! ઉઠો ! ઉઠો ! ! મારા બહાદુર યોદ્ધાઓ ! સમરાંગણમાં તમે તમારૂં પાણી બતાવી અમર કીર્તિ પ્રાપ્ત કરો. આવો વખત આપણને પુનઃ પ્રાપ્ત થવો દુર્લભ છે. ઇશ્વરની આપણા ઉપર આજે કૃપાદૃષ્ટિ દેખાય છે. ભીલ ને કાઠી જેઓ લડાઇમાં શૂરવીર છે તેઓની મોટી સંખ્યા અહીં હાજર થઇ ગઇ છે. નિઃસંશય આપણને વિજય મળશે. ચાલો, આપણે આપણું વૈર વાળી અમર કીર્તિ પ્રાપ્ત કરીએ."

'જય ગુર્જરેશ્વરનો !' 'હર હર શંભો !' 'જય સોમનાથ !' ના પ્રચણ્ડ ધ્વનિથી આખું આકાશ ગાજી રહ્યું. સર્વના મુખ પર ક્ષાત્રપ્રભા પ્રકાશવા લાગી.

સારંગ મકવાણો બોલ્યો:—"ભાઇઓ ! મોટા મોટા યજ્ઞ કરનારાઓને અને તપશ્ચર્યા કરનારને, જે સ્થાન પ્રાપ્ત થવું દુર્લભ છે; તે સ્થાન પોતાના સ્વામી માટે જે સેવકો પ્રાણ ત્યાગ કરે છે, તેને સહજ પ્રાપ્ત થાય છે. માટે શૂરાઓ ! આપણી

કીર્તિ વધારવા માટે, દુર્લભ પદ પ્રાપ્ત કરવા માટે અને આપણા ભૂપતિની શુભેચ્છા પૂર્ણ કરવા માટે ચાલો આપણે શત્રુ પર આક્રમણ કરીએ. અને પાટણની તામ્રચૂડ યશ–પતાકા દશે દિશામાં પ્રસરાવીએ."

ચતુર્થ પરિચ્છેદ.

અભિસરણ.

સંધ્યા સમય થઇ ગયો. આકાશમાં ધવળ ચંદ્રિકા પ્રસરી ગઇ હતી. મંદીભૂત વાતો શીતળ સંધ્યા–સમીર વૃક્ષલતાઓને કવચિત ડોલાવતો હતો. વિકસિત પુષ્પોની પરાગ ચોતરફ પ્રસરી ગએલી હતી. આ વખતે લીલા પોતાના શયનખંડમાં એકલી બેઠી હતી. અત્યારે તેનું મન અસ્વસ્થ હતું. તે વિચારમુગ્ધ બની ગઇ હતી. થોડી-વાર પછી તે બહાર આવી ઉદ્યાનમાં બેઠી તદપિ તેનું મન શાન્ત ન થયું. તે વિચાર કરવા લાગી: "કોણ જાણે શાથી મને તેમના સંબંધી વિચારો થયાં કરે છે! તે મૂર્તિ મારા મન–મંદિરમાંથી કેમ ખસતી નથી? ખરેખર સ્ત્રીઓનું હૃદય દુર્વાસના-મય કહેવાય છે તે સર્વથા સત્ય છે. નહિ તો આવી રમ્ય પ્રકૃતિમાં મારા મનમાં વિકૃતિ શી રીતે જન્મે?"

"વિના પ્રયોજન મન તેનું જ ચિંતવન કેમ કરતું હશે? ખરેખર એ મારા મનનુંજ દૌર્બલ્ય કહેવાય. રાત્રિ દિવસ તે આકાશ કુસુમ પ્રાપ્ત કરવાના વિચાર કરે છે, પણ તે સફળ શી રીતે થશે? કયાં એ તેજઃપુંજ દિવ્યમૂર્તિ ને કયાં હું હતભાગ્ય જન્મથીજ દુઃખી બાળા! દૈવ! તેં અમારો સંબંધ નિર્મેલોજ નથી. ખરેખર તું નિષ્ઠુર છે, નહિ તો આમ કરવાનું શું પ્રયોજન!"

"મન ચંચળ છે. તરંગનો અવધિ નથી. આશા અમર છે! પણ તે પૂર્ણ થવી પ્રભુના હાથમાં છે. પ્રભુ ધારે તે કરી શકે છે. સર્વ તેની ઇચ્છા પ્રમાણેજ બને છે. મનુષ્યપ્રયત્ન કયાં કામ આવે છે? અત્યાર સુધી મેં કંઇપણ પ્રયત્ન કીધો નથી. પ્રયત્ન વિના મનઃકામના પૂર્ણ શી રીતે થાય? ત્યારે શું મારે ઇપ્સિત કાર્ય માટે પ્રયત્ન કરવો?"

થોડીવાર સુધી અવાક્ રહી પુનઃ વિચારમાળા ફરવા લાગી તે આત્મગત કહેવા લાગી: "અરે મન એકદમ કેમ પરાધીન બની ગયું? મેં મારૂં સર્વસ્વ તેનેજ સમ-ર્પણ શા માટે કરી દીધું? તેનેજ હૃદય–વલ્લભ કેમ માન્યો? શા માટે તે દિવ્ય-મૂર્તિનાં દર્શન માટે ચક્ષુ અધીરાં બની રહ્યાં છે? ચાતકની પેઠે મન તેનુંજ રટન શા માટે કરતું હશે? શા માટે હૃદય–કમળ તેનાં દર્શનથી પ્રફુલ્લિત થાય છે? હૃદયનો પુનિત પ્રેમ–પ્રવાહ તેના તરફ શા માટે ઢળતો હશે? તેના સમાગમનું સુખ મેળવવા માટે મન કેમ વ્યાકુલ દેખાય છે?"

" અરે ! આમાં મારો યત્કિંચિત પણ દોષ નથી. જેણે મારાપર અનેક ઉપકાર કીધા છે, જેણે મને સંકટમાંથી મુક્ત કરી છે, જેના નિમકથી આ દેહ પોષાયલો છે અને જેના વડેજ હું આ સ્થિતિને પ્રાપ્ત થઇ છું, તેનું સ્મરણ કેમ ન કરૂં ? સ્વપ્ને પણ તેને શી રીતે વિસારી શકું ?"

" અવશ્ય હું આ દેહ તેનેજ અર્પણ કરીશ. તેમ કરી ઋણ મુકત થઇશ. પણ જ્યાંસુધી હું તેમની સાથે ધર્મ્ય વિવાહથી સંલગ્ન થઇ નથી, ત્યાં સુધી હું તેમની સુશ્રુષા શી રીતે કરી શકું ? જો તે સમય પ્રાપ્ત નહિ થાય તો મારી મનની ઇચ્છાઓ મનમાંજ સમાઇ જવાની, ઉપકાર ભારમાંથી હું અમુક્ત રહેવાની, મારૂં જીવન વિષમય બની જવાનું, પાપી બની હું પરલોક જવાની, નિર્જન વનમાંના કોમળ કુસુમ્વત્ હું સુકાઇ જવાની. પ્રભો તું મારી સર્વ પુનિત ઇચ્છાઓ પૂર્ણ કર ! મારા પર દયા દર્શાવ !"

વિચાર નિર્મજ્જિત લીલા સ્તબ્ધ બની ગઇ. એક હાથ અધર ઉપર ને બીજો લટકતો રહી ગયો. તે દીન બની ગઇ. દુઃખસાગરમાં ડુબી ગઇ. હૃદયમાં પ્રિય મૂર્તિનું ધ્યાન ધરવા લાગી. વારંવાર દર્શન થવા છતાં પણ તેનાં લોભી ચક્ષુદ્વય સંતુષ્ટ ન થયાં. પ્રેમની એજ પરિસીમા !

વિચાર પરંપરામાં તેનું અંતર ગાઢ તિમિરમય બની ગયું. વ્યોમ—ઘુમટમાં પ્રકાશતા શીત રશ્મિએ બાહ્ય તિમિર નષ્ટ કીધું, કિન્તુ લીલાનું અંતરતિમિર નષ્ટ કરવા તે સમર્થ ન હતું. ચંદ્રપ્રભા સાથે તે દ્વિગુણિત વૃદ્ધિંગત થવા લાગ્યું. હૃદય, કમલવત્ નિમિલીત બની ગયું, ચન્દ્રાકાન્તવત્ તેનાં ચક્ષુદ્વય દ્રવવા લાગ્યાં. પવનથી દેહલતા કંપવા લાગી. હૃદયબલ ક્ષીણત્વ પામતી તરુચ્છાયાનું અનુકરણ કરવા લાગ્યું. તે તદ્દન હતાશ બની ગઇ.

તેનું જ્ઞાનતેજ ચંદ્રમાં ગયું, ધૈર્ય ધરણીમાં ગયું, અને ગાંભિર્ય સમુદ્રમાં જતું રહ્યું. તે નિઃશ્ચેતન બની ગઇ. થોડી વારે તેને સંજ્ઞા પ્રાપ્ત થઇ, એટલે હૃદયને ઉપાલંભ આપવા લાગી. " હૃદય શા માટે તું સુખની ઇચ્છા રાખે છે ? અપાત્ર હૃદય ! પ્રેમભાજન બનવા તું સર્વથા અયોગ્ય છે ! વિધિએ તારે માટે તે સુખ ક્યાં નિર્માણ કરેલું છે ? તારા દુઃખી જીવનમાં ફેરફાર થાય તે વિધિને ગમતુ નહિ હોય. હવે તું શાન્ત થા, સઘળા વિચાર મૂકી દે ને હરિ શું કરે છે તે જોયા કર. !"

થોડીવાર પછી પુનઃ તેના ચક્ષુમાંથી અશ્રુ—પ્રવાહ ચાલ્યો. પ્રવાહમાં તેની સર્વ ઇચ્છાઓ તણાવા લાગી. પ્રવાહ—બલ દ્વિગુણિત વૃદ્ધિ પામ્યું. ઇચ્છાઓ પણ વિશેષ ત્વરાથી તણાવા લાગી. તેને નિઃશેષ ઇચ્છાવાળી જોવાને લતા—ગૃહમાં બેઠેલા ચક્રવાક પક્ષી ખુશી ન હતાં. આક્રન્દ કરી તેમણે રૂદન કરતી બાલિકાને બોધ આપ્યો. લીલા તે સમજી ગઇ. તેણે પોતાની વહી જતી ઇચ્છાઓનો પ્રતિરોધ કર્યો, સાથે અશ્રુ પ્રવાહ પણ બંધ થઈ ગયો.

થોડી વારે તે સ્વસ્થ થઇ; વિકૃતિ વિનષ્ટ થઇ; પૂર્વપ્રકૃતિનું પ્રત્યાગમન થતાં

તે ઉભી થઇ, ને કમળ જેમ સૂર્ય તરફ, કુમુદિનિ જેમ ચન્દ્ર તરફ, લોહ જેમ ચુંબક તરફ, ભ્રમર જેમ કમળ તરફ, સરિતા જેમ સાગર તરફ, આકર્ષાય તેમ તેનું વિકૃતિ-રહિત હૃદય પ્રિયદર્શન માટે આકૃષ્ટ થયું. પોતાની ઇચ્છાઓ વિજય પાસે કરવા તે તત્પર થઇ, પ્રેમાકર્ષણુથી તે ખેંચાઇ. સત્વર જવા મનને વચમાં કંઇ અંતરાય પણુ ન નડયો અને નડે પણુ શાનો? સર્વથા સ્નેહની એવીજ સ્થિતિ હોય છે–પ્રેમપિપાસુ હૃદય અસંતુષ્ટ હોય છે. દરરોજ કરતાં લીલા આજે કંઇ ભિન્નભાવથી–વિશુદ્ધ પ્રેમ-પ્રધાન ભાવથી, વિજયના અવાજ તરફ ચાલી. પ્રેમનુ એજ પરાક્રમ એજ પ્રકૃતિ.

વાંચનાર! લીલાના વર્તન ઉપર તું જરાએ શંકા રાખતો નહિ. તેનો પ્રેમ સર્વથા વિશુદ્ધ છે. વિશુદ્ધ હૃદયમાંથી ઉદ્દ્ભવિત પ્રેમ વિશુદ્ધજ હોઇ શકે. આજે તે કેવળ વિશુદ્ધ પ્રેમાકર્ષણથી ખેંચાઈ છે. તેમાં તેનો જરાએ દોષ નથી.

સંસારમાં મુગ્ધા સ્ત્રીઓમાં બે ભિન્ન પ્રકારનો પ્રેમ આપણા જોવામાં આવે છે. એક સ્થાયી ને બીજો વ્યભીચારી. સ્થાયી પ્રેમ નિસ્વાર્થ છે. સ્વાર્થરહિત હોવાથી વિશુદ્ધ છે, અને વિશુદ્ધ હોવાથીજ પ્રસંશનીય છે. આ પ્રકારનો પ્રેમ સૌન્દર્ય, ઐશ્વર્ય કે અન્ય કારણથી ઉદ્દ્ભવતો નથી. તેમ ને તેના પોષક વિષય પણ નથી. આ ઉચ્ચ પ્રેમ કેવળ સદ્દ્ગુણોથી ઉદ્દ્ભવે છે અને તેજ તેને અંતપર્યંત પોષે છે. આ પ્રેમ–પ્રવાહ નિરંતર અસ્ખલિત રીતે વહન કરે છે. આપત્તિકાળમાં પણ તે નષ્ટ થતો નથી પણ ઉલટો વૃદ્ધિંગત થાય છે. આવા ઉચ્ચ કોટિના પ્રેમને લીધેજ તે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે. આત્મભોગ આપવા પણ તૈયાર થાય છે. પણ અફસોસ! સર્વત્ર જેમ સાધુ પુરૂષો હોતા નથી તેમ આવા પવિત્ર પ્રેમભરણથી વિભુષિત બાળાઓ પણ સર્વત્ર હોતી નથી. વાંચનાર! આપણા દેશના ભૂતકાળનાં ઇતિહાસ પર જરા નજર નાખ. સીતા, દમયંતી, તારામતી, સાવિત્ર્યાદિ સતીઓનો પ્રેમ આજ પ્રકાર-નો હતો. આ પ્રેમને લીધેજ તેઓએ અમરત્વ પ્રાપ્ત કીધું છે. આવા પ્રેમના ભોક્તાને ખરેખર સંસાર સ્વર્ગ સમાન ભાસે છે.

બીજી કોટિનો પ્રેમ કેવળ સ્વાર્થમય છે, અથવા તેમાં સ્વાર્થ ગુપ્ત રહેલો છે. આ અધમ પ્રેમ વૈભવ કે દેહૈશ્વર્ય વા મદનવેદનાથી ઉદ્દ્ભવે છે. આ સ્વાર્થમય પ્રેમ મર્યાદિત છે. જ્યાં સુધી સ્વાર્થની અપેક્ષા હોય, ત્યાં સુધીજ તે ટકી રહે છે. સ્વાર્થ નષ્ટ થતાં તે પણુ નષ્ટ થઇ જાય છે. આવો પ્રેમ સર્વદા નિંદ્ય છે. તેના ભોક્તાને કિંચિત્ પણુ સુખ મળતું નથી. સંસાર તેને કેવળ સ્મશાનવત્ ભાસે છે. આ પ્રેમ આરંભમાં સુવર્ણ સમાન પ્રકાશીત હોવાથી અનેક વિષયાંધ માણસો તેમાં ફસાઈ પડે છે; પણુ જ્યારે તેઓ તેનું શુદ્ધ સ્વરૂપ જુએ છે ત્યારે પશ્ચાતાપ કરે છે.

લીલાનો પ્રેમ ઉપર્યુક્ત પ્રથમ કોટિનો હતો, માટે તેના ધવળ હૃદયને કલંકિત કરવાની જરૂર નથી.

પંચમ પરિચ્છેદ.

હૃદયાર્પણ.

વિજય પોતાના ઓરડામાં બેઠો હતો. આજે તેનું મન પ્રફુલ્લ હતું. વળી સમરાંગણ ગએલી કીર્તિ પુનઃ પ્રાપ્ત કરવાનો સમય ઉપસ્થિત થએલો હોવાથી, આજે તેના આનંદમાં વૃદ્ધિ થઇ હતી. અત્યારે યુદ્ધ સંબંધી વિચારોમાંજ તેનું મન ગુંથાયું હતું. મનમાં તે મોટી મોટી આશાઓના તુરંગ રચતો હતો. એટલામાં બહારથી એક ચાકરે આવી જણાવ્યું: "ભાઈ સાહેબ! બહાર કોઇ વ્યક્તિ આપને મળવા માટે આવી છે, તે આપની આજ્ઞા માગે છે. હુકમ હોય તો તેને અંદર મોકલું."

"ભલે તેને અંદર આવવા દે. હમણાં હું નવરો છું." વિજયે ઉત્તર આપ્યો.

અતિશય ઝડપથી વ્યક્તિ વિજય પાસે આવી અને યથોચિત નમન કરી તે તેના મુખનું નિરીક્ષણ કરતી ઉભી રહી.

વિજય આગન્તુક વ્યક્તિને તરત ઓળખી શકયો. તેને જોતાંજ તે સ્તબ્ધ બની ગયો. આજનું તેનું પ્રેમતેજ વેષ્ટિતમુખ—મંડળ, અસ્વસ્થ સ્થિતિ ને શરીરનું ચાંચલ્ય તેણે પૂર્વે કદિ અનુભવ્યું ન હતું. વિજય એકદમ વિચારમાં પડી ગયો. "અત્યારે શા માટે તે અહીં આવી હશે? આવી ઉશ્કેરાયલી સ્થિતિ કેમ?" આ પ્રશ્નો તેના મનમાં ઉપસ્થિત થયા. વિચાર કરતાં પણ તેને કંઇ સમજ પડી નહિ. તેનું પવિત્ર હૃદય કંપવા લાગ્યું. વિજયની આવી સ્થિતિ જોઇ આવનાર વ્યક્તિ બોલી:—

"તમે મને ઓળખી શકયા છો કે?"

"હા. હમેશની પરિચિત વ્યક્તિને કેમ ન ઓળખું?"

"હં, શું આપ મને બરાબર રીતે ઓળખો છો કે?"

"શું આપ લીલા?"

"હા, હું તેજ છું."

"અત્યારે અહીં આવવાનુ પ્રયોજન?"

"ઋણમુકત થવા માટેજ. અન્યથા નહિ."

લીલાનું લાવણ્ય જોઇ વિજય ચકિત થયો. તેનાં મધુર વચન સાંભળી વિજયનું હૃદય ચંદ્રકાન્તવત્ દ્રવવા લાગ્યું. મનમાંજ તે લીલાની પ્રસંશા કરવા લાગ્યો. થોડીવાર પછી તે ભોળાભાવે બોલ્યો:—"લીલા! મનુષ્ય—કર્તવ્યને તું ઋણ સમજે છે, એ સમજણ ભૂલભરેલી છે. વિભુ તરફથી મળેલી સંપત્તિનો મેં સદુપયોગ કીધો છે, તેથી મને—મારા હૃદયને પરમશાન્તિ મળી છે."

"સત્પુરુષોની મહાનુભવતા તે આનુંજ નામ. સાધુ પુરુષો પ્રત્યુપકારની ઇચ્છા રાખતાજ નથી."

પરોક્ષરીતે પોતાની પ્રસંશા સાંભળી વિજય શરમાયો. પોતાના વખાણ સાંભળવાં એ તેને અપ્રિય લાગતું હતું. તે ધીમેથી બોલ્યો:—

"લીલા ! તું મને ઉપકારક દૃષ્ટિથી ન જો. મેં મારૂં કર્તવ્ય બજાવ્યું છે. ઉપકાર નથી કર્યો."

"તમારાપર ઉપકાર કરનારનું પ્રિય કરવાની લાગણી તમને નથી શું ?"

"હા. એવી મારી તીવ્રેચ્છા છે." વિજયે દીનતાથી જવાબ વાળ્યો.

"ત્યારે મને પણ તેવી ઇચ્છા કેમ ન થાય ? જીવનપર્યંત તે ઇચ્છા કેમ કરી નષ્ટ થાય ? તે ઇચ્છાએજ અત્યારે મને આપની સન્મુખ આણી છે. મારી ઇચ્છા તૃપ્ત કરવી એ આપના હાથમાં છે." લજ્જાવનત દૃષ્ટિથી લીલા બોલી.

છેલ્લું વાક્ય બોલતાં લીલા શરમાઇ ગઇ. હૃદય-ભાર તેણે વાણીદ્વારા ઓછો કીધો ને નિશ્ચલ દૃષ્ટિથી પ્રત્યુત્તરની માર્ગપ્રતીક્ષા કરતી-વિજયના મુખ સામું જોઇ રહી. દરરોજ કરતાં આજે તેણે વિજયમાં વિશેષ સૌન્દર્ય અનુભવ્યું. તે કેવળ સૌન્દર્ય-મુગ્ધ બની ગઇ.

લીલાનો અંતિમ હેતુ સંદિગ્ધ વાણીદ્વારા જાણી, વિજય પણ ઉંડા વિચારમાં પડી ગયો. સ્વપ્ને પણ નહિ ઇચ્છેલી, નહિ અનુભવેલી આ વેળા અત્યારે તેને આપત્તિ રૂપ ભાસી. શું ઉત્તર આપવો એ તેને સુઝયું નહિ. કેટલીકવાર પછી તે બોલ્યો:-

"લીલા ! મેં કરેલા ઉપકારનો બદલો ક્યારનોએ વળી ગયો છે હવે બાકી શું છે ?"

"બાકી કેમ નહિ ? મેં શો બદલો વાળ્યો છે ? આપના મહદુપકારનો બદલો એકજ પ્રસંગથી કેવી રીતે વળી રહે ! મેં બદલો વાળ્યો નથી પણ તેવો સમય પ્રાપ્ત થાય તે આશાથી તે કામ કર્યું હતું, સમજ્યા હવે ?"

"હા સમજ્યો તો ખરો. પણ કહે હવે શું કરવા ઇચ્છા છે ?" વિજયે સ્હેજ સ્મિત કરી કહ્યું.

"હું શું કરવા સમર્થ છું ? અગર જો કંઇ પણ કરી શકું તેમ છું તથાપિ તેવો પ્રસંગ ક્યાં છે ?"

"ઠીક, ઠીક; બોલ તારી શી ઇચ્છા છે ?" વિજયે સ્પષ્ટતા માટે પૂછ્યું.

"આપની" લીલા અચકાતાં અચકાતાં બોલી. "સહચરી બનવાની" લીલા છેક શરમાઇ ગઇ, લજ્જાથી તે નીચું જોઇ રહી, તેનું હૃદય કંપવા લાગ્યું. થોડીવારે ધૈર્યનું અવલંબન મળતાં તે સાવધ થઇ. વક્ર દૃષ્ટિએ તે વિજયની મુખપ્રભાનું પાન કરવા લાગી. તેના તરફથી દૃષ્ટિ ખેંચી લેવા પ્રયત્ન કરવા લાગી. પણ તેમાં તે નિષ્ફળ નીવડી. જાણે તેના હૃદયમાં પોતાનું હૃદય સમાઇ ગયું હોય તેમ તેને ભાસ થયો. આખે શરીરે રોમાંચ અનુભવ્યો. શરીર પ્રસ્વેદ પરસેવાથી ભીનું થઈ ગયું. તે જડવત્ બની ગઇ, પાષાણ-પ્રતિમા વા ચિતરેલી છબી હોય તેવી દેખાઇ.

"લીલા ! લીલા ! તું આ શું બોલે છે ? સ્વસ્થ થા ! વિચાર કર ! શું આ તારા મનનું દૌર્બલ્ય નથી કે ?"

વિજયના શબ્દોથી તેના શરીરમાં ચેતન આવ્યું. તે અસ્ફુટ સ્વરે બોલી:-

"હું સ્વસ્થ છું. વિચાર કીધો છે—નિશ્ચય કીધો છે. હવે હું નિશ્ચયને અધીન થઇ ગઇ છું."

"લીલા ! નિશ્ચય કર્યા પૂર્વે પરિપૂર્ણ વિચાર કરવો જોઇએ. કોઇપણ બાબતમાં વિચાર કર્યા વિના એકદમ નિશ્ચય કરવો, એ આપણી મૂર્ખતા છે. એક વખત નિશ્ચય કર્યા છતાં પણ જો તે ભૂલભરેલો દેખાય તો તેને ફેરવી નાખવો, પણ તેને અધીન ન થવું. એમ કરવામાંજ આપણું ડહાપણ છે." વિજયે તેનો નિશ્ચય ફેરવવા પ્રયત્ન કર્યો.

"હા, તે હું કબુલ કરૂં છું; પણ મારો નિશ્ચય દૂષિત નથી. તે કેવળ ન્યાય-પુરઃસર છે." લીલાએ દઢતાથી જવાબ આપ્યો.

"લીલા ! તારૂં મન કેવળ ભ્રમિત દેખાય છે. વિડંબનાની વિભાવરી વીતી જતાં, તનેજ તારો નિશ્ચય ભૂલભરેલો જણાશે. વખતના વહન સાથે સર્વ દશ્ય પદાર્થોનો નાશ થાય છે. કોઇપણ પદાર્થ સ્થિર રહી શકતો નથી, તેમ તારા આ વિચારો પણ થોડા વખત પછી નષ્ટ થશે; ત્યારે તને સ્વયંભૂ પશ્ચાતાપ થશે, માટે હમણાંજ તું વિચાર કર, સાહસ ન કર."

"હૃદય-વલ્લભ ! પ્રાણેશ ! !" લીલા અવાક્ બની ગઇ. થોડીવાર પછી પૂનઃ બોલી:—"આપનો ઉપદેશ વિચારણીય છે, તથાપિ મારા સંબંધમાં અત્યારે અનુચિત છે. હું યૌવનને અધીન થઇ નથી. મન્મથ મને પીડા કરતો નથી, તેણે મને આવી બુદ્ધિ નથી આપી. પણ"—

"ત્યારે બીજું શું ?" વિજયે વચમાંજ પ્રશ્ન કર્યો.

"આવી મતિ ઉત્પાદક આપનું સૌજન્ય—મારાપર આપનો મહદુપકાર—આપનો નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમ. હવે આ હૃદય આપનેજ અર્પણ કરી ચૂકી છું." લીલાએ પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો.

"તું ગુણલુબ્ધ ન થા ! સૌજન્ય લુબ્ધ ન થા ! સ્વસ્થ થા ! મેં તારા ઉપર કંઇજ ઉપકાર નથી કીધો, અથવા જો કીધો છે તો તેનો બદલો ક્યારનોએ વળી ચૂક્યો છે. હવે પુનઃ મને એ વચન સંભળાવીશ નહિ."

"આમ બોલી મને દુઃખી ન કરો. મારા હૃદયને વ્યથિત ન કરો. મારી માગણી સ્વીકારો, એજ મારી અનન્ય ભાવે પ્રાર્થના છે."

"લીલા જો લગ્ન કરવાનીજ તારી ઇચ્છા હશે, તો હું તેથી ઘણો ખુશી થઇશ. તને મારાથી વધારે લાયક બીજા ઘણા પુરુષો મળી શકશે. માટે ઉતાવળ ન કર."

"મેં મારૂં સર્વસ્વ તમનેજ અર્પણ કરી દીધું છે. આપ સર્વથા યોગ્ય છો. અન્ય નહિ."

"લીલા ! હું યોગ્ય ક્યાં છું ? મારી પાસે અધિકાર નથી; અથવા જો છે તો તે શાશ્વત નથી. મારામાં સૌન્દર્ય પણ નથી અને તેને હું ચહાતો પણ નથી. લીલા ! તું શામાં લુબ્ધ બની ગઇ છે ?"

"અધિકારનો હું અનાદર કરૂં છું ! સૌન્દર્યને હું તુચ્છ ગણું છું. હું કેવળ

આપના સદ્દગુણોમાંજ મુગ્ધ બની ગઇ છું. હવે મારી ઇચ્છા પૂર્ણ કરો; મને આપની અર્ધાંગના બનાવો."

"લીલા ! સંસાર સમુદ્રનાં તારી તનુ–નૌકા આમ અવળે રસ્તે જતી અટકાવ. મન સુકાન તારા હાથમાં છે, તેને ઝાલી રાખ."

"પણ નૌકા આડે માર્ગે કયાં જાય છે ? ઇષ્ટિ સ્થાને જતાં તેને શા માટે અટકાવવી ?" લીલાએ દૃઢ નિશ્ચય કરી જવાબ આપ્યો.

"તે ઇષ્ટ સ્થાન નથી. જરા વિચાર કર આ તારા મનનો વિભ્રમ છે. ત્યાં પહોંચ્યા પછી તારી ભ્રમણા દૂર થશે, એટલે તું પસ્તાઇશ."

"હું પુનઃ પણ કહું છું, કે મને કદાપિ પશ્ચાતાપ થશે નહિ તમારાં નિષેધ વાકયથીજ મને પસ્તાવો થાય છે. તેનું પ્રાયશ્ચિત તમારે કરવું પડશે. પ્રાણાન્તે પણ હું અન્ય સાથે લગ્ન સંબંધથી જોડાઇશ નહિ. મને નિરાશ કરશો તો—"

"લીલા ! લીલા ! જરા સાવધ થા ! આમ સહસા ભીષ્મ પ્રતિજ્ઞા ન કર !"

"શા માટે ન કરૂં ? ઇપ્સિત વસ્તુની પ્રાપ્ત્યર્થે ભીષ્મ પ્રતિજ્ઞા તો શું પણ ભયંકર વ્રત્ત ધારણ કરવા તૈયાર છું." લીલાએ જુસ્સાથી સામો જવાબ આપ્યો.

લીલાનો દૃઢ નિશ્ચય જોઈ વિજય વિચારમાં પડી ગયો. શું જવાબ આપવો તે સુઝ પડી નહિ. તેનો નિશ્ચય ફેરવવા પોતે અસમર્થ છે એમ તેને જણાયું. યુદ્ધમાં સહસ્ર શસ્ત્રોના ઘાની ઉપેક્ષા કરનારૂં તેનું હૃદય, લીલાનાં મૃદુ પણ નિશ્ચિત વાકયોથી દયાર્દ્ર બની ગયું. લીલાની ઇચ્છા તૃપ્ત કરવાથી પોતે પ્રતિજ્ઞાચ્યુત થાય છે, ને તેને નિરાશ કરવાથી પાપનો ડર લાગે છે. પરસ્પર વિરુદ્ધ વિચારોએ તેના મસ્તકમાં યુદ્ધ મચાવ્યું. ઘણીવાર સુધી કોઇનો જય થયો નહિ. લીલા અધીરી બની એકદમ બોલી ઉઠીઃ

"શું તમને મારા કુળ વિષે કે બીજી કોઇ અન્ય ભ્રાન્તિ છે ? હું નીચ કુલની કન્યા નથી. જુઓ, તેની આ પ્રતીતિ." આમ બોલી તેણે વિજયના હાથમાં પોતાના પિતાના નામની કુન્દન જડિત સુવર્ણ મુદ્રિકા મૂકી.

"લીલા ! આમ મારાપર ખોટો આક્ષેપ ન કર. તારા વર્તન ઉપર મને કંઇ પણ શક નથી. તું મનસા વાચા કર્મણા પવિત્ર છે, અને તારા પવિત્ર કુલની પણ આ મુદ્રિકા પ્રતીતિ કરે છે."

"ત્યારે હવે શો વિચાર કરો છો ?" લીલાએ જરા વિનયથી પ્રશ્ન કર્યો.

"તારી ઇચ્છા પૂર્ણ કરતાં મને મારો પૂર્વ નિશ્ચય પ્રતિરોધ કરે છે."

"જો આપને કોઈ જાતની અડચણ ન હોય તો આપનો પૂર્વ નિશ્ચય કેવો છે તે જણાવવા કૃપા કરશો."

"પ્રથમ સમરાંગણમાં જઈ કીર્તિ પ્રાપ્ત કરવી, ને પછી તારી ઇચ્છા પૂર્ણ કરવી." વિજયે પોતાનો હૃદયભાવ સ્પષ્ટ કીધો.

"ભલે ! આપનો તે નિશ્ચય મારે માન્ય છે. હું તેથી ઘણી ખુશી છું, પણ કહો તેવો સમય કયારે આવશે ?" લીલાએ સહર્ષ હૃદયથી પ્રશ્ન કર્યો.

"વસનને ! તે સમય હવે નજીકમાં દેખાય છે. આજે દરબારમાં તેનો નિશ્ચય

આવી ગયો છે. હવે એ ત્રણ દિવસમાંજ અહીંથી પ્રયાણ કરવું પડશે."

"કોની સાથે યુદ્ધ આરંભ્યું છે ?"

"અજમેર પતિ ચૌહાણ નરેશ સાથે.' વિજયે યથાર્થ વાત કહી સંભળાવી.

"જગદંબે આપની ઇચ્છા પૂર્ણ કરશે. પ્રભુ આપને સહાય થશે. આપ હવે સુખેથી તે સંબંધી વિચાર કરો."

પોતાની ઇચ્છા પૂર્ણ થવાથી લીલા આનંદ પામી. ચંદ્ર દર્શનથી કુમુદિની પ્રફુલ્લ થાય, તેમ તેનું હૃદય પ્રફુલ્લ થયું. વિજય પ્રતિ તે એક પ્રેમભરી દૃષ્ટિ નાખી તે ચાલતી થઇ. ચાલતાં ચાલતાં ક્ષણે ક્ષણે પાછું વાળી વિજયના મુખનું દર્શન કરતી તે અદૃશ્ય થઇ ગઇ.

લીલાના ગયા પછી વિજય વિચાર કરવા લાગ્યો. "ખરેખર પુરુષના પ્રારબ્ધની અને સ્ત્રીના હૃદયની કોઇને યથાર્થ ખબર પડતી નથી. સ્ત્રીઓનાં તન કોમળ છે, પણ તેમનાં મન તો વજ્ર જેવાં કઠણ ને દૃઢ નિશ્ચયવાળાંજ હોય છે. તેમનો નિશ્ચય ફેરવવા માટે પુરુષો અશક્ત છે."

ષષ્ઠ પરિચ્છેદ.

વિજય તિલક.

ગત પરિચ્છેદમાં વર્ણવેલી હકીકતને આજે એ ત્રણ દિવસ થઇ ગયા છે. પાટણનગરમાં ગુજરેશ્વરના ખંડીઆ રાજાઓ અને મંડળેશ્વરો પોતપોતાના સૈન્ય સાથે આવીને પડયા છે. નગરમાં લડાઇ માટેની સઘળી તૈયારીઓ થઇ રહી છે. સૈનિકોને આજનો દિવસ અતિ આનંદનો લાગે છે. યુદ્ધ માટેની તૈયારીમાં તેમનો વખત જતો હતો. આજે અજમેર તરફ પ્રયાણ કરવાનું હોવાથી, યોદ્ધાઓ પ્રાતઃકાળ પહેલાં ઉઠી નિત્ય કર્મમાં પ્રવૃત્ત થઇ ગયા હતા. વિજય પણ એક યોદ્ધો હતો. તે પણ આજે વહેલો ઉઠી પોતાનું કામ અટોપતો હતો. બહાર સૂર્યનારાયણે ક્ષિતિજ ઉપર આવી તિમિરાવરણ નષ્ટ કીધું. સઘળા પ્રાણીઓ પ્રવૃત્તિમાં આવી ગયાં. નગરમાં શૂરા સૈનિકોના આનંદધ્વનિ ક્ષણે ક્ષણે કર્ણગોચર થવા લાગ્યા. યુદ્ધોપયોગી જાનવરોના કર્કશ ધ્વનિથી આખું શહેર ગાજી રહ્યું. રાજમહેલમાં આજે કંઇક જુદીજ ઢબનાં ચોઘડીઆં વાગતાં હતાં. નગરના રસ્તાઓ બહાર જતા માણસોથી ઉભરાઇ જતા હતા; આ સર્વ પ્રવૃત્તિ કંઇ વિજયની જાણ બહાર નહિ હતી. વખત થઇ જવાથી તેણે પ્રયાણ માટે ઉતાવળથી તૈયારી કરવા માંડી. શરીરપર એક મજબુત જામો ને તે પર લોહનું બખ્તર પહેરી દીધું. માથે ટોપ મૂક્યો, ને કમરે સઘળાં શસ્ત્રો બાંધી દીધાં. તૈયાર થઇ તે પોતાના દિવાનખાનામાં જડેલા તકતામાં પોતાની છબી જોવા લાગ્યો. સૈનિક વેષ જોઇ તેનું હૃદય પ્રફુલ્લ થયું. પાછા ફરી તેણે ખભે બાણભાથો ભેરવ્યાં. હાથમાં ભાલો ઝાલી તે પુનઃ આયના પાસે આવી પોતાની છબી જોવા લાગ્યો. જોતાં જોતાં ભાવિ વિચારોમાં તે સ્તબ્ધ બની ગયો. દૃષ્ટિ એ જોવાનું કામ પડતું

મૂકયું. મનમાં વિવિધ તર્કવિતર્ક થવા લાગ્યા. કીર્તિ પ્રાપ્ત કરવાના લોભમાં તેને સ્થળનું કે સમયનું ભાન રહ્યું નહિ. વિજયની સ્થિતિ પાછળ ઉભેલી લીલા અનિમિષ નયને નિહાળતી હતી. આજે વિજયને લશ્કરી પોશાકમાં વિભૂષિત થએલો જોઈ, તે ઘણો આનંદ પામી હતી. સામા આયનામાં પડેલું પ્રતિબિંબ જોવામાં તે ગુંથાઇ રહી. તેજઃપુંજયુક્ત વિજયનું મુખમંડળ જોઈ તે પ્રેમઘેલી બની ગઇ. વિજયના મુખ–મંડળપર ઉભરાઇ આવતા મનોભાવ જોઇ, તે તેની આંતર્સ્થિતિ જાણી ગઇ. તેની સઘળી ઇચ્છાઓ પૂર્ણ થાય એટલા માટે તે જગન્નિયંતા પ્રભુની પ્રાર્થના અનન્ય ભાવે કરવા લાગી.

લીલાની દૃષ્ટિ પુનઃ અરીસાપર પડી. બાજુપર પડેલી પોતાની છબી આ વખતે તેના જોવામાં આવી. અત્યારે તેના આનંદનો અવધિ ન રહ્યો. પોતાને તે મોટી ભાગ્યશાળી માનવા લાગી. જાણે અત્યારેજ તેની સઘળી ઇચ્છાઓ પૂર્ણ થઇ ગઇ ન હોય! જરાક દૃષ્ટિ ફરી એટલે પ્રિયતમનું હાસ્ય યુક્ત વદન તેના જોવામાં આવ્યું. તેણે લીલાનું ચિત્ત આકર્ષી લીધું. વિજયનો લલાટમાં ચંદ્રક નહિ જણાવાથી તે એકદમ પાછી ફરી, ને પોતાના ઓરડામાં ગઇ. થોડીજવારમાં હાથમાં કુમકુમપાત્ર લઇને પુનઃ વિજયના ખંડમાં આવી પહોંચી, ને શરમાઇ સંકુચિત ગાત્રે બાજુપર ઉભી રહી.

વિજય, આશાના અંકમાં રમણ કરતો હતો, તેથી લીલા પાછળથી આવી પણ તેને ખબર પડી નહિ. જ્યારે બહાર વધતા જતા કોલાહલથી તે શુદ્ધિમાં આવ્યો, ત્યારે તેણે અરીસામાં પોતાના પ્રતિબિમ્બ નજીક લીલાનું પ્રતિબિમ્બ જોયું. ચકિત થઇ તેણે પાછું જોયું; તો લીલા તેની દૃષ્ટિ સામે સંકુચિત ગાત્રે, એક ખૂણામાં ઉભી રહી હતી. લીલા અત્યારે ખાસ કામ માટે આવેલી, પણ તેનાથી શરમને લીધે બોલાયું નહિ. છતાં બંનેની દૃષ્ટિ તો ખાલી ન ખળી. દૃષ્ટિમિલન થતા બંનેએ રોમાંચ અનુભવ્યો. બહાર જવાની ઉતાવળ કરનારો વિજય અત્યારે લીલાનું અપ્રતિમ લાવણ્ય જોઈ તેમાં લુબ્ધ બની ગયો. પોતાની સ્થિતિનું ભાન ભૂલી ગયો. થોડીવાર સુધી તો તેનાથી એક પણ શબ્દોચ્ચાર થઇ શકયો નહિ. ઉભયનાં ચક્ષુ નિઃસ્પન્દ દેખાયાં. ઉમળકાથી આવેલી બાળા પણ કાંઇ બોલી શકી નહિ. અણુચિંતવી તે પરવશ બની ગઇ. મનપ્રિય મૂર્તિએ તેને વશ કરી લીધી, તે તેનાથી સમજાયું નહિ; વિજય પણ અત્યારે તેવીજ સ્થિતિમાં હતો. એટલામાં :બહાર 'જય સોમનાથ!' નો ગગનભેદક ધ્વનિ થયો. શબ્દશ્રવણથી વિજય જાગૃત થયો. તેને ભાન આવ્યું, તે મોહપાશમાંથી છૂટો થયો, ને બોલ્યોઃ—

"અત્યારે અહીં આવવાનું કારણ?"

વિજયનાં મધુર વાકય સાંભળી લીલાના મુખપર શરમનો ભાવ તરી આવ્યો. સહેજ રતાશ ચડી આવી, મુગ્ધા નીચુંજ ઘાલી જોઇ રહી.

વિજય પુનઃ બોલ્યો. "ઇશ્વરની કૃપાથી હવે આપની ઇચ્છા પૂર્ણ થશે."

જવાબ ન મળ્યો.

"હાથમાં શું છે?'

પૂછનારની ઇચ્છા પૂર્ણ ન થઇ.

" અહીં આવતાં શરમ ન આવી ને બોલતાં શરમ આવે છે કે ? "

ઉત્તર શેનો મળે !

વિજય અધીરો થયો. " લીલા–પ્રિય–લીલા ! " બોલી તે આગળ ધસ્યો.

પ્રિયતમના મુખમાંથી પોતાનાજ નામાક્ષર સાંભળી લીલાએ અવર્ણ્ય આનંદ અનુભવ્યો. મુખકળી પ્રફુલ્લ થઇ, ને વક્રદૃષ્ટિથી વિજય સામું જોઇ રહી. થોડીવાર પછી તે બોલી: " મારી એક નમ્ર પ્રાર્થના છે તે આપ સ્વિકારશો કે ? "

વિજય વિચારમાં પડી ગયો. લીલાની ઇચ્છા તે સમજી શક્યો નહિ.

" હું આપના કાર્યમાં વિઘ્ન કર્તા નહિ બનું. " બાળાએ કંઇક સ્પષ્ટતા કરી.

" ઠીક; ત્યારે આપની ઇચ્છા જણાવો. "

" આપની સાથે યુદ્ધમાં આવવાની મારી ઇચ્છા છે. "

બાળાની હિંમત જોઇ તે ઘણો ખુશી થયો. પરીક્ષા કરવાના હેતુથી તે બોલ્યો.

" રણાંગણમાં આવીને શું કરશો ? "

" જે આપ કરશો તે હું કરીશ. "

વિધિ નિષેધ કરવાનો અત્યારે વખત ન હતો તેથી તે બોલ્યો " અત્યારે અમને તમારી મદદની જરૂર નથી, વખત આવે ત્યારે તમે તેમ કરજો "

" ભલે આપની ઇચ્છા. " કુમકુમ પાત્રમાં અંગુલિ બોળી હાથ લાંબો કીધો. ચાંદ્લો કરતાં લલાટને હાથનો સ્પર્શ થયો. બાલ રવિ ક્ષિતિજ ઉપર આવી પ્રકાશે તેમ વિજયનુ મુખ–મંડળ પ્રકાશવા લાગ્યું. તેની શોભામાં ચાંદ્લે વૃદ્ધિ કરી, તેથી તે વિશેષ તેજસ્વી દેખાયું. આ પ્રસંગે તેના મનમાં આનંદ–તરંગની ઉર્મિઓ ઉછળવા લાગી. ને તે ભાવ મુખપરથી જણાયો. નિસ્પન્દ દૃષ્ટિથી ચકોર પક્ષીવત્ તે મુગ્ધાના મુખ–ચંદ્રનું પાન કરવા લાગ્યો.

કાર્ય પૂર્ણ થયું. ભાવિસુખના ઉદયનાં કંઇક આછાં આછાં શુભ ચિહ્ન જણાયા હવે અહીં વધારે વખત ઉભા રહેવું નિરર્થક જાણી લીલા શરમાતી, લજવાતી નીચે ઉતરી પડી.

વિજય પણ હવે સાવધ થઇ ગયો. બહારની પ્રવૃત્તિમાં ભળી જવા મન પ્રવૃત્ત થયું નીચે ઉતરી તે ઘોડાપર સ્વાર થયો, ને સપાટાબંધ ઘોડો દોડાવી સર્વ શૂરાઓના સાથમાં ભળી ગયો

નગર બહાર સઘળું લસ્કર તૈયાર થઇ ઉભું હતું. અશ્વોના પદાઘાતથી પૃથ્વી ગાજી રહી હતી. મદગળના માતંગોની ભયંકર ચીસોથી ક્ષણે ક્ષણે કાનના પડદા બહેર મારી જતા હતા. મહારાજા ભીમદેવના માથાપર રાજ છત્ર ધરાયું. સેનાના અગ્રભાગમાં વિશ્વવિખ્યાત ગુર્જર પતાકા ફરકવા લાગી. કૃષ્ણવર્ણના વિકાળ ભીલો સૈન્યના અગ્રભાગમાં ચાલવા લાગ્યા. જેમની પછવાડે તેમના રંગને મળતા પ્રૌઢ માતંગો ને તેમની પાછળ અશ્વારૂઢ સૈનિકો ચાલતા હતા. હાથીઓના ઘંટ નાદથી આખું આકાશ ગાજી ઉઠ્યું. પદાઘાતથી ઉડતી રેણુકાએ આકાશ છાઇ દીધું. વિદ્યુત વેગે ગુર્જર સૈન્ય આગળ ધસ્યું ને થોડાજ વખતમાં ગુજરાતની સરહદ વટાવી, અજમેરના રાજ્યમાં આવી પહોંચ્યું.

સપ્તમ પરિચ્છેદ.

વેરની વસુલાત.

ગુર્જર સેનાના આક્રમણની સોમેશ્વરને ખબર પડી એટલે તેના શરીરમાં શૌર્યનો આવિર્ભાવ થયો. આગન્તુક શત્રુનું સન્માન કરવા તેણે ઉતાવળે તૈયારી કરવા માંડી. આ વખતે પૃથ્વીરાજ દિલ્હીમાં હતો. તેને ત્યાંજ રાખી, પોતે એકલો કીર્તિ કમાવા તૈયાર થયો. તેણે ખીચીરાવ પ્રસંગને, જામ જાદવને, દેવરાજ, ઉદીક બાહુ બલીભદ્ર કુયમાસ અને કન્હને સાથે લીધા. વળી જયસિંહદેવ જે લડાઇમાં પ્રાણાન્તે પણ પીઠ બતાવે તેવો ન હતો, તે પણ સોમેશ્વરની મદદમાં ઝડપથી કૂચ કરી આવી પહોંચ્યો. નદી જેમ ઉતાવળથી સમુદ્રને મળવા દોડે, તેમ બલવાન સૈન્ય સાથે સોમેશ્વર ગુર્જરેશ્વરને ભેટવા ચાલ્યો.

ચૌહાણ સેનાને સામી આવી પહોંચેલી જોઇ ભીમદેવે પોતાના સૈન્યની ગોઠવણ કરી દીધી બંને સેનાનો ભેટો થતાં સૈનિકોનાં હૃદય પ્રફુલ્લિત થયાં. તેમણે હર હર મહાદેવનો ભીષણ ધ્વનિ કરી સમર ભૂમિ ગજાવી મૂકી. બંને દળમાં શંખ ફુંકાવા લાગ્યા. નોબતોના ગડગડાટથી રણભૂમી ગાજી રહી. તીરોના વરસાદથી આકાશ છવાઈ ગયું. તરવારો વિદ્યુત્ પેઠે ચળકવા લાગી. તોપોના ભયંકર અવાજોથી પ્રલયકાળના મેઘ જેવી ગર્જના થવા લાગી. ક્ષણે ક્ષણે 'મારો ! કાપો !' ના અવાજ થવા લાગ્યા. કન્હે યુદ્ધનો પ્રારંભ કર્યો. ચાલુક્ય સેના તેની આસપાસ મધમાખીઓની પેઠે ફરી વળી. તીરનો વરસાદ વરસવા લાગ્યો. ઘાયલ થઈ નીચે પડતા યોદ્ધાઓની બુમો, તરવારો ખડખડાટ ને શૂરાઓની હાકો તથા 'હર હર મહાદેવ, જય સોમનાથ !' મારો ! કાપો !' ઇત્યાદિ ધ્વનિથી પૃથ્વી ગાજી રહી. કન્હે છંછેડાયલા કેશરીવત્ અતુલ બળ દાખવ્યું. ખેડુત ઘાસની કાપણી કરવા માંડે તેમ તેણે ગુર્જર સૈનિકોની કાપણી કરવા માંડી. વિજળીની પેઠે તેની તરવાર ઝળકવા લાગી. ભયંકર સિંહ ગર્જના કરતો તે ચાલુક્ય સેનામાં ઘૂમવા લાગ્યો. અસંખ્ય યોદ્ધાઓ તેને હાથે સ્વર્ગમાં ગયા, કેટલાક ઘાયલ થઇ ભૂશરણ થયા. પોતાની સેનાની પાયમાલી થતી જોઇ, હાથમાં ભાલો પકડી રાણીકદેવ ઝાલો કન્હ સામે આવી ઉભો. બંને જણ એવા શુરા ને યુદ્ધમાં નિષ્ણાત હતા કે કોઈ કોઇથી ગાંજ્યો જાય તેવો ન હતો ઘણીવાર સુધી યુદ્ધનો અંત ન આવ્યો તે જોઇ કન્હે રાણીક ઉપર એક તલવારનો સખ્ત ઘા કીધો જેથી રાણીકદેવનો ઘોડો મરાયો. આથી ક્રોધે ભરાઇ તેણે એક ગદા કન્હ ઉપર ફેંકી, પણ ચાણાક્ય કન્હે ચોટ ચૂકાવી દીધી. બંને યોદ્ધાઓએ પ્રાણુપર આવી જઇ યુદ્ધ મચાવ્યું. લગભગ એક પ્રહર સુધી ઘમસાણ મચ્યું, કિન્તુ એ માંથી એક જણ પરાજિત ન થયો.

કન્હની બીજી બાજુએ જામજાદવ ને તેની સામે ખેંગાર અટક્યો હતો. કીર્તિના લોભમાં તે ભાન ભૂલી લડતા હતા. એક બીજા ઉપર પુષ્કળ અસિપ્રહાર

થવા છતાં પણ કોઇએ પૂંઠ ન દીધી. જાણે બે મદોન્મત્ત પાડા લડતા હોય તેમ તેઓ લડતા હતા. ઘણા હાથીઓ, ઘોડાઓ અને અસંખ્ય સૈનિકોની આહુતિ આપવા છતાં પણ તેમનો ક્રોધ શાન્ત થયો ન હતો. તેમની પ્રચંડ ગર્જનાથી આકાશ ખળભળવા લાગ્યું; શેષનાગ પણ તેમના પદપ્રહારથી ડોલવા લાગ્યો; ઈન્દ્રને તેના ઈન્દ્રાસન માટે ચિંતા થવા લગી; સ્વર્ગમાં રહી અપ્સરાઓ પણ તેમને વરવાના લોભમાં માંહોમાંહે સ્પર્ધા કરવા લાગી. "હર ! હર ! મહાદેવ" ના ધ્વનિથી તેમણે આકાશ ગજાવી મૂક્યું. તેમની આ ભયંકર ચીસોથી શિવજી સમાધિમાંથી જાગૃત થયા ને પોતાની માળામાં રૂંઢ પરોવવા દોડી આવ્યા. કાળી પણ પોતાની રૂધિર તૃષા શાન્ત કરવા રણભૂમિ તરફ ચાલી. એક પ્રહર સુધી તુમુલ યુદ્ધ મચ્યું. તેમાં ચૌહાણ સેનાનો અગ્રભાગ પાછો હઠી ગયો.

પોતાની સેનાનો અગ્ર ભાગ વિચલિત થઇ ગએલો જોઇ કન્હ ચૌહાણ આગળ દોડી આવ્યો. પોતાના સૈનિકોને પાછળ હઠતા જોઇ તેની આંખોમાંથી અગ્નિકણ વરસવા લાગ્યા. ગુસ્સાથી તે બોલ્યો: "અરે નામર્દો ! ચૌહાણના નામને કલંકિત કરવાનો ધંધો તમે લઇ બેઠા છો કે શું ? સંસારના ક્ષણભંગુર સુખમાં લુબ્ધ બની, સ્વર્ગનું અક્ષય્ય સુખ શા માટે તજો છો ? ધિક્કાર છે તમને, કે રણમાં ભીરૂ બની પાછાં પગલાં માંડો છો ! અરે નપુંસકો ! તમને અહીં કે ઘેર મરણ મૂકવાનું તો નથી જ ! અજમેર જઈ તમે શું મોઢું બતાવશો ? લોકો તમને કેવાં વચન કહેશે, તેનો વિચાર કરો; ને શૌર્યથી આગળ ધસો. તમારા ધસારા સામે ગુર્જર સેના ટકી શકે તેવી નથી. માટે શુરાઓ જરા હિંમત રાખી યાહોમ કરી શત્રુઓપર તૂટી પડો. તેમને તમારા હાથનું પાણી બતાવો." કન્હનું રણોત્સાહક ભાષણ સાંભળી, ચૌહાણ સેના જોર પર આવી મારો ચલાવવા લાગી. પણ ગુર્જર સેના તેને બરાબર જવાબ આપતી હોવાથી તેઓ ફાવી શક્યા નહિ. ગુર્જર સેનાના મધ્ય ભાગમાં રહી ભીમદેવ તેમને બીરદાવતો હતો. શત્રુ સૈન્યને પાછું હઠતું જોઇ ગુર્જર સેનાએ જોરથી ધસારો કીધો. ત્યાં ભયંકર યુદ્ધ જામ્યું. જોતજોતામાં અસંખ્ય સૈનિકોનો ઘાણ નીકળી ગયો. લોહીની નદીઓ વહેવા માંડી ને તેમાં કેટલાંક મુડદાં તણાવા લાગ્યાં. ત્રીજા પ્રહરમાં ચૌહાણ સેનામાંથી ઘણા ખરા યોદ્ધાઓ ગતઃપ્રાણ થઇ ગયા.

આ વિપરિત પ્રસંગ ઉપસ્થિત થએલો જોઇ, સોમેશ્વરની આંખમાંથી જવાળા ભભુકી નીકળી. પ્રચંડ ગર્જના કરતો ને ભીમદેવને ખોળતો તે આગળ ધસી આવ્યો. પોતાની સેનાના અગ્ર ભાગમાં આવી તે ગુસ્સાથી બોલ્યો "રે ભીમ ! ઓ ભીમ ! તું અત્યારે ક્યાં નાશી ગયો છે ! ઓ કાયર ! તું ક્ષાત્ર બળને એબ લગાડવા શા માટે અહીં આવ્યો ? ક્ષણ વાર મારી સામો ઉભો રહી આ સોમેશની કૃપાણનો સ્વાદ તો ચાખી જો ! રે બાયલા ! ખરેખર તેં તારી માતાની કુખને એબ લગાડી છે ! જો તું યુદ્ધથી ડરતો હતો તો અહીં શા માટે આવ્યો ? શું તને ખબર ન હતી, કે અહીં સોમેશની સાથે ઉભા રહી યુદ્ધ કરવાનું છે ! શું

તું જાણતો નહતો, કે અહીં ચૌહાણ યોદ્ધાઓ સામે ઉભા રહેવાનુ છે ? ઓ બીકણ તું જરા મારી સામે આવ ને મારી મેમાનગીરીનો સ્વીકાર કર ! અરે વિષયાંધ ! જો તારો સત્કાર કરવા, આ મારી શુરી સમશેર તૈયાર થઈ રહી છે ! એક બે લડાઇ-માં જીત મળવાથી ફુલીને ફાળકો થઇ બેઠેલા ઓ ભીમ ! તારૂં નામ પાડતાં તારી માતાને શરમ કાં ન આવી ? બાયલા ! અત્યારે બાજુ પર રહી જોયા કરવું એ તને ને તારી જાતને યોગ્ય છે કે ? રાજપૂતોના નામ પર પાણી ફેરવનાર નરાધમ ! જો તારામાં ક્ષાત્રબળનો એક અંશ પણ અવશિષ્ટ રહ્યો હોય. તો મારી સામો આવી જા ! મારા આ ભાલાનો સ્વાદ તો ચાખી જો ! ખરેખર તેં જૈન ધર્મ સ્વીકારી ક્ષાત્રબળ ખોયું દેખાય છે, નહિ તો શુદ્ધ શૈવ કદી પણ આમ કરે ખરો કે ? ઓ નરપિશાચ ! એક વખત પરાજિત થવા છતાં, પણ પુનઃ અહીં આવતાં તને જરાયે શરમ ન આવી કે ? અરે નિર્લજ ! સ્ત્રીની પેઠે મધ્યમાં રહી લડતાં તું ક્યારે શીખ્યો. ખરેખર તેં ક્ષત્રિય કુલાચારને તિલાંજલિ આપી દેખાય છે ! પાપી તું જો તો ખરો, કે તારા આ સાહસને લીધે કેટલા માણસો સ્વર્ગે ચાલ્યા જાય છે ! તારે માટે આ સઘળા લડે છે, એ જોવા છતાં પણ તારા શરીરમાં શૌર્યનો આવિર્ભાવ નથી થતો? ઓ નીચ ! તું શા માટે ડરે છે ? જો આમ ડરવું હતું તો અહીં શામાટે આવ્યો ? જો આ તારા શોણિતમાં સ્નાન કરવા મારી તાતી તરવાર ટમટમી રહી છે. માટે હવે થોડીવાર મારી સામો આવી ઉભો રહે." આમ બોલતો સોમેશ્વર શત્રુદળમાં ત્રાસ વરતાવવા લાગ્યો. બે હાથે તરવાર ચલાવતો તે આગળ ધસ્યો ને હજારો ગુર્જર સૈનિકોની કાપણી કરવા મંડયો. જ્યાં ઉભો રહી સોમેશ્વર લડતો હતો, ત્યાં જબરો જંગ મચ્યો. એટલામાં ભીમદેવ પોતાની સેનાના અગ્ર ભાગમાં આવી ઉભો. દૂરથી સોમેશ્વરને જોતાંજ તે વિદ્યુત્ વેગે તેના તરફ ધસ્યો. તેની પાસે આવતાં તે સિંહગર્જના કરી બોલી ઉઠ્યો:—" ઓ સોમેશ્વર ! તું જરા મારી સામો આવી જા ! ઓ આશ્રિતોનો ઘાત કરનાર ! હું હવે થોડીજ વારમાં તારા ભારથી ભૂમિને મુક્ત કરીશ. ઓ માની ! તારા માનનું ખંડન કરવા માટેજ હું અહીં આવ્યો છું. ઓ બીકણ ! સૈનિકો સાથે લડવું તને ઘટતું નથી; માટે હવે મારી સામે આવી યુદ્ધ ચલાવ ! હમણાંજ હું વેરની વસુલાત કરૂં છું;

ભીમદેવ ને સોમેશ્વર બંને સામસામા ઉભા. બને નૃપતિઓએ મરણની ઉપેક્ષા કરી યુદ્ધ મચાવ્યું. જાણે અર્જુનને કર્ણ સામસામા અટક્યા હોય તેવા ભાસ થયો ! મેઘમાં જેમ વિજળી ઝબુકે, તેમ તેમની તરવારો ઝમકવા લાગી. અતિશય કોપ કરી તેઓ સામસામા મારો ચલાવવા લાગ્યા. તેમને યુદ્ધ કરતા દેખી તેમના સૈનિકો પણ જોસથી લડવા લાગ્યા. સઘળા મહારથીઓ પોતપોતાના રાજાની મદદમાં આવી ઉભા. તેમની સાથે તેમની સેના પણ ધસી આવી, ભયંકર યુદ્ધ જામ્યું. ભીમે અતિશય ક્રોધ દાખવી એક બાણ સોમેશ્વર પર ફેંક્યું; પણ બાજુ પર રહી કાન્હે પોતાના બાણથી તેના બાણના બે ભાગ કરી નાંખ્યા. આ જોઇ ભીમ ખીજવાયો. ને હાથમાં તરવાર તાણી સોમેશ્વર પર કુદી પડયો. અતુલ બળ દાખવ્યા છતાં પણ સોમેશ તેના સામો ટકી શકયો નહિ. ભીમના પ્રહારથી સોમેશ ઘાયલ થઇ પૃથ્વી

પર પડ્યો. પુનઃ તે ઉઠે તે પહેલાંજ ભીમદેવે બીજા પ્રહારથી તેને ઠાર કીધો. સોમેશ્વરનો અમર આત્મા મૃત દેહનો ત્યાગ કરી સ્વર્ગમાં ચાલ્યો ગયો. અપ્સરાઓએ ખુશી થઇ આકાશમાંથી તેના પર પુષ્પ–વૃષ્ટિ કીધી. ચૌહાણુ સેનામાં હાહાકાર વ્યાપી ગયો. ને ગુર્જર સેનાએ આનંદથી 'હર ! હર ! મહાદેવ !' 'મહારાજા ભીમદેવનો જય !' ઇત્યાદિ પોકારો કર્યા.

સોમેશ્વરને રણમાં પડેલો જોઇ કન્હ તાતો બની ગયો. પોતાના ભાઇનું વૈર વાળવા તે ભીમદેવ તરફ ધસી આવ્યો. ત્યાં તેની મદદમાં બીજા કેટલાક સામંતો :વી ઉભા. સઘળાએ એકત્ર થઈ ગુર્જર સેનાપર જોરથી મારો ચલાવ્યો. તોપના મારમા ગોળાથી હજારો સૈનિકો ભૂશરણ થવા લાગ્યા. કન્હ સામે ટકી ... ભીમ અસમર્થ નીવડયો. તે પાછો હઠે તે પહેલાં તેની મદદમાં રાણીક ઝાલો ને પીરમનો ગોહિલ સામંત આવી પહોંચ્યા. ચૌહાણુ સેનામાં પુનઃ ઉત્સાહ આવ્યો. તેઓ ગુર્જર સેના સામે ટક્કર ઝીલી લડવા લાગ્યા. તેમના પરાક્રમથી ગુર્જર સેના પાછી હઠી. તે જોઈ ભીમના શરીરમાં કોપનો સંચાર થયો. પોતાના સૈનિકોને ઉત્તેજિત કરવા તે બોલવા લાગ્યો:—" મારા શૂરા યોદ્ધાઓ ! આમ ભીરૂ થઈ પાછાં પગલાં શું માંડો છો ? તમે તમારી પાછલી કીર્તિને સંભારો તો ખરા ! પરમારોને યવનોપર મેળવેલો વિજય જરા યાદ કરો ! બહાદુર યોદ્ધાઓ ક્ષણભંગુર જીવનલાલસાથી લોભાઇ, શાશ્વત સુખનો ત્યાગ શા માટે કરો છો ? રણમાં પડી સ્વર્ગે જવું કે ...તિ મેળવી જીવવું, એ ક્ષત્રિયના કર્તવ્યને અત્યારે તમે વિસરી ગએલા જણાઓ છો ! તમે નથી જાણતા, કે શૂરાઓને અપકીર્તિમરણ વધારે શોકપ્રદ છે ? વીરો ! લડાઇનો રંગ ક્ષણે ક્ષણે બદલાય છે માટે વિજયની આશા રાખી તમે આગળ ધસો તમારી આજની બહાદુરી તમારૂં નામ અમર કરશે. તમને વિજયી જોઇ તમારા સ્વર્ગસ્થ પિતૃઓ પણ સંતુષ્ટ થશે. શૂરા ચાલુક્યો ! આગળ ધસો ને ચાહાણોનો ઘાણ કાઢી નાખો. જ્યારે સમુદ્ર મર્યાદા તોડી આગળ ધસે છે, ત્યારે તેનો પ્રતિરોધ થઇ શકે છે ખરો કે ? જો તમે મરણીયા બની આગળ ધસશો તો કોના ભાર છે કે તે તમને અટકાવી શકશે ? જુઓ પેલા ભીલને ઝાલા યોદ્ધાઓ રણમાં કેવો રોળ વર્તાવી રહ્યા છે ! બહાદુર યોદ્ધાઓ તેમની પેઠે શૌર્ય દાખવી હવે તમે આ લડાઈનો જલદીથી અંત આણો. જો તમે મરણથી ડરતા હો, તો ખુશીથી અહીંથી પલાયન કરી જાઓ ! તેમ કરતાં તમને હું કે બીજો કોઇ અટકાવનાર નથી. ભીરૂઓ ! જાઓ ઘેર જઇ સુખેથી સૂઇ રહો. જેને પોતાની જિંદગીથી આબરૂ વહાલી હોય તેજ અત્યારે મારી સાથે આગળ ધસો ને અમર કીર્તિ પ્રાપ્ત કરો." ભીમદેવનાં આ વચનો સાંભળી ચાલુક્ય સેનામાં નવું બળ આવ્યું. જીતવું કે મરવું એવો દૃઢ નિશ્ચય કરી તેઓ શત્રુદળમાં ઘુસ્યા. 'જય સોમનાથ !' ના ધ્વનિથી રણભૂમિ ગજાવતા તેઓ શત્રુ દળમાં સંહાર કરવા લાગ્યા. થોડીજવારમાં ચૌહાણ સેના પાછી હઠી. કન્હ કે જે અત્યાર સુધી મદોન્મત્ત બની લડતો હતો, તે યુદ્ધનો રંગ જોઇ ગભરાયો પોતાની સેનાને ઉત્તેજિત કરવા તેણે ઘણા પ્રયત્ન કીધા, પણ તેનું કંઇ પરિણામ ન આવ્યું. સોલંકી સેનાએ થોડીજ વારમાં યુદ્ધનો અંત આણ્યો. ચૌહાણો હારી અજમેર તરફ ચાલ્યા ગયા.

અષ્ટમ પરિચ્છેદ.

મનઃકામનાની પૂર્ણાહુતિ.

ભપકાદાર નિશાન ડંકા સાથે સોલંકી સેના અજમેરથી પાટણ આવવા નીકળી ચૂકી છે. ભીમદેવનો ક્રોધાગ્નિ આજે શાન્ત થએલો છે. તે આનંદી દેખાય છે. ગએલી કીર્તિ પુનઃ પ્રાપ્ત થવાથી આખી સેનામાં પણ અવર્ણ્ય ઉત્સાહ વ્યાપી ગયો છે. આમોદપ્રમોદ કરતા સોલંકી સૈનિકો પોતાની જન્મભૂમિ તરફ આવે છે.

પાટણનગરમાં એ વાતની ખબર પડી. દૂરથી નિશાન ડંકાના અવાજ પણ સંભળાયા. જોત જોતામાં આખા નગરમાં એ વાત ફેલાઇ ગઇ. નાગરિકોનો આનંદ આજે અપરિમિત હતો.

ભાગોળે ઘણાં માણસો ભેગાં થઈ ગયાં શ્રીમંત જનો, ભલા ખેડુતો આબાલવૃદ્ધ સ્ત્રી પુરુષો ને સિપાઇસપરાં વગેરે સ્થાનિક અમલદારોની ભારે ઠઠ્ઠ જામી હતી. રાજભક્ત પ્રજા આજે રાજાનાં દર્શન માટે ઉત્કંઠિત દેખાતી હતી. ધીમે ધીમે ડંકાનો અવાજ પાસે આવવા લાગ્યો. સાથે લોકોનો ઉત્સાહ પણ વધવા લાગ્યો.

થોડી વારમાં ગુર્જર નરેશ પોતાની શેષ સેના સાથે આવી પહોંચ્યો. લોકોએ હર્ષથી નમન કર્યું રાજાએ પણ તેનો યથોચિત સત્કાર કીધો. 'મહારાજા ભીમદેવનો જય!' 'જય સોમનાથ!' ના ધ્વનિથી વાતાવરણ ગાજી રહ્યું. રાજા ઉપર પુષ્પવૃષ્ટિ થઇ ને હજારો વિદ્વાન્ બ્રાહ્મણો આશીર્વચન ભણવા મંડ્યા.

નગરની શોભા પણ આજે ઓર હતી. ધ્વજાપતાકા ને તોરણોથી આખુ નગર સુશોભિત દેખાતું હતું. રાજમહાલયમાં મોતીના સ્વસ્તિક પુરાયા હતા. દરવાજાપર ચોઘડીયાં વાગી રહ્યાં હતાં. થોડીવારમાં તો રાજમહાલય આગળ ભારે ઠઠ્ઠ મળી. અત્યાર સુધી ઘરમાં ભરાઈ રહેલા લોકો પણ રાજાનાં દર્શન માટે અહીં આવી ભેગા થયા. સવારી આવી ને 'મહારાજાનો જય!' એ આનંદધ્વનિથી લોકોએ પોતાનો હર્ષ વ્યક્ત કીધો, રાજાએ સ્મિત હાસ્ય કરી, સ્નેહભરી એક દૃષ્ટિ નાખી, પ્રજાના પોકારને વધાવી લીધો. રાજાએ મહેલમાં પ્રવેશ કીધો. એટલે બહાર ભેગા થએલા લોકો પણ વીખરાઇ જવા લાગ્યા. રાજાની પ્રસંશા કરતા કરતા સર્વ પોતાના નિવાસસ્થાન તરફ ચાલ્યા ગયા. થોડીવારમાં સર્વત્ર શાન્તિ દેવીનું સામ્રાજ્ય અચળ થયું.

× × × × ×

વિજયને પાટણ આવ્યે થોડા દિવસ વીતી ગયા છે. આજે લીલા સાથે તેનાં લગ્ન થવાનાં છે. વિજયને ત્યાં આજે ઘણી ધામધૂમ થઇ રહી છે. વિજય એક પ્રતિષ્ઠિત સરદાર ને ગુર્જરનરેશનું પ્રેમભાજન થઇ પડેલો હોવાથી, ઘણાં માણસો આજે તેને ઘેર ભેગાં થયાં છે. ઘણા સરદારો, કેટલાક મંડળેશ્વરો, શ્રીમંતો ને અન્ય માણસો ખાસ તેને ત્યાં આવી પહોંચ્યાં છે. વિજયનું મિત્રમંડળ પુલકિત વદનથી

આમતેમ સરભરામાં રોકાયલું છે. ઘરના નોકર ચાકરોને પણ આજે ઘડીની નવરાશ નથી.

લીલા પણ એક સદ્દગુણી બાલિકા છે. તેનું મૃદુ ભાષણ, આનંદી સ્વભાવ ને વિનયી વર્તણુકથી સર્વ તેનાપર ઘણું હેત રાખે છે. સરખી વયની ઘણી બાલિકાઓ સાથે તેને ગાઢ મૈત્રી થઈ ગઇ છે. વિજયનાં વૃદ્ધ માતા પણ તેને પુત્રી તરીકે લાડ લડવે છે. ઘણા વખતથી તેમણે ધારેલી ધારણા આજે પૂર્ણ થએલી જોઇ તેમને આ અવર્ણ્ય આનંદ પ્રાપ્ત થયો છે.

લગ્ન પ્રસંગે વિજયને ઘણી કીંમતી ભેટ મળી. રાજા તરફથી એક સુશોભિત પોશાક ભેટ મળ્યો. લગ્નનો દિવસ એટલે સવારથી તે સાંજ સુધી ધમાલ રહી. પળવાર પણ કોઇને ફુરસદ ન મળી. ભોજનાદિ કામથી નિવૃત્ત થતાં ઘણો વખત વીતી ગયો. મોડી રાતે સ્નેહી સંબંધીઓને વિદાય કરી વિજય નવરો પડયો.

અત્યારે લીલા સુશોભિત શણગારમાં સજ્જ થઇ બેઠી છે, મૂલ્યવાન વસ્ત્રોને સુવર્ણલંકારોથી તેનું શરીર દેદીપ્યમાન દેખાય છે. તેનુ સ્વાભાવિક સૌન્દર્ય આજે ઓર ખીલી રહ્યું છે. તેનાં અણીઆળાં, તેજદાર, કૃષ્ણ. ચક્ષુદ્રય; કેશકલાપને ચંદ્રક એ સર્વ ચિત્તાકર્ષક દેખાય છે.

કંઠ વીખરાઇ જતાં લીલા ઉઠી, વૃદ્ધાની સુશ્રુષા કરવા ગઇ. આજે ઘણું મોડું થઇ ગએલું હતું તેથી વૃદ્ધાએ તેને બહુ વાર ન રોકી. આજે તેને પોતાની દરરોજની જગાએ સુવાનું નહતું. તેની સમવયસ્કા સહચરીઓએ કરી રાખેલી ગોઠવણ તેના જાણવામાં આવી. તે ત્યાંથી ઉઠી પોતાના ઓરડામાં જઇ બેઠી. તેના મુખપર શરમની છાયા પ્રસરી ગઇ.

લીલા ! અત્યારે તું શરમાય છે શા માટે ? આજે તારૂં જીવન બદલાઈ ગયું છે; આજે પ્રથમ તું સંસાર સાગરની મુસાફરીએ નીકળી છે; આજે તું સ્વતંત્ર મટી પરતંત્ર બની ગઈ છે; આજે તું બાલિકા મટી વધૂ પદથી વિભૂષિત બની છે; અને આજેજ તારૂં ઇપ્સિત કાર્ય પૂર્ણ થયું છે.

ત્યાંથી ઉઠી લીલા પલંગ પાસે ગઇ. તેનો તેજ પલંગ આજે તેને વિચિત્ર લાગ્યો. કરસ્પર્શ કરતાં કંપારી આવી. મનમાં અસ્ફુટ વિચાર ઉદ્‌ભવવા લાગ્યા. થોડીજ વારમાં દ્વાર ઉઘડયાં ને તરત બંધ થઇ ગયો; સાથે લીલાના વિચાર પણ બંધ થઇ ગયા. મુંગાં મુગાં લીલાએ સર્વ જોયા કીધું.

ચતુર્થ ખણ્ડ સમાપ્ત:

પંચમ ખંડ.

પ્રથમ પરિચ્છેદ.

પૃથ્વિરાજ.

અજમેરની ગાદીપર વિશળદેવની પછી છઠ્ઠી પેઢીએ સોમેશ્વર ચૌહાણુ રાજ્ય કરતો હતો. તે વખતે દિલ્હીની ગાદીપર અનંગપાળ તુંવર રાજ્ય કરતો હતો. અંગપાળ તુંવારને બે પુત્રીઓ હતી; જેમાંની એક નામે કમળાદેવી સોમેશ્વર ચૌહાણુને અને બીજી કનોજના રાઠેડ રાજા જયચંદને દીધી હતી. વળી અનંગપાળની ફોઇ વિજયપાળને દાધી હતી. જેને પેટે જયચંદ જન્મ્યો હતો.

અનંગપાળ એ તુંવર રાજપૂત રાજા હતો, ને તે દિલ્હીમાં રાજ્ય કરતો હતો. અસલ જ્યાં હસ્તિરાજાએ વસાવેલું હસ્તિનાપુર નગર હતું, તેની પડોશમાં મહારાજા યુધિષ્ટિરે ઇન્દ્રપ્રસ્થ નામે નગર વસાવી, તેને પોતાનું પાટનગર બનાવ્યું હતું. કાળાંતરે યુધિષ્ટિરના વંશજોનું બળ ઘટવાથી એ નગર તુંવર રાજપૂતોના હાથમાં આવ્યું. એ તુંવરોની ઓગણીસમી પેઢીએ અનંગપાળ નામે રાજા રાજા રાજ્ય કરતો હતો. તેણે ઇન્દ્રપ્રસ્થને ફરતો મજબુત દુર્ગ બાંધ્યો. ત્યાર પછી ઇન્દ્રપ્રસ્થ નામબદલી દિલ્હી નામ પડયું કહેવાય છે.[1]

પૃથ્વિરાજનો જન્મ વિ૦ સં૦ ૧૧૧૫ માં થયો હતો. તે વિષે પૃથ્વિરાજ રાસામાં કવિ ચંદ લખે છે કે,

एकादससें पंच दह विक्रम साक अनंद,
तिहिरिपु पुरजय हरनको भे पृथिराज नरिंद.

અર્થાત્ વિ૦ સં૦ ૧૧૧૫ માં શત્રુઓનાં શહેરો અને કીર્તિ હરવાને માટે પૃથ્વિરાજ ઉત્પન્ન થયો. ને પછી જન્મકુંડળીના ગ્રહોનું નિરિક્ષણુ કરતાં કવિ ચંદ કહે છે કેઃ—

चालीस तीन तिन वर्ष साज, कळि पद्दमि ईन्द्र उद्धार काज.

અર્થાત્ પૃથ્વીરાજ ૪૩ વર્ષની વયે મરણુ પામશે અને કળિયુગમાં પૃથ્વીના ઉદ્ધાર કરનાર ઇન્દ્રનો અવતાર થશે,

પૃથ્વીરાજનો જન્મ થવાથી અજમેર નગરમાં આનંદ પ્રસરી ગયો પોતાના રાજાને પુત્ર પ્રાપ્તિ થવાથી પ્રજા હર્ષઘેલી બની ગઇ. આખું શહેર ધ્વજા પાવટાથી સુશોભિત થઈ રહ્યું. ઘેર ઘેર સ્વસ્તિક પુરાયા. અજમેરની પ્રજાઓ આ માંગલિક દિવસ એક મહોત્સવ જેવો માન્યો. રાજા તરફથી પણુ યજ્ઞયાગાદિ ક્રિયાઓ

---

૧ ચંદ લખે છે કેઃ—अनंगपाळ गढ रचिय, मत्त जोसीसो उकल्लिय,
हुवो तुंवर मतहीन, करी किल्ली ते ढिल्लिय;

ધણી ધામધુમથી ઉજવાઇ. ભાટ ચારણો ને ભિક્ષુક બ્રાહ્મણોને દાન આપી સંતુષ્ટ કીધા રાજ્યનાં સઘળાં કારાગૃહ, ખુલ્લાં મુક્યાં.

× × × × ×

અનંગપાળે જોષીનો મત લઇ ગઢ રચ્યો પણ તુંવરે તેના મત ઉપર શ્રદ્ધા નહિ રાખતાં (જોષીએ કહ્યું કે ખીલી શેષ નાગની ફણા ઉપર વાગી છે તે નહિ માનતાં પરીક્ષા કરવા) ખીલી ને ઢીલી કીધી. અર્થાત્ બહાર કાઢી ને જોયું તો જોષીની વાત સત્ય જણાઈ પુનઃ ખીલો ઠોકી પણ તે કોર ઉપર વાગી તેથી જોષીએ કહ્યું કે હવે દિલ્હીનું રાજ્ય ડામાડોળ રહેશે.

જ્યારે અનંગપાળ વૃદ્ધ થયો, ત્યારે પોતાનું રાજ્ય પોતાના દોહિત્ર પૃથ્વીરાજ ને સમર્પણ કરવા તેણે વિચાર કીધો આ વખતે પૃથ્વીરાજનું વય ૧૨-૧૩ વર્ષનું હતું. તે શુરો અને પરાક્રમી રાજા નીવડશે એમ અનંગપાળનું માનવું હતું. તેથી પોતાનું રાજ્ય પૃથ્વીરાજ અને જયચંદ વચ્ચે સરખે ભાગે વહેંચવા કરતાં, આખું રાજ્ય પૃથ્વીરાજ એકલાને આપી દેવા તેણે નિશ્ચય કીધો પછી અજમેર પોતાના જમાઇને નીચે પ્રમાણે પત્ર લખ્યો:-

" स्वास्ति श्री अजमेर द्रोण दुरगं राजाधिपो राजन ।
पुत्री पुत्र पवित्र पंथय धनो छत्रीस वंशावनं ॥
मा वृद्धाय सुवृद्ध तप्त सरणं बद्री निमत्त तनं ।
आ भूमीय हयं गयं च सकल संकलिपता तर्पयं " ॥

ભાવાર્થ:—સ્વસ્તિ શ્રી અજમેર અથવા દ્રોણ દુર્ગ વિષે વિરાજમાન છત્રીસ રાજકુલમાં પવિત્ર દોહિત્ર. મારી વૃદ્ધાવસ્થા થવાથી મારે બદ્રિકાશ્રમમાં જઈ તપશ્ચર્યા કરવા વિચાર છે; માટે આ પૃથ્વી, ઘોડા, હાથી ઇત્યાદિ સર્વ તમારા નામનો સંકલ્પ કરી તમનેજ આપી દઉં છું.

ઉપર પ્રમાણે પત્ર લખી અનંગપાળે અજમેરથી પૃથ્વીરાજને બોલાવ્યો, તેને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. અનંપાળ બદ્રિકાશ્રમમાં તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યો. અનંગપાળે પૃથ્વીરાજ એકલાને દિલ્હીનું રાજ્ય આપ્યું, તેથી કનોજનો રાજા જયચંદ રાઠોડ રોસે ભરાયો; કારણ કે પૃથ્વીરાજ જેટલોજ હક્ક તેનો પણ હતો. તથાપિ આવો વિચાર ન કરતાં અનંગપાળે પૃથ્વીરાજને વિશેષ યોગ્ય ગણી, તેને એકલાને જ પોતાનું રાજ્ય સોંપી દીધું. આ કામ કરવામાં અનંગપાળે ડહાપણ વાપર્યું, પણ તેના એ કામનું એવું વિપરિત પરિણામ આવ્યું, કે તેથી સર્વ રાજપૂત રાજ્યોનો બલકે આખા ભારતવર્ષની પાયમાલી થઈ ગઇ. તે વખતથી રાજપૂત રાજ્યોમાં કુસંપાગ્નિ પ્રકટ થયો ને તેની જ્વાળામાં ભારતવર્ષની સ્વતંત્રતા ભસ્મીભૂત થઇ ગઇ.

આ વખતે હિંદુસ્તાનમાં ઘણાં રાજપૂત રાજ્યો હતાં, દિલ્હીને અજમેરનાં રાજ્ય પૃથ્વીરાજના તાબામાં હતાં. પૃથ્વીરાજ શુરો, પરાક્રમી, ઉદાર ને રાજનીતિજ્ઞ

પુરુષ હતો. તેનો બાંધો મજબુત ને ભાલપ્રદેશ વિશાળ હતો. તેનું મુખમંડળ ક્ષાત્રતેજથી વિભૂષિત હતું. અનેક તારાઓ વચ્ચે પ્રકાશતા ચન્દ્રમા પેઠે તે સઘળા રાજપૂત રાજાઓમાં પ્રકાશતો હતો. તે સર્વાંગ સુન્દર હતો તેથી ઘણીક રાજપુત કન્યાઓ તેના રૂપગુણની પ્રસંશા સાંભળી તેને મોહી પડી હતી. દિલ્હી અને અજમેર એ બે રાજ્યની સત્તા તેની પાસે હોવાથી તે ઘણો બળવાન ગણાતો હતો. તેની પાસે ૧૦૮ પરાક્રમી પટાવતો હતા. તે સર્વ યુદ્ધ કાર્યમાં નિપુણ હોવાથી પૃથ્વીરાજ સર્વત્ર વિજયી નીવડતો હતો. વળી પૃથ્વીરાજનો કાકો કન્હ પણ એક જબરો યોદ્ધો હતો. તેને 'નર વ્યાઘ્ર' નું પદ મળેલું હતું. તે સિંહ સમાન બલિષ્ઠ હતો. મોટા મોટા યોદ્ધાઓ પણ તેને દેખી થર થર કંપતા હતા. આ સિવાય દેવી ભક્ત ચંદ પણ એક મુખ્ય પટાવત હતો. જાતે બારોટ હોવા છતાં તેનામાં યુદ્ધ કૌશલ્ય સારૂં હતું. વાચનારને યાદ હશેજ, કે તેણે એક વખત ગુર્જરેશ્વરને પણ હરાવી પાછો કાઢયો હતો.

કનોજમાં જયચંદ રાઠોડ રાજ કરતો હતો. કનોજ શહેર આ વખતે આખા હિંદુસ્તાનમાં શ્રેષ્ઠ હતું. હાલના લંડનથી પણ તે વિસ્તાર વૈભવમાં ચડીઆતું હતું. શહેરનો આજુબાજુનો કોટ ત્રીસ માઇલના ઘેરાવામાં હતો, આ વખતે જયચંદની સ્પર્ધા કરે તેવો રાજા પૃથ્વીરાજ સિવાય અન્ય ન હતો. તેની પાસે એંસી લાખનું લશ્કર હતું. આવા પ્રચંડ સૈન્યને લીધે તે 'દળપાંગળો' કહેવાતો હતો. પોતાના અતિશય બળથી ફુલાઇ જઇ, તેણે એક વખત રાજસૂયયજ્ઞ કરી, ચક્રવર્તિ પદ મેળવવા પ્રયત્ન કીધો હતો. પણ તે વખતે પૃથ્વીરાજે અને સમરસિંહે તેનું આધિપત્ય સ્વીકાર્યું ન હતું. જયચંદ આટલો બળવાન હોવા છતાં પૃથ્વીરાજને જેર કરી શકયો ન હતો. આખરે તેણે શાહાબુદીન ઘોરીને પૃથ્વીરાજ ઉપર ચડાઇ કરવા બોલાવી, દેશદ્રોહનું મહાપાતક પોતાને શિર વહોરી લીધું! શાહાબુદીન ઘોરીએ દિલ્હીને અજમેર જીત્યા પછી કનોજ જીતી જયચંદને તેના દુષ્કૃત્યનું ફળ ચખાડયું હતું.

ચિતોડમાં સમરસિંહ રાણો રાજ્ય કરતો હતો કવિ ચંદ લખે છે કે સમરસિંહ યુદ્ધમાં ઘણો કુશળ હતો. વળી તે બહાદુર, ઠંડા મિજાજનો તે દીર્ઘદર્શી હતો. ચૈહાણ સામંતો તેના તરફ માનની દૃષ્ટિથી જોતા હતા. જ્યારે લશ્કર કૂચ કરતું ત્યારે શકુન કે અપશકુન તે સારી રીતે વર્તી શકતો હતો. વ્યુહ રચનામાં તે ઘણો નિપુણ હતો. ઘોડાપર બેસવામાં ને તીર મારવામાં તે એકકો હતો. તે સદા શિવનો ભક્ત હતો ને હંમેશ શરીર પર રૂદ્રાક્ષની માળા સિવાય અન્ય આભૂષણ ધારણ કરતો નહિ. પૃથ્વીરાજની બહેન સાથે તેનું લગ્ન થયું હતું. પૃથ્વીરાજ અને સમરસિંહ વચ્ચે ઘણો સ્નેહ હતો. આ સ્નેહને લીધેજ તેણે વખતો વખત પૃથ્વીરાજને મદદ આપી હતી. જ્યારે પૃથ્વીરાજને શાહબુદ્દીન ઘોરી વચ્ચે ઇ. સ. ૧૧૯૩ માં મહાભારત યુદ્ધ થયું, ત્યારે તે પૃથ્વીરાજની મદદમાં હતો. તે યુદ્ધમાં સમરસિંહે તેના પુત્ર કલ્યાણે અને તેની સાથેના તેર હજાર સરદારોએ પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી. આ વખતે હિંદુ પ્રજાનું હિત ઇચ્છનાર જો કોઇ પણ રાજા

હોય, તો તે માત્ર સમરસિંહ રાણોજ હતો. ક્યાં જયચંદ રાઠોડ ને ક્યાં સમરસિંહ રાણો ! ! !

ગુજરાતમાં ચાલુક્ય રાજા ભોળો ભીમદેવ ને આબુ પર જેતસિંહ પરમારનું રાજ્ય હતું. એ બંને વિષે વાંચનાર સારી પેઠે જાણે છે તેથી અહીં પુનરૂક્તિ કરવાની જરૂર નથી. વળી મંડોર ઉપર નાહરરાય ને લુદ્રવા ઉપર ભોજદેવનો અમલ હતો.

સોમેશ્વરની હયાતીમાં પણ પૃથ્વીરાજે ઘણીક લડાઇઓ કરી હતી. દેવગિરિના રાજાને શશિવૃત્તા નામની એક ખૂબસુરત કન્યા હતી. તેનો વિવાહ જયચંદ રાઠોડ સાથે કરેલો હતો. પરંતુ તે કન્યાએ જ્યારે પૃથ્વીરાજની કીર્તિ સાંભળી, ત્યારે તે તેના ઉપર મોહિત થઇ ગઇ; ને તેણે પૃથ્વીરાજ સિવાય અન્ય પુરુષ સાથે લગ્ન નહિ કરવાનો દૃઢ સંકલ્પ કીધો. કેટલાક વખત પછી શશિવૃત્તાના વિચાર પૃથ્વીરાજના જાણવામાં આવ્યા. તેણે તે કન્યાનું હરણ કરી દિલ્હીમાં આણી. પૃથ્વીરાજે શશિવૃત્તાનું હરણ કર્યું એ વાત જ્યારે જયચંદના જાણવામાં આવી ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. દિલ્હીના રાજ્ય માટે તેને પ્રથમથીજ પૃથ્વીરાજ જોડે અણબનાવ હતો. તેમાં વળી આ એક નવું કારણ ઉપસ્થિત થયું; એટલે તેના હૃદયસ્થ ધુંધવાતા વૈરાગ્નિમાં ઘૃત હોમાયું. જબરી તૈયારી કરી તેણે દેવગિરિના રાજા પર ચડાઇ કરી. જયચંદને આવતો સાંભળી દેવગિરિના રાજાએ પૃથ્વીરાજની મદદ માગી. પૃથ્વીરાજે પોતાના પટાવત ચામુંડરાયને જબરૂં લશ્કર આપી દેવગિરિની સહાયમાં મોકલ્યો. તે યુદ્ધમાં ચામુંડરાય વિજય મેળવી પાછો દિલ્હી આવ્યો.

પૃથ્વીરાજ જયચંદ સાથે જેમ મેળ ન હતો, તેમ તેને શાહબુદ્દીન ઘોરી સાથે પણ અણબનાવ ચાલતો હતો. શાહબુદ્દીનના દરબારમાં ચિત્રરેખા નામની એક ખૂબસુરત સ્ત્રી હતી. તેના ઉપર શાહબુદ્દીન ઘણીજ પ્રીતિ રાખતો હતો. પણ સ્ત્રીના સ્વભાવ પ્રમાણે તેને શાહબુદ્દીનથી સંતોષ ન થયો, એટલે તે શાહના પિતરાઇ હુસેનખાન સાથે પ્યારમાં પડી. જ્યારે એ વાત શાહના જાણવામાં આવી, ત્યારે તે હુસેનખાન ઉપર ગુસ્સે થયો. તેની કોપ-જવાળાથી બચવા માટે ચિત્રરેખાને સાથે લઈ દિલ્હી આવ્યો, ને ત્યાં પૃથ્વીરાજના આશ્રય નીચે રહ્યો. શાહબુદ્દીને પૃથ્વીરાજ પાસે હુસેનખાન પાછો માગ્યો. પણ રાજપૂત રાજા પોતાના શરણાગતને પાછો કેમ સોંપે ? શરણાંગતનું રક્ષણ કરવું, એ ક્ષત્રિય કુલાચારને વળગી રહી, પૃથ્વીરાજે શાહબુદ્દીનની માગણી સ્વીકારી નહિ. આથી શાહબુદ્દીનને પૃથ્વીરાજ વચ્ચે વૈર ઉપસ્થિત થયું. જ્યારે પૃથ્વીરાજનું લશ્કર દેવગિરિ ગયું, ત્યારે શાહબુદ્દીને દિલ્હી પર ચડાઇ કરી. એ ચડાઇની ખબર વેળાસર પૃથ્વીરાજના જાણવામાં આવી, એટલે તે પણ શાહની સામે પંજાબ સુધી જઇ પહોંચ્યો. ચિતોડના રાણા સમરસિંહે આ વખતે પૃથ્વીરાજને સારી મદદ આપી હતી. લાહોર પાસે રાજપૂત અને યવન સેનાનો ભેટો થયો. ત્રણ દિવસ સુધી ભયંકર યુદ્ધ થયું. તેમાં પૃથ્વીરાજના ૧૩ સરદારો અને શાહના ૧૪ સરદારો કામ આવી ગયા. સાધારણ સૈનિ-

કાનો તો હિસાબજ ન હતો. ત્રીજે દિવસે ચામુંડરાયને હાથે શાહબુદ્દીન કેદ પકડાયો. તે એક માસ સુધી દિલ્હીમાં પૃથ્વીરાજનો કેદી બની રહ્યો. શાહબુદ્દીન કેદી હોવા છતાં પૃથ્વીરાજ તેના તરફ માનની દૃષ્ટિથી જોતો હતો. પોતાના એક મિત્ર સમાન તેને તે ગણતો હતો. સલાહ થતાં શાહે પૃથ્વીરાજને નવ હજાર રત્નો, સાતસેં ઘોડા ને તે સિવાય બીજું પુષ્કળ દ્રવ્ય આપ્યું, પછી પૃથ્વીરાજે શાહબુદ્દીનને સહી સલામત ગીજની પહોંચતો કીધો.

આ લડાઈ પછી પૃથ્વીરાજને શાહબુદ્દીન સાથે બીજી બે ત્રણ લડાઈઓ થઈ તે સર્વમાં શાહબુદ્દીન પરાજિત થયો. યુદ્ધમાં વખતો વખત કેદ પકડાવા છતાં પણ પૃથ્વીરાજે તેને જીવિતદાન આપી, રાજપૂતોના ઉદાર સ્વભાવનો તેને સંપૂર્ણ પરિચય કરાવ્યો હતો; અથવા એમ કહો, કે તેણે વિષધરને દૂધ પાઇ ઉછેરવાનું સાહસ કર્યું હતું. એ વિષધરે જ કૃતઘ્ની બની પાછળથી પોતાને જીવિતદાન આપનારને ભયંકર દંસ દીધો અને તેની વિષયજ્વાળામાં સર્વ રાજપૂત રાજ્યો હોમાઇ ગયાં ને ભારતવર્ષનું અધઃપતન થયું.

દ્વિતીય પરિચ્છેદ.

રાજ્યાભિષેક.

પ્રાતઃકાળ થવાને ઝાઝીવાર ન હતી. પ્રાચી દિશા રક્તવર્ણી બની ગઇ હતી. અદૃશ્ય સિંહના પ્રચંડ ધ્વનિથી મૃગલાં મરૂત્ વેગે દોડી જાય, તેમ તારાઓ એક પછી એક નાશી જતા હતા. સુવાસિત સુમનોની પરિમળ ચોરી, પવન મંદ મંદ ગતિથી વૃક્ષલતાને ડોલાવતો હતો. શીતળ સમીરના સ્પર્શથી લતા–ગૃહમાં નિદ્રા લેતાં પક્ષીઓ જાગૃત થઇ મધુર ધ્વનિ કરી રહ્યાં હતાં. મકરંદનો આસ્વાદ લેવા મધુકર ગુંજારવ કરી આમ તેમ ફરતા હતા. ધીમે ધીમે સૂર્યોદય થયો. પુરવાસીઓ જાગૃત થઇ પોત પોતાના નિત્ય કર્મમાં પ્રવૃત્ત થઇ ગયા. દિલ્હી નગરના રાજદરબારમાં ચોઘડીઆના મધુર સ્વર સંભળાવા લાગ્યા.

આજે પૃથ્વીરાજને રાજ્યાભિષેક કરવાનો શુભ દિવસ હતો. નગરવાસીઓનો આનંદ આજે અપરિમિત હતો. પ્રભાતમાંજ રાજ્યારોહણની સઘળી તૈયારીઓ થવા માંડી, ધ્વજા વાવટાને આશોપાલવનાં તોરણોથી આખું નગર સુશોભિત દેખાતું હતું. સરકારી મકાનોની–વિશેષે કરીને રાજહર્મ્યની શોભા અવર્ણનીય જણાતી હતી. ઘેર ઘેર સ્વસ્તિક પુરાયા હતા. પુરવાસીઓએ પણ યથાશક્તિ પોતાનાં મકાન શણગાર્યાં હતાં. દેવમંદિરામાં લોકો સ્તુતિ કરી પોતાનો રાજા દીર્ઘાયુ થાય તેવી પ્રાર્થના કરતા હતા. નગરમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓ ઘણી ધામધૂમથી ચાલતી હતી. ત્યાં અસંખ્ય વિદ્વાન બ્રાહ્મણો મંત્રઘોષ કરી આસપાસનું સ્થળ ગજાવી મૂકતા હતા. ભાટચાર-

ઓનાં ટોળાં રાજાનાં યશોગીત ગાતાં હતાં ને બ્રાહ્મણો ગિર્વાણ ગિરામાં રાજાને આ-શીર્વચન આપતા હતા.

રાજ જ્યોતિષીએ નિર્ધારીત શુભ મુહૂર્ત આપ્યું. મહારાજા યુધિષ્ઠિરના ધર્માસન પર પૃથ્વીરાજને ઇચ્છિનકુમારી વિરાજ્યાં. તેમનું યુગલ ઇન્દ્ર ને ઇન્દ્રાણી જેવું શોભવા લાગ્યું ! બ્રાહ્મણોએ શાસ્ત્રવિધિ કર્યા પછી અનેક સરદારો, સામંતો ને મંડળેશ્વરો સમક્ષ કન્હ ચૌહાણે પૃથ્વીરાજને રાજતિલક કીધું. તે પછી નિડરરાયે અને પછી અનુક્રમે સર્વ સામંતોએ પણ તિલક કરી ભેટ મૂકી. પૃથ્વીરાજના શિર પર રાજછત્ર ધરાયું, એટલે બ્રાહ્મણોએ મંત્રઘોષ કીધો ને પ્રજાજનોએ ' જય જય મહારાજ પૃથ્વીરાજનો " એવા આનંદધ્વનિથી તે સ્થાન ગજાવી મૂક્યું. સ્ત્રીઓએ મંગળ ગીત ગાવા માંડયાં. કોકીલકંઠીઓના મધુર ગાનથી તે સ્થાન, મઘવાના સ્વર્ગસદન સમાન ભાસવા લાગ્યું.

તે પછી કન્હ ચૌહાણે રાજાને એક હાથી ભેટ કર્યો. સિંધ પરમાર, જામ જાદવ, બલિભદ્ર, કુરંભદેવ ને અન્ય પ્રજાજનોએ પણ યથાશકિત રાજાને ભેટ મૂકી. રાજાએ પણ પોતાના સામંતોને હાથી, ઘોડા ને ઉચ્ચ પદવીનું દાન કર્યું. ભાટચારણ ને ભિક્ષુક બ્રાહ્મણોને પણ સંતુષ્ઠ કીધા. રાજાની ઉદાર વૃત્તિ જોઈ સર્વ લોકો મુક્તકંઠે તેની પ્રસંશા કરવા લાગ્યા.

તૃતીય પરિચ્છેદ.

શોકોદ્દગાર.

આપણી વાર્તાની નાયિકા ઇચ્છિનકુમારી અત્યારે પોતાના શયનખંડમાં શોકાન્વિત વદને બેઠી છે. અતિશય ચિંતાને લીધે તેની મુખકળી બીડાઇ ગએલી જણાય છે. તેનો કૃષ્ણવર્ણ દીર્ઘ કેશકલાપ આમ તેમ સ્વચ્છન્દે વિહરતો ફરેછે. આકાશસ્થ ચંદ્રમા જાણે તેના નિસ્તેજ મુખચન્દ્રનો પરિહાસ કરતો હોય, તેમ ક્ષણે ક્ષણે મુખ છુપાવી ડોકીઆં કરતો હતો. પણ તેનું તે બાલિકાને ભાન નહતું. તેના હસ્તદ્વયમાં મૌક્તિક જડિત સુવર્ણ કંકણો અને નાસિકામાં હીરાજડિત વાળી સિવાય અન્ય કંઇજ ન હતું. વિપુલ શ્રીભોક્તા હોવા છતાં અત્યારે તે આવાં સાદાં આભૂષણમાં બેઠી હતી. ખરેખર ચિત્તની પ્રસન્નતા સિવાય બાહ્યસુખ તે ખરું સુખ નહિ પણ દુઃખરૂપ જ ભાસે છે. ચિત્તશાન્તિથી અધિક સુખ શું હોઇ શકે ? મહારાજ્ઞી અત્યારે ચિંતાશીલ હતી, તદપિ તેનું નૈસર્ગિક સૌન્દર્ય અપ્રતિમ પ્રકાશી રહ્યું હતું. કોઇ કવિએ સત્યજ કહ્યું છે કેઃ—

નૈસર્ગિક સૌન્દર્યને જોઇએ નહિ શૃંગાર;
વિના ભૂષણે શોભતો ચંદ્ર નભે નિર્ધાર.

આજના મંગલ દિવસે તે આટલી બધી ચિંતાતુર શા માટે દેખાતી હશે ? અત્યારે તેને પોતાના શ્વસુરનું સ્મરણ થઇ આવવાથી ઉદાસ થઇ વિચારમગ્ન બેસી

રહી હતી. થોડીવાર પછી તે પોતાના હૃદયસ્થ ભારને હલકો પાડવા આત્મગત બોલી;—" વિધે ! તે મારા ભાગ્યમાં શું લખ્યું છે તે કંઈ સમજાતું નથી ! મારે લીધેજ પિતાશ્રીને કેટલી આપત્તિ ખમવી પડી ! રાજપાટ ગુમાવી તે રખડતા થયા ! સહસ્રાવધિ પરમારો સ્વર્ગે ગયા : ને ઘેરે ઘેર રડારોળ થઇ રહી ! એક વખતે નિરાશ થવા છતાં પણ તે નરપિચાશ શાન્ત ન થયો. પરાજિત થવા છતાં પણ લજવાયો નહિ ને પુનઃ અજમેર પણ ચડાઈ કરી આવ્યો. અરર ! શ્વસુર અપ્રતિમ વીરતા દર્શાવ્યા છતાં સ્વર્ગે ગયા ! સેંકડો ચૌહાણો રણભૂમિમાં સદાને માટે શાન્ત થઇ ગયા ! સત્યનો પરાજય થયો પાપનો જય થયો ! ધર્મ ધરણીમાં સમાઇ ગયો ! હાય ! હાય ! દૈવ ! આ તારો ભારે કેવો કોપ ! અરે ભુંડા ! આમ કરવાથી તને શો લાભ થયો ? શું સોમેશની કીર્તિ સાંભળી તને ઇર્ષ્યા આવી ?"

"પિતાજીની પણ અત્યારે કેવી સ્થિતિ હશે ? સોમેશને સ્વર્ગમાં પહોંચ્યાની વાત સાંભળી, તેમના મનમાં કેટલું લાગ્યું હશે ? તેઓ મને કેટલી બધી ધિક્કારતા હશે ? હા દૈવ ! જો તારે આમજ કરવું હતું, તો તે મને અવતાર શા માટે આપ્યો ? અથવા અવતાર આપ્યો તો અત્યાર સુધી જીવતી શા માટે રાખી ? અરે ! એક સમય એવો હતો, કે પિતાશ્રી મારૂં મુખ જોઇને આનંદ પામતા હતા. મારી મધુરી વાણી તેમના કાનમાં અમૃત રેડતી હતી. મારા દર્શન માત્રથી તેમની ઉદાસી દૂર થઇ જતી. પ્રાણનાથ ને સસરાજી પણ મારા સૌન્દર્યની પ્રશંસા કરતા હતા. જાણે પોતાને એક અમૂલ્ય રત્ન પ્રાપ્ત થયું હોય તેમ તેઓ આનંદ માનતા હતા ! પણ હાય ! તે સર્વ વખત ચાલ્યો ગયો ! સુખનો સૂર્ય અસ્ત થયો ! હવે મને દેખીને પ્રાણનાથના મનમાં કેવી જ્વાળા ભભુકી ઉઠશે ! સસરાજીના મોતનું કારણ હુંજ થઇ ! મારે માટે જ તેઓ આ લોકનો ત્યાગ કરી ચાલ્યા ગયા ! પિતા પણ મને કેટલી ધિક્કારતા હશે ! વિધે ! તેં મને શા માટે આટલું બધું લાવણ્ય આપ્યું ? જો હું કદરૂપી હોત તો અત્યારે આવો પ્રસંગ શાને આવત ? રણયજ્ઞમાં સહસ્રાવધિ મનુષ્યોની આહુતિ ન અપાત. મારે માટેજ આખા રાજની કેવી દશા થઇ છે ! અત્યારે પ્રજાને પણ સુખ ક્યાં મળે છે ? સસરાજી ? આ મંદભાગિનીને લીધેજ આપ અકાળે સ્વર્ગ સદનમાં સિધાવ્યા છો ? મારે માટેજ આપે અસહનીય કષ્ટ સહન કીધું છે ? મારે માટેજ સર્વ વૈભવ છોડી આપ પરલોક પહોંચ્યા છો ? પૂજ્ય ! આપનો બદલો હું કેવી રીતે વાળી શકીશ ? શુરા સૈનિક બન્ધુઓ ! આ એક પાપીણી માટેજ તમે તમારા જાન ગુમાવ્યા છે ? વીરો, તમે સંસાર સુખ પણ અનુભવ્યું નહિ હોય. કીર્તિના લોભમાંજ તમે તમારૂં જીવન નષ્ટ કરી દીધું છે. અરે ! તમારી માતાઓ, ભગિનીઓ અને અને વધૂઓ તમારા વિયોગથી કેટલી પીડાતી હશે ! વીર માતાઓ ! મારેજ માટેજ અત્યારે તમે અપુત્ર થઈ દુઃખ ભોગવો છો ! હાય ! હાય ! દૈવ ! તારે આટલો બધો અનર્થ કરવાનું શું પ્રયોજન હતું ? શું તને જરાયે દયા ન આવી કે?" આમ વિલપતી તે ક્ષણભર નીચુંજ જોઇ રહી.

" હાય ! આ સર્વ દોષ મારોજ છે ! મારા સૌન્દર્યનોજ આ બધો અપરાધ ! આ ઇન્ધન જ સર્વના વિનાશનું કારણ ! આ પાપી આત્મા હજી સુધી ઉભો રહ્યો

છે, માટેજ દેશની આવી દુર્દશા ! અહા ! પાપી પ્રાણ ! તમે અદ્યપર્યન્ત શા માટે ટકી રહ્યા છો ? શું તમે નિશ્ચયજ કીધો છે, કે આખા ભારતવર્ષની પાયમાલી ક્યા પછી અહીંથી ચાલ્યા જવું ? શું તમારૂં હૃદય એટલું બધું કઠણ છે કે જેથી તમને દયા પણ નથી આવતી ? ઓ પાપી પ્રાણાત્મા તમને સહસ્ત્રવાર ધિક્કાર છે. કલંકિત થવા છતાં પણ હજી તમે આ દેહનો ત્યાગ કરતા નથી ! "

" અહો ! કેટલું બધું આશ્ચર્ય ! આટલું બધું થવા છતાં પણ પ્રાણનાથ મારા પર જેવુ ને તેવુંજ હેત રાખે છે ! આ સર્વ અનર્થનું મૂળ હું છું, એમ તેઓ અદ્યાપિ નહિ સમજતા હોય ? ના, ના; તેમ ન હોય. ત્યારે કારણ શું ? કારણ માત્ર સાધારણ મનુષ્યથી ભિન્ન પ્રકૃતિ, ક્ષત્રિય ઔદાર્યનું જ્વલંત દૃષ્ટાંત. વ્હાલા કાન્ત ! હું હવે તમારી દયાને પાત્ર નથી, સેંકડો દોષોની ખાણ રૂપ આ કિંકરી ઉપર હવે આપ દયા દર્શાવતા નહિ ! પ્રાણેશ ! હવે હું આપને ઝાઝીવાર વિપત્તિમાં સપડાયલા જોવા ઇચ્છતી નથી. હું હવે થોડીજવારમાં આપના બળતા હૃદયને શાંત કરીશ—બસ ! હવે આ પાપી પ્રાણાત્માનો ત્યાગ કરીશ. બળાત્કારે તેમને આ દેહમાંથી મુક્ત કરીશ. એ નિર્લજ આત્મા અપમાન સહન કર્યા પછીજ આ દેહનો ત્યાગ કરશે. અવશ્ય હવે હું આત્મહત્યા કરીને મારી સઘળી માનસિક વ્યથા નિવારીશ. હું હવે ઝાઝીવાર અહીં રહેવા ઇચ્છીશ નહિ. પ્રાણેશ ! સસરાજી ! તમે સર્વ આ અપરાધિનીના દોષ ક્ષમા કરજો. "

આત્મહત્યા કરવાનો વિચાર આવતાં તે સ્તબ્ધ થઇ ગઇ. વિચારશૂન્ય તેનું હૃદય દ્રવવા લાગ્યું. નેત્રોમાંથી અસ્ખલિત અશ્રુપ્રવાહ ચાલ્યો. મુક્ત કંઠે રૂદન કરી તે પોતાની માનસિક વ્યથા દૂર કરવા લાગી. અથવા તેની માનસિક વ્યથા અશ્રુરૂપે બહાર સરવા લાગી. તે નિશ્ચેતન—જડવત્—સંજ્ઞારહિત ઉભી રહી. થોડીવાર પછી તે સાવધ થઇને પુનઃ આત્મગત વિચારવા લાગી. " હં—ક્ષણ વારમાં મેં કેવો નીચ વિચાર કીધો ! પરમાર કુળને કલંકિત લીધું ! શું પરમારવંશીય કન્યા આત્મઘાત કરી પ્રાણત્યાગ કરશે ? ચૌહાણ કુળવધૂ આમ સહજમાં ગભરાઇ જશે ! અરે ! પ્રાણેશનાં દુઃખાર્ત હૃદયને શાન્તિ નહિ મળે, ચૌહાણવંશીય વીર નારીનું કર્તવ્ય શું છે ? વીરતાથી રણમાં ઝુઝવું, શત્રુઓનો સંહાર કરવો ને વીર પુત્રોને જન્મ આપવો. ક્ષત્રિય વીરાંગનાઓની વીરતા જગપ્રસિદ્ધ છે. હે જગદંબે ! હે ભગવતી ! હે ભદ્રે ! તું મને સહાય થા. મારાપર દયા રાખ, ને મને આ દુષ્ટ વિચારોમાંથી મુક્ત કર. "

" પાપી ગુર્જરો ! હું જોઉં છું, કે હવે તમે કેટલું શૌર્ય બતાવી શકો છો ! અરે ! ચાંડાલો, એક વખત વિજય મળવાથી તમે શા માટે ફલાઇ મરો છો ? હું સમરાંગણમાં મારા હાથનું પાણી બતાવી આપીશ. સોમેશની પુત્રવધૂ વૈરની વસુલાત કરવા તમારા સામી સમરભૂમિમાં ઉપસ્થિત થશે. ને તમારી પાયમાલી કરી નાખશે. દુરાત્મન્ ગુર્જરપતિ ! યુદ્ધભૂમિમાંજ હું તારો પ્રાણ લઇશ ! તે ત્યાંજ તારી પાસે સોમેશ માગીશ ! ઓ ભીમ ! ઓ કાયર ! તારે મારા હાથનું પાણી જોવું હોય તો સમરાંગણમાં મારી સામો આવી જોજે ! પરમાર પુત્રો અને શૂરા અને રણપ્રિય

છે. તેવીજ તેમની કન્યાઓ પણ છે, એ શું તમે નથી જાણતા ? પાપાત્માઓ ! તમે યાદ રાખજો કે ચૌહાણો પોતાનું વૈર વાળ્યા સિવાય રહેશે નહિ. તેઓ તમારી ને તમારા રાજ્યની પાયમાલી કરી નાખશે. દુષ્ટ ગુર્જરેશ્વર ! તેઓ તને સોમેશ્વરનો સાથી કરશે. જ્યારે હું તને સ્વર્ગસ્થ થએલો જાણીશ ત્યારેજ મારો આત્મા શાન્ત થશે."

"ધન્ય ! પ્રિયે ! ધન્ય !" પાછળ ઉભેલા પૃથ્વીરાજના મુખમાંથી એકદમ ઉદ્દગાર નીકળ્યો.

ઇચ્છન આશ્ચર્ય પામી પાછળ જુએ છે તો પોતાના પ્રિયતમને ઉભેલા જોયા. સ્વસ્થ થઇ તે એકદમ દોડી ને પતિપાદપદ્મમાં શિર નમાવી તેને બેસવા માટે આસન આપ્યું. પોતે હસ્તદ્વય જોડી સામેજ ઉભી રહી.

"પ્રાણેશ ! અત્યારે આપ અહીં ક્યાંથી ? આ દાસીપર અનુગ્રહ કરવાનું શું કારણ ?" ઇચ્છને શરમાતાં શરમાતાં પ્રશ્ન કર્યો.

"પ્રિયે ! તમારી દિલગીરી દૂર કરવા માટેજ, ક્યારનોએ હું અહીં આવી ઉભો હતો; કિન્તુ તમને તે ખબર ન હતી." પૃથ્વીરાજે જવાબ આપ્યો.

"નાથ ! આ કિંકરી આપનો સત્કાર કરી શકી નહિ, તે દોષ ક્ષમા કરશો." ઇચ્છને ક્ષમાની યાચના કરતાં કહ્યું.

"નહિ, નહિ, પ્રિયે ! તમારો દોષ છેજ નહિ, માટે ક્ષમાની યાચના કરવા જેવું રહ્યું નથી."

"પ્રાણનાથ ! અત્યાર સુધી આમ છૂપાઇ રહેવાનું શું કારણ ?" ઇચ્છને જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

"તમારાં વચન સાંભળવા માટેજ હું ઉભો હતો. પ્રાણવલ્લભા ! તમારા ઉદ્દગાર મેં સારી રીતે સાંભળ્યાં છે. આજેજ હું તમારી યથાર્થ પરીક્ષા કરી શક્યો છું. તમારાં શૌર્યોત્પાદક વચનો સાંભળી મારૂં મન સંતુષ્ટ થયું છે. પરમાર પુત્રીને શોભા આપે તેવું તમારૂં સાહસ ને શૌર્ય જોઇ મારી સઘળી ચિંતા નષ્ટ થઇ છે. પ્રિયે ! તમારા જેવી સુંદરીઓજ ભારતવર્ષનું ભૂષણ છે. પ્રિયે ! તમારૂં શૌર્ય, ધૈર્યને ચાતુર્ય, ખરેખર અદ્દભુત છે." પૃથ્વીરાજે ઇચ્છનની પ્રશંસા કરતાં કહ્યું.

પોતાની સમક્ષ પોતાનાં વખાણ થતાં સાંભળી ઇચ્છનકુમારી શરમાઇ ગઇ. પતિ બોલી રહ્યા પછી તે મૃદુ વચને બોલી:—"પ્રાણેશ ! આટલાં બધાં વખાણને પાત્ર હું નથી. એક ભાગ્યહીણ કિંકરીની આટલી બધી પ્રશંસા ! પ્રાણનાથ ! ક્ષમા કરો ! પુનઃ આવાં વચન બોલી મને શરમાવો નહિ."

"શરમાવ છો શા માટે ? સર્વથા તમે પ્રસંશાને પાત્ર છો."

"હળાહળ વિષ પ્રસંશનીય છે કે ?"

"એટલે ? તમે શું કહેવા માગો છો ?" પૃથ્વીરાજે સામો પ્રશ્ન કર્યો.

"પ્રાણનાથ ! મારે લીધેજ આપ આ સંકટમાં આવી પડયા છો, મારે લીધેજ પિતાશ્રી સ્વર્ગે સંચર્યા છે. માટે હું હળાહળ વિષસમાન છું." ઇચ્છને પોતાનો મનોભાવ વ્યકત કર્યો.

"વહાલી! એમાં તમારો દોષ છેજ નહિ. તમે અમૃતરૂપ છો. માટે મિથ્યા શોચ ન કરો."

"મારે લીધેજ આપ આવી વિપત્તિમાં આવી પડયા છો, છતાં મને શોચ કેમ ન થાય?"

"વરાનને, વિપત્તિ શી છે? અથવા જો છે તો ક્ષત્રિયો એવી વિપત્તિ સહન કરવા માટેજ જન્મેલા છે! રણમાં ઝૂઝીને કીર્તિ મેળવવી એ ક્ષત્રિયોનો પરમ ધર્મ છે. માટે તમે બિલકુલ શોક કરો નહિ."

"નાથ! વખત આવશે ત્યારે મારો શોક એની મેળે નષ્ટ થશે!"

"સત્ય છે પ્રિયે! હવે હું તમારો શોક ઝાઝી વાર નહિ રહેવા દઉં."

"હં-શું કહો છો? પ્રાણનાથ! મારો શોક આપ શી રીતે દૂર કરશો?"

ગુર્જરભૂમિને રંડાપો આપીને! ગુજરાત પર ચડાઈ કરી આ સમશેરથી ભીમનો વધ કરીને, પ્રિયે! પ્રભાતમાંજ પ્રયાણ કરવાનો મેં નિશ્ચય કીધો છે. કહો, હવે આપ તમારો શોક નષ્ટ થશે કે નહિ." પૃથ્વીરાજે આવેશમાં આવી કહ્યું.

"ધન્ય છે! પ્રાણનાથ! આપની વીરતાને. હવે તેમ કરવું જ યોગ્ય છે. જગદંબા આપને સહાય કરશે. કિન્તુ નાથ! આપ થોડી મુદત વિશ્રાન્તિ લઇ પછી સંપૂર્ણ તૈયારી કરી જાઓ તો ઘણું સારૂં."

"પ્રાણવલ્લભા! અપમાનિત ક્ષત્રિયને વિશ્રાન્તિ શી? જ્યાં સુધી તેના હૃદયમાં વૈરાગ્નિ પ્રજ્વલિત હોય, ત્યાં સુધી તેના મનને શાન્તિ શી રીતે મળે? માટે પુનઃ તમે આવી બાલિશતા ન બનાવશો."

"હૃદયેશ! એવા બલિષ્ટ મહારાજા સાથે યુદ્ધ આરંભવું, એ જેવી તેવી વાત નથી. માટે યથોચિત પ્રબંધ કર્યા પછી સુખેથી આપની મનઃકામના પૂર્ણ કરો." ઇચ્છિનીએ પોતાની શંકા વ્યક્ત કરતાં સૂચના કરી.

ઇચ્છિનકુમારીનાં વચન સાંભળી પૃથ્વીરાજ છંછેડાયો. તેના શરીરમાં શૌર્યનો આવિર્ભાવ થયો. તે ભીષણ ગર્જના કરી બોલ્યો:—"બલિષ્ટ રાજા! મહારાજા! હા, મહા બલિષ્ટ રાજા ખરો! ચૌહાણ કુલભૂષણ મહારાજા, મારા પૂજનીય પિતા સોમેશ્વર ચૌહાણનો નાશ કરનાર, એ મહારાજા ખરો! આબુની પાયમાલી કરનાર, તે બલિષ્ટ રાજા ખરો! પણ હવે હું ઝાઝી વાર સુધી, એ બલિષ્ટ રાજાને આલોકમાં નહિ રહેવા દઉં! પાપાત્માના ભારથી ભૂમિને મુક્ત કરીશ! પિતાનું વૈર વાળીશ ને ગુર્જર ધરાને રંડાપો આપીશ! જેની વક્રદૃષ્ટિથી મોટા મોટા દિગ્વિજયી રાજાઓ પણ કંપી જાય, જેના પદ પ્રહારથી ભૂમિ પણ થરથર કંપી જાય અને જેના નામ માત્રથી મોટા મોટા રણધીર સૈનિકો પણ કાયર થઇ નાશી જાય; તેવો આ પૃથ્વીરાજ હવે તેને સોમેશનો સાથી કર્યા વિના કેમ રહેશે? જ્યાં સુધી ભીમના શોણિતમાં આ તલ્વાર સ્નાન ન કરે ત્યાં સુધી પાઘડી નહિ પહેરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે."

"ધન્ય છે નાથ! આપની ઇચ્છા સત્વર પૂર્ણ થાય એવી જગદંબા પાસે

મારી અનન્ય ભાવે અભ્યર્થના છે. આપનાં પરાક્રમ વિશ્વવિખ્યાત છે. આજ સુધીમાં આપે ઘણાં પરાક્રમ કીધાં છે. આપના નામથી યવનો પણ થરથર કંપે છે. વ્હાલા ! સુખેથી આપ સમરાંગણમાં જવાની તૈયારી કરો, ને પાપીને તેના કૃત્યનાં ફળ ચખાડો. પણ—" ઇચ્છન અચકાતાં અચકાતાં બોલી:—" નાથ ! મારી એક પ્રાર્થના સ્વીકારશો કે ? "

" કહે પ્રિયા, તારી શી ઇચ્છા છે ?"

" હવે ઇચ્છા એજ કે આ દાસીને આપનાથી વિખૂટી પાડશો નહિ. "

" એટલે શું તમે એમ કહેવા માગો છો, કે સમરાંગણમાં પણ તમને સાથે લઇ જવાં ? "

" હા, પ્રાણનાથ. "

" પ્રિયતમા ! આવાં વચન બોલી અમને શરમાવો નહિ, હજી અમે એટલા બધા નિર્વીર્ય નથી બની ગયા. કે જેથી તમારી મદદ લેવી પડે. શત્રુઓનો સંહાર કરવા જેટલું સામર્થ્ય અમારી ભુજાઓમાં છે. માટે આપ સુખેથી અહીં રહો. "

" નાથ ! સમરાંગણમાં જતાં તમને જેવો આનંદ થાય છે, તેવોજ આનંદ અમને પણ થાય છે. માટે મને નિરાશ ન કરો. " ઇચ્છિને પુનઃ યાચના કરી.

" પ્રિયે, તમારા સ્વભાવને હું સારી રીતે ઓળખું છું. તમે એક રણકુશળ વીર રમણી છો, એ મારાથી ના કહેવાશે નહિ; કિન્તુ અત્યારે તમારી માગણી અસ્થાને છે. " પૃથ્વીરાજે દિલગીરીથી રાણીની માગણીનો અનાદર કર્યો.

" જેવી આપની ઇચ્છા. આપની ઇચ્છાને અધીન થવું. એ મારો ધર્મ છે." એમ બોલી ઇચ્છન નીચું જોઇ રહી. પૃથ્વીરાજ તેના મુખની નિરીક્ષા કરતો સામેજ ઉભો રહ્યા.

ચતુર્થ પરિચ્છેદ.

નિશ્ચય અને પ્રયાણ.

સોમેશ્વરના મરણથી પૃથ્વીરાજને ક્રોપ ચડ્યો હતો. વળી ઇચ્છનકુમારીનો મનોભાવ જાણી તેનો ક્રોપાગ્નિ વિશેષ પ્રદીપ્ત થયો. હજી સુધી તે વૈર વાળી શક્યો ન હતો, તેથી પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. ભોળો ભીમ તેના હૃદયમાં શલ્ય-રૂપે સાલવા લાગ્યો. રાત્રિ દિવસ તે શોકાતુર રહેતો હતો. સુખ પણ તેને દુઃખરૂપ ભાસવા લાગ્યું પ્રતિપળ તો મહાકષ્ટથી વીતાડતો હતો. શત્રુના મરણ વિના તેનો હૃદયસ્થ ક્રોપાગ્નિ કોઇપણ પ્રકારે શાન્ત થાય તેમ ન હતું. વખતો વખત તે પોતાના સામંતોને કહેવા લાગ્યો, કે ભીમે સોમેશ્વરને માર્યો ! હરિ ! હરિ ! સામંતોએ તેની દિલગીરી દૂર કરવા માટે અનેક પ્રકારે આશ્વાસન આપ્યું, પણ પૃથ્વીરાજને તેની કંઇપણ અસર થઇ નહિ. તેણે સ્નાન કરી પિતાનું વૈર વાળવાની પ્રતિજ્ઞા લીધી. તે પછી પિતાના આત્માના કલ્યાણ માટે યજ્ઞયાગાદિ ધાર્મિક ક્રિયાઓ કરવા માંડી, ને બ્રાહ્મણોને મોં માગ્યાં દાન આપી સંતુષ્ટ કીધા.

થોડા દિવસ પછી પૃથ્વીરાજે ગુજરાતપર ચડાઇ કરવાનો નિશ્ચય કીધો. સઘળા સામંતોને આમંત્રણ મોકલી દરબારમાં બોલાવ્યા. નિશ્ચિત સમયે દરબાર ભરાયો. રાજાની આજ્ઞાને માન આપી સઘળા સામંતો હાજર થઇ ગયા હતા. પૃથ્વીરાજ તો પ્રથમથીજ ત્યાં આવ્યો હતો. પછી નરવ્યાઘ્રના પદથી વિભૂષિત થએલો, કન્હ ચૌહાણ આવ્યો. રાત્રિ દિવસ તે પોતાની આંખ આડી પટી રાખતો હતો. તે મહા બલિષ્ઠ હતો. તેણે સભામાં પ્રવેશ કર્યો. એટલે સઘળાએ ઉઠી તેને નમન કર્યું. રાજાએ પણ તેનો યથોચિત સત્કાર કીધો. ત્યાર પછી જામજાદવ, બલીભદ્ર, કયમાષ ને ચામુંડરાય આવી પહોંચ્યા. તે પછી ભીમ જેવો બળવાન આતતાય ચૌહાણ ને લડાઇ વખતે અગ્નિ સરખો દેખાતો લંગરીરાય; તથા પરમુલકોમાં પોતાના પરાક્રમથી વિજય મેળવનાર ગોવિંદરાય ગહેલોત પણ આવી પહોંચ્યો. છેલ્લે દુર્ગાનો ભક્ત ચંદ બારોટ પણ આવ્યો. સઘળા વચ્ચે પૃથ્વીરાજ સૂર્ય સમાન શોભતો હતો. ક્રોપથી તેનું મુખ રક્ત બની ગયું હતું. થોડીવાર પછી તે પોતાના સરદારોને ઉદ્દેશીને બોલ્યો:—

"ભાઇઓ ! આજે એક અગત્યના કામ માટે મેં તમને બોલાવ્યા છે. સોમેશ્વરના સ્વર્ગવાસથી મારૂં હૃદય ફાટી જાય છે ! ભીમને હાથે તેમનું મરણ થવાથી આપણી ઉજ્જવલ કીર્તિને કલંક લાગ્યું છે. આપણે સર્વ જીવતા હોવા છતાં ભીમને હાથે સોમેશનો સ્વર્ગવાસ ! હરિ ! હરિ ! હવે આપણું પરાક્રમ શા કામનું ? અરે આપણું જીવ્યું વ્યર્થ છે ! ભાઇઓ ! જ્યાં સુધી પિતાનું વૈર પુત્ર વાળી શકે નહિ ત્યાં સુધી તે ઋણમુક્ત થતો નથી. હજી સુધી મેં મારા પિતાનું વૈર વાળ્યું નથી, માટે હું પણ ઋણી છુ. જ્યારે હું ભીમને મારીશ, ત્યારેજ હું ઋણ—મુક્ત થઇશ. સ્વર્ગસ્થ સોમેશના આત્માને શાન્તિ પણ ત્યારેજ મળશે."

પૃથ્વીરાજને શોકાતુર જોઇ જેતસિંહ પરમારે તેને સમજાવીને કહ્યું:—

"મહારાજા ! આપ કોઇ જાતની ચિંતા કરો નહિ. યુદ્ધમાં પ્રાણ તજવો એ ક્ષત્રિયોનો ધર્મ છે. મહારાજા સોમેશ્વર એક શૂરવીરને યોગ્ય પરાક્રમ દાખવી, સ્વર્ગે સંચર્યા છે; માટે તેમના સંબંધમાં શોક કરવો યોગ્ય નથી. તે તો એક અલભ્ય પદવી પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નીવડયા છે. આ લોકમાં ને પરલોકમાં તેમની કીર્તિ પ્રસરી ગઇ છે. તેમના જેવી કીર્તિ તો કોઇક વિરલજ પ્રાપ્ત કરી શકે તેમ છે, માટે આપ તેમના મૃત્યુ માટે શોક કરો નહિ. **गतं न शोचनीयम्** ॥ જે વસ્તુ બનવાની હતી તે બની ગઇ છે. હવે તત્સંબંધી શોક કરવો મિથ્યા છે. શોક કરવાથી કંઇ લાભ થવાનો નથી, માટે હવે આપ સઘળો સંતાપ તજી દઇ વૈર વાળવા માટે તૈયારી કરો, ને ભીમને સોમેશનો સાથી કરો. તેમ કરવાથી આપની કીર્તિ **यावच्चन्द्र दिवाकरौ** રહેશે."

"રાજેન્દ્ર ! હવે તો તેમ કરવુંજ યોગ્ય છે. મારો તો એજ નિશ્ચય છે, કે આપણે ગુજરાત ઉજ્જડ કરી આપણું વૈર વાળવું જોઇએ. જ્યારે આપણે ભીમને ભૂશરણ કરીશું, ત્યારેજ આપણા આત્માને શાન્તિ મળશે. સુલતાન સરખા પણ આપણા નામથી ત્રાસી જાય છે, તો પછી તે ચાલુક્યના શા ભાર છે ! ચૌહાણ

સૈનિકો આપણી આજ્ઞા મળતાં ક્ષણવારમાં ગુજરાત ઉજ્જડ કરી નાખે એવા સમર્થ છે. તેઓ સર્વ યુદ્ધ માટે તૈયાર થઇ આપની આજ્ઞાની અપેક્ષા રાખે છે. માટે આપ યુદ્ધ માટેની રજા આપો." સિંધ પરમારે વીરોચિત વાણીમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

યુદ્ધની વાત સાંભળી કન્હની આંખોમાંથી અગ્નિકણ વરસવા લાગ્યા. તેના શરીરમાં ક્ષાત્રત્વનો આવિર્ભાવ થયો. તેનું આખું શરીર શૌર્યથી કંપવા લાગ્યું. ભીષણ ગર્જના કરી તે બોલી ઉઠયો: "મહારાજ! આપ ચિંતા કરો નહિ. હવે હું થોડાજ વખતમાં ગુજરાતની ધરતીને રંડાપો આપીશ. જ્યાં સુધી મેં સોમેશના શત્રુને માર્યો નથી, ત્યાં સુધી મને ધિક્કાર છે! અત્યારે હું પ્રતિજ્ઞા કરૂં છું, કે જ્યારે હું ચાલુક્યનો પ્રાણ લઇશ ત્યારેજ આ તલ્વાર મ્યાન કરીશ."

કન્હનાં ક્રોપયુક્ત વચનો સાંભળી સઘળા સરદારોના મુખપર ક્ષાત્ર જુસ્સો પ્રકટી નીકળ્યો. સર્વ આનંદ પામ્યા. 'હર હર મહાદેવ!' 'પૃથ્વીરાજનો જય' ઇત્યાદ ધ્વનિથી તેમણે આખું દરબારગૃહ ગજાવી મૂક્યું.

"શાબાશ! શાબાશ! મારા શૂરા સરદારો! તમારા બળ ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે. ઓ કન્હ કાકા! આપ ભીષ્મનો અવતાર છો, જેથી જગત આપને નરવ્યાઘ્રના ઉપનામથી ઓળખે છે. રણભૂમિમાં આપની સામે ઉભા રહેવા દેવ કે દાનવ પણ સમર્થ નથી. આપ રણપ્રિય ને યુદ્ધમાં કુશળ છો. હું આપને મારા પિતા સમાન માનું છું. આપે અત્યારે જે પ્રતિજ્ઞા કરી તેથી મને પૂર્ણ સંતોષ થયો છે. ચાલો હવે આપણે જલદીથી ગુજરાત ઉપર ચડાઈ કરીએ. ચાલુક્યને મારી આપણે તેના વંશને નિર્મૂળ કરી નાખીશું. જ્યારે આપણાં નિશાન ડંકા ત્યાં વાગશે, ત્યારે ગુજરાતની ભૂમિ કંપી જશે. હું અત્યારે પ્રતિજ્ઞા કરૂં છું, કે ચાલુક્યને માર્યા સિવાય મારે કદિ પણ પાઘડી પહેરવી નહિ." પૃથ્વીરાજે કન્હનાં વખાણ કરતાં પ્રતિજ્ઞા કરી.

પૃથ્વીરાજની પ્રતિજ્ઞા સાંભળી સઘળા સરદારો ચકિત થઇ ગયા. ને તેમણે પુનઃ 'હર હર મહાદેવ' નો ગગન-ભેદક ધ્વનિ કીધો.

ગોવિંદરાય ગહેલોત જે અત્યાર સુધી મૌન્ય ધારણ કરી બેસી રહ્યો હતો, તે હવે સિંહગર્જના કરી બોલી ઉઠયો. "ઓ ભૂપતિ! આપ આવી પ્રતિજ્ઞા ન કરો. જ્યાં સુધી અમારા શરીરમાં રૂધિરનો એક અંશ પણ અવશિષ્ટ રહેશે, ત્યાં સુધી અમે ભીમને જીવતો રહેવા દઇશું નહિ. આ ભીષ્મનો અવતાર કન્હ ચૌહાણ કે, જેના ભયથી મોટા મોટા રણધીર યોદ્ધાઓ પણ ત્રાસ પામી નાશી જાય, તેના આગળ ચાલુક્ય ક્યાં સુધી ટકી શકશે? આ ચામુંડરાય, કે જેણે સુલતાન સરખાને અબ્બે વખત જીવતો કેદ પકડયો છે, તેનું યુદ્ધ કૌશલ્ય કયાં ઓછું છે? ઓ મહારાજા! મને આજ્ઞા આપો, હું ક્ષણવારમાં ચાલુક્યને પકડી આપની સેવામાં હાજર કરીશ. હું ઇષ્ટદેવ શંકરના સોગંદ લઈ કહું છું કે ભીમને કેદ પકડયા વિના હું કદી પણ અહીં પાછો આવીશ નહિ."

ઉપર્યુકત ભાષણ સાંભળી સઘળા સરદારોએ કોલાહલ કરી મૂકયો. તેઓના કાનમાં યુદ્ધના ભણકારા વાગવા લાગ્યા. તેમના હાથ તલ્વાર તરફ વળ્યા, દાંત પીસી

સઘળા બોલી ઉઠ્યા: "મહારાજ! હવે સત્વર અમને આજ્ઞા આપો. ક્ષણવારમાં અમે ગુજરાત ઉજ્જડ કરી ભીમને કેદ કરીશું. જ્યારે અમે ચાલુક્યને કેદ પકડી આપની સેવામાં હાજર કરીશું, ત્યારેજ અમારો કોપાગ્નિ શાન્ત થશે. અપકીર્તિ કરતાં મરણને અમે વ્હાલું ગણીએ છીએ. માટે હવે જોષીને બોલાવી, શુભ મુહૂર્ત જોવરાવી, અમને પ્રયાણ કરવાની રજા આપો."

આમ તેનું કહેવું માન્ય રાખી રાજાએ જોષીને બોલાવવા માટે માણસ મોકલ્યું. થોડીજ વારમાં જગજજ્યોતિષી મહારાજ આવી પહોંચ્યા. રાજાએ તેમને આદરમાન આપ્યું આસન લેતાં જોષી બોલ્યા:—

"अश्वानि भवतु भूप मंदिरे मंदिरे वसतु पुनर्वसु ।
रेवतिपति कनिष्ट सेवया कृतिका सूत ते विक्रमो भव ॥"

અર્થાત્ હે રાજન્? આપના મંદિરે ઉંચી જાતની ઘોડીઓ કાયમ રહો. આપના મંદિરમાં સદાકાળ લક્ષ્મી અચળ રહો. વળી રેવપિતપતિ બલિભદ્રના નાના બંધુ કૃષ્ણ પરામાત્માની સેવા વડે કરી આપના પુત્રો પરાક્રમી થાઓ. અસ્તુ.

"નરેન્દ્ર! અત્યારે મને અહીં બોલાવવાનું શું પ્રયોજન?" જોષીએ પ્રશ્ન કર્યો.

"મહારાજ! ગુજરાત પર ચડાઇ કરી પિતાશ્રીનું વૈર વાળવા માટે મેં નિશ્ચય કીધો છે. અને તે માટેની સઘળી તૈયારી પણ થઇ ગઇ છે. માટે આપ અમને પ્રયાણ કરવાનું શુભ મુહૂર્ત આપો, કે જેથી અમારો સત્વર જય થાય." રાજાએ જોષીને ઉદ્દેશીને કહ્યું.

જગજ્જ્યોતિષી મહારાજ જ્યોતિષ વિદ્યામાં નિપુણ હતા. ઘણાં વરસ સુધી તેમણે તે શાસ્ત્રનો ખંતથી અભ્યાસ કર્યો હતો. પૂર્વે જ્યારે અનંગપાળે દિલ્હીની આસપાસ કિલ્લો બાંધ્યો, ત્યારે પણ આ જોષીએ તેનું મુહૂર્ત આપ્યું હતું. પણ જોષીના વચન ઉપર શ્રદ્ધા નહિ રાખવાથી કેવું અનિષ્ટ ફળ આવ્યું, તે વાંચનારને વિદિત છે. એ બનાવ પછી જગજજ્યોતિષી મહારાજનાં માન ઘણાં વધ્યાં. દૂરના મુલકોમાં પણ તેમની વિદ્યાની પ્રશંસા થવા લાગી. વાંચનારને કદાચ જ્યોતિષ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા નહિ હોય, અને તેથી તે ઉપરની હકીકતને ઉપહસનીય ગણશે; તથાપિ એટલું તો તેણે કબુલ કરવુંજ પડશે કે આ વાર્તાના સમયમાં આપણા દેશમાં જ્યોતિષ વિદ્યાનું માન ઘણું સારૂં હતું ને તે શાસ્ત્રના ઘણા સણા સમર્થ વિદ્વાનો આ દેશમાં હતા.

રાજાનો પ્રશ્ન સાંભળી મહારાજ વિચારમાં પડી ગયા. હાથના આંગળાં પર તેમનો અંગુઠો નૃત્ય કરવા લાગ્યો. કપાળે કરચલીઓ વળવા લાગી. પુનઃ પુનઃ ગણતરી કર્યાં પછી પ્રસન્ન મુખે તે બોલ્યા "નરાધિપ! જ્યોતિષ શાસ્ત્રનું મેં જે કંઇ યત્કિચિંત જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તેના પ્રતાપથી અત્રે હું કહેવાની હિંમત ધરૂં છું, કે જો આપ પ્રભાતમાંજ અહીંથી પ્રયાણ કરો તો નિઃસંશય આપની મનોવાંછના પૂર્ણ થાય. કાલના જેવો યોગ આપને ફરીથી પ્રાપ્ત થવો દુર્લભ છે. આવો સારો યોગ હોવા છતાં પણ જો કદાપિ આપનું કાર્ય સફળ ન થાય, તો હું પ્રતિજ્ઞા

કરું છું કે મારે હવે પછી કદિ જ્યોતિષશાસ્ત્રનો ધંધો કરવો નથી. !' જોષી મહારાજે પોતાના જ્ઞાન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી કહ્યું.

"મહારાજ! મહારાજ! આપ આટલા બધા આકુળા ન થાવ. જ્યોતિષશાસ્ત્ર ઉપર અને આપના જ્ઞાન ઉપર અમને સંપૂર્ણ શ્રદ્ધા છે. આપના વચનને અમે વેદવાક્ય સમજીએ છીએ. આપનું વચન હજી સુધી કોઇ દિવસ નિષ્ફળ નીવડયું નથી, અને ભવિષ્યમાં પણ તેમ થશે નહિ. આપનાં વચન ઉપર વિશ્વાસ નહિ રાખવાથી અનંગપાળને જે પ્રશ્ચાતાપ થયો છે તે વાત અમારી જાણ બહાર નથી. માટે આપના કહેવા મુજબ અમે કાલે પ્રભાતમાંજ અહીંથી કુચ કરીશું." કન્હ ચૌહાણે જોષીને ઉદ્દેશીને કહ્યું.

"આપનું કલ્યાણ હો! આપની ઇચ્છા સત્વર પૂર્ણ થાઓ," જોષીએ આર્શીવાદ દીધો.

તત્પશ્ચાત્ જોષીને રાજાએ સારી ભેટ આપી. ઉંચી જાતની એક શાલ ને પાઘડી તથા કેટલુંક રોકડ નાણું આપી તેમને વિદાય કીધા.

પ્રભાતમાં પૃથ્વીરાજે યુદ્ધની નોબત વગડાવી. નક્કી કરેલે ચોઘડીએ તે પોતાના સૈન્ય સાથે દિલ્હી છોડી આગળ ચાલ્યો. રસ્તામાં તેણે છાવણી નાખી. સૈન્ય શિબિરમાં રણોત્સાહવર્ધક અનેક પ્રકારનાં વાજિંત્ર વાગવા માંડયાં. શંખ ફુંકાવા લાગ્યા. ભાટ ચારણો લડાઈનાં ગીત ગાઇ યોદ્ધાઓને પાનો ચડાવવા લાગ્યા. તે દિવસે સાંજ પડતા પહેલાં ઘણા માણસો પોતપોતાના લશ્કર સાથે તેને આવી મળ્યા. લાહોરનો સુબો ચંદપુંડિર, અજાનબાહુ લોહાણો ને હાહુલીરાય પોતાના સૈન્ય સાથે પૃથ્વીરાજને આવી મળ્યા. બીજે દિવસે ચોસઠ હજાર સૈનિક સાથે પૃથ્વીરાજ ગુજરાત તરફ ચાલ્યો.

એક દિવસ રાત્રે પૃથ્વીરાજ પોતાના તંબુમાં સામંતો સાથે યુદ્ધવિષયક ચર્ચા ચલાવતો બેઠો હતો. છાવણીમાં સર્વત્ર શાન્તિ દેખાતી હતી. કવચિત પહેરગીરોની સાવધાનતાસૂચક ધ્વનિ સંભળાતા હતા. દીપકોનો મંદમંદ પ્રકાશ દૂર સુધી પ્રકાશી રહ્યો હતો. રાજાના તંબુથી થોડે દૂર એક વ્યકિત છૂપા વેશે આમ તેમ ફરતી હતી. સઘળા સૈનિકો આરામ લેવા પડેલા હોવાથી કોઇની દૃષ્ટિ તેના તરફ પડી નહતી થોડીવાર પછી દૂરથી કોઇક પક્ષીનો અવાજ સંભળાયો. તે સાંભળી કન્હ ચૌહાણ બોલી ઉઠયો: "રાજા! આ શકુન સૂચવે, છે કે નિ:સંશય આપણો જય થશે. ચાલુકય સાથેની લડાઇમાં સોમેશ્વર મુઓ, તે અગાઉ જે શકુન ભીમને થયા હતા તેવાજ શકુન અત્યારે આપણને થાય છે. માટે જો આ શકુનનો લાભ લઇ આપણે અત્યારે આગળ વધીશું તો નિ:સંશય આપણો વિજય થશે. યુદ્ધમાં આપણી સાથે લડવા દેવ કે દાનવ પણ અશકત નીવડશે."

કન્હનાં વચન સાંભળી સઘળા આનંદ પામ્યા. તેમનાં મુખ પ્રફુલ્લ દેખાયાં એક બીજા સાથે તેઓ યુદ્ધનીજ વાતો કરવા લાગ્યા. એટલામાં એક પછી એક એમ ત્રણ શુભ શુકન થયા. આ જોઇ સઘળા સરદારોને બમણો આનંદ થયો. સઘળાએ 'હર હર મહાદેવ' નો ધ્વનિ કીધો. સઘળા સૈનિકો જાગી ઉઠયા ને કુચ

કરવાની તૈયારી કરવા લાગ્યા. આ વખતે પ્રભાત થવા આવ્યું હતું. સઘળા બોલવા લાગ્યા કે આજે સાંજ પડતા પહેલાં અવશ્ય યુદ્ધનો આરંભ થશે. પૃથ્વીરાજ સઘળા યોદ્ધાઓને ભેગા કરી બોલ્યો:—

"શૂરા સૈનિકો! ઘેરથી નીકળ્યા પછી આપણે શકુન જોવાની જરૂર રહી નથી. રાજપૂતને લડાઇમાં જતાં શકુન કે અપશકુનનો વહેમ રહેતો નથી. યુદ્ધનો દિવસ એ આપણે ઉત્સવનો દિવસ છે. યાદ રાખજો, કે આપણે સુખના સેવક નથી પણ કીર્તિના ઉપાસક છીએ, વીરો! કીર્તિ માટેજ આપણે અહીં સુધી આવ્યા છીએ, કીર્તિ મેળવવા માટેજ આપણે આપણી તલ્વારો મ્યાનમાંથી બહાર કાઢી છે, માટે તમે સારા નરસા શકુનનો વિચાર કર્યા વિના શૌર્યથી આગળ ધસો. શકુનનો કંઇ પાર નથી. તે તો ક્ષણે ક્ષણે બદલાય છે. માટે તેની સ્પૃહા રાખ્યા વિના આપણે આપણા બળ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી આગળ વધવું જોઇએ.

રાજાનાં વચન સાંભળી સઘળા સૈનિકો આનંદ પામ્યા. તેમના શરીરમાં શૌર્યનો આવિર્ભાવ થયો. યુદ્ધનાં વાજીંત્રો વાગવા લાગ્યાં. સેના થોડાજ વખતમાં સઘળી તૈયાર થઇ આગળ વધી. હાથીની ડોકની સાંકળોના ખણખણાટ થવા લાગ્યા. ઘોડા ખોંખારવા લાગ્યા. રણશિંગાં ફુંકાવા લાગ્યાં. અશ્વોના પદાઘાતથી પૃથ્વી ધ્રુજવા લાગી. દિશાઓ લુપ્ત થઇ ગઇ ને ઉડતી રેણુકાથી આકાશ પણ છવાઇ ગયું. મધ્યમાં પૃથ્વીરાજ ને તેની પાસે કન્હ ચાલતો હતો. પૃથ્વીરાજને માથે ચમર થતું હતું. ને રાજછત્ર કન્હના માથાપર ધરાયું હતું. ઉતાવળે કુચ કરી ચૌહાણ સેના ચાલુક્યના મુલકમાં આવી પહોંચી. કન્હના કોપથી ગુજરાતમાં ભય વ્યાપી ગયો. પાકથી ભરેલાં અસંખ્ય ખેતરો ઉજજડ થઇ જવા લાગ્યાં ને અસંખ્ય માણસો ભયનાં માર્યા ઘરબાર તજી ફાવે તે દિશાએ નાશી જવા લાગ્યાં.

પંચમ પરિચ્છેદ.

બે મુસાફર.

આ વખતે ગ્રીષ્મઋતુ ચાલતી હતી. રમણીય સંધ્યા અંધકારમયી ભાસતી હતી. આકાશમાં ધીમે ધીમે ચંદ્રનો ઉદય થતો હતો, તથાપિ હજી સુધી અંધકાર નષ્ટ થયો ન હતો.

પૃથ્વીરાજની છાવણીમાં કોલાહળ થએલો જોઇ એક કૃષ્ણવસ્ત્રધારી પુરૂષ ત્યાંથી બહાર નીકળ્યો. ધીમે ધીમે તે સામેની વૃક્ષઘટા તરફ ચાલવા લાગ્યો. છાવણીથી ઘણે દૂર ગયા પછી તેણે ધીમેથી સીસોટી કરી. તે સાંભળી એક માણુસ વૃક્ષ ઉપરથી નીચે ઉતરી તેની સામે આવ્યો. તેને જોતાંજ પ્રથમ માણુસે પૂછ્યું: "કોણ વીરસિંહ કે?"

"જી, હા," નવા આવનાર માણુસે ધીમેથી ઉત્તર આપ્યો.

" ચાલ, જલદી ઘોડા તૈયાર કર."

" બાપુ ! ઘોડા તો તૈયારજ છે. આપ સવાર થાવ તેટલીજ વાર છે."

" પણ સાંભળ, આપણે ઘણી ઝડપથી મુસાફરી કરવાની છે. વચમાં ક્યાંઇ થોભવાનું નથી, સમજ્યો ?"

" હા સમજ્યો."

" ત્યારે ઠીક આગળ થા."

બંને જણ ત્યાંથી આગળ ચાલ્યા ને ત્યાંથી થોડે દૂર ઘોડા બાંધ્યા હતા ત્યાં ગયા. તરતજ ઘોડાપર સવાર થયા, ને ઘણી ઝડપથી આગળ ચાલવા મંડયા.

પાટણ જવાનો રસ્તો આ વખતે ભયંકર ભાસતો હતો. આજુબાજુ મોટાં મોટાં ઝાડોની ઘટામાં વિકાળ પશુઓ ક્ષણે ક્ષણે ભયંકર ગર્જનાઓ કરી શાંતિનો ભંગ કરતાં હતાં. આવા નિર્જન અરણ્યમાં ભયની બિલકુલ દરકાર કર્યા વિના તે બે સવાર અતિશય ત્વરાથી પાટણ તરફ જતા હતા.

સહુથી આગળ દોડતા ઘોડાપર બેઠેલો સવાર પ્રચંડ દેખાતો હતો. તેનું વય લગભગ ૩૦ વરસનું હતું. તેની મોટી ને તેજસ્વી આંખો પાટણની દિશામાં નિશ્ચળ થઈ ગઇ હતી. અતિશય ઝડપથી ચાલવા છતાં તે પોતાના ઘોડાને વખતો વખત એડી મારી, ઝડપથી દોડવાનું સૂચવતો હતો. તેના મુખપર ક્ષણે ક્ષણે હાસ્ય, ક્રોધ ને દિલગીરીની લાગણી દેખાઇ આવતી હતી. તેનો પહેરવેશ તે વખતના સાધારણ રજપૂત જેવો હતો. કમરે એક લાંબી પાણીદાર સમશેર ને ખાંધે ધનુષ્યબાણ ભેરવેલાં હતાં. તેની નાની, કૃષ્ણ, ભમરો ક્ષણે ક્ષણે સંકોચતી હતી. દાઢીની અણીઓ બંને કાનની આજુબાજુ વીટાળી દીધી હતી.

પાછળ ચાલતો સવાર લગભગ વીસેક વરસનો યુવક હતો. જો કે આગળના સવાર જેટલો તે ચંચળ ન હતો; તથાપિ એ સ્વરૂપવાન અને કુશળ યોદ્ધો હોય તેમ જણાતું હતું. આટલી ઝડપથી ચાલવા છતાં તેનાં ચંચળ ચક્ષુ આસપાસનુ કુદરતનું સૌન્દર્ય જોવા ચુકતાં ન હતાં. તેના મગજમાં કુદરત સંબંધીજ વિચારો રમણ કરતા હોવાથી, તે ક્ષણેક્ષણે આનંદ પામતો હતો. તેનો પહેરવેશ પણ આગળના ઘોડેસ્વારના જેવોજ હતો.

અત્યારે વાતાવરણમાં મોહક શાન્તિ પ્રસરેલી હતી, સર્વત્ર ચાંદનીનો ધવલ પ્રકાશ વ્યાપેલો હતો. કુદરતનું અપરિમિત સૌન્દર્ય પૂર્ણપણે પ્રકાશી નીકળ્યું હતું. મંદમંદ સમીર શીતળતા અર્પતો હતો. દુખી પ્રાણીઓને પણ થોડીવાર આનંદ થાય તેવુ સ્થાન હતું, છતાં આગળ ચાલતા સવારનું ચિત્ત અશાન્ત હતું. વિદ્યુતવેગે તે ઘોડો ચલાવતો હતો. તેના હ્રદયમાં સ્વદેશ પ્રેમ અને રાજ્યભકિતની લાગણીઓ જાગૃત થઇ હતી. શ્રમિત હોવા છતાં તે લાગણીઓ તેને આગળને આગળ દોડાવતી હતી.

થોડે આગળ ચાલતાં ઘાડુ અરણ્ય આવ્યું. રસ્તો પણ સૂઝતો ન હતો. આગળ સવારે સહેજ પાછું વાળી જોયું ને પાછળ ચાલતા સવારને પૂછ્યું " વીરસિંહ, આ રસ્તે પાટણ જલદી પહોંચાશે કે કેમ ?"

વીરસિંહની દૃષ્ટિ આસપાસ ફરતી હતી. રસ્તાનું તેને ભાન ન હતું. ઘડી ઘડી તે પાછળ પડી જતો હતો. આગળ ચાલતા સવારનો પ્રશ્ન સાંભળી તે જાગૃત થયો ને તે મંદ હાસ્ય કરી બોલ્યોઃ "મારા ધારવા પ્રમાણે તો આ રસ્તે જ પાટણ જલદી પહોંચાશે."

"ઠીક." કહી આગલા સવારે પોતાના પાણીપંથા ઘોડાને એડી મારે વધારે ઝડપથી ચલાવ્યો.

રસ્તો ઘણો સાંકડો હતો. આસપાસ વૃક્ષોની ઘટા સમસમ્ કરતી હતી. કોહલાંઓની ચીસો દૂરથી સંભળાતી હતી. કોઈક સ્થળે આછી ઘટામાં ચંદ્રપ્રકાશ પડતો હતો. ભય કે શ્રમની દરકાર કર્યા વિના બંને ઘોડેસ્વાર ચાલ્યા જતા હતા. થોડે આગળ જતાં ઘાડા અરણ્યનો અંત આવ્યો. ખુલ્લું મેદાન આવ્યું. ત્યાં અંધકારનું નામ પણ નહતું. સર્વત્ર ચાંદનિનો રમ્ય પ્રકાશ છવાઈ ગયો હતો. બધા પદાર્થ રૂપેરી રંગના જણાતા હતા. હતા. એક નાનું સરખું ઝરણું ખળખળ અવાજ કરતું વહેતું હતું. તે જોઇ સવાર બોલ્યોઃ "બાપુ, અહી થોડો વખત વિશ્રાન્તિ લઇ પછી આગળ ચાલીએ તો ઠીક."

આગલો સવાર જે વિચારના વમળમાં આડું અવળું જોયા વિના ઝડપથી ચાલતો હતો તે બોલ્યોઃ " ભાઇ, અત્યારે વિશ્રાન્તિ લેવાનો વખત નથી. પાટણ હજી ઘણે દૂર છે. સવારમાં તો આપણે ત્યાં પહોંચવુંજ જોઇએ, દુશ્મનો પુર ઝડપથી પાછળ આવે છે. માટે હવે જલદી પાટણ પહોંચવાનો વિચાર કરી ઘોડો હાંક."

"પણ," વીરસિંહ ધીમેથી બોલ્યોઃ "મને ઘણી તરસ લાગી છે. માટે હું અહી પાણી પી લઉં તેટલી વાર તો ઘોડો ઉભો રાખો."

"ઉભા રહેવાની વાત કર નહિ. તરસ લાગી હોય તો મારી પાસે પાણી છે તે આપુ. ચાલતાં ચાલતાં તું તે પી લે. ભુખ લાગી હોય તો ભાથું પણ તારી પાસે તૈયાર છે."

વીરસિંહ ચૂપ રહ્યો. પુનઃ બોલવાની તેને હિંમત રહી નહિ. જલદી પાટણ પહોંચવાનું કારણ હમણાંજ તે સમજી શકયો. હવે તે ધીમેથી બોલ્યોઃ "ત્યારે આપ પણ ચાલતાં ચાલતા થોડું ભાથું ખાઇ લેશો ?"

"હા, જલદી લાવ."

ચાલતે ઘોડે બંને સવારોએ ભાથું ખાધું, ને પછી પાણી પી તેઓ પ્રથમની ઝડપથી આગળ ચાલ્યા. પ્રભાત થતા પહેલાં તો તેઓ પાટણના દરબારની પાસે આવી પહોંચ્યા.

મહારાજા ભીમદેવ દરબાર ભરી બેઠો હતો. સઘળા પ્રધાનો ને આત્મીયજનો તેની આજુબાજુ બેઠા હતા. ત્યાં રાજકાજ સંબંધી ચર્ચા ચાલતી હતી તેવામાં બહાર ઉભેલો છડીદાર અંદર આવ્યો ને બોલ્યો "મહારાજાનો જય હો. બહાર વિજયસિંહ આવી ઉભા છે ને તેઓ સત્વર અંદર આવવાની અનુજ્ઞા માગે છે."

"તેમને જલદી અંદર આવવા દે," રાજાએ ટુંકો ઉત્તર આપ્યો.

તત્પશ્ચાત્ વિજયસિંહ દરબારમાં આવ્યો. રાજાને યથોચિત નમન કરી તે સામે ઉભો રહ્યો.

"કેમ વિજયસિંહજી ! ઉર્ધ્વશ્વાસે ક્યાંથી આવો છો ? કંઇ માઠા સમાચાર કહેવા આવ્યા છો કે શું ?" રાજાએ ઇંતેજારીથી પ્રશ્ન કર્યો.

"મહારાજા ! હમણાંજ હું ચાલતે ઘોડે ઉત્તરની સરહદ તરફથી આવું છું. આપ ભૂપતિ હોવા છતાં રાજ્યમાં અમંગળ શેનું હોય ? પણ બાપજી"—

"હેં શું કહો છો ? જે કહેવું હોય તે જલદી કહી દો." રાજાએ વચમાંજ પૂછ્યું.

"મહારાજ ! હવે આપ સત્વર યુદ્ધની તૈયારી કરો."

"કારણ ?" રાજાએ આશ્ચર્ય પામી પૂછ્યું.

"દિલ્હીપતિ પૃથ્વીરાજ ચૌહાણ પોતાના પિતાનું વૈર વાળવા ૬૪ હજાર સૈનિકો સાથે આપણા દેશ પર ચડી આવે છે, દિલ્હીથી તેઓ ક્યારનાએ નીકળી ચૂક્યા છે. રસ્તામાં મેં તેના આગમનની વાત જાણી એટલે હું ત્યાં ગયો, ને ગુપ્ત વેશે તેની છાવણીમાં ચર્ચા જોવા પેઠો. ત્યાં તપાસ કરતાં મને જણાયું કે રાજાએ વૈર વાળવા માટે ભીષ્મ પ્રતિજ્ઞા કરી છે. સમુદ્રનાં મોજાં પેઠે તેની સેના અહીં ધસી આવે છે. હવે થોડા વખતમાં તેઓ અહીં આવી પહોંચશે માટે મહારાજ ? આપ સત્વર તૈયારી કરો"

વિજયસિંહે કીધેલી હકીકત સાંભળી ભીમને ક્રોધ ચડયો. તેની આંખો લાલ ચોળ થઇ ગઈ. આખું શરીર શૌર્યથી કંપવા લાગ્યું. રાખ વળેલો અંગારો પવન લાગવાથી જેમ પ્રકાશમાન દેખાય તેમ ભીમનું મુખમંડળ પ્રકાશવા લાગ્યું. તે પોતાના પ્રધાનોને ઉદ્દેશીને બોલ્યો "શુરાઓ ! હવે જલદી તૈયારી કરો આવના મેમાનનું સ્વાગત કરવા આગળ ચાલો. ઘોરી જેવા સુલતાનો ઉપર જીત મેળવી તે મદાંધ બની ગયો છે, માટે આપણે તેનો મદ ઉતારવો જોઇએ, હું ક્ષણવારમાં તેને તેના પિતા પાસે મોકલી દઇશ. ભાઇઓ ! પરગણે પરગણે ખબર મોકલી દો કે જેથી આપણી સઘળી સેના જલદી અહીં આવી ભેગી થાય. વળી આપણા મિત્ર ને ખંડીઆ રાજાઓને ખબર આપો કે તેઓ પણ પોતાના સૈન્ય સાથે અહીં આવી પહોંચે." ત્યાર પછી દરબાર બંધ થયો.

ષષ્ઠ પરિચ્છેદ.

સાંકેતિક ચિહ્નો.

મહારાજા ભીમદેવ યુદ્ધ માટે તૈયાર થઇ શત્રુના આગમનની માર્ગપ્રતીક્ષા કરતો હતો એવામાં ચંદ બારોટ ત્યાં આવી પહોંચ્યો. તે પોતાની સાથે, જાળ, નીસરણી, કોદાળી, દીવો, અંકુશ ને ત્રિશુળ લાવ્યો હતો. ભીમને જોઇ તે બોલ્યો.

"ઓ ભીમ! હવે સામ્ભર રાજા યુદ્ધ માટે અહીં આવી પહોંચ્યો છે. માટે તમે જલદી તૈયાર થઇ સામા ચાલો."

ચંદનાં વચન સાંભળી ભીમને ક્રોધ ચડયો. તે ગર્જના કરી બોલી ઉઠયો:—

"ઓ ભાટ! તારા રાજાને શિક્ષા કરવા હું તૈયાર થઇ બેઠો છું. તું અહીં શા માટે આવ્યો? અથવા જો તારે અહીં આવવું હતું, તો કુશળ પ્રધાન કયમાષને સાથે કેમ ન લાવ્યો? ચામુંડરાય. કન્હ કે તારો રાજા પગે ચાલી અહીં કેમ ન આવ્યા? જો તે અહીં આવ્યા હોત તો હું તેમને ક્ષમા આપત. જા તારા રાજાને જઇને કહે જે કે ચાલુકય રાજા તૈયાર થઇ યુદ્ધની રાહ જો તો બેઠો છે."

ચંદ બોલ્યો—"મહારાજા! પૃથ્વીરાજનાં પરાક્રમથી શું આપ અજ્ઞ છો કે? તેની સાથે વિગ્રહ કરવો એ ઇન્દ્ર સાથે વિરોધ કરવા સમાન વિકટ કામ છે. સિંહ જેવો બલિષ્ઠ કન્હ થોડીજવારમાં તમારો ભુક્કો કાઢી નાંખશે. માટે જો તમે પોતાનું શ્રેય ઇચ્છતા હો તો પૃથ્વીરાજને પગે પડો. સામ્ભર રાજાનાં પ્રરાક્રમ જેમ પ્રસિદ્ધ છે તેમ—બલકે તેથી પણ વધારે તેનું ઔદાર્ય પ્રસિદ્ધ છે."

"દૂત! તું હવે વધારે બોલ નહિ. હું તને અને તારા રાજાને સારી પેઠે ઓળખું છું. તું સાથે આ વસ્તુઓ શામાટે લાવ્યો છે તે જલદી કહી દે."

ચંદે જુસ્સાથી ઉત્તર આપ્યો "પૃથ્વીરાજ કહે છે, કે જો તમે જળમાં ભરાઇ જશો તો આ જાળવતી ઝાલી લઇશું, આકાશમાં જશો તો નીસરણીથી પકડીશું. પાતાળમાં પેસશો તો આ કોદાળીથી ખોદી કાઢીશું, અને કદાચ અંધારામાં પેસી જશો તો આ દીવાની મદદથી શોધી કાઢીશું, પછી આ અંકુશ વડે તમને અંકુશમાં લઇ, આ ત્રિશુળવડે તમારો વધ કરી નાંખીશું." આમ બોલતાં બોલતાં ચંદે ત્રિશુળ હાથમાં પકડી હલાવ્યું.

ચંદનો ઉત્તર સાંભળી ભીમને કોપ ચડયો. પોતાનું અપમાન તેનાથી સહન થઇ શકયું નહિ, સહન પણ શી રીતે થાય? તે ગર્જના કરી બોલ્યો:—

"ઓ ભાટ! હું ગુર્જરનરેશ ભીમ, કે જે મને બીવરાવે તેના ભુક્કેભુકા કાઢી નાખું તેની સમક્ષ તું શું બોલે છે તેનું તને જરાયે ભાન છે કે? યુદ્ધમાં હજારો છત્રપતિઓને પરાજિત કરનાર આ ભીમદેવ, ક્ષણવારમાં તને અને તારા રાજાને ભૂશરણુ કરી દેશે. તમારામાંનો એક પણ પુનઃ દિલ્હી પહોંચી શકશે નહિ, એ યાદ રાખજો. જા, તારા રાજાને જઇને કહેજે કે ચાલુકય સાથે યુદ્ધ કરવું, એ મણીધરને છંછેડવા જેવું સાહસ છે. માટે આગળનો દિવસ યાદ કરી જીવનની આશા છોડી દઇ સામા આવજો."

ચંદ બોલી ઉઠયો, "ઉંદર કદાપિ બિલાડી ઉપર જીત મેળવી જાય; ગીધપક્ષી કદાપિ પવિત્ર હંસના શિરપર થનથનાટ કરી જાય; યુદ્ધમાં હરણુ કદાપિ સિંહની સ્પર્ધા કરી શકે અને રાહુ કદાપિ સૂર્યને ઢાંકી શકે પણ યાદ રાખજો, કે તેમ હંમેશાં બનતું નથી. દૈવવશાત્ ક્વચિતજ તેમ બને છે. મૂર્ખ માણસોજ તે વખતે ફુલાઇ જઇ મદાંધ બની જાય છે. શું સિંહની સાથે શૃંગાલનો મુકાબલો થઇ શકે? મદાંધ બની કીડી કુંજર સાથે લડવા તૈયાર થાય. તેમાં તેનું શું વળે! ક્યાં સામ્ભર રા-

જાનું અપરિમિત સામર્થ્ય અને ક્યાં તમારૂં મર્યાદિત બળ! તેમાં તો જમીન આસમાનનો તફાવત છે, સમજ્યા ?"

"ઓ દૂત! તું આમ ચડચું ચડચું બોલ નહિ. મારી સમશેરના ઘા હજી તને પુરે પુરા રૂઝાયા નથી એટલામાં વળી પુનઃ મોત માગવા તું અહીં ક્યાંથી આવ્યો? જો તું દૂત તરીકે અહીં આવ્યો ન હોત, તો હું તને ક્યારનોએ સ્વર્ગસદનમાં પહોંચાડી દેત. પણ અફસોસ! અત્યારે તું દૂત હોવાથી હું કંઇજ કરી શકતો નથી. મેં ઘણી લડાઇઓ કરી વિજય મેળવ્યા છે. અને સામ્ભર રાજા જેવા હજારોને મેં આ તલ્વારથી કતલ કરી નાખ્યા છે." ભીમદેવે ગર્વથી ડોકું ઉંચું કરી પોતાનાં પરાક્રમની પ્રશંસા કરતાં કહ્યું.

"અને આપ પણ એક દિવસ આ દૂતને જ હાથે કતલ થઇ જવાની તૈયારીમાં હતા, તે શું ભૂલી ગયા ? જો તમારામાં આટલું બધું સામર્થ્ય હતું તો તે દિવસે પરાજિત થઇ અજમેરથી શામાટે પાછા નાઠા ? આ ચંદ બારોટ કે જેની તલ્વારનો સ્વાદ તમે એક વખત ચાખ્યો છે, તેના જેવા સેંકડો પટાવતો સામ્ભર રાજાની સેવામાં હાજર છે. માટે હજી હું ફરીથી કહું છું કે તમે સામ્ભર રાજાને પગે પડી તેની ક્ષમા યાચો." ચંદ બારોટે જુસ્સાથી કહ્યું.

"ઓ ભાટ! હવે બહુ થયું! તું જલદી અહીંથી ચાલ્યો જા. અહી કંઇ વાણીનું યુદ્ધ કરવાનું નથી. સોમેશ્વર સાથે ઉપસ્થિત થએલો આ કજીઓ તો મરણ સાટે લડવાનો છે. તારા રાજાને જઇને કહેજે, કે ભોળો ભીમદેવ કોઇથી ડરી જાય તેવો નથી. તે તો તમારા જેવા સેંકડો રાજાઓ સાથે યુદ્ધ કરવા સમર્થ છે. માટે પૂર્ણ વિચાર કરીને સામા આવજો. આમ દૂર રહી સંદેશા મોકલી સુલેહની માગણી કરવી, એ તમારી ભીરૂતાનું લક્ષણ છે. ગુર્જરો તમારા જેવા વીર્યહીન નથી. તેમના શરીરમાં ક્ષાત્ર જુસ્સો પ્રકટી રહ્યો છે. તે તો ક્યારનાએ યુદ્ધની રાહ જોતા બેઠા છે."

ભીમનાં ગર્વયુક્ત વચન સાંભળી ચંદ બારોટ ગુસ્સે થયો. તેની આંખો લાલચોળ થઇ ગઇ તે જમીનપર પાદપ્રહાર કરી બોલી ઉઠ્યો. "શું સાંભર રાજા ને તેના સરદારો ભીરૂ! અરે! એ ભીરૂ નથી પણ ભીષ્મ સમાન બલિષ્ટ છે. તમારા જેવા તો સેંકડો રાજાઓ તેની તલ્વારથી કતલ થઇ ગયા છે, યાદ રાખજો કે કાલે સવારે સમરાંગણમાં તમે પણ તેવીજ સ્થિતિને પ્રાપ્ત થશો. બસ! હવે હું જાઉં છું." ચંદ બારોટ ત્યાંથી ચાલતો થયો.

તેના ગયા પછી ભીમદેવે યુદ્ધની નોબત વગડાવી. પોતાના સૈન્ય સાથે તે નગર બહાર નીકળ્યો. કચ્છમાંથી ત્રણ હજાર ઘોડેસ્વાર ને સોરઠમાંથી પંદરસો સવાર તેને આવી મળ્યા. કદિ નિશાન ન ચૂકે તેવા હજારો કોળીઓ તીરકામઠાં લઇ આવી પહોંચ્યા. વળી લડાઇમાં કદી પીઠ ન બતાવે તેવા ઝાલાવાડના ઝાલા યોદ્ધાઓ, કાવાનો નાયક મુચકંદ, અને કાઠીઆવાડનો કાઠી રાજા પોત પોતાના સૈન્ય સાથે ત્યાં આવી પહોંચ્યા. એક લાખ લડવૈયા ને એક હજાર હાથીની પ્રચણ્ડ સેના સમુદ્રની પેઠે ગર્જના કરતી આગળ ધસી. ભીમદેવ હાથી ઉપર બેઠો હતો ને તેના માથાપર રાજછત્ર ધરાયું હતું. સૂર્યના પ્રકાશમાં ભાલા, તલ્વારો ને બરછીઓ ઝગઝગવા લાગી. ઘોડાઓના થનથનાટથી પૃથ્વી કંપી ગઇ. 'હર હર મહાદેવ' નો ઘોષ કરતી ગુર્જર સેના આગળ ચાલી.

સપ્તમ પરિચ્છેદ.

પિતૃવૈરની પૂર્ણાહૂતિ.

ચંદ બારોટે પૃથ્વીરાજ પાસે આવી તેને પાણી ચડાવવાના ઉદ્દેશથી જે બન્યું હતું તે યથાસ્થિત કહી સંભળાવ્યું. ભીમના કહેલા તિરસ્કાર વ્યંજક વચનો સાંભળી તે રાતો પીળો થઇ ગયો. વળી જ્યારે તેના સાંભળવામાં આવ્યું કે ભીમ એક લાખ માણસનું લશ્કર લઇ સામો આવે છે, ત્યારે તો તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તે ગર્જના કરી બોલ્યોઃ "જો ભીમ મારી સામે આવશે તો હું તેને ચીરી નાંખીશ. જો હું તેનો પ્રાણ લીધા વિના પાછો ફરૂં તો બ્રાહ્મણોએ મારૂં નામ ખોટું પાડયું છે એમ જાણવું."

ધીમે ધીમે રાત્રીનો આરંભ થયો. આકાશમાં નિશાનાથ ચંદ્રમા પ્રકાશી નિકળ્યો. ચાંદનીના રમ્ય પ્રકાશમાં શાંતિ ને શીતળતા વ્યાપી ગયાં. સઘળા દૃશ્ય પદાર્થો ધવલ દેખાવા લાગ્યા. રાત્રિના શીતળ સમીરનો આ સ્વાદ લેતાં પશુ પક્ષીઓ પણ નિરમી ગયાં, કિન્તુ હજી સુધી પૃથ્વીરાજની ચિંન્તા નષ્ટ થઇ ન હતી. પિતાનું વૈર વાળવા તેના હાથ તરવરી રહ્યા હતા. ક્ષણે ક્ષણે તેના શરીરમાં જુસ્સો પ્રકટી નીકળતો હતો. રાત્રિ દિવસ એ યુદ્ધના વિચારમાંજ નિમગ્ન રહેતો હતો. તેણે હવે પોતાના યોદ્ધાઓને એકઠા કીધા, તે ગુર્જર સેના ધસી આવે છે તે સમાચાર કહી સંભળાવ્યું. પછી આજ્ઞા કરી, કે પ્રભાત થતા પહેલાં અહીંથી છાવણી ઉઠાવી આગળ વધવું; ને ગુર્જર સેનાનો ભેટો થતાં યુદ્ધ મચાવવું.

રાજાની આજ્ઞા સાંભળી સઘળા આનંદ પામ્યા. પ્રભાતમાંજ ઇષ્ટ સમય પ્રાપ્ત થશે એ વિચારથી તેઓ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. રાત્રિનો એક પ્રહર અતીત થઇ ગયો એટલે સઘળા વીખરાઇ ગયા. છાવણીમાં રામાયણને મહાભારત માહેની વીરરસ પ્રધાન વાર્તાઓ વંચાવા માંડી. કથા સાંભળી સૈનિકોના શરીરમાં નવીન જુસ્સો પ્રકટી નીકળ્યો. તેમણે નિશ્ચય કીધો કે સવારે સમરાંગણમાં મરવું, કે જીત મેળવી પાછા ફરવું. મોડી રાત્રે સઘળા નિદ્રાધીન થઇ ગયા.

પ્રભાત થયું. બાલ રવિના ફક્ત કિરણોથી પ્રાચી દિશા રાતી બની ગઇ. વૃક્ષરાજિમાં નિદ્રા લેતાં પક્ષીઓ પણ જાગૃત થઇ ગયાં. છાવણીમાં યુદ્ધનાં વાદિત્ર વાગવા માંડયાં. રણશિંગડાંના અવાજથી આસપાસનો પ્રદેશ ગાજી રહ્યો. સઘળા સૈનિકો જાગૃત થયા. ને ઝડપથી તૈયાર થઇ છાવણી ઉઠાવી આગળ ચાલ્યા.

પૃથ્વીરાજે વ્યુહરચનાનું કામ કન્હને સોંપ્યું. તે તેને સૈન્યના અગ્રભાગમાં રાખ્યો. તેની પાછળ પોતે ચાલ્યો ને તેની પૂઠે નિકુરરાય ને પરમાર ચાલવા લાગ્યા. થોડેક આગળ ચાલ્યા પછી પૃથ્વીરાજના સાંભળવામાં આવ્યું, કે ગુર્જરસેના લગભગ

નજીક આવી પહોંચી છે. એટલે તેણે નિડુરરાયને પોતાની પાસે બોલાવ્યો તેને હાથ ઝાલી કહ્યું:—

" આ યોદ્ધાઓમાં તમે મુખ્ય છો. તમે અસલ જાતના છો ને તમારા પૂર્વજો
" જેવા શૂરવીર હતા તેવા તમે પણ છો. તમારી સાથે દેવ અથવા દેવદૂત લડે તો
" તેને પણ તમે વશ કરી શકો તેવા સમર્થ છો. પાંડુપુત્રોના જેટલું તમે યુદ્ધમાં
" બળ બતાવો છો. આ જગત ઉપર તમે હવે પ્રીતિ રાખશો નહિ. પણ ફક્ત
" સ્વર્ગનોજ વિચાર કરી તમારા સામંતો સાથે એકચિત્ત થઇ લડજો. "

નિડુરરાયે ઉત્તર આપ્યો. " આપણા સામંતો શત્રુને ઘાસની પેઠે કાપી નાંખે
" એવા છે. ઓ પૃથ્વીરાજ! તમારા બળવડેજ તમારા યોદ્ધાઓ બળીઆ છે. કન્હ
" ચૌહાણ, બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં તે વૃદ્ધાવસ્થામાં પણ યુદ્ધને વિષે આનંદ
" પામતો આવ્યો છે. જે સેનાની સામે તે લડે છે તેના તે ચુરેચુરા કરી નાખે છે.
" તે મહા પદધારી જેને જગત નરવ્યાઘ્રના નામથી ઓળખે છે તે ભીષ્મનો
" અવતાર છે. "

" નિડુરરાયનું આવું બોલવું સાંભળી પૃથ્વીરાજે પોતાની ડોકની માળા તેને
" તુષ્ટિદાનમાં આપી. તે તેના ગળામાં સૂર્યની પાછળ ગંગા વીંટળાયલી હોય એવી
" દેખાવા લાગી. પછી મહા શૂરવીર નિડુરરાય રાઠોડે નોબત વગડાવી. નોબતના
" નાદથી જેમ વીરપુરુષો એકઠા થાય તેમ સેનાપણ એકઠી થઈ. તારાઓમાં જેમ
" ધ્રુવ શોભે તેમ તે વીરપુરુષોમાં શોભી રહ્યો. પછી પૃથ્વીરાજે કન્હને પોતાના પાટ
" ઘોડા ઉપર આગ્રહથી બેસાર્યો. કન્હ બોલ્યો:—

" ઓ રાજપતિ! હજી સુધી મેં સોમેશ્વરના શત્રુને માર્યો નથી તેમજ મારા
" શરીરમાંથી હંસને રમી જવાનો રસ્તો આપ્યો નથી તેથી મને ધિક્કાર છે. "
" પૃથ્વીરાજે ઉત્તર આપ્યો: " કોઇ એક વેળાએ સુગ્રીવ પોતાના બળથી પોતાની
" સ્ત્રીનું રક્ષણ કરી શકયો ન હતો, કોઇ એક વેળા દુર્યોધન પણ કરણનું રક્ષણ કરી
" શકયો ન હતો. કોઇ એક વેળા શ્રીરામે વનમાં સીતા ખોઇ હતી અને કોઇ
" એક વેળા પાંડવ સરખા પણ દ્રૌપદીનાં ચીર રખાવી શકયા ન હતા. માટે ઓ કન્હ
" કાકા! એવા બનાવ માટે દુઃખી થશો નહિ. હું તમને મારા ઇષ્ટદેવ સરખા ગણું
" છું. જેમ મોરની આંખો જોઇને સાપ ત્રાસ પામીને નાસી જાય. તેમ તમારી
" આંખોમાંનો ક્રોધાગ્નિ જોઇને શત્રુઓ નાસી જશે. "

" પૃથ્વીરાજ આ પ્રમાણે નિડુરરાય અને કન્હને માન આપતો હતો.
" તેવામાં તેને સમાચાર મળ્યા કે ભીમ સેના લઇ પાસે આવી પહોંચ્યો છે.
" જેમ છંછેડાયલો સર્પ કોપાયમાન થાય. અથવા સિંહને ખીજવીને તેને ઉંઘમાં-
" થી જગાડવામાં આવે કે ઉનાળામાં એક અગ્નિની ચીણગારીથી આખું વન
" સળગી ઉઠે તેમ પૃથ્વીરાજ કોપથી પ્રજ્વલિત થયો. તેણે જે સાંભળ્યું હતું તે
" પોતાના યોદ્ધાઓને એકઠા કરીને કહી સંભળાવ્યું. તે સાંભળીને સર્વે યોદ્ધા

" જગત ત્યાગ કરેલા યોગીઓના જેવા દેખાવા લાગ્યા. બંને સેના એક બીજાની
" સમીપ આવી ગઈ. જંજીરા છૂટવા મંડયા. આકાશમાં અગ્નિબાણુ ઉડી રહ્યાં, બંને
" બાજુએથી સૈનિકો સામસામા આવી ગયા. તલ્વારો ખડખડવા લાગી. ભીમે પો-
" તાની સેનાની એવી વ્યુહરચના કરી હતી. કે, તે ભેદીને શત્રુથી અંદર જઈ શકાય
" નહિ. તેમ ચૌહાણોની હાર પણ તૂટે તેમ ન હતું; કેટલાંકનાં સાંગોથી ભેચા ની-
" કળી ગયા. કેટલાંકનાં શિર તલ્વારોથી છૂટાં થઇ ગયાં. ઉપરા ઉપરી મારો ! કાપો !
" નો અવાજ થવા લાગ્યો. કેટલાક મલ્લની પેઠે બાથમબાથા આવી પડયા. કેટલા-
" કના શરીરમાં થઇને બાણુ આરપાર નીકળી ગયાં. શિવ અને કાળી આનંદ પામ્યાં.
" કાળીને પુષ્કળ રૂધિર મળ્યું અને શિવ પોતાની રૂઢમાળામાં ખોપરીઓ પરોવવા
" મંડયા. ઉચ્છિષ્ટ માંસને બદલે પક્ષીઓ મનુષ્ય માંસ તોડી તોડીને ખાવા લાગ્યાં.
" જેમ મોટા નગરના રસ્તા માણસોથી ખીચોખીચ ભરાઈ જાય તેમ સ્વર્ગના રસ્તો
" ત્યાં જનારાઓથી ભરાઇ ગયો. યોદ્ધાઓ લૂંટ કરી દેવું પતાવી ઋણમુક્ત થયા.
" મેઘમાં જેમ વિજળી ઝબુકે તેમ કન્હની તલ્વાર ઝબુકી રહી. એક બાજુ કન્હ ને
" બીજી બાજુ સારંગ મકવાણો સામસામા અટકયા. બંને જણ શૂરવીર સિંહની
" પેઠે લડયા. તેમાં હાથીની પેઠે ગાજી રહેલા શૂરવીરોની વચમાં સારંગ મકવાણો
" પડયો. પૃથ્વીરાજના યોદ્ધાઓએ 'હર હર મહાદેવ' નો ગગનભેદક ધ્વનિ કીધો.
" ગુર્જરો પાછા હઠવા મંડયા. યોગીઓ તપશ્ચર્યા કરીને થાકે છે ત્યારે તેઓને જે
" સ્થાન મળે છે, તે સ્થાન એક ક્ષણુવારમાં સુભટોને પ્રાપ્ત થયું. જેમ પડછાયાની
" દરકાર રાખવામાં આવતી નથી તેમ જીવતરને તુચ્છ ગણી યોદ્ધાઓ એક બીજા
" ઉપર તૂટી પડયા. તેઓ મુક્તિનેજ ઇચ્છતા હતા. જીવતરને માત્ર સ્વપ્નવત્ સમ-
" જતા હતા, આજ રાત્રે આપણે મરવું કેમકે કાલે શું થશે તેની કોને ખબર છે ?
" પવનથી આગ પ્રસરે તેમ જુસ્સાથી લડાઇ ચાલી. યોદ્ધાઓએ જાણ્યું કે આપણી
" કીર્તિ રહેશે. તલ્વારની ધારથી કપાઇ જતું શરીરરૂપી પિંજર હવે આત્મારૂપી
" હંસને પુનઃ પુનઃ મળવાનું નથી. જ્યારે હંસ ઉડી જશે ત્યારે તે પિંજર શા
" કામનું ? આમ વિચાર કરી યોદ્ધાઓ જુસ્સાથી લડવા લાગ્યા. લડાઇ ખુબ
" જોસથી ચાલી."

" સાબાશ ! સાબાશ ! કહી પૃથ્વીરાજ પોતાના યોદ્ધાઓને હિંમત આપવા
" લાગ્યો. સૈનિકોના રૂધિરથી સાબ્રમતી નદી બંને કાંઠે વહેવા લાગી. અને તેના
" અસ્ખલિત પ્રબળ પ્રવાહમાં હાથીઓ, ઘોડાઓ અને માણસો તણાવા લાગ્યાં. ફ-
" રીને વળી યુદ્ધનાં વાદિત્ર વાગવા માંડયાં. અર્દ્ધો પ્રહર સુધી તુમુલ યુદ્ધ મચ્યું.
" ભમરાની પેઠે હવામાં બાણો હમહમાટ કરવા લાગ્યાં. ચૌહાણના ઘણાક યોદ્ધાઓ
" મરાયા. ચાલુક્યની ઘણીક હારો હાથીની પેઠે લડી રણમાં પડી. પોતાની સેનાનો
" અગ્રભાગ વિચલિત થએલો જોઈ પૃથ્વીરાજ કોપે ભરાયો. તેણે પોતાના ઘોડાને
" મારી મૂક્યો. તેની ખરીના પડઘાથી પૃથ્વી ધ્રૂજવા લાગી. પૃથ્વીરાજના અતુલ-
" નીય પરાક્રમથી પીંપળાના પાન પવનથી ધ્રૂજે તેમ શત્રુની હાર ધ્રૂજવા લાગી.

" બાણોની વૃષ્ટિથી આકાશ એવું તો છવાઇ ગયું કે પક્ષીઓને ઉડવાનો પણ માર્ગ
" ન રહ્યો. છેવટે ચાલુક્યની સેના સ્વર્ગનો માર્ગ છોડી પાછી નાઠી. દેવદાનવો બોલી
" ઉઠયા કે જે ક્ષત્રિયો સૂર્યનો માર્ગ ભેદીને સ્વર્ગમાં જાય છે તેને ધન્ય છે. વામ-
" નજી તો ત્રણ ડગલાં ભર્યાં ત્યારે જગત જીત્યા હતા પણ ચૌહાણ સૈનિકો તો માત્ર
" એક ડગલું આગળ ભરવાથી ત્રણે જગત જીત્યા. વીરોની સાથે રૂદ્ર જેમ રમે છે
" તેમ તેઓ નાચવા લાગ્યા. જેમ જેમ ચાલુક્ય સૈન્ય પાછું હઠવા લાગ્યું તેમ તેમ
" ચૌહાણ સૈનિકો જોરપર આવી મારો ચલાવવા લાગ્યા. પૃથ્વીરાજ બોલી ઉઠયો કે
" આજે હું મારી ઇચ્છા પૂર્ણ કરીશ ને ગુજરાતની ધરતીને રંડાપો આપીશ. તેણે
" ભીમને કહ્યું કે હવે તું બચવાનો નથી. સ્વર્ગમાં જ્યાં સોમેશ બેઠો છે ત્યાં આજે
" હું તને મોકલી દઇશ. કન્હે તેને પછવાડે રહી હિંમત આપી. સામ્ભર રાજાએ
" ભીમના ઉપર ઘા કર્યો. પુનર્જન્મનું બંધન તૂટી ગયું ભીમના શરીરપર તલ્વાર
" ફરી વળી. સ્વર્ગમાં દેવતાઓ જય જયકાર કરી રહ્યા. ભીમદેવ રણમાં પડયો. તેનો
" અવાજ થવાથી શિવજીએ પોતાનાં નેત્રો ઉઘાડયાં અને અપ્સરાઓ તેનાં દર્શન
" કરવાની અભિલાષાથી આગળ ધસી આવી. વિજયી પૃથ્વીરાજ ઉપર સ્વર્ગમાંથી
" પુષ્પવૃષ્ટિ થઇ ને ભીમદેવ વિમાનમાં બેસી દેવલોક ચાલ્યો ગયો."

ફાર્બસ સાહેબ ચંદનું લખવું કબુલ રાખી પછીથી મુસલમાન ગ્રંથકારોના લખાણ ઉપર આધાર રાખી લખે છે, કે ભીમદેવ આ લડાઇમાં મરાયો ન હતો. ગમે તેમ હો પણ આ યુદ્ધમાં ભીમનો પરાજય થયો ને પૃથ્વીરાજનો વિજય થયો એ વાત તો નિઃસંશય ને નિર્વિવાદ છે.

ઘણું પરાક્રમ બતાવ્યા પછી વિજય પણ આ યુદ્ધમાં કામ આવી ગયો. આ વાતની ખબર પડતા લીલાને તીવ્ર શોક થયો. પતિ વિનાનું જીવન તેને નિરસ લાગ્યું. પ્રેમદ્રોહ કરી જીવવું તે કરતાં પતિ સાથે સ્વગમાં ગમન કરવું એ તેને ઠીક લાગ્યું. વિચારમાં ને વિચારમાં તેને શૂર ચડયું. તે સતી થવા તૈયાર થઇને પ્રફુલ્લ હૃદયે ચિતા ખડકાવી જીવતી બળી મૂઇ.

અષ્ટમ પરિચ્છેદ.

ઉપસંહાર.

ગુજરાતમાં જય મેળવી પૃથ્વીરાજ દિલ્હી ગયો. ત્યાર પછી થોડે વરસે એટલે ઇ૦ સ૦ ૧૧૯૩ માં શાહાબુદીન ઘોરીએ દિલ્હીપર ચડાઇ કરી. તે શહેર જીતી લીધું. એક વખત ઘોરી શાહને પરાજિત કરી પ્રખ્યાત થએલો દિલ્હીનો છેલ્લો રજપૂત મહારાજા ઘોરી શાહની કપટ જાળમાં ફસાયો. તેણે તેને ભયંકર દંડ દીધો.

આ બનાવ જોઇ દેશદ્રોહી જયચંદનું મન શાંત થયું. તેની સઘળી ચિંતા નષ્ટ થઇ. ચિરકાળથી તેના હૃદયમાં પ્રદીપ્ત થએલો વૈરાગ્નિ હવે હોલવાઈ ગયો. પણ તેને ખબર ન હતી કે એ પોતાના દુષ્કૃત્યનું અનિષ્ટ ફળ પોતાનેજ ભોગવવું પડશે.

બીજે વરસે એટલે ઇ૦ સ૦ ૧૧૯૪ માં ઘોરી શાહે કનોજ ઉપર ચડાઇ કરી. રાઠોડ રાજા જયચંદ કે જેણે એક વખત દિલ્હીપર ચડાઇ કરવા તેને કહેણ મોકલ્યું હતું, તેને જ હવે ઘોરી શાહ સામે ટક્કર ઝીલવાનો વખત આવ્યો. મુસલમાનોની ધસી આવતી સેનાને રોકવા તે પોતાના અસંખ્ય સૈન્ય સાથે કનોજ બહાર નીકળ્યો. અત્યારે તેને કોઇની મદદ મળે તેમ ન હતું. કોઇક વખત પણ મદદગાર થઇ શકે તેવી સત્તાનો તો તેણે પોતાને હાથેજ અંત આણ્યો હતો. આ કૃત્યનું પરિણામ ભોગવવા માટે અત્યારે તેને સમરાંગણમાં જવું પડયું. હિંદુ મુસલમાન સૈન્યો વચ્ચે તુમુલ યુદ્ધ મચ્યું. રણયજ્ઞમાં અસંખ્ય માણસોની આહૂતિ અપાઇ. અતુલ બળ દાખવ્યા છતાં પણ કાળની વિચિત્ર—નહિ સમજાય તેવી ગતિથી હિંદુ સેનાનો પરાભવ થયો. મુસલામનો જોરપર આવ્યા. ને તેમને હાથેજ કનોજનો ચક્રવર્તિ મહારાજા, રાજપૂત કુલાંગાર, દેશદ્રોહી, નરપિશાચ જયચંદ રાઠોડ રણમાં પડયો. ઉત્તર હિંદમાંથી રાજપૂત સત્તાનો અંત આવ્યો. ભારતવર્ષની સ્વતંત્રતાને સડો લાગ્યો. કનોજ ને દિલ્હી શહેરની પાયમાલી થઇ ગઇ. તેનાપર મુસલમાનોનો વિજયી વાવટો ફરકવા લાગ્યો. આ અરસામાં શાહબુદીનને ગીજનીની ગાદી મળવાથી તેણે પોતાની વતી અમલ કરવા કુતબુદીન નામે સુબો મૂકયો. ને તેને પોતાનું અધુરૂં કામ પુરૂં કરવાનો આદેશ કર્યો.

ત્યાર પછી ઇ૦ સ૦ ૧૧૯૫ માં કુતબુદીને અજમેરપર ચડાઇ કરી, ને તે શહેર જીતી લીધું. મુસલમાનોના પ્રહાર ખમવાને હવે ગુજરાતનો વારો આવ્યો. કુતુબે તેજ વરસમાં ગુજરાત ઉપર ચડાઇ કરી. ગુજરાતના મહારાજા ભોળો ભીમ આ વખતે ઘણી લડાઇઓ લડી નબળો પડી ગએલો હતો. તેના ઘણા બહાદુર અનુભવી ને પ્રભુભક્ત સૈનિકો મરણ પામ્યા હતા. તથાપિ હજી સુધી પાટણની વિજયી પતાકા નીચે વિસ્તીર્ણ પ્રદેશ લાવવાની તેની મહત્વાકાંક્ષા નષ્ટ થઇ ન હતી. તેનામાં ધૈર્ય ને હિંમત અથાગ હતાં. મુસલમાનોનું આક્રમણ જાણી તે યુદ્ધ માટે તૈયાર થયો. યુદ્ધમાં ઘણી બહાદુરી બતાવવા છતાં પણ તેને વિજય ન મળ્યો. રાજપૂત સત્તાને નષ્ટપ્રાય કરવાનો મહા મંત્ર ભણી નીકળેલી યવન સેનાએ ગુજરાત જીતી લીધું. મહારાજા ભીમદેવ આશા ભંગ થઇ પાટણથી પલાયન કરી ગયો. મુસલમાનોએ ગુજરાતની સ્વતંત્રતા છીનવી લીધી. પાટણ શહેર લૂંટાઇ ગયું. તેથી પ્રભુતાપર પાણી ફરી વળ્યું. પણ અત્યારથીજ ગુજરાતની જાહોજલાલી નષ્ટ થાય એ વિધિને રૂચતું ન હતું, તેથીજ કુતુબુદીનને એકદમ દિલ્હી જવું પડયું. આ ખબર ભીમદેવના સાંભળવામાં આવી. હજી સુધી તે છેક નિરાશ બની ગયો ન હતો. કુતુબુદિન દિલ્હી તરફ પાછો ફર્યો, કે તરત તેણે છૂટા છવાયા યોદ્ધાઓ ભેગા કર્યા. તેમનામાં સ્વદેશ પ્રેમ પ્રકટાવ્યો, તેમનામાં નવો ઉત્સાહ ઉત્પન્ન કીધો ને યવનોની સત્તા તોડી સ્વતંત્ર

થવાનો મહા મંત્ર મૂક્યો. યવનોના ત્રાસથી કંટાળેલા બીજા ઘણા સામંતોને મંડળેશ્વરો પણ હવે ભીમને આવી મળ્યા. બહાદુર ભીમે પુનઃ પાટણ લીધું. મુસલમાનોને દેશમાંથી હાંકી કાઢયા. પાટણ ફરીથી સ્વતંત્ર થયું ને તેનાપર ચાલુક્યોનો વિજયી વાવટો ફરકવા લાગ્યો.

પાટણથી યવનોને હાંકી કાઢયા તેથી કંઇ ભીમદેવને સંતોષ થયો નહિ. હિંદુસ્તાનમાં મુસલમાનોની સત્તા ઘણી વધી પડેલી હોવાથી, અને તેઓ છેક નજીક આવ્યાથી ભીમને તેમનો ભય લાગ્યો. હવે કોઇ પણ રીતે તેમની સત્તાનો વિધ્વંસ કીધા વિના ગુજરાતનું ગૌરવ સહીસલામત ટકી શકશે નહિ એમ તેને ખાત્રી થઇ. આ વખતે યવનના જુલમી દોરથી હિંદુ પ્રજાનાં મન પણ ઉંચાં થયાં હતાં. સ્વાતંત્ર્યની ખરી કીંમત હજી તેમના જાણવામાં આવી હતી. વળી વૃક્ષ નિર્મૂળ થતાં ડાળાં પાંદડાં સ્વતઃ ખરી પડશે એમ સોલંકી સામંતો અને મંડળેશ્વરોના સમજવામાં પણ આવ્યું. તેઓ સર્વ હવે યવનોની સત્તા તોડવા, ગુજરાતને નિર્ભય કરવા ભીમદેવનું આધિપત્ય સ્વીકારવા, પાટણનું પ્રભુત્વ અખંડિત રાખવા કટિબદ્ધ થયા. ધીમે ધીમે સઘળા ભીમને આવી મળ્યા. ભીમે તેમને યવનોની સત્તા તોડી સ્વતંત્ર થવાનો મહામંત્ર ભણાવ્યો. તેમણે પોતાનું શૌર્ય અને ધૈર્ય તેમનામાં પ્રેર્યાં હવે 'જય સોમનાથ'ની વીર હાંક સાંભળતાં સોલંકીઓના શરીરમાં શૌર્યનો આવિર્ભાવ થવા લાગ્યો.

યવનોની સત્તા તોડવા ભીમદેવ તૈયાર થયો. બીજાં ઘણા હિંદુ રાજાઓએ તેને તે કામમાં મદદ કરી. 'જય સોમનાથ'ની વીરહાક મારતું સૈન્ય અજમેરપર ચડયું. વખતસર ખબર મળવાથી કુતુબ પણ ભારે સેના લઈ અજમેરના રક્ષણમાં આવી ઉભો. બંને સેનાનો ભેટો થતાં ભયંકર ખુનરેજી ચાલી. હિંદુઓ જય સોમનાથનો ગગનભેદક ધ્વનિ કરીને, મુસલમાનો ઉપર તુટી પડયા—યવનોની સત્તા નષ્ટ કરવી એ નિશ્ચયથી તેઓ આજે લડતા હતા. આ યુદ્ધમાંજ તેમણે ખરૂં શૌર્ય બતાવ્યું. મુસલમાનો ચકિત થઇ ગયા તેમનું પાણી ઉતરી ગયું. ભયભીત થઇ તેઓ પાછા હડયા. રજપૂતોએ તેમની પૂંઠ લીધી. તેમને હાથે યવન સૈનિકો રણમાં પડયા. બહાદુરીથી લડવા છતાં કુતુબ પણ ઘાયલ થયો તથાપિ આ એકજ યુદ્ધમાં પરાજિત થવાથી તે હિંમત હારી જાય તેવો ન હતો. હિંદુસ્તાનમાં મુસલમાન સત્તા સર્વોપરિ કરવાનો મહામંત્ર શાહબુદીને તેને શીખવ્યો હતો. એ મંત્રે તેનામાં નવીન ઉત્સાહ પ્રેર્યો, તે બહાદુરીથી લડયો, છતાં પોતાના જીવ ઉપર ઉદાર થઈ લડતા રજપૂતો સામે તે ટકી શકયો નહિ. તે હાર્યો ને અજમેરમાં જઇ ભરાયો. હિંદુ સેનાનો એક વાર પુનઃ જય થયો મુસલમાનો સાથેની લડાઇમાં તેમણે આ છેલ્લો વિજય મેળવ્યો.

જીત મેળવી ભીમ પાછો ફર્યો નહિ. તેણે કુતુબને અજમેરમાં ઘેર્યો. થોડાજ વખતમાં આ સમાચાર ગીજની પહોંચ્યા. ત્યાંથી ઘાયલ થએલા કુતુબની મદદમાં નવી ફોજ આવી. કુતુબ યુદ્ધ માટે પુનઃ તૈયાર થયો. ઘેરો ઘાલી બેઠેલી હિંદુ સેના

સાથે લડાઇ થઈ ને મહા મહેનતે જીત મેળવી. ભીમ ગુજરાત તરફ નાઠો. મુસલમાનોએ તેમની પૂંઠ લીધી. ઘણીવાર ઝપાઝપી થયા પછી ગુજરાત તેઓના હાથમાં આવ્યું. ભીમ જીવ લઇ નાઠો. પાટણમાં કુતુબે પોતાનો સુબો મૂક્યો, પણ થોડાજ વખતમાં બહાદુર ભીમે તેને હાંકી મૂક્યો. તેણે ગુજરાત જીતી લીધું ને પુનઃ પાટણ સ્વતંત્ર થયું.

આ વખતે ગીજનીમાં શાહબુદીન ઘોરી મરણ પામ્યો હતો. તેની પછીના રાજાઓ નબળા હતા તેથી દિલ્હીનો સુબો કુતુબ સ્વતંત્ર પણે અધિકાર ચલાવવા લાગ્યો. હવે તેનું લક્ષ ઉત્તર હિંદમાં પોતાની સત્તા મજબુત કરવા તરફ હતું. ગુજરાત માટે બળ વાપરી નાખવું એ તેને ઠીક લાગ્યું નહિ. તેથી કુતુબે અને તેના પછીના રાજાઓએ આ દેશને વિસારી મૂક્યો. પણ સોલંકી સામંતોએ અને મંડળેશ્વરોએ તેનો લાભ લીધો નહિ. એ તો એક સાધારણ નિયમ છે, કે જ્યારે દેશ ઉપર કંઈક આફત આવી પડે—દેશની સ્વતંત્રતા ઉપર કોઇક તરાપ મારવા તૈયાર થાય—ત્યારે દરેક પ્રજા માંહોમાંહે ઐકય કરી સામી થાય છે; પણ જ્યાં ભય મટયો કે પછી તરત પ્રત્યેક વ્યકિત પોતાનો સ્વાર્થ સાધવા તૈયાર થાય છે. આ નિયમ પ્રમાણે ગુજરાતમાં પણ બન્યું. મુસલમાનો તરફથી ભય મટયો તથાપિ ભીમ સુખેથી રાજ્ય કરી શકયો નહિ. નાના મોટા સામંતો ને મંડળેશ્વરો સ્વતંત્ર થવાની. પાટણની સત્તાનો અનાદર કરવાની, તૈયારી કરવા લાગ્યા. આ વખતે ગુજરાતમાં સામંતોની સત્તા બલવત્તર હતી. એ હંમેશ ખીજવાયલા રહેતા. ને ધનાઢય માણસોને તેઓ પોતાના તાબામાં લેવા પ્રયત્ન કરતા. સોલંકી રાજાઓએ આ સામંતોની સત્તા તોડવાને બન્યા તેટલા પ્રયત્ન કીધા હતા. પણ તેઓ તેમના સ્વાતંત્ર્ય ઉપર અંકુશ મેળવી શકયા ન હતા. પાટણનો રાજા બહાદુર ગણાતો, શૂરવીર લેખાતો ને પરમૂલકમાં તે મહાન ગણાતો; તથાપિ પાટણ બહાર તેની સત્તા નામનીજ રહેતી. મહારાજા મૂળરાજના વખતથીજ ઘણા નાના નાના સરદારો ગ્રાસ મેળવી સ્વતંત્ર બની ગયા હતા. તેઓ પાટણના રાજાને માત્ર ચક્રવર્તી ગણતા. શક્તિમાન મંડળેશ્વરો પણ પાટણના રાજાનું આધિપત્ય નહિ જેવુંજ સ્વીકારતા. તથાપિ પાટણનરેશ તેઓની સ્વતંત્રતા છીનવી લેવા સમર્થ ન નીવડયા; કારણ કે તેઓના દુશ્મન ઘણા હતા. ને તેથી પાટણની પ્રભુતા સાચવવા વખતો વખત તેમને સામંતો ને મંડળેશ્વરોની મદદ માગવી પડતી.

સામંતો અવશ હોવાથી મહારાજા ભીમદેવ ઘણો ચિંતાતુર રહેતો હતો. વખતો વખત ઘણી આફતો આવી પડવાથી તે નિર્બળ બની ગયો હતો. આ વખતે તેની સ્થિતિ ખરેખર વિષમ થઇ પડી હતી. સુકૃત સંકીર્તનમાં લખ્યા પ્રમાણેઃ—

सतत वितत दान क्षीण निःशेष लक्ष्मीः
रित सित रुचि कीर्ति भीम भूमि भुजंगः ।

वल्क वालित भूमि मंडलो मंडले सै-
थिर पाचिता चिन्ता चांत चिचात ऽभूत ॥ ५०

અર્થાત્ નિરંતર ઘણું દાન આપવાથી જેની સમગ્ર લક્ષ્મી ક્ષીણ થઈ ગએલી છે, અને અતિ શ્વેત કાન્તિવાળી જેની કીર્તિ છે; બળે કરીને માંડલિકોએ જેનું ભૂમિ-મંડળ લઇ લીધું છે, એવો ભૂમિપતિ **ભીમ** લાંબા સમયથી પ્રાપ્ત થએલી ચિંતા વડે વ્યાકુળ થયો.

એક વખત જેના પાદપ્રહારથી પૃથ્વી પણ કંપી જતી; જેની રણહાકથી શત્રુઓ પણ થરથર કંપતા; અને જેની ભુજાબળનો સ્વાદ ચાખતાં મહા રણધીર યોદ્ધાઓ પણ માન મૂકી નાશી જતા: એવો સિંહ સમાન બલિષ્ઠ **પાટણ**નો મહારાજા **ભીમ**દેવ કાળબળે દીન, અસહાય્ય બની ગયો. તેનું પ્રત્યેક કામ નિષ્ફળ નીવડ્યું. દુઃખ પરંપરાથી તે હતાશ બની ગયો. ખરેખર વિધિની ગતિ વિચિત્ર છે તે આનુંજ નામ! તેનો પાર પામવા કોણ સમર્થ છે?

મહારાજા **ભીમ**દેવને વૃદ્ધાવસ્થામાં ઘણું દુઃખ ખમવું પડ્યું. નાના મોટા ગામંતોને મંડળેશ્વરો સ્વતંત્ર થઇ ગયા. તેમની સત્તા તોડવા **ભીમ**દેવ સમર્થ ન હતો. તેના વફાદાર સરદારો ઘણા થોડા હતા. તેમાં મુખ્ય **લવણપ્રસાદ વાઘેલો** હતો. **પાટણ**ની પ્રભુતા જાળવવા, **ભીમ**દેવનું આધિપત્ય ટકાવી રાખવા, અને સામંતોમાં ઐક્ય વધારવા તેણે બન્યું તેટલું કીધું તથાપિ તેનો પ્રયત્ન સફળ ન નીવડ્યો. **જયંતસિંહ સોલંકી** નામનો મુખ્ય સામંત સ્વતંત્ર થયો. **ભીમ**ને ઠેકાણે તેણે પોતાનો અમલ બેસાડ્યો. જો કે આ વખતે **ભીમ** ઘણો નિર્બળ બની ગયો હતો. તેનામાં પ્રથમના જેવો જુસ્સો ન હતો, તથાપિ તેનું ધૈર્ય અડગ હતું. તેનામાં અમલ ચલાવવાની શક્તિ સારી હતી. આથી તેણે પોતાનું ગએલું પદ પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન કીધો. **લવણપ્રસાદ વાઘેલો** અને તેના પુત્ર **વીરધવળે** તેને ઘણી મદદ કરી. **ભીમે** પુનઃ **પાટણ** જીતી લીધું, ને **ગુજરાત**પર પોતાની સત્તા સ્થાપી.

આ વખતે **લવણપ્રસાદ ભીમ**દેવ પાસે મુખ્ય સામંત તરીકે રહેતો હતો. બધું રાજમંડળ તેના તાબામાં હતું. સામંત હોવા છતાં તેણે પોતાને હાથે ઘણું ધર્મદાન કર્યું હતું. તે **ભીમ**નો વિશ્વાસનીય સરદાર હતો. તેણે જીવતાં સુધી **પાટણ**ની ગાદી પર કોઈનો હાથ પડવા દીધો ન હતો. એટલુંજ નહિ પણ તેણે પોતાના રાજ્ય લોભી પૌત્ર વિશળદેવની મહત્વાકાંક્ષા પર પણ કાબુ રાખ્યો હતો. ખરેખર આવા પ્રભુભક્ત સામંતો જવલ્લેજ દીઠામાં આવે છે તેમની સ્વામિભકિતની જેટલી પ્રશંસા કરીએ તેટલી [illegible]જ છે.

લ[illegible]ાદનો પાટવી કુંવર **વીરધવળ** આ વખતે ધોળકામાં રહી અમલ ચલાવતો હ[illegible]. તે મહા શૂરવીર હતો. ઘણી લડાઇઓ લડી તેણે કેટલોક મુલક જીત્યો હતો. જ્યારે મહારાજાને છાજતી સર્વ પ્રકારની સ્થિતિ તેને પ્રાપ્ત થઇ ત્યારે તેને તેના

પ્રધાનોએ કહ્યું, કે "દેવ! આપે આપના બળથી આ ગુર્જર ધરા જીતી લીધી છે. બીજા દેશના રાજાઓને પણ ખંડીયા બનાવી દીધા છે. માટે આપ હવે સર્વથી મહારાજાધિરાજની પદવીને યોગ્ય છો. માટે હવે કોઇ સારૂં મુહુર્ત જોઇ આપ મહારાજાધિરાજનું પદ ધારણ કરો તો સારૂં" મંત્રીઓનું આવું બોલવું સાંભળી વીરધવળ બોલ્યોઃ—

अजित्वा सार्णवां ुर्वी मनिष्ट्वा विविधैर्मखैः ।
अदत्वा चार्थमर्थिभ्यो भवेयं पार्थिवः कथम् ॥

અર્થાત્ સમુદ્ર સુધી પૃથ્વી જીત્યા વિના, વિવિધ પ્રકારના યજ્ઞો કર્યા વિના, અને યાચકોને દાન આપ્યા વિના હું રાજા કેમ થાઉં? મારે તો મારૂં 'રાણા'નું પદ સારૂં છે.

ભીમને પુત્ર નહિ હોવાથી તેને ચિંતા થવા લાગી. એક વખત ગુર્જર ધરાની રાજ્ય લક્ષ્મીએ તેને સ્વપ્નમાં વીરધવલને યુવરાજ પદ આપવાનું કહ્યું. બીજે દિવસે ભીમે દરબાર ભરી લવણપ્રસાદનાં વખાણ કરી, તેને 'સર્વેશ્વર'નું અને તેના ધવળ હૃદયના પુત્ર વીરધવળને 'યુવરાજ'નું પદ આપ્યું. પણ વીરધવળ આ પદ લાંબી મુદત સુધી ભોગવવા ભાગ્યશાળી નીવડયો નહિ. ભીમના જીવતાંજ ઇ. સ. ૧૨૯૫માં તેનો કાળ થયો ને તેના પછી ત્રણ વરસે ભીમદેવ પણ મરણ પામ્યો. ભીમની પછી લવણપ્રસાદની મદદથી ત્રિભુવનપાળ ગાદીએ બેઠો. કેટલાકનાં મન પ્રમાણે તે ભીમનો પુત્ર હતો. ગમે તેમ હોય, તથાપિ એટલું તો ખરૂં કે તે સોલંકી વંશનો હતો; તેમજ લવણપ્રસાદે ઉદાર દીલથી તેને ગાદીએ બેસાડયો. લવણપ્રસાદની મદદથીજ તે ૨ વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો. સોલંકી વંશનો આ છેલ્લોજ રાજા હતો. તેના પછી પાટણની ગાદીએ વાઘેલા વંશનો અમલ બેઠો.

મહારાજા ભીમદેવ મરણ સાથે ગુજરાતનું ગૌરવ પણ નષ્ટ થયું. પાટણની પ્રભુતા પૂર્ણ થઇ. આરંભમાં મૂળરાજ સોલંકીએ ગુર્જર સામ્રાજ્યનો પાયો નાખી પાટણની કીર્તિ આખા હિંદુસ્તાનમાં પ્રસારી હતી. તેની પછી સિદ્ધરાજે અને કુમારપાળ પોતાનાં પરાક્રમથી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું, અને છેલ્લા મહારાજા ભીમદેવે તો પાટણની સત્તા સર્વોપરિ કરવા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું; પરંતુ પરિસ્થિતના બળે તે યશસ્વી નીવડયો નહિ, તથાપિ એટલું તો ખરૂંજ કે તેણે ઘણું બળ દાખવ્યું. પ્રત્યેક પ્રસંગે પોતાનું શૌર્ય અને ધૈર્ય બતાવી આપ્યું અને બબ્બે વખત યવનોના પાશમાં સપડાયેલા ગુજરાતને સ્વતંત્ર કીધું, એ કંઇ તેનું જેવું તેવું—સાધારણ પરાક્રમ ન કહેવાય. ખરેખર ગુજરાતનું ગૌરવ જાળવનાર આ છેલ્લો વીર નર હતો. તેના વખતમાં ગુજરાતની પ્રજાએ સુખ અને દુઃખ; સ્વતંત્રતા ને પરતંત્રા બંને અનુભાવ્યાં પણ તેના ઉપરથી ભીમદેવની યશસ્વી કારકીર્દિ કલંકિત થતી નથી. કારણ કે જો તે વખતે ભીમને ઠેકાણે કોઇ બીજોજ

રાજા હોત, તો તેજ વખતે ગુજરાત યવનોના પાસમાં સપડાઇ ગયું હોત, ભીમદેવે અતુલ પરાક્રમને ધૈર્ય બનાવી જે કીર્તિ મેળવી અને ગુજરાતનું ગૌરવ વધાર્યું; તે સર્વનો તેના મરણ પછી અંત આવ્યો. પાટણનું પ્રભુત્વ ને ગુજરાતની જાહોજલાલી અદૃશ્ય થઈ ગયાં.

ભીમદેવના મરણ પછી થોડો વખત ઠીક ચાલ્યું પણ ત્યાર પછી ગુજરાતની જાહોજલાલી પર અંધકારના થરેથર ચડવા લાગ્યા. ગુર્જરભૂમિ યવનોના હાથમાં ગઇ. તેની નામશેષ સ્વતંત્રતાનું પણ વિસ્મરણ થઇ ગયું. યવનોના જુલમી દોરથી તે નિરસ–સત્વહીન–સ્મશાનવત્ બની ગઇ. તેમાંથી વિજયી વીરાની રણહાકો પણ અદૃશ્ય થઇ ગઇ. ભીમદેવના હાથમાંથી રાજદંડ પડયો ત્યાર પછીથી આમ બનવા પામ્યું. યવનોના વખતમાં તો ગુર્જર પ્રજાએ દુઃખદ સ્થિતિ અનુભવી. તે વખતથીજ તેના સ્વાતંત્ર્યના સ્વપ્ન પણ વિસ્મરણ થઈ ગયાં. તેનાં હાડમાંસ પણ ચુંથાઈ ગયાં. આમ છતાં પણ ગુર્જર પ્રજાનું ધૈર્ય વિચલિત ન થયું. પ્રભુ કૃપાથી તેને પુનઃ બ્રિટિશ રાજ્યની સુખદ છાયા પ્રાપ્ત થઇ. એ છાયામાં ગુર્જર ભૂમિ ખીલી, પૂર્વવત્ પ્રકાશી ને તેણે લાંબી મુદતે પણ અસલ સ્વરૂપ ધારણ કીધું.

સમાપ્ત

કંઠમાલની, કોઢ, ક્ષય, શ્વાસ, દમની દવાઓ, સરસ્વતી આવડે તે માટે ચૂર્ણ, મંત્ર, જંત્ર, મરડો, પેશાબ, ઉધરસ, ખસ, ખરજવું, ખીલ, આદાશીશી, સલેખમ, જુ, લાખ, જલંદર, સાપ, વીંછી, મધમાખી, કોલેરા, સ્ત્રીના કમળનો સોજો, રક્તપિત્ત, દરાજ, ભગંદર, કાંસાશ્વાસ, નાસુર, કમળો, ફેફરૂં, રતાંધળાપણું, હરસ, વિસ્ફોટક, ભાંગરાકલ્પ, દિવ્ય દૃષ્ટિ વગેરે ઉપરાંત બુઢ્ઢા ના થવાય તે માટે, ગર્ભિણીના અતિસાર માટે, બાળકોના રોગ માટે ઘણી અકસીર જુની ઔષધીઓ શોધીને પ્રકટ કરી છે.

એક વખત અવશ્ય વાંચી વંચાવી લાભ લ્યો. "ગુજરાતી" ભાષામાં આવો બીજો કોઇ પણ દલદાર, ઉપયોગી ગ્રન્થ નથી. સોનેરી નામો સાથે પાકુ પૂઠું.—કીમત રૂ. ૩–૪–૦ (પોસ્ટેજ સાથે) આજેને આજેજ પત્ર લખોઃ—

અમૃતસાગર—(પ્રતાપસાગર) આ પુસ્તકમાં પરચુરણ બધી જાતના રોગો અને તેના ઉપાય અને ઇલાજ મોટા ગ્રંથો ઉપરથી દોહન કરી નાખવામાં આવેલા છે. પુસ્તકની ભાષા પણ એટલી સરળ વાપરવામાં આવી છે કે ગમે તેવા અજ્ઞાન માણસને પણ આ વિષયની સમજણ ઘણીજ સહેલાઇથી પડે છે. ટુંક સમયમાંજ આની ત્રણ આવૃતીઓ ખલાસ થઈ એજ આ પુસ્તકનું મહત્વ બતાવી આપે છે. ગ્લેજ ઉંચા કાગળ પાકું સોનેરી પુઠું. કિ. ૨ રૂ. પોસ્ટેજ ૪ આના.

વંધ્યાચિકીત્સા—(વંધ્યાકલ્પ) વંધત્વનાં અષ્ટદોષો શાન્ત થઇ સુસન્તતી થવાના ઉપાયો આપવામાં આવ્યા છે. કિ. ૨ આના.

વૈદ્યવલ્લભ—વૈદ્યવતંસ—આમાં અનુભવી તથા અકસીર ૨૦૦ સાદા ઉપાયો આપવામાં આવ્યા છે કે સાધારણ માણસ પણ અજમાવી શકે. શિવાય શાક, દુધધાન્યાદિના ગુણદોષ પણ વર્ણીત છે. કિં. ૪ આના.

વૈદજીવન—અને વૈદ્યવંતસ શ્લોક તેનો કવિતામાં અર્થ તથા ભાષાન્તર આ પુસ્તકમાં શ્લોકના અર્થ તથા કવિતામાં અર્થ એમ ડબલ આપેલા છે. જેથી થોડીક વખત વાંચવાથી તરતજ મુખાગ્રહે થાય છે. આમાં દીન, રાત્રિ, રૂતુચર્યાદિ વિષયો ઘણાજ ઉપયોગી છે. આ પુસ્તક માટે વૈદ્યોના સંખ્યાબંધ સર્ટીફીકેટો મળ્યાં છે. પાકું સોનેરી પુંઠું છતાં કિ. ૧ રૂ.

કાળજ્ઞાન—શરીરનાં કેટલાક ચિન્હ ઉપરથી મૃત્યુજ્ઞાન ત્વરીત થાય છે. આથી ૭ માસ અગાઉ મૃત્યુ જાણી શકાય છે. કિ. ૪ આના.

મળવાનું ઠેકાણું—

બુકસેલર **મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે**, ત્રણ દરવાજા—અમદાવાદ

દાસ્તાને તિલિસ્મે હોશરૂબા— ઇસ કિત્તાબકી કિતનીહી તઅરિફકી જાએ ફુજુલ હય; ક્યુ કે તમામ જમાના જાનતા હય કે યહે તમામ હિન્દમે મકબુલ હય ઇસ કીતાબમે અમીર હમજા સાહેબને અફ્રા સિયાબ જાદુગર કે તિલિસમાતોકા ઉસ્સે લડકર ફના કિયાથા ઉસ્કા મજકુર હય, ઉમર ઐયારકી ઐયારીયે પઢકર હસ્તે હસતે લૌટ ન જાય તો હમારા જીમ્મા, મુસલમાનોકી બહાદુરીએ ઇસલામકા જોશ, મહાદાને જંગકેસીન, ગરજકિતાબ કયાહય એક મરકા ખીચકર શાએરને આપકે સામને રખ દીયા હય. આશિકોંકી તો જાનહય. નજમો નઝર દોનોમે કમાલ કિયા હુવા હય. એકબાર દેખને પરહી મુનહસિર હય જયાદા તઅરિફ કરના ગોયા સોનેપર મુલ્મઆ ચઢાને કે બરાબર હય જબાન, ઉર્દુ સહેલી હરકિસીકો સમઝ પડ શકતી હય. કાગજ ગ્લેજ સુનેરી પુંઠા પુસ્તક રોયલ આઠ પેજી કે ૧૦૦ સફેકી કીતાબકે સિર્ફ રૂ. ૨–૮–૦ પોસ્ટે ૦–૪–૦.

અલફ લયેલા— યા અની એક હઝાર ઓર [એક રાતકા બેબહા ખજાના] શાયદીન ! મશહુર અલફ લયેલાકે નામસે શાયદહી કોઇ બે. ખબરહોગાં યહે વોહ કીતાબ હય જીસ્કીશાની આજ જમાને ભરમે મીલનાં મુશકીલ હય, રંજીદાં દિલકો આરામ દેનેવાલા યહી એક તુકસા વય દીલકો ખીંચનેવાલા સહરનુમાં કિસ્સોકા મૌજેં માંરતાં સંમદર જીસ્કે લીયે મશહુર ઇંગ્રેજ ગ્લેડસ્ટન કહેતા હય કે " જો કોઇ બહોતહી ઉમ્દા કિતાબોકા અખ્જ કરનેકે લીયે અગર મુજસે કહેતો કભીભી મેં અલફ લયેલા કે રખે બગયર ન રહું " જીસને ન દેખી ઉસ્કેજેસા કમનસીબ કોઇ ન હોગા કી અજહદ ઉમ્દા હોનેકે સાથ કિમત બહોત કમ રખનેમેં આઇ હય. સુનેરી જીલ્દ ઔર ઉમદા કાગજવાલી હૈ કિ. રૂ. ૨–૮ ટપાલ ખર્ચ માફ.

કસસુલ અંબીઆ— ફી–જીકરૂલ અસફિઆ દુનિયા, કયસે પયદા હુઇ, પહેલે કૌનસી ચીજ પયદા હુઇ ફીર કયા બના આદમ (અલય) કો બહિસ્તમેં કયા ગુજરી ઇન્કે એહવાલસે લેકર શીશ, નુહ, સુલયમાન ઇબ્રાહીમ, મુસા, ઇસ (અલય) ગરજ, છોટે બડે પછ પેગમબરોંકે હાલાત મએ નબીએ આખીર જમાન હજરત અહમદ મુસ્તુફા (સલ.) કા પુરે પુરા એહવાલ ઇસ્કે અલાવા ચારોં અસહાબ, હજરત અબુલકર સિદ્દીક ઉમર હારૂક ઉસમાન જીન્નુરેન, ઔર હય દરેક કરાર અલીએ મુર્તજાકા પુરા હાલ દરજ કીઆ હય જીસ્કો નિહાયત સુહુલતસે છપવાઇ હય એકબાર દેખનેહી પર મુનહસિર હય યહેં એક કિતાબ દેખનેસે ઔર કિતાબેં દેખનેકી હાજત નહીં રહેગી કીમત સીર્ફ ૦–૧૨–૦ ટપાલ ખર્ચ માફ.

ઉર્દુ ડ્રામા.

ઉર્દુ ઝબાન ઔર ગુજરાતી હરફોમે.

	રૂ. આ.
અમૃત ૦—૬—૦ અલ્લાઉદ્દીન	૦—૬
અલીબાબા ઔર ચાલીસ ચોર	૦—૬
અશીરેહિર્સ—શેરીડેનકે પીજારો પરસે	૦—૬
અંજામે સખાવત ઉર્ફે બાદશાહે ખુદાદોસ્ત.	૦—૪
ઇંદ્રસભા—તસબીરવાલી	૦—૩
ઇન્તેકામ, ૦—૬—૦ કતલેનઝીર	૦—૬
કસોટી ઉર્ફે દોરંગી દુન્યા	૦—૬
કાલી નાગન—ઉર્ફે જન મુરીદ	૦—૬
ખ્વાબેહસ્તી—ફૈજેસોહબત	૦—૬
ખુબસુરત બલા—સાદી	૦—૫
ખુબસુરતબલા તસબીરવાલી	૦—૬
ખુશરૂ હસીના	૦—૬
ખુનેનાહક—શેકસપીયરકે હેમલેટ પરસે	૦—૬
ખુનેજીગર—	૦—૬
ગુલરૂઝરીના ઉર્ફે ઉલ્ફતકા નગીના	૦—૬
ગુલશને અફઝત	૦—૬
ગુલીસ્તાને ખાનદાને હામાન	૦—૬
ગુલેબકાવલી ૦—૬—૦ ચતરેબકાવલી	૦—૬
જહરી સાંપ ઉર્ફે કટોરાભર ખુન.	૦—૬
દાગેહશરત—જાનીસાર ઉર્ફે શીરી ફરહાદ	૦—૬
દીલ આરામ	૦—૬
દીલ ફરોશ-મરચન્ટ ઓફ વેનીસ પરસે	૦—૬
દુશમને ઇમાન. ૦—૬—૦ ધુપ—છાંવ	૦—૬
નેક નીયત યાને ચંદ્રાવલી	૦—૬
બજમેફાની— રોમ્યો જુલીયટ પરસે	૦—૬
બુલબુલૈયા ૦—૬—૦ મીઠાઝહર	૦—૬
શહીદેનાજ	૦—૬
સયદે હવસ—કીંગ રીચર્ડ ધી થર્ડકા ડ્રામા	૦—૬
સુનેરી ખંજર	૦—૬
સુનેરી ફરેબ	૦—૬
સુફેદખુન—કીંગલીયર પરસે	૦—૬

મળવાનું ઠેકાણું—

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, ત્રણ દરવાજા—અમદાવાદ

રૂપિયા દસનાં સામટાં પુસ્તકો ખરીદ કરનારને તેર રૂપિયાનાં પુસ્તકો આપવામાં આવશે.

અરેબીયનના ઇટ્સ (૧૦૦૧) રાત્રીની વાર્તા	૨–૦
અકબર રાજ્ય રહસ્ય ભા. ૧ લો વાર્તા	૧–૪
અકબર રાજ્ય રહસ્ય ભા. ૨ જો (વાર્તા)	૧–૪
અયોધ્યા અને અંગ્રેજ (વાર્તા)	૧–૮
અમરસિંહ (ડીટેકટીવ વાર્તા)	૧–૦
અમૃતસાગર (વૈદકગ્રંથ)	૨–૦
અનતરંગ (કોકશાસ્ત્ર)	૦–૧૨
અલફલૈલા (ઉર્દુ જબાન ગુજરાતી હરફ)	૩–૦
અમૃતમાં ઝેર (નવલકથા)	૧–૮
અલાઉદ્દીનનો ઉદય (સચિત્ર નવલકથા)	૨–૦
આન્તર ધ્વનિ (નવલકથા)	૧–૪
આર્યઇંદ્રજાળ (તંત્ર મંત્ર અને જ્યોતીષ)	૦–૧૨
આજકાલનું હિંદુસ્તાન (સચિત્ર નવલકથા)	૧–૮
આનંદમન્દિર (મોઘ પ્રાસી)	૧–૪
કબીર કાવ્ય (ગુજરાતીમાં સચિત્ર)	૧–૧૨
કમળાદેવી (નવલકથા)	૧–૮
કલીકૌતક (જરૂર હસાવશે)	૦–૧૨
કલંદરની કટાર (વાંચવા લાયક)	૨–૦
કસસુલ અંબીયા (ઉર્દુ જબાન ગુજરાતી હરફોમા)	૦–૧૨
કામીની ચરીત્ર (સ્ત્રી ચરિત્રની વાર્તા)	૦–૮
કાળીરાત્રીનું ખૂની ખંજર (ભા. ૧–૨)	૨–૧૨
કાશ્મીર અને કેસરી (નવલકથા)	૧–૦
કાઠયાવાડી જવાહીર (દુહાનો સંગ્રહ)	૧–૮
કુમુદ કુમારી (સચિત્ર વાર્તા)	૧–૮
કુંદન કુસુમ (ભા. ૧-૨-૩-૪-૫-૬)	૪–૮
કુદરતનો ખેલ ભા. ૧–૨ (ઐતિ)	૩–૮
કુદરતનો કહેર (કરૂણારસ)	૨–૦
કુંજકીશોરી (નવલકથા)	૧–૪
કુસુમકળા (રેનોલ્ડ્ઝ ઉપરથી)	૨–૮
કુમુદકળા (નવલકથા)	૧–૪
કુલીન કાન્તા (નવલકથા)	૧–૦
કુમાર સંભવ (ગુજરાતીમા)	૨–૦
કેનબાજી (પતાના જાદુઇ ખેલ)	૦–૪
કેસરી ભા. ૧–૨ (નવલકથા)	૩–૦
કૌતક માળા (રમુજી વાર્તા)	૦–૧૨
કૌતુક પચીસી પેટી (જાદુ)	૦–૧૨
કંગાલ કેદી (ઉત્તમ સચિત્ર નવલકથા)	૨–૦
કંચન ભા. ૧–૨ (નવલકથા)	૨–૦
ખલીફનાં અદ્‌ભુત પરાક્રમો	૧–૦
ગૃહસ્થાશ્રમ (સંસારિક વાર્તા)	૧–૪
ગીરધરકૃત રામાયણ મોટી	૨–૮
ગુલશાના (નવલકથા)	૧–૦
ગુલકાન્ત અથવા ગેટાલક્ષ્મી	૧–૮
ગુલદસ્તે રમુજ (રમુજી)	૨–૮
ઘરવૈદું (ફેમીલી મેડીસીન)	૩–૮
ઘર વકીલ (કાયદાનો સંગ્રહ)	૬–૦
ઘેલી કુસુમ (નવલકથા)	૧–૮
ચંદ્રકળા અથવા બહુરૂપી બજાર ભા. ૧–૨	૨–૦
ઓખેરવાલી (નવલકથા)	૧–૦
છત્રપતી રાજારામ (મરાઠાઓ)	૧–૮
છેલની વાર્તા મોટી (સચિત્ર)	૨–૦
જર્મનીની ઉન્નતિ શાથી થઈ ?	૧–૮
જીવન શીક્ષા	૧–૮
જંગલની જડીબુટ્ટી	૦–૮
ઝેરી સંસાર (મહાત્માનું મીશન)	૦–૮
ડીટેકટીવ દેવેન્દ્ર	૧–૪
ડીક્ષનેરી ઈ. ગુજરાતી (પોકેટ)	૧–૮
ડીક્ષનેરી ગુ. ઇંગલીશ (પોકેટ)	૧–૮
તરૂણ તપસ્વીની ભા. ૧–૨	૩–૦
ત્રીમુર્તી (સ્લેવઝ ઓફ પેરીસ)	૧–૪
તુલસીદાસકૃત રામાયણ (ગુજરાતીમાં)	૩–૮
દયાનંદ સરસ્વતી ચરિત્ર	૨–૦
દગાબાજ દુનિયા (સચિત્ર વાર્તા)	૧–૮
દીલ્લી દરબાર (મોટો સચિત્ર)	૨–૦
દીલ્લી દરબાર (નાનો સચિત્ર)	૧–૦
દાસ્તાને તીલેસમે હોશરૂબા ઉર્દુ જબાન	૨–૮
દીવાનેસાગર ગુજરાતી હરફોમાં (ગજલો)	૨–૮
નટવર ચંડાળ ચોકડી (સચિત્ર)	૩–૦
નવનારી (સચિત્ર)	૧–૪
નઝીર (ગુજરાતીમાં અર્થ સાથે)	૧–૦
નલીની કાન્ત (નવલકથા)	૧–૪
નવદ પતીને શીખામણ (સ્ત્રી ઉપયોગી)	૧–૪
પદ્મલતા (નવલકથા)	૧–૪
પતીવૃતા બેગમ લુફતુન્નીસા	૧–૮
પ્રભાત (નવલકથા)	૧–૮
પ્રતાપસિંહ (ઐતિહાસીક)	૧–૦
પ્રવાસીના પત્રો (પરચુરણ લેખો)	૧–૮
પ્રવિણસાગર (સર્વ વિષય સંગ્રહ)	૨–૮
પરીમાણ મંજરી (શીલ્પનું)	૧–૦
પાતાળની પ્રેમદા (ડીટેકટીવ)	૧–૦
પાપપુંજ (ડીટેકટીવ)	૦–૧૨
પાંડવ યશેન્દુચન્દ્રિકા (અલંકાર)	૨–૪
પિશાચ મંદિર (સચિત્ર ઉત્તમવાર્તા)	૨–૦
પિશાચીની કે પ્રેમદા (સચિત્ર વાર્તા)	૧–૮
પીનલકોડ (મોટો ગુજરાતીમાં)	૭–૦
પૃથુસિંહ પરમાર ભા. ૧–૨ (રસીકવાર્તા)	૨–૦
પ્રેકટીસ ઓફ મેડીસીન (વૈદકગ્રંથ)	૬–૦
પંદર લાખપર પાણી (નોવેલ)	૧–૦
પચામૃત (કવિતાઓ વગેરે)	૧–૮
પંચતંત્ર (ગુજરાતીમાં)	૦–૧૨
પંચીકરણ (વેદાન્ત ગ્રંથ)	૧–૦
બદીયલ જમાલપરીની વાર્તા	૨–૦
બત્રીસ પુતળીની વાર્તા મોટી	૧–૦

બત્રીસાપૂતળીની વાર્તા મોટી	૨-૮
બત્રીસપૂતળીની વાર્તા...	૧-૦
ભાગે શયતાન (અદ્‌ભુત સચિત્ર નવલકથા)	૨-૦
બેરીસ્ટરની બૈરી (સચિત્ર)	૨-૦
ભદ્રભાળા	૧-૪
ભક્તમાળ ૧૭૦ ભક્તનાં ચરિત્ર	૧-૦
ભયંકર ભાદ્ર (રેનોલ્ડ્ઝ ઉપરથી)	૨-૦
ભજન મહાસાગર (૪૭૫ ભજન)	૦-૧૨
ભાગ્યદેવીની ભયંકરતા (સચિત્ર)	૧-૪
ભેદક ખૂન (મેસમેરિઝમથી)	૧-૦
મણીરત્નમાળા (વેદાન્ત)	૧-૦
મણીમોહન (ઉત્તમ નવલકથા)	૨-૦
મધુર મધુરી (સચિત્ર નવલકથા)	૧-૮
મનુસ્મૃતી (ગુજરાતી ૨૬ કાગળ)	૩-૦
મીરાંબાઇ ભક્તીરસ નવલકથા	૦-૮
મીલનું અમુલ્યમણી નવલકથા	૧-૪
મિલનમંદિર—નવલકથા	૧-૪
મુરાદેવી સચિત્ર મોટી વાર્તા	૨-૦
મુગીસાર્યા અને મોજીમીત્ર	૨-૦
મેઘમાળા (વરસાદ સંબંધી)	૦-૮
યુરોપનો રણરંગ (ઇતીહાસ)	૧-૨
રતીશાસ્ત્ર (કોકશાસ્ત્ર) મોટું	૩-૦
રમણી કે રાક્ષસી ? સચિત્ર	૧-૮
રસીકચંદ્ર ભા. ૧-૨-૩-૪	૪-૦
રસીકલલીતા (નવલકથા)	૦-૧૨
રજનીકાન્ત (નવલકથા)	૧-૮
રતીસુંદરી	૧-૮
રધુમતી વિનોદ (નવલકથા)	૧-૦
રમણતારા (ભાગ્યહીન ભાઇ બેન)	૦-૧૨
રણઘેલા રજપૂતો (ઐતિહાસીક)	૧-૮
રમણીય રત્નમાળા-કવીતાઓ	૧-૮
રણછોડલાલ જીવન ચરિત્ર	૧-૮
રાજભાષા (ઇંગ્રેજી શીખવું છે ?)	૧-૪
રાજવલ્લભ (શીલ્પનો મોટા ગ્રંથ)	૩-૦
રાજ્યના રીપુ ભા. ૧-૨ (નવલકથા)	૨-૪
રાજા છત્રસાલ (ઐતિ. નવલ)	૧-૮
રેલવે અર્થવર્ક ગાઇડ (ખોદ કામની)	૨-૦
લતાલલિતા ભા. ૧-૨-૩-૪ (સચિત્ર)	૩-૦
લક્ષ્મીકાન્ત (નવલકથા)	૧-૦
લંડન રાજ્ય રહસ્ય (મીસ્ટ્રીજ)	૧-૮
લંડન રહસ્ય (મીસ્ટ્રીજ)	૧-૪
લાલનવણજારી	૧-૮
વરઘેલી વનિતા (સચિત્ર)	૨-૦
વનવાસિની (નવલકથા)	૧-૪
વ્યાયામકલાશાસ્ત્ર (કસરતનું)	૨-૦
વ્યાપાર શિક્ષક (વ્યાપારી સલાહકાર)	૨-૦
વિદ્યાચંદ્ર અને સુમતી (સચિત્ર)	૧-૮
વિદ્યુતકુમાર (નવલકથા)	૦-૮
વિચારસાગર (વેદાન્ત ગ્રંથ)	૨-૦
વિષલતા-સ્ત્રી શીક્ષણ સંબંધી	૦-૧૨
વિમળા-રાજ્યખટપટનો ચિતાર	૧-૦
વિનોદવાટીકા (ભા. ૧-૨ જો)	૧-૮
વૈદ્ય જીવન (વૈદક ગ્રંથ)	૧-૦
શહાજહાનના છેલ્લા દિવસો	૧-૮
શશીબાળા એક ભેદી મઠ	૦-૧૨
શાક પાક પકવાનશાસ્ત્ર (૫૫૦ જાતની)	૧-૦
શારંગધરસંહિતા (વૈદક ગ્રંથ)	૩-૦
શાન્તીનિકેતન-(નવલકથા)	૧-૪
શિવપુરાણ (રાગરાગણીમાં)	૨-૦
શિવગીતા ગુજરાતીમાં	૧-૦
શિવ સ્વરોદય (સ્વરનું જ્ઞાન)	૦-૮
શીલ્પદીપક (શીલ્પશાસ્ત્ર સંબંધી)	૧-૦
શીલ્પસાર સંગ્રહ (શીલ્પનું)	૦-૮
શીક્ષાપત્ર હરરાયજી (ગુજરાતી)	૨-૦
શીરહીનશબ (નવલકથા)	૦-૧૨
સ્પર્શકાન્ત (વેદાન્તનો ઉત્તમ ગ્રંથ)	૨-૮
સરોજસુંદરી (સુધરેલો જમાનો)	૧-૮
સનમીત્ર કે શયતાન	૧-૦
સત્યધર્મ જ્ઞાન શિક્ષા	૧-૦
સત્યભામા નાટક (વેરાગી સચિત્ર)	૧-૮
સતીચરિત્ર સંગ્રહ (૮૩ સતીસ્ત્રીઓ)	૨-૦
સ્નેહમાં સંકટ (તીલેસ્માતી)	૧-૮
સ્નેહલતા (નવલકથા)	૦-૧૨
સાબૂ બનાવવાનો હુન્નર (હુન્નર સંબંધી)	૦-૪
સામુદ્રીકશાસ્ત્ર (હાથ જોવાનું)	૦-૧૨
સીવીલપ્રોસીજરકોડ (દીવાની કાયદો)	૭-૦
સ્રીઓના સારા કામ (નારાયણ હે)	૦-૮
સ્રીમયસંસાર ભા. ૧-૨-૩	૪-૦
સ્રીદર્પણ-સ્રીઉપયોગી	૦-૧૨
સિતારનો શોખ (સુરબાળા)	૧-૮
સુધરેલી સીતા-(સુધારો કે કુધારો)	૧-૬
સુધરેલી સંગીતા	૧-૪
સુગુણ સુંદરી (ડીટેકટીવ વાર્તા)	૧-૪
સુરતીલાલ (નવલકથા)	૧-૦
સુંદર અને વિદ્યાનંદ (વાંચવા યોગ્ય)	૧-૪
સુંડાખોતેરીની વાર્તા (મોટી)	૦-૧૨
સોસાયટીટયું (નવલકથા)	૨-૦
સંસારીકા (કવીતાઓ)	૨-૦
હઠયોગ પ્રદિપીકા (યોગશાસ્ત્ર)	૨-૦
હાસ્યમંદિર-(હાસ્યરસપૂર્ણ)	૧-૮
હિન્દુ બેરીસ્ટર (નવલકથા)	૧-૦
હુન્નરસાગર (૧૩૦૦ હુન્નર)	૨-૦
હુન્નર પ્રકાશ (પરચૂરણ હુન્નર)	૧-૪
હેમકળા (સચિત્ર નવલકથા)	૧-૮

મળવાનું ઠેકાણું—

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, ત્રણ દરવાજા—અમદાવાદ

☞ એકવાર પ્રથમ પાકી ખાત્રી કરો.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં

હરેક જાતનું છાપવાનું કામ તાકીદે તૈયાર થાય છે.

અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી

નવા ટાઈપમાં

સઘળું કામ નવું હોવાથી ગ્રાહકોને હરેક રીતે
સંતોષ મળી શકશે.

તાકીદે અને મુકરર કરેલે વખતે કામ કરી
આપવા માથે લઈએ છીએ.

પ્રુફ વાંચવાની કટાકુટ ગ્રાહકોને કરવી પડશે નહીં.

વધુ વિગત માટે જાતે મળ્યાથી ખુલાસો થશે.

રીચીરોડ પાંચકુવા,—અમદાવાદ.

સ્ત્રીઓની પ્રસન્નતા શાથી?

જમણના આસનપર બેસતાંજ

ખોરાકનો રંગ, ખુશબો અને સ્વાદથી

પિતાજી-કે પતિના સાબાશીના ઉદ્ગારોથી

ઉત્તમ

સ્વાદિષ્ટ, મધુર, પાચક, સુવાસિત અને બળવાન ખોરાક બનાવી કુટુંબને નિરોગી બનાવવું એજ ખરી કુળ વધુનો ધર્મ છે.

આ બધી ગુંચવણીનો અંત લાવવાનો સરળ માર્ગ છે? જુઓ આ હસ્તી રમતી બાજુના હાથમાં છે તે જોયું કે નહી ?



હા ! હા ! હા !

ટીઝ ટેસ્ટ ! ટીઝ ટેસ્ટ !!

ટીઝ ટેસ્ટ—શારીરીક સલામતીનો ભોમીયો અને વિશ્વાસુ મિત્ર છે.

ટીઝ ટેસ્ટ—કોઈ પણ ખોરાક સ્વાદિષ્ટ પાચક, બળવાન અને લહેજતદાર બનાવે છે.

ટીઝ ટેસ્ટ—થી એકજ મીનીટમાં દાળ શાક, ભજીયાં, ભાજી, શાક, કંદ, ફળ, રસ. કરી, રાયતાં, ચટણી, વિગેરે તૈયાર થાય છે. ખટપટ:-વખત અને પૈસાનો બચાવ થાય છે.

ટીઝ ટેસ્ટ—ધાર્મિક શુદ્ધતાપર બનેલો ખોરાક હોવાથી કોઇપણ કોમ વાપરી શકે છે. માંસાહારીઓ માટે સ્વાદ, અને પાચકક્રિયાનો ખજાનો છે.

ટીઝ ટેસ્ટ—મીઠા શિવાય દરેક નુકશાનકારક મસાલાની ગરજ સારે છે.

ટીઝ ટેસ્ટ—રોગી, નિરોગી, પરેજીવાળા, અને મુસાફરો દરેકને ઉત્તમ, ઉપયોગી છે.

જો ઉત્તમ સ્વાદિષ્ટ રસોઇ માટે અભિમાન હમેશાં જાળવવું હોય તો તુર્ત "ટીઝ ટેસ્ટ" વાપરો કદી માટે પણ અલગ બનાવી છે. કિંમત સસ્તી જ. (ભાવોના મોટા ફેરફારથી કીમત વધશે માટે તુર્ત મંગાવો).

દરેક ખોરાક સ્વાદિષ્ટ કરવા
[illegible]વાની વિધી સહ.
મોટા સુંદર ડબો કીમત રૂ ૧—૪—૦
નમુનો ... રૂ. ૦—૧૦—૦

મળવાનું સ્થળ:-

જી. ટીઝ ટેસ્ટ વર્કસ.

G. T's Tastes Works.

Kalbadevi Rood.

મુંબઈ નં. ૨—Bombay.